**અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે**
**વો આગ લગાઈ હૈ, જો આગ બુઝા દેગી !**
*(આ'લા હઝરત)*

# સહાબીઓનો ઈશ્કે રસૂલ


★ લેખક ★

**હઝરત સૂફી મુહમ્મદ અકરમ રઝવી**

(પ્રમુખ : અંજુમને ખુદ્દામે રઝા–લાહોર)

---

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)


---


★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

---

પ્રકાશન નં. : ૧૦૧ આવૃત્તિ–૧ પ્રત : ૩૦૦૦
૧૨–રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૨૪ મે.–૨૦૦૩

હદિયો : ૨૫

| વિષય | પેજ નં. |
|---|---|
| ઈમાનવાળો કોણ ? સહાબીને અનુસાર કે વહાબીને ? | ૦૫ |
| ઈશ્કે રસૂલ શું છે ? | ૦૭ |
| ઈશ્કે રસૂલભરી બે વાતો | ૧૧ |
| મહોબ્બતનો તકાઝો | ૧૫ |
| નબીની તા'ઝીમ માટે રબનો સખ્ત હુકમ | ૨૩ |
| તા'ઝીમ તથા અદબ | ૨૫ |
| મહોબ્બતની પ્રથમ નિશાની | ૨૫ |
| તા'ઝીમ એ મહોબ્બતની બીજી નિશાની | ૨૫ |
| નબીની બેઅદબી કુફ્ર છે ! | ૨૬ |
| ઈમામ માલિકનો બાદશાહ મન્સૂરને જવાબ | ૨૭ |
| સહાબાએ કિરામ અને તા'ઝીમે રસૂલ | ૨૮ |
| અન્ય સહાબીઓના તા'ઝીમ બાબતે દ્રષ્ટાંતો | ૨૯ |
| તાઝીમના કારણે નજરો ન જમાવી શકયા | ૨૯ |
| બારગાહે રિસાલતમાં સહાબીઓનો બેસવાનો તરીકો | ૨૯ |
| તાબઈન અને તાઝીમે નબી | ૩૦ |
| તા'ઝીમના પ્રસંગો | ૩૧ |
| અજોડ ઝિયાફત | ૩૩ |
| તા'ઝીમના અનોખા નમૂના | ૩૩ |
| સરકારની અદબ અને સિદીકે અકબર | ૩૪ |
| રસૂલની ઈજ્જતના માટે મરી ફીટવાનો જઝબો | ૩૫ |
| ગુસ્તાખીની સજા | ૩૬ |
| રસૂલના ઈર્શાદની તા'ઝીમ | ૩૭ |
| પુરૂષના હાથમાં સોનાની વિંટી એટલે આગનો અંગારો | ૩૭ |
| હુઝૂરના અનુસરણનો શોખ | ૪૩ |
| તબર્રુકાતની તા'ઝીમ | ૪૪ |
| મોહરે નબુવ્વત ચૂમી લીધી | ૪૪ |
| મૂએ મુબારક | ૪૫ |
| લુઆબ (થૂંક) મુબારક | ૪૫ |
| પસીના મુબારક | ૪૬ |
| અદબ અને બરકત પ્રાપ્તિ | ૪૭ |
| હાથ મુબારકનો કમાલ | ૪૭ |
| પહેરણ મુબારક | ૪૮ |
| અસાએ મુસ્તફાની બરકત | ૪૮ |
| ઈશ્ક તથા મહોબ્બત | ૪૯ |
| રસૂલની ખુશી માટે ત્યાગ ભાવના | ૫૩ |
| હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પછી દુનિયા જોવા લાયક ન રહી ! | ૫૪ |
| ઈશ્કની તાલાવેલી | ૫૫ |
| અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم બસ | ૫૫ |
| હઝરત ઝાહિર رضی اللہ عنہ | ૫૮ |
| હઝરત ઝયદ બિન હારિષાનો ઈશ્કે રસૂલ | ૫૮ |
| હઝરત અબૂબક્ર અને બારગાહે મુસ્તફા | ૬૦ |
| અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહની મહોબ્બત | ૬૨ |
| મુલાકાતનો શોખ | ૬૩ |
| મહોબ્બત તથા ફિદાપણુ | ૬૫ |
| હઝરત હુઝૈફાની મહોબ્બત તથા મરી ફીટવાની ભાવના | ૬૯ |
| સહાબાએ કિરામની ઈશ્ક તથા વફાદારીની ભાવના | ૭૧ |
| હઝરત અબૂબક્રનો હાલ | ૭૧ |
| હઝરત અબૂઝર ગફ્ફારીનો ઈસ્લામ માટે જુસ્સો | ૭૪ |
| હઝરત અમ્માર અને તેમનાં માંબાપ | ૭૬ |
| હઝરત સોહેબનો ઈસ્લામ | ૭૭ |
| હઝરત ઉમરના બનેવી અને બહેન | ૭૮ |
| રસૂલુલ્લાહની દીકરી ઝૈનબની હિજરત અને મૌત | ૮૦ |







| વિષય | પેજ નં. |
|---|---|
| હઝરત ખબ્બાબની બળી ગયેલી પીઠ | ૮૧ |
| હઝરત અમ્માર આગના કોલસાઓ પર | ૮૨ |
| હબ્શાની હિજરત અને શોએબ અલી તાલિબ | ૮૨ |
| હઝરત અબૂ સલમાનાં બીવી તથા બાળક | ૮૭ |
| ઈશ્ક તથા વફાદારીનું અજબ દ્રશ્ય | ૮૮ |
| હઝરત બિલાલનો ઈશ્કે રિસાલત | ૯૨ |
| સરકારના બાળ બહાદુર | ૯૪ |
| મુજાહિદાના જવાબ | ૯૬ |
| હઝરત કઅબની દર્દનાક કહાની | ૯૭ |
| ફારૂકે આ'ઝમનો ફેંસલો | ૧૦૨ |
| ઉમરની તલ્વાર અને મામાનું માથુ | ૧૦૪ |
| દીકરાની તલ્વાર બાપનું માથુ | ૧૦૪ |
| બાપ નાપાક ! પથારી પાક ! | ૧૦૬ |
| મેદાને જંગે ઓહદમાં સહાબીઓની જાનની કુર્બાની | ૧૦૬ |
| રસૂલના કદમોમાં શહાદત | ૧૦૯ |
| હઝરત વહબ બિન કાબૂસનું કારનામુ | ૧૧૦ |
| સઅદ رضی اللہ عنہ નો સંદેશો | ૧૧૨ |
| હઝરત જાબિરનો શોખ તથા દીવાનગી ! | ૧૧૨ |
| સહાબાએ કિરામ અને બારગાહે રિસાલત મઆબ | ૧૧૩ |
| બરકત પ્રાપ્તિ | ૧૧૩ |
| રસૂલની યાદગારની હિફાઝત | ૧૧૬ |
| રસૂલુલ્લાહની અદબ | ૧૨૦ |
| જાનની કુર્બાની | ૧૨૬ |
| રસૂલુલ્લાહની ખિદમત | ૧૩૧ |
| રસૂલની મહોબ્બત | ૧૩૪ |
| આપનો વિસાલ પછી સહાબાની સ્થિતિ | ૧૩૯ |
| રસૂલનાં કુટુંબીઓની ઈજ્જત તથા મહોબ્બત | ૧૪૦ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત તથા મહોબ્બત | ૧૪૩ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારતનો શોખ | ૧૪૪ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીદારનો શોખ | ૧૪૫ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતની અસર | ૧૪૬ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતની અસર | ૧૪૭ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું સ્વાગત | ૧૪૮ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયાફત | ૧૫૦ |
| નઅતે રસૂલ | ૧૫૨ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુશી | ૧૫૨ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જુદાઈનો ગમ | ૧૫૬ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સોંપણી | ૧૫૭ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્રભાવ | ૧૫૮ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમોની પાબંદી | ૧૬૧ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર પત્નીઓની અદબ | ૧૬૫ |
| હુઝૂરના વિસાલ પર સહાબાના પ્રત્યાઘાત | ૧૬૬ |
| હકીકતનો નિર્દેશ | ૧૬૭ |
| દુઃખ દર્દના વાદળોનું છવાઈ જવું | ૧૬૮ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગમની હઝરત ઉમર પર અસરો | ૧૭૦ |
| વિરહની વેદના | ૧૭૨ |
| રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝા પર | ૧૭૪ |
| મુહમ્મદુર્રસૂલુલ્લાહ સહાબાએ કિરામની નજરમાં | ૧૭૫ |
| બારગાહે રિસાલતમાં સહાબાનો ખિરાજે અકીદત | ૧૭૮ |

## ★ દિલ દર્દ સે બિસ્મિલ કી તરહ લોટ રહા હો ★

દિલ દર્દ સે બિસ્મિલ કી તરહ લોટ રહા હો
સીને પે તસલ્લી કો તેરા હાથ ધરા હો

ગર વકતે અઝલ સર તેરી ચોખટ પે ઝુકા હો
જિતની હો કઝા એક હી સજદે મેં અદા હો

દે ઉસકો દમે નઝઅ અગર હૂર ભી સાગર
મુંહ ફેરલે જો તિશ્નએ દીદાર તેરા હો

કયૂં અપની ગલી મેં વો રવાદાર સદા હો
જો ભીક લિયે રાહે ગદા દેખ રહા હો

ફિરદૌસ કે બાગોં સે ઈધર મિલ નહીં સકતા
જો કોઈ મદીને કે બયાંબામેં ગુમા હો

દેખા ઉન્હે મેહશરમેં તો રહમતને પુકારા
આઝાદ હૈ જો આપ કે દામન સે બંધા હો

આતા હે ફકીરોં પે ઉન્હેં પ્યાર કુછ ઐસા
ખૂદ ભીક દે ઔર ખૂદ કહે મંગતા કા ભલા હો

વીરાં હોં જબ આબાદ મકાં સુબ્હે કયામત
ઉજળા હુવા દિલ આપકે જલ્વોં મેં બસા હો

મંગતા તો હૈ મંગતા કોઈ શાહોં મેં દિખા દે
જિસકો મેરે સરકાર સે ટુકળા ન મિલા હો

ઢુંઢા હી કરેં સદરે કયામત કે સિપાહી
વો કિસ કો મિલે જો તેરે દામન મેં છુપા હો

અલ્લાહ યૂં હી ઉમ્ર ગુઝર જાએ ગદા કી
સર ખમ હો દરે પાક પે ઔર હાથ ઉઠા હો

જબ દેને કો ભીક આએ સરે કૂએ ગદાયાં
લબ પર યે દુઆ થી મેરે મંગતા કા ભલા હો

દે ડાલિયે અપને લબે જાંબખ્શ કા સદકા
એ ચારએ દિલ દર્દે હસન કી ભી દવા હો

શાબાશ **હસન** ઔર ચમકતી સી ગઝલ પઢ
દિલ ખોલ કર આઈનએ ઈમાં કી જિલા હો

بسم اللہ الرحمن الرحیم

## (પ્રારંભિક વાત....)

# ઈમાનવાળો કોણ ?
# સહાબીને અનુસાર કે વહાબીને ?

હે ઈસ્લામનો કલ્મો પઢનારાઓ ! ગંભીર બનીને વિચારો કે જે લોકો ડાયરેકટ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ પર ઈમાન લાવ્યા અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝબાની ઈમાન તથા ઈસ્લામ શું છે તેની તાલીમ તથા તર્બિયત મેળવી તે પાકીઝા હસ્તીઓ એટલે **સહાબીઓ**એ રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે કેવી મહોબ્બત રાખી અને આપની કેટલી હદે તા'ઝીમ કરી અને આપની મહોબ્બતમાં કેવી કેવી કુર્બાનીઓ આપી, કેવાં કેવાં દુ:ખ દર્દ સહ્યાં આપની જાહેરી હયાતમાં અને આપના દુનિયાથી પર્દો ફર્માવ્યા બાદ પણ કેવી રીતે વર્તયા ? તેનો સંક્ષિપ્ત ચિતાર પ્રસ્તુત કિતાબ **"સહાબીઓનો ઈશ્કે રસૂલ"** માં રજુ કરવામાં આવે છે.

ઈશ્કે નબી એ જ ઈમાનની જાન છે, એ સમજવું હોય તો સહાબાએ કિરામની જિંદગીમાંથી સમજો. ખૂદ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે કે **"મારા સહાબીઓ તારાઓની જેમ છે, તમે જેની પણ પયરવી (અનુસરણ) કરશો ભલાઈ પામશો."** યકીનન ! આપણી નજાતનો કોઈ માર્ગ હોય તો સહાબાએ કિરામને અનુસરવામાં જ છે. સહાબાએ કિરામ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે અતિશય મહોબ્બત કરતા હતા, આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અત્યંત તાઝીમ કરતા હતા અને આપની મહોબ્બત તથા તાઝીમમાં પોતાની જાનની કુર્બાની આપવાને નેકબખ્તી સમજતા હતા.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ શું સરસ ફર્માવ્યું છે :–

**મો'મિન વો જો ઉન્કી ઈઝ્ઝતપે મરે દિલસે !**
**તા'ઝીમ ભી કરતા હૈ નજદી તો મરે દિલસે !**

આજકાલના નવા ઉદ્‌ભવેલા ફિર્કા નજદી, વહાબી, દેવબંદીના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબમાં કેટલાક અકીદા રજુ કર્યા છે જેને





દેવબંદીઓ વહાબીઓ અનુસરે છે, તેને વાંચો અને વિચારો કે શું જેના દિલમાં રસૂલે પાકની મહોબ્બત હોય તે પોતાના નબીના માટે આવું કહી શકે છે ?

વહાબી, દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી કિતાબ "તકવિયતુલ ઈમાન"માં લખે છે કે :–

★ "અલ્લાહ તઆલાની શાન તો ઘણી મહાન તથા ઉચ્ચ છે. સઘળા અંબિયા અને ઔલિયા એની આગળ "એક તુચ્છ રજકણ" કરતાંયે વધુ તુચ્છ અને અલ્પ છે. *[તકવિયતુલ ઈમાન (ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી), પેજ નં. ૧૪૦, પ્રકાશક : દારુલ ઉલૂમ ભરૂચ, કંથારીયા]*

★ રસૂલના ચાહવાથી કશું થતુ નથી ! ગૈબની વાત અલ્લાહ જ જાણે છે રસૂલને એની શી ખબર ?! *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૪૬)*

★ (ઈલ્મે ગૈબ હોવા વિશે તથા મુસીબતના સમયે પુકારવું) આ બાબતમાં નબી, વલી, જિન્નાત, શૈતાન, ભૂત, પલીત અને પરી વગેરે સર્વ એક સરખાં છે. જેની સાથે આ મામલો કરાશે શિર્ક લેખાશે. અને કરનાર મુશ્રિક ઠરશે. *(હવાલો ઉપર મુજબ, પેજ નં. ૩૧)*

★ રસૂલની તા'ઝીમ એટલી જ કરવામાં આવે જેટલી ગામના ચૌધરીની. *(તકવિયતુલ ઈમાન)*

એ જ પ્રમાણે મૌદૂદી જમાઅત કહેવાતી જમાઅતે ઈસ્લામીના સ્થાપક મૌલાના મૌદૂદી નબીની ગુસ્તાખી કરતાં લખે છે : "દરેક શખ્સ ખુદાનો બંદો છે મો'મિન પણ અને કાફિર પણ, એટલે સુધી કે **જેવી રીતે એક નબી એવી રીતે શયતાન રજીમ પણ."** *(તર્જુમાને કુર્આન)*

શું સહાબીઓના આવા અકીદા હતા ? આ વહાબી, દેવબંદી, મૌદૂદીની રસૂલથી મહોબ્બત છે કે દુશ્મની ?! હવે તમે પ્રસ્તુત કિતાબનો અભ્યાસ કરો અને ઈન્સાફથી નક્કી કરો કે સહાબીઓના અકીદા કેવા હતા અને આ વહાબીઓના અકીદા તેનાથી કેટલા વિપરીત તથા વિરૂધ્ધ છે ? આ વહાબી દેવબંદીઓ નબીની ગુસ્તાખી કરી ઈમાનથી ખારિજ થયા કે નહીં ?!

અમારી દરેક કલ્મા ગો ભાઈ બહેનને વિનંતિ છે કે પોતાની આખેરતની ભલાઈને લક્ષમાં રાખી સહાબાએ કિરામની જિંદગીના પ્રસંગોનો અભ્યાસ કરે અને મહબ્બતે રસૂલમાં જીવવા તથા મહબ્બતે રસૂલમાં મરવાનો નિશ્ચય કરી લે અને વહાબી, દેવબંદી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી વગેરે બદ્‌અકીદાઓથી પોતે પણ દૂર રહે અને પોતાની ઔલાદને પણ દૂર રાખે.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

بسم اللہ الرحمٰن الرحیم

نحمدہ ونصلی علی رسولہ الکریم

## ★ ઈશ્કે રસૂલ શું છે ? ★

**મુહમ્મદકી મહબ્બત દીને હક્કકી શર્તે અવ્વલ હૈ**
**ઈસીમેં હૈ અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ**

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! મોઅઝ્ઝઝ્ બહેનો ! દુનિયા તથા આખેરતમાં ઈન્સાનને કામયાબી સુધી પહોંચાડનાર કોઈ ચીજ હોય તો તે ઈશ્કે રસૂલ જ છે. صلی اللہ تعالیٰ علیہ وسلم ઈશ્કે રસૂલ વિના માનવી હરગિઝ કામયાબી નથી પામી શકતો. માનવી દુનિયામાં ગમે તેટલાં સિધ્ધિનાં શિખરો સર કરી લે, ગમે તે ક્ષેત્રમાં ગમે તેટલો આગળ વધી જાય પણ જિંદગીની લિજ્જત તે પામી શકવાનો નથી, હજારો તકલીફોમાં પણ દિલી સુકૂન જે ઈશ્કે મુસ્તફાવાળા પાસે હોય છે, દુનિયાથી બેનિયાઝીની જે દિલી કૈફિયત એક ફકીર જેવા પણ સાચા આશિકના દિલમાં હોય છે તે અસંખ્ય મુલ્કોના માલિક શહેનશાહને કદાપી મયસ્સર નથી થઈ શકતી.

ઈશ્કની તાષીર અચંબાજનક છે, ઈશ્કે મોટી મોટી મુસીબતોમાં માનવ બુધ્ધિની રહનુમાઈ કરેલી છે, ઈશ્કે ઘણી લાઈલાજ બીમારીઓનો કામયાબ ઈલાજ કર્યો છે, ઈશ્કનાં કારનામાંઓ સોનેરી અક્ષરે લખવાને લાયક છે. આવો દોસ્તો ! ઈશ્કની રંગતના ચમકારા જોવા હોય તો તમને બતાવું પણ કેવળ લખાણ વાંચીને રહી ન જશો ! તમારા દિલો દિમાગની સફાઈ પણ સાથે સાથે કરતા જશો કે **આપણે નારાઓ તો ગળુ ફાડીને મારીએ છીએ** પણ સાચો ઈશ્ક જેને કહેવાય તે આપણા દિલોમાં છે ખરો ? સાંભળો !

મદીના શરીફના ગંભીર વાતાવરણમાં પૈગમ્બરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم નો વિસાલ થઈ ચૂકયો છે, મદીના શરીફની આસપાસના ઘણા





લોકો ઈસ્લામ ધર્મથી ફરી ચૂકયા છે, દુશ્મનોએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના શહેર મદીના શરીફ પર હુમલાની પૂરી તૈયારી કરી દીધી છે. ઈસ્લામી લશ્કરને હઝરત ઓસામા رضی اللہ عنہ ની સરદારીમાં રોમના મુકાબલા માટે ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم વિસાલે પાકની અગાઉની બીમાર હાલતમાં હતા ત્યારે જ રવાના કરી ચૂકયા હતા. રાજકીય હાલતો ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. પણ વિસાલે પાક થતાં સહાબાએ કિરામની રાય હતી કે લશ્કરને પાછુ બોલાવી લેવામાં આવે, પરંતુ તે ઈશ્ક જ હતો જેણે સૌની વિરૂધ્ધ જઈને બુમ પાડીને કહ્યું કે કસમ તે જાતની જેના સિવાય કોઈ મઅબૂદ નથી ! અબૂ કહાફાના બેટા (અબૂબક્ર)થી હરગિઝ એ નથી થઈ શકતું કે તે લશ્કરને પાછુ વાળે જેને અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આગળ મોકલ્યું હોય ! ચાહે કૂતરાંઓ અમારી ટાંગો ખેંચીને લઈ જાય પણ રસૂલુલ્લાહનું મોકલેલ લશ્કર પાછુ બોલાવી શકતા નથી, અને આપણા આકાનો બાંધેલો પરચમ નથી છોડી શકતા !

ઈશ્કનો ફૈસલો બુધ્ધિના ફૈસલાથી તદ્દન વિપરિત હોય છે. પણ દુનિયાએ જોયું કે જ્યારે ઈશ્કનો ફૈસલો લાગુ કરાયો તો સર્વ ષડયંત્રો (સાઝિશો) આપોઆપ નિષ્ફળ નિવડયાં, દુશ્મનોની હિંમતો પડી ભાંગી અને રાજકીય સ્થિતિની કાયાપલટ થઈ ગઈ.

**ઈશ્કે રસૂલ** જયારે સંપૂર્ણતઃ દિલમાં ઘર કરી જાય છે તો ઈત્તેબાએ રસૂલ (રસૂલના આજ્ઞાપાલન–અનુસરણ)નો જઝબો ઉદ્ભવ પામે છે. અહકામે ઈલાહી (ખુદાના હુકમો)ના પાલન તથા સીરતે નબવી (નબીની જિંદગી)ની પયરવી (અનુસરણ)નો ઉત્સાહ આશિકની એક એક રગમાં સમાઈ જાય છે, દિલો દિમાગ અને જિસ્મ (શરીર) તથા રૂહ પર કિતાબ તથા સુન્નતની હુકૂમત સ્થાપિત થઈ જાય છે, મુસલમાનની સામાજિક સ્થિતિ સંવરી જાય છે, આખેરત નિખરી ઉઠે છે, તેહઝીબ તથા ઉચ્ચ સંસ્કૃતિના જલ્વા ઉભરતા જોવા મળે છે, અને માયાપૂજી (ધન દૌલત) વિનાના ઈન્સાનમાં તે શકિત જાગી ઉઠે છે જેનાથી જહાંબીની તથા જહાંબાનીનુ જૌહર ખીલી ઉઠે છે.

એ જ કામિલ ઈશ્કના થકી સહાબાએ કિરામને દુનિયામાં

ઈખ્તિયાર તથા સત્તા મળી અને આખેરતમાં ઈજ્જત તથા વકાર મળ્યો. એ તેમના ઈશ્કનો કમાલ હતો કે મુશ્કેલથી મુશ્કેલ ઘડીએ અને કઠણથી કઠણ સમયે પણ તેમને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પયરવીથી વિમુખ થવું માન્ય ન હતું. તેઓ દરેક સંજોગોમાં પોતાના પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم નો નકશે કદમ ખોજતા અને તેને જ દીવાદાંડી સમજીને ચાલતા રહેતા, એટલે સુધી કે :–

**લહદમેં ઈશ્કે રુખે શહકા દાગ લે કે ચલે**
**અંધેરી રાત સુની થી ચિરાગ લે કે ચલે**

સહાબીઓ પાસેથી તાબઈને આ અણમોલ દૌલત હાંસલ કરી. તેમણે સહાબીઓની સોહબત તથા મિત્રતામાં રહીને ઈશ્કે રસૂલ શીખ્યો, દિલમાં વસાવ્યો, જીવનમાં ઉતાર્યો, ઘરે હોય કે જંગના મેદાનમાં, તેમાં નિખાર આવતો રહ્યો અને તેમણે એ રીતે પોતાની દુનિયા તથા આખેરતને સંવારી.

આજે ઈશ્કની તે જ્યોત મંદ પડતી જઈ રહી છે અને નવી પેઢી જાને આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના બદલે કયાંક અન્ય ઠેકાણે દિલ લગાડી બેઠી છે. જાણે એને ખબર જ નથી કે આપણે શું છીએ અને આપણા ઈશ્કનું સેન્ટર, અકીદતનું કેન્દ્ર કયાં છે ? કંગાળ બુધ્ધિ અમલ વિહોણો ઈલ્મ, નિરર્થક ખેલકૂદ અને દીની અજ્ઞાનતાએ આપણા કામયાબીના કારવાંને તારાજ કરી નાખ્યો છે અને હાલત એ છે કે આપણી બેબસી તથા બેકસી (લાચારી)નો ઉપાય પણ સુઝતો નથી.

આવા સંજોગોમાં આપણા માટે અનિવાર્ય છે કે આપણે સહાબાએ કિરામની મહેફિલમાં જઈએ, ફતહ તથા ઝફર (કામયાબી) જેમના કદમોને ચુમતી હતી, ઈશ્કે રસૂલ જેમની જીવન મૂડી હતી, ઈત્તેબાએ રસૂલ (ફર્માંબરદારી) જેમના જીવનનો સરમાયો હતો અને જહાંબાની જેમનું મુકદર બની ચૂકી હતી. આપણે તેમને જોઈએ કે રસૂલે ખુદાની જાત સાથે તેમનો કેવો દીવાનગીભર્યો સંબંધ હતો. તેમની બારગાહમાં પહોંચીને તેમની પાસેથી મહોબ્બતનો દર્સ હાંસલ કરીએ.





પણ હવે તે મેહફિલો તે નિકટતાઓ તે ખુશનસીબી કયાંથી મયસ્સર થાય ?! તે અમૂલ્ય દૌલત, તે જહાંઆરા મહોબ્બત, તે અઢળક દૌલત, તે હશ્રમાં અમાન આપનારી સોહબતો હવે આપણે લાવીએ તો કયાંથી લાવીએ ?!

હવે તો એક જ માર્ગ છે કે આપણે આપણી દ્રષ્ટિ શકિતને તેજ કરીએ અને સહાબાએ કિરામના તે પ્રસંગોમાં તેમની હરતી ફરતી જિંદગી જોઈએ, બારગાહે રસૂલમાં તેમની મુકદસ તથા બાઅઝમત અદાઓનો અભ્યાસ કરીએ, કલ્પનાની આંખો વડે દિલના લોહ (સ્લેટ) પર આપના પાકીઝા ઈશ્કને અંકિત કરીએ. એ રીતે આપણે પણ જાણે સહાબાએ રસૂલની મહેફિલમાં હોઈશું અને એમના ઈશ્કનો ફયૂઝાન કાંઈક આપણા હિસ્સે આવશે.

એ જ ખયાલ આ કિતાબના સંપાદનનો સબબ બન્યો છે કે જેથી વર્તમાન પેઢીમાં ઈશ્કે રસૂલની અમાનત સ્થાન પામે, કલમે એટલા માટે રસૂલે ગિરામી વકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુકદસ સહાબાઓની મેહફિલ સજાવી જેથી તેમની નિકટતા તથા સોહબતની એક પ્રકારની હુંફ પામવાનો માર્ગ ખડો થઈ શકે. બારગાહે રસૂલમાં સહાબાએ કિરામની મહોબ્બત તથા ફિદાઈયત અને એહતેરામ તથા અકીદતના મો'તબર (સ્ટાન્ડર્ડ) પ્રસંગોનો એક શાનદાર ગુલદસ્તો આપ સમક્ષ પેશ કરીએ છીએ જેથી તેને અનુસરી એક આશિકે રસૂલ નામનો નહીં પણ કામનો આશિકે રસૂલ બની શકે.

**– મોહંમદ અકરમ રઝવી**


**આજે જ મંગાવો**

**★ નિકાહ રજીસ્ટર ★**

*(હદિયો : ૧૬૦/– રૂા. ટપાલ ખર્ચ ૨૦/– રૂા.)*

ડબલ કલરમાં ત્રણ કોપીવાળુ અતિ આકર્ષક રંગીન સર્ટીફિકેટવાળુ ૫૦ (ટ્રીપલ) કોપીઓવાળુ રજીસ્ટર મેળવવા **પ્રકાશક**ના સરનામે **સંસ્થાના સિક્કાવાળી અરજી** સાથે જ સંપર્ક કરવો અથવા મનીઓર્ડર કરવો.

(પ્રસ્તાવના)

# ☆ ઈશ્કે રસૂલ ભરી બે વાતો ☆

[અઝ : મૌલાના ઈફતેખાર અહમદ કાદરી (અલમજમઉલ ઈસ્લામી, મુબારકપુર)]

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

قُلۡ اِنۡ كَانَ اٰبَآؤُكُمۡ وَاَبۡنَآؤُكُمۡ وَاِخۡوَانُكُمۡ وَاَزۡوَاجُكُمۡ وَعَشِيۡرَتُكُمۡ وَاَمۡوَالُ اۨقۡتَرَفۡتُمُوۡهَا وَتِجَارَةٌ تَخۡشَوۡنَ كَسَادَهَا وَمَسٰكِنُ تَرۡضَوۡنَهَاۤ اَحَبَّ اِلَيۡكُمۡ مِّنَ اللّٰهِ وَرَسُوۡلِهٖ وَجِهَادٍ فِىۡ سَبِيۡلِهٖ فَتَرَبَّصُوۡا حَتّٰى يَاۡتِىَ اللّٰهُ بِاَمۡرِهٖ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الۡفٰسِقِيۡنَ ۔ (توبہ ۔ ۲۴)

**કુર્આન ફર્માવે છે :–** (અર્થ) "તમે ફર્માવી દો કે જો તમારા બાપ, તમારા બેટા, તમારા ભાઈ, તમારું કુટુંબ અને તમારો કમાએલો માલ, તમારો તે વેપાર જેના નુકસાનનો તમને ખતરો રહે છે અને તમારાં પ્રિય રહેઠાણો, એ સર્વ કાંઈ જો તમને અલ્લાહ અને તેના રસૂલ અને ખુદાને ખાતર જેહાદ કરવા કરતાં અધિક પ્રિય હોય તો તમે અલ્લાહના હુકમ (અઝાબ)નો ઈંતેઝાર કરો અને અલ્લાહ નાફર્માનોને હિદાયત નથી આપતો." (સૂ. તૌબા–૨૪)

માણસમાં વાલિદૈન, ઔલાદ, ભાઈ, પત્ની, ખાનદાન અને માલ, તિજારત અને મકાન આ સર્વ ચીજોની મહોબ્બત હોય એ ફિતરી (સ્વાભાવિક) જ ચીજ છે. પરંતુ રબ તઆલા પોતાના બંદાઓને જાણ કરે છે કે **જો તમારામાં આ સર્વ ચીજોની મહોબ્બત મારા અને મારા મહબૂબ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની મહોબ્બતથી વધી જાય તો સમજી લો કે જાણે તમે ખતરાની હદમાં પ્રવેશી ચૂક્યા છો** અને ખૂબ જ જલ્દી તમને મારો ગઝબ તથા અઝાબ લપેટમાં લઈ લેશે. એનાથી જાણવા મળ્યું કે **એક મોમિનના માટે રસૂલુલ્લાહ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની મહોબ્બત ન કેવળ ફર્ઝ છે બલ્કે સૌથી નિકટનાં સગાં અને સૌથી મોંઘી માયાપૂંજીથી પણ અગ્રસ્થાને છે.** ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–





لَا يُؤۡمِنُ اَحَدُكُمۡ حَتّٰى اَكُوۡنَ اَحَبَّ اِلَيۡهِ مِنۡ وَّالِدِهٖ وَوَلَدِهٖ وَالنَّاسِ اَجۡمَعِيۡنَ

(અર્થ) :– **તમારામાંનુ કોઈ ત્યાં સુધી મોમિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેની નજીક તેનાં બાપ, ઔલાદ અને તમામ લોકો કરતાં મહબૂબ ન થઈ જાઉં."** (બુખારી કિતાબુલ ઈમાન)

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! આપ મારી જાન સિવાય દરેક ચીજથી મને અધિક પ્રિય છો ! તો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : **તમારામાંથી કોઈ મોમિન નથી થઈ શકતુ જ્યાં સુધી હું તેની નજીક તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં.** આ સાંભળીને હઝરત ઉમરે અર્ઝ કરી : તે જાતની કસમ ! જેણે આપના ઉપર કિતાબ નાઝિલ ફર્માવી, આપ (મને) મારી જાન કરતાં પણ અધિક પ્રિય છો. તો હુઝૂરે ફર્માવ્યું : "હવે તમારું ઈમાન મુકમ્મલ થયું." (સહીહ બુખારી શરીફ)

જંગે ઓહદમાં એક સહાબિયહ્‌ના બાપ, ભાઈ તથા પતિ પરવાના જેમ લડતાં લડતાં શહીદ થઈ ગયા. જ્યારે એ ખબર મળી તો તેણીએ તેનો કાંઈ ગમ ન કર્યો અને બસ એટલું જ પૂછયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કેવા છે ? જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે હુઝૂર સહી સલામત છે. તો બોલ્યાં કે મને હુઝૂરનો દીદાર કરાવો ! આપને જોઈને કહેવા લાગ્યાં, "તમારી મૌજૂદગી છે તો દરેક મુસીબત તુચ્છ છે !" આ હતો મહબ્બતે રસૂલનો સાચો જઝબો ! શું આનું દ્રષ્ટાંત મળી શકે છે ? (સીરતે ઈબ્ને હિશામ)

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا બયાન કરે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ !** صلی اللہ تعالیٰ علیہ وسلم **આપ યકીનન મારી નજીક મારી જાન અને મારી ઔલાદ કરતાં પણ અધિક પ્રિય છો.** જો હું મારા ઘરમાં રહેતો હોઉં તો પણ. પરંતુ જ્યારે આપ યાદ આવો છો તો જ્યાં સુધી આપની ખિદમતમાં હાજર થઈને આપને જોઈ ન લઉં ત્યાં સુધી મને ચૈન નથી મળતું. હવે આ દુનિયાથી રૂખસત થયા બાદ જન્નતમાં દાખલ થઈને

આપ તો ઉચ્ચ સ્થાને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની સાથે હશો અને હું નીચલા દરજ્જે હોવાને લીધે ડરું છું કે કયાંક આપને ન જોઈ શકું ! આ સાંભળતાં હુઝૂર ખામોશ રહ્યા. એટલામાં હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم આ આયત લઈને હાજર થયા :–

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا۔

**(તર્જુમો) : "અને જે લોકો અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી) કરે છે તો એ લોકો જન્નતમાં તેમની સાથે હશે જેમના પર અલ્લાહ તઆલાએ ફઝ્લ ફર્માવ્યો, એટલે કે અંબિયા, સિદ્દીક, શહીદ અને નેક લોકો, અને આ લોકો કેટલા સારા સાથીઓ છે."** [સૂ. નિસાઅ–૬૯, (દુર્રે મન્થૂર અઝ : અલ્લામા સિયૂતી)]

એટલા માટે સહાબાએ કિરામ એક ક્ષણ માટે પણ હુઝૂરને બેચૈન જોવા તૈયાર ન હતા. ફતહે મક્કાથી પહેલાં મશ્હૂર સહાબી હઝરત ઝૈદ ઈસ્લામના દુશ્મનોના ઘેરામાં આવી ગયા. સફવાન ઈબ્ને ઉમૈયાએ તેમને કતલ કરવાને માટે પોતાના ગુલામ નસ્તાસ સાથે તન્ઈમ મોકલ્યા. હઝરત ઝૈદને હરમની હદોની બહાર લઈ જવામાં આવ્યા તો અબૂ સૂફિયાને (જે હજી ઈસ્લામ લાવ્યા ન હતા) તેમને પૂછયું : હે ઝૈદ ! હું તમને ખુદાની કસમ આપીને પૂછુ છું કે શું તમે એ પસંદ કરી શકો છો કે અત્યારે અમારી પાસે તમારા સ્થાને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હોય અને અમે તેમને કતલ કરીએ અને તમે આરામ તથા સુકૂન સાથે તમારાં બીવી બચ્ચાં સાથે રહો ?! હઝરત ઝૈદે જવાબ આપ્યો : અલ્લાહની કસમ ! હું તો એ પણ પસંદ નથી કરતો કે અત્યારે મારા હુઝૂર જ્યાં પણ હોય ત્યાં તેમને એક કાંટો પગમાં વાગે અને હું આરામ તથા સુકૂન સાથે મારા બીવી તથા બચ્ચાંઓમાં રહું ! આ સાંભળીને અબૂ સુફિયાને કહ્યું : "મેં એવું કયાંય જોયું નથી કે કોઈની સાથે આવી મહોબ્બત કરવામાં આવતી હોય જેવી મહોબ્બત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે તેમના સહાબાઓ કરે છે !" ત્યાર બાદ હઝરત ઝૈદને શહીદ કરી દેવામાં આવ્યા. (સીરતે ઈબ્ને હિશામ)

હઝરત બિલાલ رضی اللہ عنہ એ હુઝૂરની સોહબતમાં પહોંચ્યા બાદ



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

આપના માટે પોતાના ચૈનને ચૈન ન જાણ્યો, પોતાની રાહતને રાહત ન જાણી, પોતાની જાનને જાન ન જાણી, બલ્કે સર્વ કાંઈને આપે હુઝૂર પર કુર્બાન કરી આપ્યું હતું. જંગના મેદાનમાં હોય કે શાંતિની પળોમાં હોય, સફરમાં હોય કે રહેઠાણે હોય દરેક ઠેકાણે આપની એ જ હાલત રહેતી. હુઝૂર સફરમાં હોય તો આપના માટે દરેક રીતે આરામની વ્યવસ્થા કરતા. તાપ હોય તો સાયાની વ્યવસ્થા કરતા, પડાવ કરવામાં આવતો તો તંબુ તાણતા, જંગમાં હોય તો હુઝૂરના મુહાફિઝ બનતા. જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ ના વિસાલનો સમય નજીક આવ્યો તો આપની પત્નીએ કહ્યું, "હાય ! ગમ !" તો હઝરત બિલાલે કહ્યું, "નહીં ! બલ્કે વાહ ખુશી ! હું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના સહાબીઓને મળીશ."

જેનાથી મહોબ્બત હોય છે તેની દરેક ચીજ સાથે મહોબ્બત હોય છે, તેની દરેક અદાથી મહોબ્બત હોય છે, તેની દરેક રફતારથી મહોબ્બત હોય છે, તેની વાણીથી મહોબ્બત હોય, તેના લિબાસ, ખોરાકથી મહોબ્બત હોય છે. મતલબ કે તેની દરેક ચીજ સાથે મહોબ્બત હોય છે."

હઝરત ઓબૈદ ઈબ્ને જરીહ رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہ ને કહ્યું કે, હું જોઉં છું કે તમે બળદના પકવેલા વાળ વિનાના ચામડાના જોડા પહેરો છો. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, "મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે આપ આવા જ જોડા પહેરતા હતા જેમાં વાળ ન હોય, એટલા માટે હું પણ એવા જોડા પહેરવાનું પસંદ કરું છું. (શમાઈલે તિર્મિઝી)

હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે કે એક દરજીએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જમવાની દા'વત કરી. હું પણ હુઝૂરની સાથે ગયો. જવની રોટી અને શેરવો હુઝૂરની સામે રાખવામાં આવ્યો જેમાં દૂધી અને સૂકવેલો મીઠુ ભેળવેલો ગોશ્ત હતો. ખાતી વેળા મેં હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ને જોયા કે પ્યાલાના કિનારાઓ થકી દૂધીના ટુકડાઓ તલાશ કરી રહ્યા છે. એટલા માટે હું પણ તે દિવસથી દૂધી પસંદ કરવા લાગ્યો. (મિશ્કાત)

ઈમામ અબૂ યૂસુફ (ઈમામે આ'ઝમના શાગિર્દ رضی اللہ عنہ)ની સમક્ષ ઉપરોકત રિવાયતનો ઉલ્લેખ આવ્યો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દૂધી પસંદ કરતા હતા. તો મેહફિલમાંના એક શખ્સે કહ્યું કે, "પરંતુ મને પસંદ નથી !"

આ સાંભળીને ઈમામ અબૂ યૂસુફે તલ્વાર ખેંચી કાઢી અને ફર્માવ્યું, તૌબા કર ! અને કલ્મો પઢ ! નહીં તો કતલ કર્યા વિના છોડીશ નહીં !" (મિર્કાત, પેજ–૭૭, ભાગ–૨)

## ★ મહોબ્બતનો તકાઝો ★

જે મહાન વ્યકિતથી મહોબ્બત હોય છે તેની અઝમત દિલો દિમાગ પર છવાઈ જાય છે. જેથી એ ચાહવાવાળો પોતાના મહબૂબની તાઝીમ અને તેની અઝમતનાં ગીતો ગાવા લાગે છે. ઈસ્લામે તો દરેક મોટાની તાઝીમનો સબક આપ્યો છે.

હદીષે પાકમાં છે : (અર્થ) : "જે અમારા નાનાઓ પર રહમ ન કરે અને અમારા મોટેરાઓની તાઝીમ ન કરે તે અમારામાંથી નથી."

અને નબીએ આખિરુઝ્ઝમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તો સર્વ મોટાઓમાં સૌથી મહાન છે અને એટલા મહાન છે કે આજ સુધી એટલો મહાન કોઈ પેદા નથી થયો અને ન તો પેદા થશે એટલા માટે આપની તાઝીમ પણ સૌથી વિશેષ થવી જોઈએ.

કુર્આન ફર્માવે છે :

إِنَّا أَرْسَلْنَاكَ شَاهِدًا وَمُبَشِّرًا وَنَذِيرًا لِتُؤْمِنُوا بِاللَّهِ وَرَسُولِهِ وَتُعَزِّرُوهُ وَتُوَقِّرُوهُ وَتُسَبِّحُوهُ بُكْرَةً وَأَصِيلًا (الفتح ۹)

**(અર્થ)** :– "બેશક ! અમે તમને શાહિદ (ગવાહ) ખુશ ખબરી આપનાર અને ડર સંભળાવનાર બનાવીને મોકલ્યા, જેથી હે લોકો ! તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તાઝીમ તથા તૌકીર (ખૂબ ખૂબ ઈજ્જત) કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી બોલો." (સૂ. ફતહ–૯)

તમે વિચારો કે આ આયતમાં પ્રથમ અલ્લાહ પર તથા રસૂલ પર ઈમાન લાવવાની પ્રથમ માંગણી કરી છે અને ત્યાર બાદ રસૂલે મોઅઝ્ઝમ તથા મુકર્રમની તૌકીર તથા તાઝીમનો હુકમ આપવામાં આવ્યો છે અને ત્યાર બાદ જ અલ્લાહ عزوجل એ પોતાની તસ્બીહનો તકાઝો કર્યો છે. રબ તઆલાએ પોતાની તસ્બીહ કરતાં પોતાના રસૂલની





તાઝીમ તથા ઈજ્જતને અગ્રિમતા આપીને હબીબની તાઝીમની મહાનતા તથા તેના મહત્વમાં કેટલા અંશે વધારો કરી આપ્યો છે. મતલબ કે આપને શાહિદ, ખુશખબરી સંભળાવનાર તથા ડર સંભળાવનાર બનાવીને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે જેથી લોકો અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવે અને રસૂલની તાઝીમ કરે અને પછી રબની તસ્બીહ કરે.

એક સ્થળે કુર્આને પાક નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ કરનારાઓની કામયાબીનું આ પ્રમાણે એલાન કરે છે :–

فَالَّذِينَ آمَنُوا بِهِ وَعَزَّرُوهُ وَنَصَرُوهُ وَاتَّبَعُوا النُّورَ الَّذِي أُنزِلَ مَعَهُ أُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

(અર્થ) :– "જે લોકો રસૂલ પર **ઈમાન લાવ્યા** અને આપની **તાઝીમ કરી** અને આપને બળ પહોંચાડયું અને **આપની સાથે ઉતરનારા નૂરની પૈરવી કરી,** બસ એ જ લોકો કામયાબ છે." (સૂરએ અઅ્રાફ, ૧૫૭)

આ આયતે કરીમામાં પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ તથા મદદ કરનારાઓને કામયાબીની ઝમાનત આપવામાં આવી છે.

આ ઈર્શાદે રબ્બાની સહાબાએ કિરામની નજરો સમક્ષ હતો એટલા માટે તેમણે પોતાના સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એવી તાઝીમ કરી કે દુનિયાના કોઈ શહેનશાહની પણ એવી તાઝીમ ન કરવામાં આવી. સહાબાએ કિરામની તાઝીમો તૌકીરની હાલત જોઈને સુલહે હુદૈબિયહ્ના પ્રસંગે કુરૈશના પ્રતિનિધિ ઉરવહ્ ઈબ્ને મસઊદે જેઓ હજી ઈમાન લાવ્યા ન હતા તેમણે નીચે મુજબના પ્રતિભાવ પ્રદર્શિત કર્યા હતા. મતલબ કે એ એક ગૈરના પ્રતિભાવ હતા, કોઈ મો'મિનના નહીં ! સાંભળો ! :–

"હે લોકો ! ખુદાની કસમ ! હું બાદશાહોના દરબારોમાં પણ ગયો છું. કૈસર તથા કિસ્રા અને નજ્જાશીના દરબારોમાં હાજરી આપી ચૂકયો છું. ખુદાની કસમ ! કોઈ બાદશાહની આટલી તાઝીમ થતી નથી જોઈ જેટલી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તેમના સહાબા કરે છે. ખુદાની કસમ ! જયારે કદી તેમના નાકેથી લીંટ કે રતુબત નીકળી તો તે કોઈ ન કોઈ શયદાઈના હાથમાં પડી જેને તેણે પોતાના ચહેરા તથા શરીર પર મસળી લીધી અને જયારે તેઓ પોતાના સાથીઓને કોઈ વાતનો હુકમ આપે છે

તો તેઓ તેના પાલન માટે દોડી પડે છે, અને જ્યારે વુઝૂ કરે છે તો વુઝૂના ધોવાણના પાણી માટે (જે આપનાં અંગોએથી સ્પર્શીને પડે છે) જંગની નોબત આવી જાય છે અને જ્યારે તે વાતચીત કરે છે તો તે લોકો ખામોશ અને શાંત પડી જાય છે અને તાઝીમ તથા અદબને લીધે તેમના તરફ નજર ઉઠાવીને જોતા પણ નથી.'' (સહીહ બુખારી)

આ હતો સહાબાએ કિરામ થકી થતી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમના અંદાજનો એક નમૂનો જેને એક ગૈર મુસ્લિમે પ્રદર્શિત કર્યો હતો. ખૂદ સહાબાએ કિરામે પ્રસંગોની દુનિયામાં તાઝીમ તથા તૌકીરના કેવા કેવા નમૂનાઓ રજુ કર્યા છે તે તો તમે જેમ જેમ આગળ વાંચતા જશો તેમ જોવા મળશે, અહીં તો અમુક જ દ્રષ્ટાંતો રજુ કરું છું :–

**(૧)** ગઝવએ ખૈબરથી પરત થતી વેળા **સહબા** સ્થળે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અસ્રની નમાઝ પઢીને હઝરત અલી رضی اللہ عنہ ના ખોળામાં સર મુબારક રાખીને આરામ ફર્માવ્યો. હઝરત અલીએ અસ્રની નમાઝ પઢી ન હતી. પોતાની નજરો વડે જોઈ રહ્યા હતા કે અસ્રનો સમય જઈ રહ્યો છે પણ એ ખયાલથી કે સર મુબારક નીચેથી સાથળોને સરકાવીશ તો કયાંક હુઝૂરના ખ્વાબ મુબારકમાં ખલેલ પડશે, જેથી તેમ ન કર્યું. એટલે સુધી કે સૂર્યાસ્ત થઈ ગયો. જ્યારે હુઝૂરે આંખો ઉઘાડી તો હઝરત અલીએ નમાઝ વિશે અર્ઝ કર્યું. હુઝૂરે દુઆ ફર્માવી તો આફતાબ પલટી આવ્યો અને હઝરત અલીએ અસરની નમાઝ અદા કરી પછી સૂરજ ડૂબી ગયો. (મુશ્કિલુલ્ આષાર, ઈમામ તહાવી)

રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમને ખાતર અફઝલુલ્ ઈબાદાત નમાઝ અને તે પણ મધ્યની નમાઝ એટલે અસ્રની નમાઝ મૌલા અલી رضی اللہ عنہ એ કુર્બાન કરી દીધી. આસ્માનની આંખોએ કદી એવો મન્ઝર જોયો નહીં હોય કે રબ તઆલાના એક બંદાની દરખાસ્ત પર તેના એક ચાહકના માટે સૂરજને પલટાવવામાં આવ્યો હોય અને એક ફિદા થનારે કેવળ રસૂલની તાઝીમ તથા અદબને લીધે આટલી મહાન કુર્બાની આપી હોય. એને ઈમામે અહલે સુન્નત **ઈમામ અહમદ રઝા** કુદ્દેસ સિર્રહૂ આ પ્રમાણે વર્ણન કરે છે :–

**મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ**
**ઔર વો ભી અસ્ર સબસે જો આ'લા ખતરકી હૈ**





**(૨)** હિજરતના મૌકા પર યારે ગાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ જે જાંનિષારીનું દ્રષ્ટાંત પૂરું પાડયું છે તે પોતાના સ્થાને અજોડ છે. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સિદ્દીકે અકબર رضی اللہ عنہ બંને ગાર (ગુફા)ની નજીક પહોંચ્યા તો પ્રથમ સિદ્દીકે અકબર ગુફામાં ઉતર્યા અને તેની સફાઈ કરી, ગુફાના તમામ છિદ્રોને બંધ કર્યા પણ એક છિદ્ર (દર)ને બંધ કરવાને માટે કોઈ ચીજ ન મળી તો આપે પોતાના પગનો અંગૂઠો તેમાં રાખી દઈને તેને બંધ કર્યું. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બોલાવ્યા. હુઝૂર તશરીફ લઈ ગયા અને સિદ્દીકે અકબરના ખોળામાં સર મુબારક રાખીને આરામ ફર્માવવા લાગ્યા. એટલામાં સાપે સિદ્દીકે અકબરના પગને કરડી લીધો, પણ સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ સખત પીડા થવા છતાં કેવળ હુઝૂરના આરામમાં ખલેલ પડશે એમ વિચારીને હલન ચલન કર્યું નહીં અને યથાવત જ રહ્યા. છેવટે સબ્રનું પયમાનુ છલકાઈ ગયું તો આંખોથી આંસૂ વહેવા માંડયાં. જ્યારે આંસૂનાં ટીપાં ચહેરા મુબારક પર પડયાં તો હુઝૂર બેદાર થઈ ગયા અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ આખો બનાવ અર્ઝ કર્યો. હુઝૂરે દંશવાળા ભાગ પર પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) લગાડી આપ્યું તો તુરત જ આરામ મળી ગયો.

એક રિવાયતમાં છે કે સાપનું આ ઝહેર દર વરસે પાછુ ઉભરાતુ હતું અને બાર વરસ સુધી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એમાં સપડાયેલા રહ્યા અને છેવટે એ જ ઝહેરની અસરમાં આપની શહાદત થઈ.

**(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઝીકઅદા, હિ.સ. ૬માં સહાબાની સાથે ઉમરાના ઈરાદાથી મક્કા મુકર્રમાના માટે રવાના થયા. જ્યારે આપ હુદૈબિયહ્ પહોંચ્યા ત્યારે કુરૈશ પર ખૌફ તથા ભય છવાયો. એટલા માટે આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને મક્કા મુકર્રમા મોકલ્યા અને તેમને એ હિદાયત કરી કે તમે કુરૈશને જણાવશો કે અમે જંગના માટે નહીં પણ ઉમરા અદા કરવા માટે આવ્યા છીએ અને તેમને ઈસ્લામની દા'વત પણ આપશો અને તે મુસલમાન સ્ત્રી તથા પુરૂષો જે મક્કામાં છે તેમને ફતહની ખુશખબરી સંભળાવજો. હઝરત ઉષ્માન મક્કાની તરફ આગળ વધી રહ્યા હતા એવામાં તેમને હઝરત અબાન ઈબ્ને સઈદ ઉમવી મળ્યા જે હજી ઈમાન લાવ્યા ન હતા. તેમણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને પોતાનું

શરણ તથા ઝમાનત આપી અને પોતાના ઘોડા પર સવાર કરીને મક્કા મુકર્રમા લાવ્યા. હઝરત ઉષ્માને લોકો સુધી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પયગામ પહોંચાડયો.

આ તરફ હુદૈબિયહ્‌માં સહાબીઓ કહેવા લાગ્યા કે ઉષ્માન ખુશનસીબ છે કે તેમને બયતુલ્લાહનો તવાફ નસીબ થઈ ચૂકયો હશે. આ સાંભળીને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારો ખયાલ છે કે ઉષ્માન મારા વિના તવાફ કરશે નહીં ! એ દરમિયાન એ અફવા ઉડી ગઈ કે હઝરત ઉષ્માનને મક્કામાં કત્લ કરી દેવામાં આવ્યા છે, એટલા માટે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબીઓથી બય્‌અત લીધી જે બયઅતે રિદ્‌વાનના નામથી મશ્હૂર છે. હઝરત ઉષ્માન એ સમયે મક્કામાં હતા એટલે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ પોતાનો જમણો હાથ ડાબા હાથ પર રાખીને તેમને બયઅતના શરફથી નવાજ્યા. આ પ્રમાણે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હાથ હઝરત ઉષ્માનનો હાથ ઠર્યો.

બયઅતે રિદ્‌વાન પછી જયારે હઝરત ઉષ્માન પાછા તશરીફ લાવ્યા તો મુસલમાનોએ તેમને કહ્યું કે, તમે ખુશનસીબ છો કે તમે બયતુલ્લાહનો તવાફ કરી લીધો ! તો આપે જવાબ આપ્યો : તમે મારા બારામાં બદગુમાની કરી ! તેની કસમ ! જેની કુદરતના તાબામાં મારી જાન છે, જો હું મક્કામાં એક વરસ સુધી પણ પડી રહેત અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હુદૈબિયહ્‌માં હોત તો પણ હું આપના વગર તવાફ ન કરતે ! કુરૈશે મને તવાફ કરવા માટે કહ્યું હતું પણ મેં ઈન્કાર કરી દીધો.

હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની અંદર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ તથા અદબનો ખયાલ કેટલો નોંધપાત્ર છે કે કાફિરો આપને પેશકશ કરી રહ્યા છે કે આવ્યા છો તો તવાફ કરી લો ! પણ આપે જવાબ આપ્યો કે મારાથી એવું હરગિઝ નથી થઈ શકતું કે હું મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم વગર એકલો તવાફ કરી લઉં. બીજી બાજુ મુસલમાનોની એ ધારણા કે હઝરત ઉષ્માન ખુશનસીબ છે કે તેમને કા'બાનો તવાફ નસીબ થયો અને જયારે હુઝૂરે એ સાંભળીને ફર્માવ્યું કે, ઉષ્માન અમારા વિના એવું કરી શકતા નથી ! તો હુઝૂરને પણ પોતાના ફિદાઈ પર સંપૂર્ણ ભરોસો હતો. આકા હોય તો આવા ! અને ગુલામ હોય તો આવા !





રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ પ્રકારની તાઝીમ અને આ પ્રકારના અદબ એ સહાબાએ કિરામની કોઈ પોતાની ખોજ ન હતી બલ્કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ અને મજલિસના આદાબ ખૂદ બયાન ફર્માવ્યા છે. દુનિયાનો શહેનશાહ આવે છે તો પાતાના દરબારના આદાબ (નિયમો) ખૂદ બનાવે છે અને જાય છે તો પોતાના નિયમોની ગોઠવણીને સાથે લઈ જાય છે, પણ શહનશાહે ઈસ્લામ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારનો આલમ જ નિરાલો છે ! જયારે આપ તશરીફ લાવે છે તો ખાલિકે કાયનાત આપના દરબારના આદાબ નાઝિલ ફર્માવે છે; અને તે પણ કોઈ ખાસ સમય માટે નહીં બલ્કે હમેશાં હમેશને માટે અદબના કાનૂનોને મુકર્રર ફર્માવે છે. ઈર્શાદ થાય છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا
بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ وَاتَّقُوا اللّٰهَ
اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۔ (پ۲۶ حجرات ۱)

**(અર્થ)** : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલની આગળ ન વધો અને અલ્લાહથી ડરો, યકીનન ! તે સાંભળનાર તથા જાણનાર છે." (સૂ. હુજોરાત–૧, પા. ૨૬)

કેટલાક સહાબીઓએ બકૂ ઈદના દિવસે ઈદની નમાઝ પહેલાં જ કુર્બાની કરી નાખી અથવા અમુક સહાબા હઝરાત રમઝાન મુબારકના રોઝા એક દિવસ અગાઉથી જ શરૂ કરી આપતા. તેમને હિદાયત કરવામાં આવી કે એવું ન કરે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આગળ વધવાની કોશિશ ન કરે. એવું કરવું ખતરનાક છે ! આયત પર વિચાર કરવાથી એક વાત એ પણ નીકળે છે કે રસૂલની બેઅદબી અલ્લાહની બેઅદબી છે. જે લોકોએ પેશ કદમી કરી હતી તેમણે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર કરી હતી પરંતુ હુકમ ઉતર્યો તો એ કે **"તમે અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો !"** બીજું એ કે કોઈ કથન કે કાર્યમાં આગળ વધવું મના છે કેમ કે આયતમાં આ હુકમ વિના કૈદ (વિના પાબંદી) છે. દા.ત. જયારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કયાંક તશરીફ લઈ જતા હોય ત્યારે કોઈ ખાસ મસ્લેહત વિના તેમની આગળ ચાલવું મના છે. જો કોઈ હુઝૂરની મજલિસમાં સવાલ કરે તો હુઝૂરથી પહેલાં કોઈ બીજાએ તેનો જવાબ પણ ન આપવો જોઈએ. એ જ પ્રમાણે જયારે ખાવા હાજર થાય તો

હુઝૂરથી પહેલાં ખાવા શરૂ ન કરવું જોઈએ. વળી, એ પણ જુઓ કે જ્યારે સહાબાએ કિરામ આગળ વધ્યા હતા તો ખુદાની ઈબાદત કરવામાં વધ્યા હતા, રોઝા રાખવામાં કે કુર્બાની કરવામાં આગળ વધ્યા હતા, છતાં બારગાહે ખુદાવંદીમાં ચેતવણી આવી કે, હે ઈમાનવાળાઓ ! જલીલુલ કદર ઈબાદતોમાં પણ તમે મારા નબીથી આગળ ન વધશો ! અને આ મામલામાં અલ્લાહથી ડરતા રહેશો. યકીનન ! અલ્લાહ عزوجل તમારી દરેક પ્રવૃત્તિથી ઉઠક બેઠકથી વાકેફ છે. એ જ સૂરતમાં આગળ અલ્લાહ عزوجل આ પ્રમાણે પોતાના નબીની તાઝીમની તાલીમ આપી રહ્યો છે :—

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۔

"હે ઈમાનવાળાઓ ! તમે તમારા અવાજોને નબીના અવાજોથી ઊંચા ન કરો અને તેમની સમક્ષ જોરથી વાત ન કરો, જેવી રીતે કે આપસમાં ચીસો પાડીને વાતો કરો છો (એવું કરવાથી) કયાંક તમારા અમલો નિરર્થક ન જાય અને તમને ખબર પણ ન થાય." (સૂરએ હુજોરાત–૨)

આ આયતમાં પણ અલ્લાહ عزوجل એ ઈમાનવાળાઓને પોતાના મહબૂબની એક મહાન અદબ શીખવાડી છે કે તમે મારા મહબૂબની સામે બોલવામાં પણ બાઅદબ રહો, તેમની સમક્ષ ધીમા અવાજે વાતો કરો. જો તમે જોર જોરથી ચીસો પાડીને તેમની સમક્ષ વાત કરી તો તમારા અમલો બેકાર જશે. વિચારો ! **મોટામાં મોટો ગુનોહ અલ્લાહની નજીક માફ થઈ શકે છે પણ રબ તઆલા પોતાના મહબૂબની બેઅદબી અને ગુસ્તાખીને માફ ફર્માવશે નહીં.**

**અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર**
**નફ્સ ગુમકર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઇંજા**

હઝરત ષાબિત ઈબ્ને કૈસ رضی اللہ عنہ મોટા અવાજે વાત કરનારા હતા. આ આયત પછી તેમને હુકમ થયો કે આ બારગાહમાં પોતાનો અવાજ ધીમો રાખે. તેઓ ખૂબ જ ડરના માર્યા તથા અતિશય અદબના કારણે ઘરમાં ભરાઈ ગયા. બારગાહે નબવીમાં જ્યારે હાજર ન થયા તો હુઝૂરે તેમની ગેરહાજરીનું





કારણ હઝરત સઅદથી પૂછયું. એઓ હઝરત ષાબિતના પડોશી હતા. તેમણે હઝરત ષાબિત ઈબ્ને કૈસથી પૂછયું તો કહ્યું : હું તો દોઝખી થઈ ગયો ! મારો જ અવાજ હુઝૂર સમક્ષ સૌથી ઊંચો થતો હતો ! હઝરત સઅદે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم સમક્ષ હઝરત સઅદની વાત રાખી દીધી. હુઝૂરે ફર્માવ્યું : "તેમને કહી દો કે તે જન્નતી છે !"

અલ્લાહ عزوجل તે લોકોની પ્રશંસા કરી રહ્યો છે જેઓ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم સમક્ષ પોતાનો અવાજ ધીમો રાખે છે :—

اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰى لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۔

(અર્થ) : યકીનન ! જે લોકો પોતાના અવાજો અલ્લાહના રસૂલ પાસે ધીમા રાખે છે એ તે જ લોકો છે જેમનાં દિલ અલ્લાહે પરહેઝગારી માટે પારખી લીધાં છે, તેમના જ માટે બખ્શિશ અને મોટો સવાબ છે." (સૂ. હુજોરાત–૩, પા. ૨૬)

આયતે કરીમા لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ (તમારા અવાજો ધીમા રાખો) નાઝિલ થયા પછી હઝરત ફારૂકે આ'ઝમ અને અન્ય સહાબીઓ એટલા પ્રમાણમાં ધીમા અવાજે વાતો કરતા કે હુઝૂરે બે વાર પૂછવું પડતું ! હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ તો કસમ ખાઈ લીધી હતી કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم થી એવી રીતે વાતો કરીશ જેવી રીતે કાનમાં કહેવામાં આવે છે ! એ હઝરાતના બારામાં ઉપરોકત આયતે કરીમા નાઝિલ થઈ.

સહાબાએ કિરામ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની બારગાહે પાકમાં કેટલા અંશે બાઅદબ રહેતા હતા તેનું વર્ણન હઝરત મૌલા અલી رضی اللہ عنہ ના શબ્દોમાં સાંભળો :— "જયારે આપ صلی اللہ تعالٰی علیہ وسلم વાત શરૂ કરતા તો આપના સહાબા એવી રીતે માથુ નમાવી લેતા જાણે કે તેમનાં માથાંઓ પર પક્ષીઓ હોય." (શમાઈલે તિર્મિઝી)

રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ને (ઝાતી નામ સાથે) હે મુહમ્મદ ! હે મુહમ્મદ ! કહીને પોકારનારાઓની રબ તઆલા ઝાટકણી કાઢતાં ફર્માવે છે :—

إِنَّ الَّذِينَ يُنَادُونَكَ مِن وَرَاءِ الْحُجُرَاتِ أَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ ۝ وَلَوْ أَنَّهُمْ صَبَرُوا حَتَّىٰ تَخْرُجَ إِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ ۚ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ

(અર્થ) : "યકીનન ! જેઓ આપને હુજરાઓના બહારથી પોકારે છે, તેઓમાં મોટા ભાગે મૂર્ખ છે. જો તેઓ એટલી ધીરજ ધરત કે આપ બહાર નીકળત તો તેમના માટે બહેતર થાત અને અલ્લાહ ઘણો જ બખ્શનાર અતિ મહેરબાન છે." (સૂ. હુજોરાત–૪/૫, પા. ૨૬)

## ★ નબીની તાઝીમ માટે રબનો સખ્ત હુકમ ! ★

બની તમીમ કબીલાનું એક પ્રતિનિધિ મંડળ બરાબર બપોરના સમયે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મળવા આવી પહોંચ્યું. આપ મકાન શરીફમાં આરામ ફર્માવી રહ્યા હતા. તેમણે હુજરાની બહારથી **હે મુહમ્મદ !** કહીને બુમો પાડવાનું શરૂ કરી આપ્યું ! હુઝૂર બહાર તશરીફ લાવ્યા પણ ખુદા તઆલાએ પોતાના મહબૂબની આવી બેઅદબી માન્ય ન રાખી અને એવો સખત હુકમ નાઝિલ કર્યો કે, **"એવું કરનારા મૂર્ખ છે !"** અને પછી અદબની તાલીમ આપી કે જ્યારે લોકો હુઝૂરના દૌલતકદા પર જાય તો આપને બુમ ન પાડે બલ્કે આપના બહાર આવવાની રાહ જુએ !

રબ તઆલા એક સ્થળે પોતાના મહબૂબની અદબ વિશે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવે છે :–

لَا تَجْعَلُوا دُعَاءَ الرَّسُولِ بَيْنَكُمْ كَدُعَاءِ بَعْضِكُم بَعْضًا (پ ۱۸ نور ۶۳)

(અર્થ) :– "તમે રસૂલને પોકારવામાં આપસમાં એવું ન ઠરાવી લો જેમ કે તમે લોકો આપસમાં એકબીજાને પોકારો છો." (સૂ. નૂર–૬૩)

આ આયતે કરીમાનાં બે પાસાંઓ છે. એક તો એ કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તમને બોલાવે તો એમના આ બોલાવવાને કોઈ સામાન્ય માણસના બોલાવવા જેમ ન સમજી બેસશો ! બલ્કે મારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નું બોલાવવું તો એવું છે કે કોઈ ચાલુ નમાઝમાં હોય અને હુઝૂર અવાજ આપે તો તુરત જ નમાઝની હાલતમાં જ તેણે હાજર થવું ફર્ઝ છે !

જેમ કે બુખારી શરીફની હદીષમાં છે કે, હઝરત સઈદ ઈબ્ને મુઅલ્લા رضی اللہ عنہ એ કહ્યું કે, હું મસ્જિદમાં નમાઝ પઢી રહ્યો હતો એવામાં મને





રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અવાજ આપ્યો તો હું નમાઝમાં હતો જેથી મેં જવાબ ન આપ્યો અને નમાઝથી પરવારીને હુઝૂરની ખિદમતમાં આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો ! (એટલે હાજર ન થઈ શકયો). હુઝૂરે ફર્માવ્યું : શું તમે અલ્લાહ તઆલાનો આ હુકમ નથી સાંભળ્યો ?

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اسْتَجِيبُوا لِلَّهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيكُمْ

(અર્થ):–"હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ ! જ્યારે રસૂલ તમને એ ચીજના માટે બોલાવે જે તમારા માટે જિંદગી બખ્શનારી છે."

આ પ્રકારનો પ્રસંગ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ ના બારામાં પણ મરવી છે. આ છે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના બોલાવવાની અઝમત કે નમાઝ જેવો મહાન ફરીઝો પણ ત્યજીને હુકમના પાલન માટે પહોંચવું ફર્ઝ ઠર્યું.

આયતની બીજી તફસીર એ છે કે તમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ રીતે ન પોકારો જે રીતે આપસમાં એકબીજાને પોકારો છો. તેમને **યા રસૂલલ્લાહ ! યા નબીયલ્લાહ ! યા ખૈરખલ્કિલ્લાહ !** વગેરે સિફતવાળાં નામોથી પુકારી શકો છો. અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને એવો હુકમ કેમ ન આપે કે તેણે તો ખૂદ પોતાના પૂરા કલામે અઝીમમાં કયાંય પણ (નામ સાથે) યા મુહમ્મદ ! (હે મુહમ્મદ !) કહીને નથી પોકાર્યું, જ્યારે અન્ય અંબિયાએ કિરામને તેમનાં જાતી નામો વડે સંબોધ્યા છે.

સહાબાએ કિરામની નજરો સમક્ષ રબ્બુલ આલમીનના ફર્માવેલ ઉપરોકત ઈર્શાદો હતા, તેમણે તે હુકમો ખૂબ સારી પેઠે સમજ્યા હતા એટલા માટે હુઝૂરની અઝમત તથા જલાલત ફિતરી તૌર પર (સ્વાભાવિક જ) તેમના દિલો દિમાગમાં રચી વસી ગઈ હતી. એટલા માટે તેમણે અકીદત તથા મહોબ્બત અને એહતેરામ તથા અદબના એવા નમૂના પેશ કર્યા કે જેનું દ્રષ્ટાંત મળવું મુશ્કેલ છે. આ કિતાબમાં એ પ્રકારના પ્રસંગો વાંચશો જેનાથી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં સહાબાએ કિરામની અંતિમ કક્ષાની તાઝીમ તથા અદબનાં દર્શન થશે અને એનાથી આપનાં દિલો પણ મહબ્બતે રસૂલથી ખીલી ઉઠયા વિના રહેશે નહીં અને એ જ આ કિતાબનો મૂળ હેતુ છે.

**–ઈફતેખાર અહમદ કાદરી (રિયાઝ)**

મેમ્બર : અલમજમઉલ ઈસ્લામી–મુબારકપુર

# ☆ તાઝીમ તથા અદબ ☆

بسم اللہ الرحمٰن الرحیم

نحمدہ ونصلی علیٰ رسولہ الکریم

નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمની મહોબ્બત વગર આપના ઉપર ઈમાન લાવવું એ કલ્પના બહારની વાત છે ! મોમિનના માટે અનિવાર્ય છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمને પોતાની જાન, બાપ, પુત્ર અને અન્ય મખ્લૂક કરતાં વિશેષ ચાહે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

النبی اولیٰ بالمؤمنین من انفسھم

(અર્થ) : "આ નબી મોમિનોના માટે તેમના પ્રાણો કરતાં પણ વધુ નજીક છે." (સૂ. અહઝાબ–૬)

અને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : "તમારામાંથી કોઈ પણ કદી પણ ઈમાનવાળુ થશે નહીં જ્યાં સુધી હું તેને તેની જાનથી અધિક પ્રિય ન બની જાઉં." એ પણ ફર્માવ્યું કે, "તમારામાંથી કોઈ ઈમાનદાર થશે નહીં જ્યાં સુધી હું તેના બાપ, પુત્ર, અને તમામ લોકોથી અધિક મહબૂબ ન થઈ જાઉં."

## ★ મહોબ્બતની પ્રથમ નિશાની ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمથી મહોબ્બતની ઘણી નિશાનીઓ છે જે આપની મહોબ્બતની પરીક્ષાની હૈસિયત ધરાવે છે તેમાંથી એક નિશાની છે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો પુષ્કળ ઝિક્ર કરવો. હદીષ શરીફમાં છે : (અર્થ) :– **જે શખ્સ જે કોઈની મહોબ્બત કરે છે તેની પુષ્કળ ચર્ચા કરે છે.**

## ★ તા'ઝીમ એ મહોબ્બતની બીજી નિશાની ★

એકદમ ચર્ચાની સાથો સાથે એક નિશાની એ પણ છે કે તાઝીમ





તથા અદબ (રિસ્પેકટ)ની કોઈ તક ગુમાવવામાં ન આવે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનું નામે પાક કમાલની તાઝીમ તથા અદબ અને સલાતો સલામ સાથે લે અને નામે પાક લેતી વેળા ખૌફ તથા ડર અને આજીજી તથા પોતાની તુચ્છતા તથા ખુશૂઅ તથા ખુઝૂઅનો ઈઝહાર કરે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لا تجعلوا دعاء الرسول بینکم کدعاء بعضکم بعضًا

(અર્થ) :– "તમે આપસમાં રસૂલને એ રીતે ન બોલાવો જેવી રીતે એકબીજાને બોલાવો છો." (સૂ. નૂર, ૬૩)

તફસીરે કબીરમાં છે : (અર્થ) : "નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمને એ રીતે ન પોકારો જેવી રીતે તમે એકબીજાને પોકારો છો. એવું ન કહો કે, **યા મુહમ્મદ ! હે અબુલ કાસિમ !** બલ્કે અર્ઝ કરો : **યા રસૂલલ્લાહ ! યા નબીય્યલ્લાહ !"** (એટલે કે નબી અકરમને સિફતો અને લકબો થકી યાદ કરો.)

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

(અર્થ) : "હે ઈમાનવાળાઓ તમારા અવાજો નબીના અવાજ કરતાં બુલંદ ન કરો અને તેમની સાથે ઊંચા અવાજે વાત ન કરો એ ડરથી કે તમારા અમલો રદ થઈ જાય અને તમને ખબર પણ ન હોય." (સૂ. હુજોરાત, આ.–૨)

અબૂ મુહમ્મદ મક્કી ફર્માવે છે :– (અર્થ) : "વાતચીત કરવામાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની આગળ ન વધો અને આપની સાથે વાતચીતમાં સખ્તીથી વાત ન કરો અને આપનું નામ લઈને ન પોકારો જેવી રીતે તમે એકબીજાને પોકારો છો બલ્કે આપની તાઝીમ તથા તૌકીર અને ઉચ્ચતરીન ગુણો વડે આપને બોલાવો જેના વડે બોલાવવાને આપ પસંદ ફર્માવતા હોઉ, અને એ પ્રમાણે કહો યા રસૂલલ્લાહ ! યા નબીય્યલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ."

## ★ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઅદબી કુફ્ર છે ! ★

અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمની સમક્ષ ઊંચો અવાજ કરવાથી અને તાઝીમ તથા અદબ વિના બોલાવવાથી મના ફર્માવ્યું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ બેઅદબીને માન્ય ન રાખી

બલ્કે આ મહાન જુર્મમાં પડનારને અમલો બર્બાદ થવાની ધમકી સંભળાવી. જાણવા મળ્યું કે **બારગાહે રિસાલતની બેઅદબી અમલો બર્બાદ થઈ જવાનો સબબ છે** અને તમામ ઉલમા એના પર સંમત છે કે **કુફ્ર સિવાય કોઈ ગુનોહ અમલો નષ્ટ થવાનો સબબ નથી** અને જે ચીજ અમલો નષ્ટ થવાનો સબબ છે તે **કુફ્ર** છે.

હવે વિચારો કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઅદબી અમલો નષ્ટ થવાનો સબબ છે અને જે અમલો નષ્ટ થવાનો સબબ હોય તે કુફ્ર છે, સારાંશ એ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઅદબી કુફ્ર છે. એ પણ ધ્યાનમાં રાખશો કે જાહેરી હયાત તથા વિસાલ પછી નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન તાઝીમ તથા અદબના બારામાં એક સમાન જ છે.

## ★ ઈમામ માલિકનો બાદશાહ મન્સૂરને જવાબ ! ★

અબૂ જાફર મન્સૂર બાદશાહ મસ્જિદે નબવીમાં હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ સાથે એક મસ્અલામાં વાતચીત કરી રહ્યો હતો. ઈમામ માલિકે તેને ફર્માવ્યું :–

"હે મુસલમાનોના અમીર ! આ મસ્જિદમાં ઊંચો અવાજ ન કરો ! કેમ કે અલ્લાહ તઆલાએ એક જમાઅતને અદબ શીખવાડી અને ફર્માવ્યું : (અર્થ) : **જે લોકો રસૂલુલ્લાહ સમક્ષ પોતાનો અવાજ નીચો રાખે છે, અલ્લાહ તઆલાએ તેમનાં દિલોને તકવાના માટે પસંદ ફર્માવી લીધાં છે.** (સૂ. હુજોરાત, આ.–૩) અને આ જમાઅતની બુરાઈ વર્ણવતાં ફર્માવ્યું : (અર્થ) :– જે લોકો તમને હુજરાઓ બહારથી પોકારે છે તેમાંથી મોટા ભાગના બેઅકલ છે. (સૂ. હુજોરાત–૪) બેશક ! વિસાલ બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત એવી છે જેવી આપની જાહેરી જિંદગીમાં હતી."

આ સાંભળીને અબૂ જઅ્ફરે આજીજી પ્રદર્શિત કરી અને કહ્યું : હે અબૂ અબ્દુલ્લાહ ! (ઈમામ માલિક) કિબ્લા તરફ ચહેરો કરીને દુઆ કરું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફ ચહેરો કરું ? ઈમામ માલિકે ફર્માવ્યું : તું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી શા માટે ચહેરો ફેરવે છે ! જ્યારે કે કિયામતના દિવસે હુઝૂર બારગાહે ઈલાહીમાં તારા અને તારા દાદા આદમ علیہ الصلوٰۃ والتسلیم નો વસીલો છે ! તું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તરફ ચહેરો કર ! અને શફાઅતની





દરખાસ્ત કર, અલ્લાહ તઆલા તારી શફાઅત કબૂલ ફર્માવશે."

## ★ સહાબાએ કિરામ અને તાઝીમે રસૂલ ★

ઉરવહ્ ઈબ્ને મસઊદ કહે છે કે કુરૈશે તેમને સુલહે હુદૈબિયહ્ના વરસે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં મોકલ્યા. તેમણે સહાબાએ કિરામ થકી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની અતિશય તાઝીમ જોઈ. તેમણે જોયું કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે પણ વુઝૂ ફર્માવતા તો સહાબાએ કિરામ વઝૂનું પાણી હાંસલ કરવાના માટે બેહદ કોશિશ કરતા એટલે સુધી કે જાણે વુઝૂનું પાણી ન મળવાને કારણે હમણાં લડી પડશે ! તેમણે જોયું કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મુખ મુબારક અથવા નાક મુબારકનું પાણી નાખતા તો સહાબાએ કિરામ તેને હાથોમાં લેતા અને પોતાના ચહેરા તથા શરીરો પર ચોપડતા અને નાઝ કરતા હતા ! આપનો કોઈ વાળ શરીર મુબારકેથી જુદો થતાં જ તેના મેળવવા પડાપડી થતી, જ્યારે આપ તેમને કોઈ હુકમ આપતા તો તુરત પાલન કરતા અને જ્યારે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم વાતચીત કરતા તો આપની સમક્ષ ધીરેથી બોલતા અને તાઝીમને લીધે આપની તરફ આંખ ઉઠાવીને જોતા ન હતા."

"જ્યારે ઉરવહ્ ઈબ્ને મસઊદ કુરૈશની પાસે પાછા ગયા તો તેમણે કહ્યું : હે કુરૈશની કૌમ ! હું કૈસર, કિસ્રા અને નજ્જાશી એટલે ફારસના રાજા, રોમના રાજા, હબ્શાના રાજાની પાસે તેમની હુકૂમતમાં ગયો છું, ખુદાની કસમ ! હરગિઝ કોઈ બાદશાહ પોતાની કૌમમાં આટલો મોહતરમ નથી જોયો જેટલા પ્રમાણમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબીઓમાં ઈજ્જતવાન છે."

એક રિવાયતમાં છે કે તેમણે કહ્યું કે, "મેં કદી એવો બાદશાહ નથી જોયો કે તેના સાથીઓએ તેની એટલા પ્રમાણમાં તાઝીમ કરી હોય જેટલી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબીઓએ આપની તાઝીમ કરી છે."

"સાંભળી લો ! મેં કદી આવી કૌમ નથી જોઈ ! તેઓ કદી પણ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને છોડશે નહીં અને હમેશાં આપની તાઝીમ કરતા રહેશે."

## ★ અન્ય સહાબીઓના તાઝીમ બાબતે દ્રષ્ટાંતો ★

હઝરત બરાર ઈબ્ને આઝિબ رضی اللہ عنہ ફર્માવે છે કે, હું ચાહતો હતો કે કોઈ ચીજના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્રશ્ન કરું પરંતુ આપના પ્રભાવના સબબે બે વરસ સુધી તેને લંબાવી દેતો હતો.

## ★ તાઝીમના કારણે નજરો જમાવી ન શકયા !★

હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما ફર્માવે છે કે મને નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અધિક કોઈ મહબૂબ ન હતું અને ન મારી નિગાહમાં આપનાથી અધિક કોઈ મોહતરમ હતું, તેમ છતાં આપની તાઝીમના કારણે હું આપનો નજરો જમાવીને દીદાર કરી શકતો ન હતો ! જો મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સિફતો પૂછવામાં આવે તો (આપના ચહેરા મુબારકના ગુણો વિશે) બયાન કરી શકીશ નહીં ! કેમ કે હું આંખો ભરીને આપના જમાલથી તૃપ્ત થઈ શકતો ન હતો !

પ્યારા આકા સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! હદીષે પાકમાં છે : નબી علیہ الصلوٰۃ والتسلیم ફર્માવે છે કે, **મારા સહાબાઓ સિતારાઓની જેમ છે, તમે જેની પણ પયરવી કરશો ભલાઈ પામશો."** તો હવે સહાબાના કિરદારને જોતા ચાલો કે તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કેવી તાઝીમ કરી છે અને તેના પરથી તાઝીમે નબીનું મહત્વ સમજતા ચાલો.

## ★ બારગાહે રિસાલતમાં સહાબીઓનો બેસવાનો તરીકો ★

હઝરત ઓસામા رضی اللہ عنہ ફર્માવે છે કે "હું બારગાહે રિસાલતમાં એ હાલતમાં હાજર થયો કે સહાબાએ કિરામ આપની આસપાસ એ પ્રમાણે બેઠેલા હતા કે જાણે તેમનાં માથાંઓ પર પક્ષીઓ બેઠેલાં છે !" એટલે કે તેઓ પોતાનાં માથાં પણ હલાવતા ન હતા કેમ કે પક્ષીઓ એવી જગાએ બેસતાં હોય છે જે જગા સ્થિર હોય.

હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ ને ખબર મળી કે કાબિસ ઈબ્ને રબીઅહ્ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને શકલો સૂરતમાં મળતા જુલતા





છે. જયારે તેઓ હઝરત અમીર મુઆવિયહ્‌ના ઘરના દરવાજાથી દાખલ થયા તો હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ પોતાના તખ્ત પરથી ઉઠીને ઉભા થયા અને તેમનું સ્વાગત કર્યું, તેમની આંખો વચ્ચે બોસો આપ્યો અને તેમને મરગાબ (એક સ્થાન) એનાયત કર્યું. (આ સર્વ કાંઈ એટલા માટે હતું કે) તેમની સૂરત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી મળતી જુલતી હતી.

જો મહાન સહાબીઓની નબીની તાઝીમ અને એ બાબરકત બારગાહના એહતેરામમાં અતિશયતા કરવાનો અને દરેક વાતમાં અદબની કાળજી રાખવાની રિવાયતોને એકત્ર કરવામાં આવે તો લખાણ લાંબુ થઈ જશે. તમામ સહાબાએ કિરામ એ પાક ઝાતે કરીમને બેહતરીન લકબો, ખૂબ જ આજીજી અને મકામ તથા મર્તબાની અત્યંત કાળજી રાખીને સંબોધન કરતા હતા અને વાતના પ્રારંભમાં સલાતો સલામ પછી "મારા માં તથા બાપ આપના પર કુર્બાન ! મારી જાન આપના પર નિછાવર !" જેવા શબ્દો વાપરતા હતા અને સતત સોહબતમાં રહેવા છતાં મહોબ્બતના સખ્ત તકાઝા હેઠળ તાઝીમ તથા તૌકીરમાં ઉણપ વર્તતા ન હતા બલ્કે હમેશાં સૈયદુલ અનામ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ તથા ઈજજતમાં વધારો કરતા હતા. (તહકીકુલ ફતાવા)

## ★ તાબઈન અને તાઝીમે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ★

એ જ પ્રમાણે તાબઈન અને તબે તાબઈન સહાબાએ કિરામની તાઝીમના નમૂનાઓના મામલામાં એમના નકશે કદમ પર હતા. હઝરત મુસઅબ બિન અબ્દુલ્લાહ ફર્માવે છે કે જયારે ઈમામ માલિક رضی اللہ عنہ ની સામે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝિક્ર કરવામાં આવતો તો એમના ચહેરાનો રંગ બદલાઈ જતો અને એમની પીઠ ઝૂકી જતી. એટલે સુધી કે આ વાત એમના સાથીઓને કઠિન જણાતી. એક દિવસ હાજરજનોએ ઈમામ માલિકથી એમની એ પરિસ્થિતિના વિશે પૂછયું તો એમણે ફર્માવ્યું : "જે કંઈ મેં જોયું છે તમે જોતા તો મારા પર વાંધો ન ઉઠાવત ! મેં કારીઓના સરદાર હઝરત મુહમ્મદ બિન મુનકદરને જોયા કે મેં જ્યારે પણ એમને કોઈ હદીષ પૂછી તો એ રડી પડતા, એટલે સુધી કે મને એમના હાલ પર દયા આવી જતી હતી.

## ★ તાઝીમના પ્રસંગો ★

સન હી. ૫ માં ગઝવએ બની મુસ્તલકથી પાછા ફરતી વખતે કાફલો મદીનાની નજીક એક પડાવ પર રોકાયો તો ઉમ્મુલ મુઅ્મેનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا જરૂરતના માટે કોઈ ખૂણામાં તશરીફ લઈ ગયાં અને ત્યાં આપનો હાર તૂટી ગયો એની શોધમાં મશગૂલ થઈ ગયાં. આ બાજુ કાફલો રવાના થયો અને આપનો મહમલ શરીફ ઊંટ પર બાંધી દીધો અને એમને એ જ ખયાલ રહ્યો કે ઉમ્મુલ મુઅ્મેનીન એમાં છે. કાફલો ચાલી નીકળ્યો. આપ આવીને કાફલાની જગા પર બેસી ગયાં અને આપે ખયાલ કર્યો કે મારી શોધમાં કાફલો જરૂર પાછો ફરશે.

કાફલાની પાછળ પડી ગયેલી ચીજો ઉઠાવવાના માટે એક સાહબ રહેતા હતા. એ વખતે હઝરત સફવાન એ કામમાં હતા. જ્યારે એ આવ્યા અને એમણે આપને જોયાં તો જોરથી મોટા અવાજથી انا للہ وانا الیہ راجعون પુકાર્યું. આપે કપડાંથી પડદો કરી લીધો, એમણે પોતાની ઊંટણીને બેસાડી તો આપ એના પર સવાર થઈને લશ્કરમાં પહોંચ્યાં. કાળા દિલવાળા મુનાફિકોએ ખોટા વહેમો ફેલાવ્યા અને આપની શાનમાં બુરાઈ કરવાનું શરૂ કર્યું. અમુક મુસલમાનો પણ એમના ધોકામાં આવી ગયા અને એમની જીભથી પણ કોઈ અયોગ્ય વાત નીકળી ગઈ. ઉમ્મુલ મુઅ્મેનીન બીમાર થઈ ગયાં અને એક મહિના સુધી બીમાર રહ્યાં. એ જમાનામાં એમને ખબર ન મળી કે મુનાફિકો એમના વિશે શું બકી રહ્યા છે. એક દિવસ ઉમ્મે મસ્તહથી એમને એની ખબર પડી અને એનાથી આપની બીમારી ઓર વધી ગઈ અને એ સદમામાં એટલા પ્રમાણમાં રડયાં કે આપનાં આંસૂ રોકાતાં ન હતાં અને ન પળવાર માટે પણ ઊંઘ આવતી હતી; એ હાલતમાં સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર વહી નાઝિલ થઈ અને હઝરત ઉમ્મુલ મુઅમેનીનની પાકીઝગીમાં કુર્આનની આયત નાઝિલ થઈ જેનાથી આપની મહાનતા તથા મર્તબો એટલો વધારવામાં આવ્યો અને આપની પાકીઝગી તથા ફઝીલત ઘણી જ બયાન કરવામાં આવી.

સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મિમ્બર પર ઉભા રહીને કસમની





સાથે ફર્માવ્યું કે, મને મારી અહલિયા (પત્ની)ની પાકી તથા ખૂબીની યકીનની સાથે ખબર છે, તો જે વ્યકિતએ એમના વિશે બુરાઈની વાતો કરી એના તરફથી કોણ મઅઝેરત (બચાવ) પ્રદર્શિત કરી શકે છે ?

**હઝરત ઉમર** رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મુનાફિકો યકીનન જૂઠા છે ! ઉમ્મુલ મુઅ્મેનીન યકીનની સાથે પાક છે. અલ્લાહ તઆલાએ સૈયદે આલમના (જિસ્મે પાક) મુબારક શરીરને માખી બેસવાથી મેહફૂઝ રાખ્યું, કેમ કે એ નાપાકી પર બેસે છે તો કેવી રીતે બની શકે છે કે એ આપને બુરી ઔરતની સોહબતથી સુરક્ષિત (મેહફૂઝ) ન રાખે !

**હઝરત ઉષ્માન ગની** رضی اللہ عنہ એ પણ એવી રીતે આપની પાકીઝગી બયાન કરી અને ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાએ આપનો પડછાયો આ જમીન પર ન પડવા દીધો. એટલે કે એ પડછાયા પર કોઈનો (કદમ) ન પડે, પગ ન પડે. તો જે પરવરદિગાર આપના સાયાને મેહફૂઝ રાખે છે ! તો કેવી રીતે બની શકે કે એ આપની પત્નીને મેહફૂઝ ન ફર્માવે ?!

**હઝરત અલી** رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, એક જૂનું લોહી લાગવાથી પરવરદિગારે આલમે આપને નઅલૈન ઉતારી દેવાનો હુકમ કર્યો. જો પરવરદિગાર આપના નઅલૈનની જરા સરખી ખરાબીને પસંદ ન ફર્માવે, તો શકય નથી કે એ આપની પત્નીની ખરાબીને પસંદ કરે. એવી રીતે ઘણા જ સહાબા અને સહાબિયાતે કસમો ખાધી.

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ**
صلی اللہ تعالیٰ علیہ وسلم

**હઝરત ઉષ્માન બિન અફ્ફાન** رضی اللہ عنہ ના વિશે રિવાયત છે કે જ્યારે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુદૈબિયહ્‌ના મૌકા પર આપને કુરૈશની પાસે મોકલ્યા તો કુરૈશે હઝરત ઉષ્માનને કા'બાના તવાફની રજા આપી દીધી. પરંતુ હઝરત ઉષ્માને એવું કહીને ઈન્કાર કરી દીધો કે ;

**(તર્જુમો)** : હું એ સમય સુધી તવાફ નથી કરી શકતો જ્યાં સુધી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તવાફ ન કરે.

## ★ અજોડ ઝિયાફત ★

એક વખત હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયાફત કરી અને અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ગરીબખાના પર આપના દોસ્તો સાથે તશરીફ લાવો અને જે ભોજન હાજર હોય તે જમો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ દા'વત કબૂલ કરી અને સમય પર સહાબાએ કિરામની સાથે હઝરત ઉષ્માનના ઘરે તશરીફ લઈ ગયા. હઝરત ઉષ્માન رضی اللہ عنہ હુઝૂરની પાછળ ચાલવા લાગ્યા અને હુઝૂરનો એક એક કદમ મુબારક જે એમના ઘેર તશરીફ લઈ જતાં જમીન પર પડતો હતો તેને ગણવા લાગ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દર્યાફત ફર્માવ્યું, અય ઉષ્માન ! આપ મારા કદમો શા માટે ગણી રહ્યા છો ?! હઝરત ઉષ્માને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ આપના પર કુર્બાન હજો ! હું ઈચ્છું છું કે હુઝૂરના એક એક કદમ મુબારકના બદલામાં આપની તાઝીમ અને ઈજ્જતના માટે એક એક ગુલામ આઝાદ કરું ! એટલે સુધી કે હઝરત ઉષ્માનના ઘર સુધી હુઝૂરના જેટલા પ્રમાણમાં કદમ મુબારક પડયા એટલા પ્રમાણમાં ગુલામ હઝરત ઉષ્માને આઝાદ કર્યા. –(જામેઉલ મો'જેઝાત)

## ★ તાઝીમના અનોખા નમૂના ★

ગઝવએ ખૈબરથી પાછા ફરતાં **સહબા** સ્થળે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝે અસર પઢીને મૌલા અલી رضی اللہ عنہ ના સાથળો પર સર મુબારક રાખીને આરામ ફર્માવ્યો. મૌલા અલીએ અસરની નમાઝ ન પઢી હતી. આંખોથી જોઈ રહ્યા હતા કે વખત પસાર થઈ રહ્યો છે પરંતુ એ ખયાલથી કે સાથળ સરકાવું તો કદાચ ખ્વાબ મુબારકમાં ખલેલ પડે, આપે સાથળો ન હટાવ્યા એટલે સુધી કે સૂરજ ડૂબી ગયો ! જ્યારે આંખ મુબારક ખુલી તો મૌલા અલીએ આપની નમાઝનો હાલ અર્ઝ કર્યો, હુઝૂરે દુઆ કરી તો ડૂબેલો સૂરજ પાછો આવ્યો અને મૌલા અલીએ અસરની નમાઝ અદા કરી તો પાછો ડૂબી ગયો. આનાથી સાબિત થયું કે અફઝલુલ ઈબાદત નમાઝ એ પણ વચલી નમાઝ એટલે અસરની નમાઝ મૌલા અલીએ હુઝૂરની ઊંઘ પર કુર્બાન કરી દીધી કે ઈબાદતો પણ અમને હુઝૂરના જ સદકામાં મળી.





હિજરતના સમયે ગારે ષૌરમાં પ્રથમ તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ગયા અને પોતાનાં કપડાં ફાડી ફાડીને એનાં કાણાંઓ બંધ કરી દીધાં. એક કાણુ બાકી રહી ગયું એના પર પગનો અંગૂઠો રાખી દીધો. પછી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બોલાવ્યા. આપ તશરીફ લઈ ગયા અને એમના ખોળામાં સરે અકદસ રાખીને આરામ ફર્માવ્યો. એ ગુફામાં એક સાપ ઝિયારતની તમન્ના સાથે રહેતો હતો. એણે પોતાનું માથુ સિદ્દીકે અકબરના પગ પર ફેરવ્યું, હુઝૂરની ઊંઘમાં ખલેલ ન પડે તેથી આપે પગ ન હટાવ્યો તો છેવટે તેણે પગમાં કરડી લીધું ! જ્યારે સિદ્દીકે અકબરનાં આંસૂંઓ ચેહરએ અન્વર પર પડયાં તો મુબારક આંખો ખોલી. હઝરત અબૂબક્રએ પરિસ્થિતિ વર્ણવી, તો હુઝૂરે થૂંક મુબારક લગાડી દીધું તો તરત જ આરામ થઈ ગયો. દર વર્ષે એ ઝહેર ઉઠેલો મારતું અને બાર વરસ પછી એનાથી શહાદત મળી. સિદ્દીકે અકબરે જાન પણ સરકારની ઊંઘ પર કુર્બાન કરી.

એ જ મુદ્દાને લક્ષમાં રાખી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ પોતાના આ શેઅરોમાં બયાન ફર્માવ્યું છે :–

**મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ**
**ઔર વો ભી અસ્ર સબસે જો આ'લા ખતરકી હૈ**

**સિદ્દીક બલ્કે ગારમેં જાં ઉસપે દે ચૂકે**
**ઔર હિફ્ઝે જાં તો જાન ફરોઝે ગુરર કી હૈ**

**ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈ**
**અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવરકી હૈ**

## ★ સરકારની અદબ અને સિદ્દીકે અકબર ★

સહીહ બુખારીમાં સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ થી મરવી છે કે, એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કબીલા બની અમ્ર બિન ઔફમાં સુલેહ કરાવવાને માટે તશરીફ લઈ ગયા. જ્યારે નમાઝનો સમય થયો તો મોઅઝ્ઝિને હઝરત અબૂબક્રથી પૂછીને અઝાન કહી અને તેમણે ઈમામત કરી. એ અરસામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ તશરીફ લાવ્યા અને સફમાં ઊભા રહ્યા. જ્યારે નમાઝીઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા તો હાથ પર હાથ મારી

અવાજ કરવા લાગ્યા, એ હેતુથી કે સિદીકે અકબર رضی اللہ عنہ સાવધાન થઈ જાય, કેમ કે એમની આદત હતી કે નમાઝમાં કોઈ જગાએ ધ્યાન આપતા ન હતા. જ્યારે સિદીકે અકબરે અવાજ સાંભળ્યો તો ત્રાંસી નજરથી જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ ફર્માવેલ છે, જેથી પાછળ ખસવાનો ઈરાદો કર્યો. એના પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશારાથી ફર્માવ્યું કે પોતાની જ જગાએ કાયમ રહો. સિદીકે અકબરે બંને હાથ ઉઠાવ્યા એ નવાઝિશ પર કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ઈમામતનો હુકમ ફર્માવ્યો, અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો અને પાછળ હટીને સફમાં ઊભા થઈ ગયા અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આગળ વધ્યા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો ફર્માવ્યું કે, અબૂબક્ર ! જ્યારે મેં પોતે તમને હુકમ કરી દીધો હતો તો તમને પોતાની જગા પર ઊભા રહેવાથી કઈ ચીજ રોકતી હતી ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અબૂ કહાફાનો બેટો એના લાયક નથી કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આગળ વધીને નમાઝ પઢાવે !

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલલાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

*(આદાબે રસૂલ, પેજ–૬૧)*

## ★ રસૂલની ઈજ્જતના માટે મરી ફીટવાનો જઝબો ★

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ મશ્હૂર અને મહાન સહાબીઓમાંથી છે. ફર્માવે છે કે બદરની લડાઈમાં મેદાનમાં લડવાવાળાઓની સફમાં ઊભા હતો. મેં જોયું કે મારી જમણી અને ડાબી બાજુ અન્સારના બે ઓછી ઉંમરના છોકરા હતા. મને ખ્યાલ આવ્યો કે હું જો શકિતશાળી અને મજબૂત લોકોની દરમિયાન હોત તો સારુ હતું કે જરૂરતના સમયે એકબીજાની મદદ કરી શકત, મારી બંને બાજુ બાળકો છે એ શું મદદ કરી શકશે ?! એટલામાં એ બંનેવ છોકરાઓમાંથી એ કે મારો હાથ પકડીને કહ્યું, ચચાજાન ! તમે અબૂજહલને પણ ઓળખો છો ? મેં કહ્યું, હા ! ઓળખું છું, તમારે શું કામ છે ? તેણે કહ્યું કે મને એ ખબર મળી કે તે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગાળો બકતો હતો ! એ ઝાતે પાકની કસમ ! જેના કબ્જામાં મારી જાન છે, જો એને હું જોઈ લઉં તો હું એનાથી અલગ નહીં થાઉં, ત્યાં સુધી કે એ મરી જાય





અથવા હું મરી જાઉં ! મને એના સવાલ અને જવાબ પર નવાઈ લાગી. એટલામાં બીજાએ એ જ સવાલ કર્યો અને જે પહેલાએ કહ્યું હતું એ જ એણે પણ કહ્યું. અચાનક ! અબૂજહલ મેદાનમાં મને દોડતો જોવામાં આવ્યો તો મેં એ બંનેને કહ્યું, તમે જેને શોધો છો એ જઈ રહ્યો છે. બંને આ સાંભળી તલવાર હાથમાં લઈ એકદમ દોડતા ચાલ્યા ગયા અને જઈને એના પર તલવાર ચલાવવાની શરૂ કરી દીધી ત્યાં સુધી કે એને ગબડાવી દીધો. *(બુખારી)*

## ★ ગુસ્તાખીની સજા ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક બેટી હઝરતે રુકય્યા હતાં જે પોતાની બહેન હઝરત ઝયનબથી ત્રણ વરસ પછી પૈદા થયાં. જ્યારે કે હુઝૂરની ઉંમર શરીફ તેત્રીસ (૨૩) વરસની હતી અને અમુકે હઝરત રુકય્યાને હઝરત ઝયનબથી મોટાં બતાવ્યાં છે, પણ સાચુ એ છે કે હઝરત ઝયનબથી નાનાં હતાં. હુઝૂરના કાકા અબૂલહબના બેટા ઉત્બાથી તેમનો નિકાહ થયો હતો. જ્યારે સૂરએ તબ્બત નાઝિલ થઈ તો અબૂલહબે એનાથી અને એના બીજા ભાઈ અતિય્યાને જેના નિકાહમાં હુઝૂરની ત્રીજી સાહબઝાદી હઝરત ઉમ્મે કુલષૂમ હતાં, એવું કહ્યું કે મારી મુલાકાત તમારાથી હરામ છે જો તમે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેટીઓને તલાક ન આપી દો. તો એના પર બંનેવે તલાક આપી દીધી. આ બંનેના નિકાહ બચપનમાં થયા હતા, હજી દીકરીઓને વિદાયની વેળા પણ આવી ન હતી, એના પછી ફતહે મક્કા પર હઝરત રુકય્યાના પતિ મુસલમાન થઈ ગયા હતા પણ પત્નીને પહેલાં જ તલાક આપી ચૂકયા હતા અને હઝરત રુકય્યાના નિકાહ હઝરત ઉષ્માનથી મુદ્દતથી થઈ ચૂકયા હતા. હઝરત ઉષ્માન અને હઝરત રુકય્યાએ બંનેવ વખત હબશાની હિજરત કરી.

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ત્રીજી સાહબઝાદી હઝરત ઉમ્મે કુલષૂમ હતાં. એમાં મતભેદ છે કે એમાં અને હઝરત ફાતેમામાં કોણ મોટાં હતાં, વધારે પડતાની રાય એ છે કે ઉમ્મે કુલષૂમ મોટાં હતાં. પહેલાં ઉતૈબહ ઈબ્ને અબૂલહબથી નિકાહ થયો પણ વળાવ્યાં ન હતાં. એટલામાં સૂરએ તબ્બત નાઝિલ થવા પર તલાકની નોબત આવી, જેવું કે હઝરત રુકય્યાના બયાનમાં થઈ ગયું. પરંતુ એમના પતિ તો મુસલમાન થઈ ગયા હતા જેવું કે

ઉપર આવી ગયું. અને હઝરત કુલ્સૂમના પતિ ઉતૈબાએ તલાક દીધી અને હુઝૂરે અકદસની ખિદમતમાં આવીને ઘણો જ ગુસ્તાખી તથા બેઅદબીથી પેશ આવ્યો અને ન બોલવાના શબ્દો પણ જીભથી બોલ્યો. હુઝૂરે હલાકતની દુઆ કરી કે, યા અલ્લાહ ! પોતાના કૂતરાઓમાંથી એક કૂતરો એની પાછળ લગાડી દે ! અબૂતાલિબ એ વખતે હાજર હતા, મુસલમાન ન હતા છતાં ડરી ગયા અને કહ્યું કે એમની બદ્દુઆથી તને નજાત નથી મળવાની ! જેથી ઉતૈબા એક વખત શામની સફરમાં જઈ રહ્યો હતો. એનો બાપ અબૂલહબ રસૂલેપાકથી દુશ્મની અને સખ્ત અદાવત છતાં કહેવા લાગ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કરેલ હલાકતની દુઆને લીધે મને ચિંતા થાય છે ! જેથી કાફલાના બધા લોકો અમારી ખબર રાખશો. એક જગા પર પહોંચ્યા ત્યાં સિંહ વધારે હતા. રાતે બધા કાફલાનો સામાન એક જગા પર ભેગો કર્યો અને એને ટેકરા જેવું બનાવીને એના પર ઉતૈબહને સૂવાડયો અને કાફલાના બધા માણસો ચારે બાજુ થઈ સૂઈ ગયા. રાતે એક સિંહ આવ્યો અને બધાનાં મોઢાં સુધ્યાં એના પછી એક છલાંગ લગાડી અને એ ટેકરા પર પહોંચીને ઉતૈબહનું માથું શરીરથી અલગ કરી દીધું. એણે એક અવાજ કર્યો પણ સાથે જ કામ પૂરું થઈ ગયું હતું. અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે એ મુસલમાન થઈ ચૂકયો હતો અને આ પ્રસંગ પહેલા ભાઈની સાથે બન્યો. મલતબ એ કે હઝરત રુકય્યા અને હઝરત ઉમ્મે કુલષૂમના પહેલા પતિઓમાંથી એક મુસલમાન થયા હતા અને બીજાની સાથે આ ઈબ્રતનાક પ્રસંગ બન્યો હતો.

## ☆ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદની તા'ઝીમ ☆

### ★ પુરૂષના હાથમાં સોનાની વિંટી એટલે આગનો અંગારો ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વ્યક્તિના હાથમાં સોનાની અંગૂઠી (વિંટી) જોઈ તો





આપે એને કાઢીને ફેંકી દીધી. અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લઈ ગયા પછી એ વ્યક્તિને બધાએ કહ્યું કે, તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, **નહીં ! અલ્લાહની કસમ ! એને કદી પણ હાથ નહીં લગાડુ જેને રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં !** *(મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)*

**ચેતવણી :** આશિકે રસૂલ હોવાના દાવેદારો વિચારે ! અને સોનાની વિંટીઓ, લોકેટ, સોનાની ચેઈનો પહેરવાનું બંધ કરે ! આ પ્રસંગને વારંવાર વાંચે અને સહાબીના જવાબને વારંવાર વાંચે.

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

**(૨)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ تعالیٰ عنہما કહે છે કે એક વખત સફરમાં અમે લોકો હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતા. હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. મારી ઉપર એક ચાદર હતી જે લાલ રંગમાં હલકી રીતે રંગેલી હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોઈને ફર્માવ્યું, આ શું ઓઢી રાખ્યું છે ?! મને આ સવાલથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાપસંદીનો અણસાર જણાયો જેથી ઘરવાળાઓની પાસે હું પાછો ફર્યો તો એમણે ચૂલો સળગાવી રાખ્યો હતો. મેં એ ચાદર એમાં નાખી દીધી ! બીજા દિવસે જ્યારે હાજર થયો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ચાદરનું શું થયું ? મેં પ્રસંગ વર્ણવી દીધો તો આપે ઈર્શાદ ફર્માવ્યો, ઔરતોમાંથી કોઈને કેમ ન પહેરાવી દીધી ?! ઔરતોને તો પહેરવામાં કોઈ વાંધો ન હતો ! *(અબૂ દાઊદ)*

**ચેતવણી :** આશિકે રસૂલનો દાવો કરવાવાળા યુવાનો લાલ રંગનાં ભમકાદાર કપડાં પહેરવાથી બચે અને આ પ્રસંગ પરથી બોધ લે.

**(૩)** હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એક વખત ઘરેથી બહાર તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક મકાન જોયું જે બે માળનું બનેલ હતું. સાથીઓને પૂછયું, આ શું છે ? તેમણે અર્ઝ કરી, ફલાણા અન્સારીએ આ

મકાન બનાવ્યું છે. હુઝૂર સાંભળીને ચૂપ રહ્યા. બીજા કોઈ વખતે અન્સારી ખિદમતમાં હાજર થયા, સલામ કરી પણ હુઝૂરે ચેહરા મુબારકને તેમનાથી ફેરવી લીધો, સલામનો જવાબ પણ ન આપ્યો. તેમણે એ ખ્યાલથી કે કદાચ તવજ્જોહ નહીં હોય જેથી બીજી વખત સલામ કરી તો હુઝૂરે પાછો ચહેરએ મુબારક ફેરવી લીધો અને જવાબ ન આપ્યો. એ અન્સારી સહાબી હતા, હુઝૂર એમનાથી નારાજ હોય એ કેવી રીતે સહન કરી શકે ! સહાબીઓ જે ત્યાં હાજર હતા તેમને પૂછયું, તેહીકક કરી કે આજે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મારાથી કયા કારણે નારાજ જણાઈ રહ્યા છે ! તેમણે કહ્યું, હુઝૂર બહાર તશરીફ લઈ ગયા હતા તો રસ્તામાં તમારું ઘર જોયું હતું અને પૂછયું કે આ કોનું ઘર છે ? એ સાંભળીને એ સહાબા તરત જ ગયા અને એને તોડીને એવું જમીનદોસ્ત કરી દીધું કે નામો નિશાન પણ ન રહ્યું. અને પછી આવીને જણાવ્યું પણ નહીં. અચાનક ! હુઝૂર જ એ જગા પર બીજા કોઈ પ્રસંગે પસાર થયા તો જોયું કે એ મકાન ત્યાં નથી ! પૂછયું તો સહાબીઓએ કહ્યું કે અન્સારીએ આપ હઝરતના નારાજ થવા વિશે કેટલાક દિવસ પહેલાં વાત કરી હતી, તો અમે કહી દીધું હતું કે તમારું (બે માળવાળુ) ઘર જોયું હતું, તો એમણે આવીને બિલકુલ તોડી પાડયું. હુઝર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે, **દરેક બાંધકામ માણસ પર વબાલ છે ! પણ તે જે સખત જરૂરત અને મજબૂરીનું હોય.** *(અબૂ દાઊદ)*

**(૪)** હઝરત રાફેઅ કહે છે કે એક વખત અમે લોકો એક સફરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની સાથે હતા અને અમારા ઊંટો પર ચાદરો પડી હતી જેમાં લાલ દોરા હતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે હું જોઉં છું કે આ લાલાશ તમારા પર સવાર થઈ રહી છે ! હુઝૂરનો આ ઈર્શાદ થતાં જ અમે લોકો એકદમ એવા ગભરાઈને ઉઠયા કે અમારા દોડવાથી ઊંટ પણ આજુબાજુ દોડવા લાગ્યાં અને અમે તરત જ બધી ચાદરો ઊંટો પરથી ઉતારી લીધી. *(અબૂ દાઊદ)*

**(૫)** વાઈલ બિન હજર કહે છે કે હું એક વખત ખિદમતમાં હાજર થયો ત્યારે મારા માથાના વાળ ઘણા જ મોટા થયેલા હતા. હું સામે આવ્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, ઝબાબ ! ઝબાબ ! હું એવું સમજ્યો કે મારા વાળોને ઈર્શાદ ફર્માવ્યો, જેથી પાછો ગયો અને





એને કપાવી નાખ્યા. જ્યારે બીજા દિવસે ખિદમતમાં હાજરી થઈ તો ઈર્શાદ ફર્માવ્યો, મેં તમને ન કહ્યું હતું, પરંતુ આ સારું કર્યું ! *(અબૂ દાઊદ)*

**(૬)** અબ્દુલ્લાહ બિન મગફલનો એક નાનો ભત્રીજો (ખુઝફ) કાંકરીઓથી રમી રહ્યો હતો. એમણે જોયું અને ફર્માવ્યું, બેટા ! એવું ન કર ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું છે કે એનાથી કોઈ ફાયદો નથી, ન શિકાર થઈ શકે છે, ન દુશ્મનને નુકસાન પહોંચાડી શકાય છે, અને અચાનક કોઈને વાગી જાય તો આંખ ફૂટી જાય, દાંત તૂટી જાય. ભત્રીજો નાની વયનો હતો, એણે જ્યારે કાકાને બેધ્યાન જોયા તો પાછો રમવા લાગ્યો તો એમણે જોઈ લીધું અને ફર્માવ્યું કે, **હું તને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઈર્શાદ સંભળાવું છું છતાં પાછો એ કામને કરે છે ! ખુદાની કસમ ! તારાથી કદી વાત નહીં કરીશ !** એક બીજા કિસ્સામાં એના પછી છે કે ખુદાની કસમ ! તારા જનાઝાની નમાઝમાં સામેલ નહીં થાઉં ! અને ન તારી બીમારપુર્સી કરીશ ! *(દારમી ઈબ્ને માજહ્)*

**નોંધ :-** 'ખુઝફ' એ છે કે અંગૂઠા પર નાની કાંકરી રાખીને આંગળીઓથી ફેંકવામાં આવે. એ બાળકોની બેકાર અને ખતરનાક રમત છે. હઝરત અબ્દુલ્લાહ બિન મગફલના ભત્રીજાએ રસૂલનો ઈર્શાદ સાંભળી લીધા પછી પણ પાબંદી ન કરી જેને સહાબીએ રસૂલ સહન ન કરી શકયા અને વાત ન કરવાની કસમ ખાઈ લીધી ! આજે મુસલમાનો પોતાની હાલત પર વિચારે કે હદીષો અને ઈર્શાદાતે સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلمની પાબંદી આપણામાં કેટલી છે ?!

**(૭)** હકીમ બિન હિઝામ એક સહાબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં હાજર થયા અને કાંઈક માંગણી કરી ! હુઝૂરે આપ્યું. ફરી કોઈક સમયે કાંઈ માંગ્યું તો હુઝૂરે ફરી આપ્યું અને ઈર્શાદ ફર્માવ્યો કે, અય હકીમ ! આ માલ લીલો બગીચો છે ! જાહેરમાં ઘણી જ મીઠી ચીજ છે પણ એનો નિયમ એ છે કે જો દિલમાં લાલચવૃત્તિ ન હોય અને મળે તો એમાં બરકત થાય છે અને જો લોભ અને લાલચથી મળે તો એમાં બરકત નથી થતી, એવું થઈ જાય છે કે દરેક વખતે ખાતા જઈએ અને પેટ ન ભરાય ! હકીમે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પછી હવે કોઈને નહીં. (કે માલમાં ઓછપ નહીં લાવું) એના પછી હઝરત અબૂબક્ર

સિદ્દીકે رضی اللہ عنہ પોતાના ખિલાફતના જમાનામાં હકીમને બયતુલ માલમાંથી કાંઈ આપવાનું ઈચ્છયું તો એમણે ના પાડી દીધી. એના પછી હઝરત ઉમરે પોતાના ખિલાફતના જમાનામાં વારંવાર આપવાનું કહ્યું પણ એમણે ના જ પાડી. *(બુખારી)*

**(૮)** હઝરત અસ્મા ઘણા જ સખી હતાં. પહેલાં જે કાંઈ ખર્ચ કરતાં હતાં તે પ્રમાણસર માપી તોલીને ખર્ચ કરતાં હતાં. પણ જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે બાંધી બાંધીને ન રાખ્યા કર અને હિસાબ ન કર્યા કર ! જેટલી તાકાત હોય એટલો ખર્ચ કર. તો પછી ખૂબ ખર્ચો કરવા લાગ્યાં. પોતાની દીકરીઓ અને ઘરની સ્ત્રીઓને નસીહત કર્યા કરતાં હતાં કે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરાવામાં અને સદકો કરવામાં જરૂરતથી વધારે હોવાની અને બચાવવાની રાહ ન જુઓ ! કેમ કે જરૂરતથી વધારેની રાહ જોતી રહેશો તો કાંઈ વધશે જ નહીં ! (કે જરૂરત જાતે જ વધતી જાય છે) અને જો સદકો કરતી રહેશે તો સદકામાં ખર્ચ કરી દેવામાં નુકસાનમાં નહીં રહેશો. *(તબકાત)*

**(૯)** હઝરત અલી رضی اللہ عنہ એ પોતાના શાગિર્દને ફર્માવ્યું કે હું તમને મારો અને ફાતેમાનું જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બધાથી વધારે લાડલી બેટી હતી તેમનો કિસ્સો સંભળાવું ! શાગિર્દે કહ્યું, જરૂર ! ફર્માવ્યું કે આપ પોતાના હાથથી ઘંટી ફેરવતાં હતાં, જેના કારણે હાથોમાં નિશાનો પડી ગયાં હતાં અને જાતે પાણીની મશક ભરીને લાવતાં હતાં જેના કારણે છાતી પર મશકની દોરીનાં નિશાનો પડી ગયાં હતાં અને ઘરમાં ઝાડુ વગેરે પોતે જ કરતાં હતાં, જેના કારણે બધાં કપડાં મેલવાળા રહેતાં હતાં. એક વખત હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે થોડાક ગુલામ તથા બાંદીઓ આવી તો મેં ફાતેમાને કહ્યું કે તમે પણ જઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસેથી એક ખિદમતગાર માંગી લો જેથી તમને થોડીક મદદ મળી જાય. આપ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયાં પણ ત્યાં પણ મજમો હતો અને આપ સ્વભાવે ખૂબ શરમાળ હતાં એટલા માટે શરમના કારણે બધાની સામે બાપથી પણ માંગવાની શરમ આવી જેથી પાછાં આવી ગયાં. બીજા દિવસે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم જાતે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે, ફાતેમા ! કાલે તમે કયા કામ માટે આવ્યાં હતાં ? આપ શરમના કારણે





ચૂપ થઈ ગયાં ! મેં કહ્યું કે યા રસૂલલ્લાહ ! એમની એ હાલત છે કે ઘંટીના કારણે હાથોમાં કણીઓ પડી ગઈ અને મશકના કારણે છાતી પર દોરીના નિશાન થઈ ગયાં છે અને દરેક સમયે કામકાજના કારણે કપડાં મેલાં રહે છે. મેં કાલે એમને કહ્યું હતું કે આપની પાસે ખાદિમ આવેલા છે તો એક એ પણ માંગી લે ! એટલા માટે આવ્યાં હતાં.

અમુક રિવાયતોમાં આવ્યું છે કે હઝરત ફાતેમાએ અર્ઝ કર્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી પાસે અને અલીના પાસે એક જ બિસ્તર છે અને એ પણ ઘેટાનું એક ચામડુ છે, રાતે એને પાથરીને સૂઈ જઈએ છીએ સવારે એના પર ઘાસ દાણા નાખીને ઊંટને ખવડાવીએ છીએ. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે, બેટી સબર કરો ! હઝરત મૂસા અને એમની પત્નીની પાસે દસ વર્ષ સુધી એક જ પાથરણું હતું એ પણ હઝરત મૂસાનો ઝભ્ભો હતો જેને રાતે બિછાવીને એના પર સૂઈ જતા હતા. તો તકવો હાંસલ કર ! અને અલ્લાહથી ડર અને પોતાના પરવરદિગારના ફર્ઝો અદા કરતી રહે અને ઘરના કારોબારને અંજામ દેતી રહે. અને જ્યારે સૂવા માટે જાય તો **સુબ્હાનલ્લાહ** ! તેત્રીસ (૩૩) વખત અને **અલ્હમ્દુલિલ્લાહ** તેત્રીસ (૩૩) વખત અને **અલ્લાહુ અકબર** ચોત્રીસ (૩૪) વખત પઢયા કર, એ ખાદિમથી વધારે સારી વસ્તુ છે. હઝરત ફાતેમાએ અર્ઝ કરી, હું અલ્લાહથી અને એના રસૂલથી રાજી છું. *(અબૂ દાઊદ)*

**(૧૦)** હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર હઝરત આઈશા رضی اللہ عنہا ના ભાણીયા હતા અને આપ એમનાથી ખૂબ જ મહોબ્બત કરતાં હતાં. એમણે જ જાણે ભાણિયાની પરવરિશ કરી હતી. હઝરત આઈશાની એ (ફય્યાઝી) સખીપણાથી પરેશાન થઈને કે પોતે તકલીફો ઉઠાવે અને જે આવે તેને તરત જ આપી દે ! એક વખત કહી આપ્યું કે માસીનો હાથ કોઈ પણ રીતે રોકવો જોઈએ ! હઝરત આઈશાને આ વાતની ખબર થઈ ગઈ તો તેનાથી નારાજ થઈ ગયાં કે મારા હાથ રોકવાનું ઈચ્છે છે ! અને એમની સાથે ન બોલવાની નઝરના તૌર પર કસમ ખાધી ! હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરને માસીની નારાજગીથી ઘણુ જ દુઃખ થયું જેથી ઘણા લોકો થકી ભલામણ કરાવી પણ એમણે પોતાની કસમનું કારણ દર્શાવ્યું.

છેલ્લે જ્યારે અબ્દુલ્લાહ બિન ઝુબૈર ઘણા જ પરેશાન થયા તો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના નાના ના ખાનદાનના બે માણસોને સિફારશી બનાવીને સાથે લઈ ગયા. એ બંનેવ જણ રજા લઈને અંદર ગયા તો એ પણ છુપાઈને સાથે થઈ ગયા જ્યારે એ બંનેવ પડદાની પાછળ બેસી ગયા અને હઝરત આઈશા પડદાની અંદર બેસીને વાતચીત ફર્માવવા લાગ્યાં તો એ જલ્દીથી પડદામાં નાસી ગયા અને જઈને માસીને લપેટાઈ ગયા અને ખૂબ જ રડયા અને ખુશામત કરી. એ બંનેવ પણ સિફારિશ કરતા રહ્યા અને મુસલમાનની સાથે બોલવાનું છોડી દેવાના વિશે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના ઈર્શાદો યાદ અપાવતા રહ્યા અને હદીષોમાં જે મનાઈ એના વિશે આવી છે એ સંભળાવતા રહ્યા, જેના કારણથી હઝરત આઈશા આ હદીષોમાં જે મુસલમાનોથી બોલવાનું છોડી દેવા પર ધમકીઓ આવી છે તેને સહન ન કરી શકયાં અને રડવા લાગ્યાં, છેવટે માફ કરી દીધું અને બોલવા લાગ્યાં. પરંતુ પોતાની કસમના કફ્ફારામાં વારંવાર ગુલામ આઝાદ કરતાં હતાં એટલે સુધી કે ચાલીસ (૪૦) ગુલામ આઝાદ કર્યા અને જ્યારે પણ આ કસમ તોડવાનો ખ્યાલ આવી જતો તો એટલું રડતાં કે દુપટ્ટો પણ આંસુઓથી ભીનો થઈ જતો. *(બુખારી)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અનુસરણનો શોખ ★

હઝરત સિદ્દીક رضی اللہ عنہએ પોતાની વફાતથી થોડાક કલાક પહેલાં પોતાની સાહબઝાદી હઝરત આઈશા સિદ્દીકાથી પૂછયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمના કફનમાં કેટલાં કપડાં હતાં ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની વફાત કયા દિવસે થઈ ? એ સવાલનું કારણ એ હતું કે આપની તમન્ના હતી કે કફન અને દિવસ તથા વફાતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુજબ હોય.

જાહેરી જિંદગીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની પેરવી કરતા જ હતા પણ મૃત્યુમાં પણ આપની જ પૈરવી ઈચ્છતા હતા. *(બુખારી કિતાબુલ્ જનાઈઝ)*

અલ્લાહ ! અલ્લાહ ! આ પૈરવીનો શોખ ! કેમ ન હોય સિદ્દીકે અકબર હતા !





# ☆ તબર્રુકાતની તા'ઝીમ ☆

## ★ મોહરે નબુવ્વત ચૂમી લીધી ★

હઝરત સલમાન ફારસી ઈસ્લામ લાવ્યા તે પહેલાં જુદા જુદા મઝહબી રહનુમાઓની પાસે આવતા જતા રહેતા હતા. દરેક મઝહબના રહનુમા એમને વસિયત કર્યા કરતા કે મારા પછી ફલાણાની પાસે જશો. એ પણ પૂછી લેતા હતા કે એમની જિંદગી પછી કોની પાસે રહેવું જોઈએ. જ્યારે આપે છેલ્લા પાદરીને પૂછયું કે હવે મારે કોની ખિદમતમાં રહેવાનું થશે ? તો એણે કહ્યું, હવે દુનિયામાં એવો કોઈ માણસ ધ્યાનમાં નથી આવતો જેની સોબતમાં તમને અમ્નો સલામતી નસીબ થાય, હા ! નજીકમાં જ નબી આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવી રહ્યા છે જે દીને ઈબ્રાહીમ પર હશે, એમની હિજરત કરવાની જગ્યા એવી હશે જે બે પહાડોની વચમાં હશે અને એમાં ખજૂરોના વૃક્ષો વધારે પ્રમાણમાં જોવામાં આવશે. નબી આખિરૂઝ્ઝમાનના બંનેવ ખભાઓની વચ્ચે મોહરે નબુવ્વત હશે, તેઓ ભેટ કબૂલ કરશે, સદકો નહીં ખાય. હઝરત સલમાન ફારસીએ આ નસીહતને ધ્યાનમાં રાખી અને અરબ દેશ તરફ પ્રયાણ કર્યું અને જેવા એ મદીના પહોંચ્યા તો આપ હઝરત હિજરત કરીને કુબામાં તશરીફ લાવી ચૂકયા હતા. સલમાન આપની ખિદમતમાં થોડીક ચીજો લઈને હાજર થયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને અર્ઝ કરી ! આ સદકો છે, હુઝૂર કબૂલ ફમાવો ! આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمએ સહાબાઓને ફર્માવ્યું, તમે ખાઈ લો, પરંતુ પોતે ન ખાધું. હઝરત સલમાન ફારસી એ દિલમાં કહ્યું કે એક નિશાની તો પૂરી થઈ ગઈ. સલમાન કહે છે, પછી હું સહાબાઓની જમાતમાં સામેલ થઈ ગયો અને જ્યારે આપ કુબાથી મદીના તશરીફ લાવ્યા તો હું થોડીક ચીજો લઈને ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, હુઝૂર ! આ તોહફો છે કબૂલ ફર્માવો ! આપે સહાબાઓની સાથે મળીને ખાઈ લીધું. મેં પોતાની જાતને કહ્યું, બે નિશાનીઓ પૂરી થઈ ગઈ. એના પછી હું આપની ખિદમતમાં એ સમયે હાજર થયો જ્યારે આપ જન્નતુલ બકીઅમાં એક સહાબીનો જનાઝો પઢાવવાના માટે તશરીફ લઈ ગયા

હતા. આપના ખભાઓ પર કપડુ હતું જેને આપ ચાદર અને ઈજાર તરીકે ઉપયોગ કરતા હતા. હું આપની પાછળ પાછળ ચાલવા લાગ્યો જ્યારે કપડાનો છેડો એક બાજુ થઈ ગયો તો મેં મોહરે નબુવ્વતને એવી જ જોઈ જેવી મને બતાવવામાં આવી હતી. હું જુસ્સામાં એટલા પ્રમાણમાં પ્રભાવિત થયો કે અનાયાસે મોહરે નબુવ્વતને આગળ વધીને ચૂમી લીધી, મેં મારી આખી દાસ્તાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને સંભળાવી તો આપે એને પસંદ ફર્માવ્યું અને સહાબાઓએ પણ મારી દાસ્તાન સાંભળી. *(શવાહેદુન્નબુવ્વત, પેજ-૧૧૯)*

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

## ★ મૂએ મુબારક ★

મકામે હુદૈબિયહ્માં આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمએ હજામત બનાવીને બધા વાળ એક લીલા ઝાડ પર ફેંકી દીધા. બધા સહાબીઓ એ ઝાડની નીચે ભેગા થઈ ગયા અને એ વાળોને એકબીજા પાસેથી પડાવી લેવા લાગ્યા ! હઝરત ઉમ્મે અમ્મારા કહે છે કે મેં પણ થોડાક વાળ મેળવી લીધા. આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના પછી જ્યારે કોઈ બીમાર થતું તો હું એ મુબારક વાળોને પાણીમાં ડૂબાડીને તે પાણી બીમારને પીવડાવતી તો રબ્બુલ ઈઝ્ઝત એને તંદુરસ્તી આપી દેતો. *(શવાહેદુન્નબુવ્વત-૧૪૮)*

## ★ લુઆબ મુબારક (થૂંક મુબારક) ★

ઉત્બહ બિન ફરકદ જેમણે હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફત કાળમાં મોસિલને જીત્યું હતું. એમની પત્ની ઉમ્મે આસિમ બયાન કરે છે કે ઉતબહને ત્યાં અમે ચાર સ્ત્રીઓ હતી, અમારામાંથી દરેક ખુશ્બુ લગાડવામાં કોશિશ કરતી હતી કે બીજાથી ચઢી જાય. અને ઉતબહ કોઈ ખુશ્બુ ન લગાડતા હતા પણ પોતાના હાથથી તેલ માલિશ કરીને દાઢીને માલિશ કરી લેતા હતા છતાં અમારા બધાથી વધારે ખુશ્બુદાર હતા. જ્યારે એ બહાર નીકળતા તો લોકો કહેતા કે અમે ઉતબહની ખુશ્બુથી વધીને કોઈ ખુશ્બુ નથી સુંઘી ! એક દિવસે મેં એમને પૂછયું કે અમે સુંગધીદાર





થવા ખુશ્બુનો ઉપયોગ કરીએ છીએ અને તમે કાંઈ ન કરવા છતાં અમારાથી વધારે ખુશ્બુદાર છો એનું કારણ શું છે ? એમણે જવાબ આપ્યો કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمના જાહેરી હયાતના સમયમાં મારા શરીર પર ફોલ્લાઓ નીકળ્યા તો હું ખિદમતે નબવીમાં હાજર થયો, અને આપને એ બીમારીની શિકાયત કરી.

સરકારે મને ઈર્શાદ ફર્માવ્યો કે, કપડાં કાઢી નાખો ! મેં કપડાં કાઢી નાખ્યાં અને આપની સામે બેસી ગયો. આપે પોતાનું લુઆબ મુબારક (થૂંક મુબારક) પોતાના હાથ મુબારક પર નાખીને મારી પીઠ અને પેટ પર માલિશ કરી દીધું એ દિવસથી મારામાં આ ખુશ્બુ પૈદા થઈ ગઈ ! *(તિબ્રાની-અસવત)*

## ★ પસીના મુબારક ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારે ત્યાં તશરીફ લાવ્યા અને (કયલૂલા) બપોરના ભોજન બાદ આરામ ફર્માવ્યો. ઊંઘમાં આપને પસીના મુબારક થયો તો મારી માં ઉમ્મે સુલૈમે એક શીશી લીધી અને આપનો પસીના મુબારક એમાં ભરવા લાગ્યાં. આપી જાગી ગયા અને ફર્માવવા લાગ્યા કે ઉમ્મે સુલૈમ ! તું આ શું કરે છે ? એમણે અર્ઝ કરી, આ આપનો પસીના મુબારક છે, અમે એને અમારી ખુશ્બુમાં ઉમરીએ છીએ અને એ બધી ખુશ્બુઓથી બેહતર ખુશ્બુ છે !

બીજી રિવાયત મુસ્લિમમાં છે કે ઉમ્મે સુલૈમે આ પ્રમાણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ! અમે અમારા બાળકો માટે આપના અર્ક મુબારકની બરકતના ઉમ્મીદવાર છીએ. આપે ફર્માવ્યું, તમે સાચું કહ્યું ! સહાબીઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના અર્ક મુબારકને બાળકોના ચહેરા પર અને શરીર પર માલિશ કર્યા કરતા હતા અને એ તમામ બલાઓથી સુરક્ષિત રહ્યા કરતાં હતાં. *(સહીહ મુસ્લિમ)*

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

(૫) હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક વ્યકિત રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં મારી દીકરીનો નિકાહ કરી દીધો છે, હું એને એના પતિના ઘરે મોકલવા માંગું છું, મારી પાસે કોઈ ખુશ્બુ નથી તો આપ કાંઈક આપો. સરકારે ફર્માવ્યું, મારી પાસે હાજર નથી પણ કાલે સવારે એક પહોળા મોં વાળી શીશી અને કોઈ ઝાડની લાકડી મારી પાસે લાવજો. બીજા દિવસે એ વ્યકિત શીશી અને લાકડી લઈને ખિદમતમાં હાજર થઈ. આપે પોતાના બંનેવ ખભાએથી એમાં પોતાનો પસીના મુબારક નાખવાનું શરૂ કર્યું એટલે સુધી કે એ ભરાઈ ગઈ. પછી ફર્માવ્યું કે આને લઈ જાવ ! અને તમારી દીકરીને કહી આપશો કે આ લાકડીને શીશીમાં બોળીને માલિશ કર્યા કરે. જેથી જ્યારે એ આપના પસીના મુબારકને લગાડતી તો તમામ મદીનાવાળાઓને એની ખુશ્બુ પહોંચતી ત્યાં સુધી કે એના ઘરનું નામ (બયતુલ મુતૈયેબીન) ખુશ્બુવાળાઓનું ઘર થઈ ગયું. *(મવાહિબે લદુન્નિયહ્, ખસાઈસે કુબરા)*

## ★ અદબ અને બરકત પ્રાપ્તિ ★

હદીષ શરીફમાં મરવી છે કે અબૂ મહઝૂરા ! رضی اللہ عنہની પેશાનીમાં વાળ એટલા પ્રમાણમાં લાંબા હતા કે જ્યારે એ બેસતા અને એ વાળોને છોડી દેતા તો જમીન પર પહોંચતા. લોકોએ એમને પૂછયું કે તમે આ વાળોને આટલા કેમ વધાર્યા છે ? તેમણે કહ્યું કે, હું એ કારણથી એને નથી કપાવતો કે એના પર એક વખતે હુઝૂર ! صلی اللہ تعالیٰ علیہ وسلمનો દસ્તે મુબારક લાગી ગયો હતો. એટલા માટે મેં તબુર્રકના રૂપે વાળોને રહેવા દીધા છે.

## ★ હાથ મુબારકનો કમાલ ★

હાફિઝ અબૂ નોએમ (વફાત હિજરી ૪૩૦) એ એબાદ બિન અબ્દુસ્સમદથી રિવાયત નકલ કરી છે. તેમણે કહ્યું કે અમે હઝરત અનસ બિન માલિકના ત્યાં આવ્યા. આપે લોંડીને કહ્યું કે દસ્તરખ્વાન લાવ, જેથી અમે બપોરનું ખાવા ખાઈએ. તેણી લઈને આવી. આપે ફર્માવ્યું કે પેલો





રૂમાલ લાવ. તેણી એક મેલો રૂમાલ લાવી. આપે ફર્માવ્યું કે, ભઠ્ઠી ગરમ કર ! તેણીએ ભઠ્ઠી ગરમ કરી પછી આપના હુકમથી રૂમાલ એમાં નાખી દેવામાં આવ્યો ! તેને બહાર કાઢતાં તે એવો સફેદ થઈને નીકળ્યો જાણે કે દૂધ ! અમે હઝરત અનસને પૂછયું કે આ શું છે ? તેમણે ફર્માવ્યું કે, **આ એ રૂમાલ છે જેમાં રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના ચહેરા મુબારકને લૂછયા કરતા હતા. જ્યારે એ મેલો થઈ જાય છે તો એને અમે આવી રીતે સાફ કરી લઈએ છીએ, કેમ કે આગ એ જગા પર અસર કરતી નથી જે ચીજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચહેરા મુબારક પરથી પસાર થઈ હોય.** *(ખસાઈસે કુબરા, ભાગ–૩)*

## ★ પહેરણ મુબારક ★

હઝરત મુહમ્મદ બિન જાબિરના દાદા સય્યાર બિન તલક યમામી બની હનીફના પ્રતિનિધિમંડળમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતે અકદસમાં હાજર થયા અને ઈમાન લાવ્યા. તેમણે અર્ઝ કરી , યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને તમારા કુર્તાનો એક ટુકડો ઈનાયત ફર્માવો, હું એની સાથે મારું દિલ બહેલાવ્યા કરીશ.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ એમની માંગણી કબૂલ કરીને પોતાના કુર્તાનો એક ટુકડો આપ્યો. મુહમ્મદ બિન જાબિરનું બયાન છે કે મારા બાપે મને બયાન કર્યું કે આ ટુકડો અમારી પાસે હતો, અમે એને ધોઈને તંદુરસ્તીની ઉમ્મીદથી અમારા બીમારોને પીવડાવ્યા કરતા હતા. *(અસાબહ, તર્જુમા સૈયાર બિન તલક)*

## ★ અસાએ મુસ્તફાની બરકત ★

જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે કે મારી પાસે ગઝવએ ઝાતુર્રિકાઅમાં એક ઊંટ હતું જેનો ગુથણ તૂટેલો હતો. રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم મારી પાસેથી પસાર થયા પણ ઊંટની સુસ્ત ચાલ એ વાતની રજા આપતી ન હતી કે હું આપને સાથ આપી શકું. મને પૂછવામાં આવ્યું તો મેં આખી વાત સંભળાવી. આપે અસા મુબારકને લઈને ઊંટ પર ત્રણ વખત ઘસ્યો અને પાણીનો ખોબો ભરીને એના પર છાંટયું, અને હુકમ કર્યો કે સવાર

થઈ જાવ ! મને કસમ છે એ ખુદાની જેણે અમારામાં એક સાચો રસૂલ પૈદા ફર્માવ્યો ! આપ હઝરત જેટલા પ્રમાણમાં ઝડપથી ચલાવતા હતા મારું ઊંટ પાછળ ન રહેતું અને હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે જ રહેતો હતો. *(શવાહેદુન્નબુવ્વત, પાન નં. ૧૩૯)*

**(૧૦)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ના વિશે નકલ થયેલ છે કે આપે પોતાનો હાથ મિમ્બરે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર જ્યાં આપ બેસ્યા કરતા હતા ત્યાં રાખ્યો અને પછી મહોબ્બતની સાથે પોતાના ચહેરા પર ફેરવી લીધો.

**(૧૧)** મસ્જિદે નબવીથી લગોલગ હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબનું મકાન હતું જેની પન્નારીથી વરસાદમાં આવવા જવાવાળા નમાઝીઓ પર પાણી પડયા કરતું હતું. હઝરત ઉમર ફારૂકે એને ઉઠાવી લીધી. હઝરત અબ્બાસ આપની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, અલ્લાહની કસમ ! એ પરનાલાને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના હાથ મુબારકથી મારી ગરદન પર સવાર થઈને લગાડયો હતો. એ સાંભળીને હઝરત ઉમર ફારૂકે જવાબ આપ્યો કે આપ મારી ગરદન પર સવાર થઈને એને પાછો એ જ જગા પર લગાડી દો ! છેવટે એવું જ બન્યું. *(વફાઉલ વફા)*

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

# ☆ ઈશ્ક તથા મહોબ્બત ☆

## ★ મહોબ્બત ★

**લાયુઅમિનુ અહદુકુમ :–** (૧) હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારામાંથી કોઈ ત્યાં સુધી મોમિન નહીં થશે જ્યાં સુધી કે હું તેના બાપ, તેની ઔલાદ અને તમામ લોકોથી વધારે મહબૂબ ન થઈ જાઉં. *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૭)*

એવી રીતે એક બીજી હદીષમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ત્રણ





વાતો જેમાં હશે એ ઈમાનની મીઠાશ મેળવશે :– **પહેલી વાત** તો એ કે મોમિન મર્દના નજીક અલ્લાહ અને એના રસૂલ બધાથી વધારે મહેબૂબ હોય. અને **બીજી વાત** એ કે એ કોઈનાથી મહોબ્બત કરે તો માત્ર અલ્લાહને ખાતર કરે. અને **ત્રીજી વાત** એ કે કુફ્રથી છૂટકારો મેળવ્યા પછી એના તરફ પાછુ ફરવાને એવી રીતે નાપસંદ કરે જેવી રીતે એ આગમાં નાખવામાં આવે તેને નાપસંદ કરે છે. *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૭)*

આ હદીષમાં ઈમાનની મીઠાશની બુનિયાદ અલ્લાહ અને એના રસૂલની મહોબ્બતને બતાવવામાં આવી છે. અને આ મહોબ્બતને બીજી મીઠાશો પર અગ્રેસર કરીને એનું અસામાન્ય મહત્વ પણ બતાવવામાં આવ્યું. જેનાથી સ્પષ્ટ થાય છે કે **મહબ્બતે રસૂલ ઈમાનની જાન** છે.

**(૨)** એક દિવસ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરી કે, બેશક ! આપ મારા જીવ સિવાય જે મારા સીનામાં છે, મારી નજીક દરેક ચીજથી વધારે પ્રિય છો ! આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારામાંથી કોઈ કદી પણ મોમિન (સંપૂર્ણ) નથી થઈ શકતો જ્યાં સુધી કે હું એના નજીક એની જાનથી વધારે પ્રિય ન થઈ જાઉં ! આ સાંભળીને હઝરત ઉમર જવાબમાં અર્ઝ કરે કે, કસમ છે એ જાતની જેણે આપ પર કિતાબ નાઝિલ ફર્માવી, બેશક ! આપ મારી નજીક મારી જાનથી જે મારા સીનામાં છે વધારે પ્રિય છો. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હે ઉમર ! હવે તમારું ઈમાન સંપૂર્ણ થઈ ગયું ! *(સહીહ બુખારી)*

હઝરત અમ્ર બિન આસની વફાતનો સમય આવ્યો તો આપે પોતાના પુત્રને ત્રણ હાલતો બયાન કરી. બીજી હાલત બયાન કરતાં ફર્માવે છે :–

કોઈ વ્યક્તિ મારી નજીક રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વધારે પ્રિય અને મારી આંખોમાં આપથી વધારે જલાલ તથા હૈબતવાળો ન હતો, હું આપની હૈબતના કારણે આપની તરફ નજર ઉઠાવીને જોઈ શકતો ન હતો. *(સહીહ બુખારી)*

**(૩)** જ્યારે ફતહે મક્કાના દિવસે હઝરત અબૂબક્ર સિદ્દીકના વાલિદ અબૂ કહાફા ઈમાન લાવ્યા તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખુશ થયા અને એના પર હઝરતે સિદ્દીકે અર્ઝ કરી,

કસમ છે ! એ જાતની જેણે આપને સાચા દીનની સાથે મોકલ્યા છે, એમના (અબૂ કહાફાના ઈસ્લામના સંબંધે) અબૂ તાલિબનો ઈસ્લામ (જો એ ઈસ્લામ લાવતા) મારી આંખોને વધારે ઠંડક કરવાવાળો હતો. *(નસીમુર્રિયાઝ)*

**(૪)** હઝરત ષમામા ઈબ્ને આષાલ યમામી જે યમામાવાળાઓના સરદાર હતા, ઈમાન લાવીને કહેવા લાગ્યા :–

ખુદાની કસમ ! મારી નજીક રૂએ જમીન પર કોઈ ચેહરો આપના ચહેરાથી વધારે અપ્રિય ન હતો, આજે એ જ ચેહરો મને બધા ચહેરાઓથી વધારે પ્રિય છે. અલ્લાહની કસમ ! મારી નજીક કોઈ દીન આપના દીનથી વધારે અપ્રિય ન હતો, અત્યારે એ જ દીન મારી નજીક બધા દીનોથી વધારે પ્રિય છે. અલ્લાહની કસમ ! મારી નજીક કોઈ શહેર આપના શહેરથી વધારે અપ્રિય ન હતું, અત્યારે એ જ શહેર મારી નજીક બધા શહેરોથી વધારે પ્રિય છે. *(સહીહ બુખારી, બાબે વફદે બની હનીફા)*

**(૫)** હઝરત હિંદા બિન્તે ઉતબહ (અબૂ સુફયાન બિન હર્બની પત્ની) જે હઝરત અમીર હમ્ઝાનું કલેજુ ચાવી ગઈ હતી તે ઈમાન લાવીને કહેવા લાગ્યાં,

યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم રૂએ જમીન પર કોઈ તંબુવાળા મારી નજરોમાં આપના તંબુવાળાઓથી વધારે અપ્રિય ન હતા, પરંતુ આજે મારી નજરોમાં રૂએ જમીન પર કોઈ તંબુવાળા આપના તંબુવાળા કરતાં વધારે પ્રિય નથી. *(સહીહ બુખારી, બાબે ઝિક્રે હિંદા બિન્તે ઉતબહ)*

**(૬)** હઝરત સફવાન બિન ઉમય્યહ્‌નું બયાન છે કે હુનૈનના દિવસે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને માલ આપ્યો, બલ્કે આપ મારી નજરમાં દુનિયામાં સૌથી અપ્રિય હતા. આપ મને અતા ફર્માવતા રહ્યા ત્યાં સુધી કે આપ મારી નજરમાં દુનિયામાં સૌથી પ્રિય થઈ ગયા. *(જામેઅ તિર્મિઝી)*

**(૭)** ફતહે મક્કામાં હઝરત અબ્બાસ, અબૂ સુફયાન બિન હર્બને જે હજી સુધી ઈમાન લાવ્યા ન હતા, (તેમને) આપની પાછળ ગધેડા પર સવાર કરીને હુઝૂર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં લાવ્યા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ અર્ઝ કરી, જો રજા હોય તો આ ખુદાના દુશ્મનની ગરદન ઉડાવી દઉં ! હઝરત અબ્બાસે અર્ઝ કરી, યા





રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં અબૂ સુફયાનને પનાહ આપી છે ! હઝરત ફારૂકે અધિક આગ્રહ કર્યો તો હઝરત અબ્બાસે કહ્યું, અય ઈબ્ને ખત્તાબ ! જો અબૂ સુફયાન કબીલા બનૂ અદીમાંથી હોત તો આપ આવું ન કહેતા ! એના પર હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ કહ્યું, અય અબ્બાસ ! જે દિવસે આપ ઈસ્લામ લાવ્યા આપનો ઈસ્લામ મારી નજીક ખત્તાબના ઈસ્લામથી (જો એ ઈસ્લામ લાવતા) વધારે પ્રિય હતો, કેમ કે આપનો ઈસ્લામ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નજીક વધારે પ્રિય હતો.

**(૮)** જંગે ઓહદમાં એક ઔરતના બાપ, ભાઈ અને શોહર શહીદ થઈ ગયા અને એ ખબર મળી તો કાંઈ પરવા ન કરી અને પૂછયું કે એ બતાવો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કેવા છે ?! જ્યારે તેણીને કહી દેવામાં આવ્યું કે હુઝૂર બિહમ્દિલ્લાહ સહી સલામત છે. તો બોલી કે મને બતાવી દો ! હુઝૂરને જોઈને કહેવા લાગી; "આપના હોવાથી બધી મુસીબત તુચ્છ છે !" *(સીરતે ઈબ્ને હિશામ)*

આગળ વધીને ચહેરા મુબારક જોયો તો કહ્યું, "તું સલામત છે પછી તુચ્છ છે બધા રંજ અને ગમો ! હું પણ અને બાપ પણ, પતિ પણ બિરાદર પણ કુર્બાન ! અય શહે દીં ! તારા હોવાની સાથે શું ચીજ છીએ અમે ?!"

**(૯)** હઝરત અબ્દુર્રહમાન બિન સઅદનું બયાન છે કે હઝરત ઈબ્ને ઉમરના પગે લકવો મારી ગયો. એમનાથી એ સાંભળીને એક વ્યક્તિએ કહ્યું કે આપની નજીક જે બધાથી વધારે પ્રિય છે એને યાદ કરો. આ સાંભળીને આપે કહ્યું, **યા મુહમ્મદા !** صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપનો પગ સારો થઈ ગયો !

**(૧૦)** હઝરત બિલાલ બિન રુબાહની વફાતનો સમય આવ્યો તો એમની પત્નીએ કહ્યું, હાય ગમ ! આ સાંભળીને હઝરત બિલાલે કહ્યું; વાહ ખુશી ! હું કાલે દોસ્તો એટલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબાઓથી મળીશ ! *(શિફા શરીફ)*

**(૧૧)** જ્યારે સન હી. ૭ માં કબીલા અશ્અરીનમાંથી હઝરત અબૂ મૂસા વગેરે મદીના શરીફ આવ્યા તો ઝિયારતથી મુશર્રફ થવાથી પહેલાં પુકારી પુકારીને કહેવા લાગ્યા કે;

"અમે કાલે દોસ્તો એટલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના દોસ્તોથી મળીશું."

## ★ રસૂલની ખુશીના માટે ત્યાગની ભાવના ★

જે દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જંગ માટે તબૂક ગયા ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન ખૈશમા પોતાના ઘરે આવ્યા. તેમની બે સુંદર, ખૂબસૂરત પત્નીઓ હતી, જેમણે તે દિવસે ખસના પડદાને પાણીમાં રાખીને એનાથી ઘણુ જ સારું પાથરણું બનાવ્યું અને પછી એના પર અબ્દુલ્લાહના માટે ઘણુ જ સારું અને સ્વાદિષ્ટ ખાવા બનાવ્યું. જેવા અબ્દુલ્લાહે આ ખાવાની ચીજોને જોઈ તો કહ્યું,

સુબ્હાનલ્લાહ ! એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જેમને પરવરદિગારે આલમે પહેલાં તથા બાદમાં ગુનાહોથી મેહફૂઝ રાખ્યા તે તો આ સખત ગરમીની ઋતુમાં કાફિરોની સાથે લડાઈના માટે તશરીફ લઈ જાય અને અબ્દુલ્લાહ રંગબેરંગી ખાવાથી ધરાઈને આ પત્નીઓથી સોહબત કરે ! એવું નથી થઈ શકતું ! ખુદાની કસમ ! હું જ્યાં સુધી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં નહીં પહોંચું, ત્યાં સુધી પત્નીઓથી વાત નહીં કરું !

ઘરેથી નીકળ્યા અને પોતાના ઊંટ પર સવાર થઈને એક બાજુ ચાલી નીકળ્યા. પત્નીઓએ ઘણી જ વાત કરવાની કોશિશ કરી પરંતુ આપે ધ્યાન ન આપ્યું. જેવા અબ્દુલ્લાહ તબૂકની જગા પર પહોંચ્યા તો હુઝૂરને બતાવવામાં આવ્યું કે એક ઊંટ સવાર દૂરથી આ બાજુ આવતો જણાય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈબ્ને ખૈષમહ્ હશે ! નજીક પહોંચ્યા તો હુઝૂરનો ઈર્શાદ બિલકુલ સાચો નીકળ્યો. ઈબ્ને ખૈષમહ્એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવી સલામ અર્ઝ કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબમાં કહ્યું, અય ઈબ્ને ખૈષમહ્ ! **કેટલી સારી વાત છે કે તમે ફના થવાવાળી નેઅમતોને છોડીને હકની રઝામાં ખોવાઈ ગયા !** જે તમારા માટે શ્રેષ્ઠ છે. *(શવાહેદુન્નબુવ્વત, પાન નં. ૧૬૮)*

હઝરત અબૂઝર ગફ્ફારી ફર્માવે છે, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ગઝવએ તબૂકના માટે રવાના થયા તો મારું ઊંટ ઘણુ જ દુબળું અને કમજોર હતું. મારો ખ્યાલ હતો કે થોડાક દિવસ વધારે રોકાઈને



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જઈને મળીશ. મેં મારા ઊંટને કેટલાય દિવસો સુધી ચારો ખવડાવ્યો ત્યાર બાદ હું સફર માટે રેડી થયો. જ્યારે એક જગ્યાએ પહોંચ્યો તો મારા ઊંટનો પગ ભાગી ગયો જેના લીધે એ આગળ ન ચાલી શકયું. મેં મારો માલ સામાન મારી પીઠ પર રાખ્યો અને ચાલવા લાગ્યો. રસ્તામાં સખત ગરમીથી પરેશાન થવું પડયું. ઈસ્લામી લશ્કર પાસે આવી પહોંચ્યો તો લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરી, કોઈ વ્યક્તિ પગપાળા ચાલીને આવી રહ્યો છે. સરકારે ફર્માવ્યું, અબૂઝર ગફ્ફારી હશે ! જ્યારે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો તો આપે ઊભા રહેલી હાલતમાં જ ફર્માવ્યું, ખુશ રહો અબૂઝર ! તમે એકલા (સફર) મુસાફરી કરો છો, એકલા જ દુનિયાથી જશો અને એકલા જ હશ્રના દિવસે ઉઠશો !

કહે છે કે જ્યારે અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ નો વિસાલ થયો તો આપ એકલા જ હતા. અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપને વફાત પામેલ હાલતમાં જોયા તો કહ્યું, સાચું ફર્માવ્યું હતું ખુદાના સાચા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ! મુસ્તકસાના લેખકે લખ્યું છે કે મેં હઝરત અબૂઝરના મઝારની ઝિયારત કરી મને ત્યાં એક કયફ તથા જઝ્બ હાંસલ થયો જે બીજા સહાબાએ કિરામના મઝાર પર ન મેળવી શકયો. મેં એમની કબર પાસે નમાઝ અદા કરી. જેવું સજદામાં માથુ રાખ્યું તો આપની કબરે અન્વરથી મુશ્કો અંબરની ખુશ્બુ નીકળી જેણે મારી જાન સુધ્ધાંને સુગંધીદાર કરી લીધી. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૧૬૯)*

## ★ હુઝૂરના પછી દુનિયા જોવા લાયક ન રહી ! ★

કહે છે કે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાતની ખબર આપના મોઅઝ્ઝિન અબ્દુલ્લાહ બિન ઝયદ અન્સારી رضی اللہ عنہ એ સાંભળી તો એટલા પ્રમાણમાં ગમગીન થયા કે આંધળા થવાની દુઆ માંગવા લાગ્યા કે મારા આકા વગર આ દુનિયા મારા માટે જોવા લાયક ન રહી ! આપ એ જ સમયે આંધળા થઈ ગયા ! લોકોએ કહ્યું, તમે આવી દુઆ કેમ માંગી ? ફર્માવ્યું, જોવાનો સ્વાદ તો આંખોમાં છે પણ સરકારના પછી હવે મારી આંખો કોઈને જોવાનો શોખ જ નથી રાખતી. *(શવાહેદુન્નબુવ્વત, પેજ નં.૧૮૯)*

## ★ ઈશ્કની તાલાવેલી ★

એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આશિકે ઝાર ષૌબાન رضی اللہ عنہ હાજર થયા તો એમનો ચેહરો ઉતરેલો અને રંગ ઊડી ગયેલો જોઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કારણ પૂછયું, તો દુઃખીયા આશિકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ન કોઈ શારીરિક તકલીફ છે અને ન કોઈ દુઃખ, પણ વાત એ છે કે ચહરએ અન્વર જ્યારે આંખોથી ઓજલ થઈ જાય છે તો દિલ બેચેન થઈ જાય છે, તરત જ ઝિયારતથી એને શાંતિ આપુ છું. હવે રહી રહીને મને એ વિચાર સતાવી રહ્યો છે કે જન્નતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો બુલંદ મકામ કયાં હશે, અને આ મિસ્કીન કયા ખૂણામાં હશે ! જો ચમકતા ચહેરાની ઝિયારત ન થઈ તો મારા માટે જન્નતની બધી લિજ્જતો ખતમ થઈ જશે ! વિરહની આ જીવલેણ વેદના તો આ કમજોર દિલથી સહન નહીં થઈ શકે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ બયાન સાંભળીને ચૂપ થઈ ગયા ત્યાં સુધી કે જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والتسلیم એ ખુશખબર લઈને તશરીફ લાવ્યા કે અમે પૈરવી કરવાવાળા આશિકોને જન્નતમાં જુદાઈનું દુઃખ નહીં આપીએ, પરંતુ એમને પોતાના મહેબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિકટતા નસીબ થશે. *(ઝિયાઉલ કુર્આન, બહવાલા કુર્તબી)*

હકીકત એ છે કે ઈશ્કે મુસ્તફવીમાં માત્ર હઝરત ષૌબાનની જ આ હાલત ન હતી પરંતુ આ બધા સહાબીઓનો આ જ હાલ હતો.

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

## ★ અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم બસ ★

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે એક વખત હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સદકો કરવાનો હુકમ ફર્માવ્યો. સંજોગોવસાત એ જમાનામાં મારી પાસે થોડોક માલ હાજર હતો. મેં કહ્યું, આજે ઈત્તેફાકથી મારી પાસે માલ હાજર છે, જો હું અબૂબક્રથી કદી વધી શકું છું તો આજે વધી જઈશ ! આવું વિચારીને ખુશી ખુશી ઘરે ગયો અને જે કાંઈ ઘરમાં હતું એમાંથી અડધું લઈને આવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, ઘરવાળાઓ



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

માટે બાકી શું રાખ્યું ? મેં અર્ઝ કરી કે છોડીને આવ્યો છું ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, છેવટે બાકી શું રાખ્યું ? મેં અર્ઝ કરી કે, અડધુ બાકી રાખીને આવ્યો છું. અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ જે રાખ્યું હતું બધુ લઈને આવ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અબૂબક્ર ઘરવાળાઓ માટે શું છોડયું છે ? તેમણે અર્ઝ કરી, એમના માટે અલ્લાહ અને એના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને છોડીને આવ્યો છું !

**પરવાને કો ચિરાગ હૈ તો બુલબુલ કો ફૂલ બસ !**
**સિદ્દીક કે લિએ હૈ ખુદાકા રસૂલ બસ !**

એટલે અલ્લાહ અને એના રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામની બરકત એમની ખુશી અને ખુશનુદીને છોડીને આવ્યો છું. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં કહ્યું, હું હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થી કદી પણ નથી વધી શકતો. આ કિસ્સો ગઝવએ તબૂકના માટે ભેગા કરેલ માલ દૌલતનો છે.

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

હઝરત અનસ رضی اللہ عنہ ના વાણી તથા વર્તનમાં રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત અને સુન્નતની પૈરવીનાં અતિ ઉજ્જવળ પાસાં જોવા મળે છે. તેમણે હોશની આંખો ખોલી તો ઈસ્લામને પોતાના કુટુંબ પર પ્રારંભથી જ પ્રકાશ ફેંકતાં જોયો. તેમની માતા ઉમ્મે સુલૈમ, મત્રાઈ પિતા હઝરત અબૂ તલ્હા, કાકા હઝરત અનસ બિન નઝર, ભાઈ હઝરત બરાઅ બિન માલિક, માસી હઝરત ઉમ્મે હરામ અને સર્વે સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાચા શયદાઈઓ હતા. (رضی اللہ عنہم) આપના ખાનદાનમાં દરેક વખતે ઝાતે રિસાલતે મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપની દાવતની ચર્ચા થતી રહેતી હતી.

આ પાકીઝા માહોલે નાની ઉંમરના અનસ رضی اللہ عنہ ના દિલમાં હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતનાં બી વાવી દીધાં એના પછી તેમને સતત દસ વરસ સુધી રહમતે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમત કરવાની નેક બખ્તી નસીબ થઈ. એ દરમિયાનમાં તેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અજોડ મહાન અખ્લાકોએ એટલા પ્રભાવિત કર્યા કે તેઓ પોતાના શફીક આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાચા આશિક બની ગયા.

હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ જ્યારે વિસાલ ફર્માવ્યો તો હઝરત અનસ رضی اللہ عنہ ની દુનિયા અંધકારમય થઈ ગઈ, રહમતે દો આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ની યાદ તેમને દરેક વખત તડપાવતી રહેતી હતી. તેમની કોઈ મજલિસ એવી ન હતી જેમાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નો ઝિક્રે ખૈર ન હોય. રિસાલતના કાળની કોઈ વાત કોઈનાથી સાંભળવા અથવા પોતે બયાન કરતા તો આંખો ભીની થઈ જતી, અને તકલીફની અસરથી અવાજ ભરાઈ જતો. કેટલીય વાર એવું થતું કે પોતાના પર કાબૂ ન રહેતો અને સખત બેચૈનીના વાતાવરણમાં મજલિસમાંથી ઉઠીને ઊભા થઈ જતા અને જ્યાં સુધી ઘેર પહોંચીને તબર્રુકાતે નબવીની ઝિયારત ન કરી લેતા ત્યાં સુધી શાંતિ ન વળતી હતી.

એક દિવસ સરવરે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم નો દેખાવ, શકલો સૂરત બયાન કરી રહ્યા હતા કે, "મેં કદી પણ કોઈ રેશમ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની હથેલીથી વધારે નરમ નથી અડકયું અને ન ખૂશ્બૂ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના શરીર મુબારકથી વધારે ખુશ્બુદાર સુંઘી..." એવી રીતે બયાન કરતાં કરતાં મહોબ્બતની સાથે એટલા બેચૈન થઈ ગયા કે રડવાનું ચાલુ થઈ ગયું અને જબાન પર એકાએક આ શબ્દો આવી ગયા :–

કયામતના દિવસે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની ઝિયારત નસીબ થશે તો અર્ઝ કરીશ, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم આપનો અદના ગુલામ અનસ હાજર છે. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم થી ઘણી જ મહોબ્બત અને અકીદતની એવી અસર હતી કે તેમને મોટા ભાગે ખ્વાબોમાં સૈયદુલ્ અનામ صلی اللہ تعالٰی علیہ وسلم ની ઝિયારત નસીબ થઈ જતી હતી. અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم તેમને દુનિયાની દરેક ચીજથી વધારે પ્રિય હતા.

સહીહ બુખારીમાં ખૂદ એમનાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું કે, ત્રણ વાતો એવી છે જે કોઈ માણસમાં જોવામાં આવે તો જાણે તેણે ઈમાનની મીઠાશ મેળવી : એક એ કે અલ્લાહ અને અલ્લાહના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم એને આખી દુનિયાથી અધિક પ્રિય હોય, બીજી એ કે જેનાથી પણ મહોબ્બત કરે તો અલ્લાહના માટે કરે, ત્રીજી એ કે ઈસ્લામ લાવ્યા પછી કુફ્ર તરફ ફરવાને એવું નાપસંદ કરે જેવું કે આગમાં પડી જવાને કરે છે.



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

## (૧૬) હઝરત ઝાહિર رضی اللہ عنہ

એક બદવી સહાબી ઝાહિર નામના જે બદસૂરત હતા. જંગલી ફળો, શાકભાજી વગેરે આપ صلی اللہ تعالٰی علیہ وسلم ની ખિદમતમાં ભેટ તરીકે લાવ્યા કરતા હતા. જ્યારે એ આપનાથી વિદાય થતા તો આપ શહેરની ચીજો કપડાં વગેરે તેમને આપ્યા કરતા હતા. સરકારને તેમનાથી મહોબ્બત હતી અને ફર્માવ્યા કરતા હતા, ઝાહિર અમારા ગામડાનો રહેવાવાળો છે અને અમે એના શહેરી છીએ. એક દિવસે આપ બજારની તરફ નીકળ્યા તો જોયું કે ઝાહિર પોતાનો માલ વેચી રહ્યા છે. આપે પીઠ તરફ જઈને એમની આંખો પર પોતાનો હાથ મુબારક રાખ્યો અને એમને ખોળામાં લઈ લીધા. એ બોલ્યા, કોણ છે ? મને છોડી દો ! તેમણે ફરીને જોયું તો આપ હઝરત صلی اللہ تعالٰی علیہ وسلم હતા. પોતાની પીઠ બરકતના માટે વધારે હુઝૂરના સીનાથી સ્પર્શવા લાગ્યા. હુઝૂરે ફર્માવ્યું, કોઈ છે જે આવા ગુલામને ખરીદે ? એ બોલ્યા, યા રસૂલલ્લાહ ! જો આપ વેચો છો તો મને ઓછી કિંમતમાં મેળવશો ? હુઝૂરે ફર્માવ્યું, તુ ખુદાની નજીક મોંઘેરો છે. (શમાઈલે તિર્મિઝી)

## ★ હઝરત ઝયદ બિન હારિષાનો ઈશ્કે રસૂલ ★

હઝરત ઝયદ બિન હારિષ رضی اللہ عنہ જાહિલિયતના જમાનામાં પોતાની માતાની સાથે મોસાળ જઈ રહ્યા હતા. બનૂ કૈસે એ કાફલો લૂટયો જેમાં ઝયદ પણ હતા, તેમને મક્કામાં લાવીને વેચ્યા. હકીમ ઈબ્ને હુઝામે પોતાની ફોઈ હઝરત ખદીજહ્‌ના માટે એમને ખરીદી લીધા. જ્યારે હુઝૂરનો નિકાહ હઝરત ખદીજહ્‌થી થયો તો તેમણે ઝયદને હુઝૂરે અકદસની ખિદમતમાં ભેટ તરીકે આપ્યા. ઝયદના પિતાને એમની જુદાઈનો ઘણો જ સદમો હતો અને થવો જ જોઈતો હતો કે ઔલાદની મહોબ્બત ફિતરી ચીજ છે. એ ઝયદના ગમમાં રડતા અને શેઅરો બોલતા ફર્યા કરતા. મોટા ભાગે જે શેઅરો બોલતા હતા એનો સામાન્ય અનુવાદ આ પ્રમાણે છે :–

"હું ઝયદની યાદમાં રડી રહ્યો છું અને એ પણ નથી જાણતો કે તે જીવંત છે કે એની ઉમ્મીદ રાખું, કે મૌતે એનું કામ પૂરું કરી દીધુ કે એનાથી નાઉમ્મીદ થઈ જાઉં. ખુદાની કસમ ! મને એ પણ નથી ખબર કે તને અય ઝયદ નરમ જમીને હલાક કરી દીધો કે કોઈ પહાડે બરબાદ કરી દીધો. જો

મને એ ખબર થઈ જાય કે આખી જિંદગીમાં કોઈ દિવસ પણ પાછો આવીશ કે નહીં ! આખી દુનિયામાં મારી છેલ્લી તમન્ના તું પાછો ફરે એ જ છે ! જ્યારે સૂર્ય ઉગે છે તો મને ઝયદની જ યાદ આવે છે, અને જ્યારે વરસાદ થવા લાગે છે તો પણ એની જ યાદને ભડકાવે છે. હાય ! મારો ગમ અને મારી ફિકર ચિંતા કેટલા પ્રમાણમાં લાંબી હશે ! હું એની શોધ અને કોશિશમાં આખી દુનિયાનું ભ્રમણ કરવાથી ન થાકીશ ! ઊંટ ચાલવાથી થાકી જાય તો થાકી જાય પરંતુ હું કદી પણ ન થાકીશ ! મારી આખી જિંદગી એમાં પસાર કરીશ. જો મારું મૌત જ આવી જાય તો કે એ દરેક ચીજને ફના કરી દેવાવાળું છે માણસ ભલે ને કેટલીયે ઉમ્મીદો કરે, છતાં પણ હું મારા પછી ફલાણા ફલાણા સગાસંબંધીઓ અને આલ ઔલાદને વસિયત કરીને જઈશ કે એ પણ આવી રીતે ઝયદને શોધતા ફરે."

આ શેઅરો એ બોલતા હતા અને રડતા રડતા શોધતા ફરતા રહેતા હતા. અચાનક તેમની કૌમના કેટલાક લોકોને હજમાં જવાનું થયું અને તેમણે ઝયદને ઓળખ્યો, બાપની હાલત જણાવી, શેઅરો સંભળાવ્યા, એમની યાદ અને ગમના પ્રસંગો સંભળાવ્યા. હઝરત ઝયદે તેમની સાથે ત્રણ શેઅરો કહી મોકલાવ્યા જેનો અર્થ એ હતો કે :– "હું અહિંયા મક્કામાં છું." એ લોકોએ જઈને ઝયદની સારી ખબર એના બાપને સંભળાવી અને તે શેઅરો સંભળાવ્યા જે ઝયદે કહીને મોકલાવ્યા હતા, અને સરનામુ બતાવ્યું. ઝયદના કાકા અને બાપ ફિદયાની રકમ લઈને એમને ગુલામીમાંથી છોડવવા માટે મક્કા મુકર્રમામાં પહોંચ્યા, તેહકીક કરી તો ખબર મળી ગઈ.

હુઝૂરની ખિદમતમાં પહોંચ્યા અને અર્ઝ કરી, અય હાશિમની ઔલાદ અને પોતાની કૌમના સરદાર ! તમે લોકો હરમના રહેવાવાળા છો અને અલ્લાહના ઘરના પડોશી, તમે જાતે કેદીઓને છોડાવો છો, ભૂખ્યા લોકોને ખાવા ખવડાવો છો, અમે અમારા દીકરાને મેળવવા માટે તમારી પાસે આવી પહોંચ્યા છીએ, અમારા પર એહસાન કરો ! ફિદયો કબૂલ કરો ! અને એને છોડી દો. જો કે ફિદયો છે તેથી વધારે લઈ લો ! હુઝૂરે ફર્માવ્યું કે, બસ ! આટલી જ વાત છે ? અર્ઝ કરી, હુઝૂર ! આ જ અર્ઝ છે. આપે ઈર્શાદ ફર્માવ્યો એને બોલાવો અને એને પૂછી લો ! જો એ તમારી સાથે જવાનું ઈચ્છે તો ફિદયા વગર જ તમને ભેટ ધરીએ છીએ અને જો ન જવા ચાહે તો હું એવા





માણસ પર જોર નથી કરી શકતો જે પોતે જવા ન ઈચ્છે. તેમણે અર્ઝ કરી કે આપે જેવો હક્ક હોય એથી પણ વધારે એહસાન ફર્માવ્યું, આ વાત ખુશીથી મંજૂર છે. હઝરત ઝયદને બોલાવવામાં આવ્યા. આપે ફર્માવ્યું, તમે આ લોકોને ઓળખો છો ? કહ્યું, હા ! ઓળખુ છું, આ મારા બાપ છે અને આ મારા કાકા ! હુઝૂરે ફર્માવ્યું કે મારી હાલત પણ તમને ખબર છે, હવે તમને છૂટ છે કે મારી પાસે રહેવાનું ઈચ્છો તો મારી પાસે રહો, એમની સાથે જવું હોય તો રજા છે. હઝરત ઝયદે કહ્યું, હુઝૂર ! હું આપની સરખામણીમાં આપથી વધારે સારા કોને પસંદ કરી શકું છું ?! આપ મારા માટે બાપની જગા પર પણ છો અને કાકાની જગાએ પણ. એ બંનેવ બાપ તથા કાકાએ કહ્યું, ઝયદ ! ગુલામીને આઝાદી પર મહત્વ આપો છો ?! ઝયદે ફર્માવ્યું કે, હા ! મેં એમનામાં (હુઝૂરની તરફ ઈશારો કરીને) એવી વાત જોઈ છે જેના મુકાબલામાં કોઈ ચીજને પણ પસંદ નથી કરી શકતો. હુઝૂરે જ્યારે આ જવાબ સાંભળ્યો તો એમને ખોળામાં લઈ લીધા અને ફર્માવ્યું કે મેં એને મારો દીકરો બનાવી લીધો. ઝયદના બાપ તથા કાકા પણ આ દ્રશ્ય જોઈને ઘણા જ ખુશ થયા અને ખુશીથી એમને છોડીને ચાલ્યા ગયા. (તારીખે ખમીસ) હઝરત ઝયદ એ વખતે બાળ ક હતા, બાળપણની હાલતમાં પણ આખા ઘરને સગા સ્નેહીઓને ગુલામી પર કુર્બાન કરી દેવાં એ અઝીમો જલીલ મહોબ્બતની પ્રતિ નિર્દેશ કરે છે.

## ★ હઝરત અબૂબક્ર અને બારગાહે મુસ્તફા ★

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું બયાન છે કે હઝરત અબૂબક્રની વફાત પછી અમુક લોકોએ એવો વિચાર કર્યો કે આપને શહીદોની વચમાં દફન કરી દેવામાં આવે અને અમુક કહેતા હતા કે આપને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવે. મેં કહ્યું, હું તો એમને મારા ઓરડામાં મારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે દફન કરીશ. હજુ અમે એ વિવાદમાં હતા કે મારા પર ઊંઘ સવાર થઈ. મેં કોઈને એવું કહેતાં સાંભળ્યા કે મહબૂબને મહબૂબની તરફ લઈને આવો ! જ્યારે હું ઊઠી તો ખબર મળી કે બધા હાજરજનોએ આ અવાજને સાંભળી લીધો હતો, ત્યાં સુધી કે મસ્જિદમાં હાજર રહેલા લોકોએ પણ આ અવાજને હોશકોશની સાથે સાંભળ્યો.

વફાતથી પહેલાં સૈયેદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ વસિયત

ફર્માવી હતી કે મારા જનાઝાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝએ અન્વરની પાસે લાવીને મૂકી દેજો અને **"અસ્સલામુ અલૈકુમ યા રસૂલલ્લાહ !"** صلی اللہ تعالیٰ علیہ وسلم કહીને અર્ઝ કરવી કે, હુઝૂર ! અબૂબક્ર આપના આસ્તાનાએ આલિયા પર હાજર થયો છે ! જો રજા મળશે તો દરવાજો ખુલી જશે અને મને અંદર લઈ જશો, નહીં તો જન્નતુલ બકીઅમાં દફન કરી દેશો. કહેવાવાળાનું બયાન છે કે જ્યારે અબૂબક્રની વસિયત પર અમલ કરવામાં આવ્યો તો હજુ એ શબ્દો પૂરા બોલવામાં આવ્યા ન હતા એટલામાં પડદો ખસી ગયો અને અવાજ આવ્યો કે, "હબીબને હબીબની તરફ લઈ આવો !" (શવાહિદુન્નબુવ્વત)

વિચાર કરવામાં આવે કે જો અબૂબક્ર સિદીક رضی اللہ عنہ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જીવંત ન જાણત તો કદી પણ આવી વસિયત ન કરત કે રોઝએ અકદસની સામે મારા જનાઝાને મૂકીને રજા માંગવામાં આવે ! હઝરત અબૂબક્રએ વસિયત કરી અને સહાબાએ કિરામે એના પર અમલ કર્યો જેનાથી સાબિત થાય છે કે **હઝરત સિદીકે અકબર અને બધા સહાબાએ કિરામનું ઈમાન હતું કે રસૂલે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم વિસાલ પછી પણ કબરે અન્વરમાં જીવંત અને અખત્યાર તથા તસર્રુફવાળા છે.**

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !**
**વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ**

હઝરત રબિઅહ બિન કઅબ અસ્લમીનું બયાન છે કે, હું રાતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં રહ્યા કરતો હતો, આપના વુઝૂના માટે પાણી લાવી આપ્યા કરતો અને અન્ય ખિદમત પણ કર્યા કરતો હતો. એક દિવસ આપે મને ફર્માવ્યું, "સલ !" (માંગ !) મેં અર્ઝ કરી, હું તમારાથી જન્નતમાં તમારો સંગાથ માગું છું.

આપે ફર્માવ્યું, એ તો તમારા માટે છે જ બીજું કંઈ ?! હઝરત રબીઅહએ અર્ઝ કરી કે મારો મતલબ તો એ જ છે ! આપે ફર્માવ્યું કે, તો અધિક પ્રમાણમાં સજદા કરીને મારી મદદ કરો ! અર્થ એ છે કે જાતે પણ એ મહાન જગાની શાન પૈદા કરો અને મારી અતાની ખુશીમાં અધિક ઈબાદત કરવાથી ગાફેલ ન થઈ જાવ. (મિશ્કાત બહવાલા મુસ્લિમ, કિતાબુસ્સલાત)





'અશ્અતુલ લમ્આત'માં આ હદીષ હેઠળ છે :–

સરકારે ફર્માવ્યું કે, "માંગો !" એમાં કોઈ અમુક જ વસ્તુ માંગવાનો મકસદ નથી, કોઈ ખાસ બંધન નથી કે અમુક જ વસ્તુ માંગે. આનાથી જાણવા મળે છે કે બધાં કામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ મુબારકમાં છે. આપ જે ઈચ્છે જેને ઈચ્છે પોતાના પરવરદિગારના હુકમથી આપે છે.

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !** صلی اللہ تعالیٰ علیہ وسلم

## ★ અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત ★

હઝરત અબૂઝરનું બયાન છે કે એક દિવસ હું બપોરના સમયે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દૌલતકદા પર હાજર થયો. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ ફર્માવેલ ન હતા. મેં ખાદિમને પૂછયું તો તેણે કહ્યું કે હઝરત આઈશાના ઘરમાં છે જેથી હું ત્યાં આપની ખિદમતમાં પહોંચ્યો. આપ બેઠેલા હતા અને કોઈ માણસ આપની પાસે ન હતો. મને એ વખતે એવો ખયાલ આવતો હતો કે આપ વહીની હાલતમાં છે. મેં આપને સલામ કરી, આપે મારી સલામનો જવાબ આપ્યો પછી ફર્માવ્યું, તને કઈ ચીજ અહીં લાવી છે ?! મેં અર્ઝ કરી, અલ્લાહ અને રસૂલની મહોબ્બત !

આપે મને ફર્માવ્યું કે બેસી જાઓ ! હું આપની બાજુમાં બેસી ગયો. ન મેં કાંઈ એમને પૂછયું અને ન આપે મને કંઈ ફર્માવ્યું. હું થોડીકવાર રોકાયો એટલામાં હઝરત અબૂબક્ર જલ્દી જલ્દી ચાલતા આવ્યા.

તેમણે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સલામ કરી, આપે સલામનો જવાબ આપ્યો, પછી ફર્માવ્યું, બેસી જાઓ! એ એક ઊંચી જગા પર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે બેસી ગયા. પછી હઝરત ઉમર رضی اللہ عنہ આવ્યા, તેમણે પણ એવું જ કર્યું અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું જ ફર્માવ્યું, હઝરત ઉમર હઝરત અબૂબક્રની બાજુમાં બેસી ગયા.

પછી આવી રીતે હઝરત ઉષ્માન આવ્યા અને હઝરત ઉમરની બાજુમાં બેસી ગયા. એના પછી રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાત કે નવ અથવા

લગભગ એના જેટલી કાંકરીઓ લીધી, આ કાંકરીઓએ આપના મુબારક હાથમાં તસ્બીહ પઢી, એટલે સુધી કે આપના હાથમાં મધની માખીઓની જેમ અવાજ સંભળાવા લાગ્યો. પછી આપે એ કાંકરીઓને જમીન પર મૂકી દીધી અને તે ચૂપ થઈ ગઈ.

પછી આપે એ કાંકરીઓ મને છોડીને અબૂબક્ર સિદ્દીકને આપી. એ કાંકરીઓએ અબૂબક્રના હાથમાં તસ્બીહ પઢી ત્યાં સુધી કે મેં મધની માંખીઓની જેમ અવાજ સાંભળ્યો. પછી આપે એ કાંકરીઓ અબૂબક્રથી લઈને જમીન મૂકી દીધી એ ચૂપ થઈ ગઈ અને એવી જ કાંકરીઓ બની ગઈ. પછી આપે હઝરત ઉમરને આપી, એમના હાથમાં પણ તે કાંકરીઓએ તસ્બીહ પઢી જેવી કે અબૂબક્રના હાથમાં પઢી હતી, એટલે સુધી કે મેં મધની માખીઓની જેમ અવાજ સાંભળ્યો, પછી આપે જમીન પર મૂકી દીધી તો એ ચૂપ થઈ ગઈ. પછી આપે હઝરત ઉષ્માનને આપી તો એમના હાથમાં પણ કાંકરીઓએ તસ્બીહ પઢી જેવી કે હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરના હાથમાં પઢી હતી એટલે સુધી કે મેં મધની માખીઓની જેમ એમનો અવાજ સાંભળ્યો, પછી એને જમીન પર મૂકી દેવામાં આવી તો એ ચૂપ થઈ ગઈ. પછી રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, આ નબુવ્વતની ખિલાફત છે. (ખસાઈસે કુબરા, મવાહિબે લદુન્નિયહ્)

## ★ મુલાકાતનો શોખ ★

જ્યારે હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ કુર્આનની તિલાવત અને તફસીર કરી રહ્યા હતા. હઝરત અબૂ અબ્દુર્રહમાન આપની તરફ ધ્યાનિષ્ઠ થઈને સાંભળી રહ્યા હતા. એ દરમિયાન જ્યારે પણ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝિક્ર આવતો તો અબૂ અબ્દુર્રહમાનની આંખોમાં રસૂલુલ્લાહના દીદારનો શોખ ચમકી ઉઠતો. આપની મુલાકાત માટે બેચૈન થઈ જતા. એક વખત અબૂ અબ્દુર્રહમાને મુસ્અબની તરફ ધ્યાનિષ્ઠ થઈ કહ્યું, રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمની કેટલા પ્રમાણમાં આતુરતા છે, કયારે વર્ષ પૂરું થશે અને હજની મોસમ આવશે અને અમને આપની ઝિયારતનો મૌકો મળશે ?! હઝરત મુસ્અબ મરકતા હોઠોમાં હસ્યા અને ફર્માવ્યું, અબૂ અબ્દુર્રહમાન ! સબર કરો ! આ દિવસો જલ્દીથી પસાર થઈ જશે.





ઈબ્ને મુસ્લિમાએ કહ્યું, હુઝૂરના દીદાર વગર મને ચૈન નથી મળતું, ક્યારે આ દિવસો પસાર થશે ! પછી એ થોડીકવાર ચૂપ રહ્યા અને ફર્માવ્યું, મને બીક છે કે કયાંક કોઈ કારણસર હુઝૂરથી મારી મુલાકાત ન થઈ શકે એટલા માટે શું તમે અમારી સામે હુઝૂરનો સંપૂર્ણ દેખાવ જ બયાન કરી શકો છો કેમ કે તમે હુઝૂરની સોહબતમાં રહ્યા છો અને હુઝૂરના ચેહરએ અકદસની ઝિયારતથી ફૈઝયાબ થયા છો. બધા હાજરજનોએ એકી અવાજે કહ્યું, ઈબ્ને મુસ્લિમ ! તમે અમારા દિલની વાત કહી દીધી ! ઈબ્ને ઉમૈર ! રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمનો દેખાવ બયાન કરો !

હઝરત મુસ્અબ બિન ઉમૈર કાયદામાં બેસી ગયા, પોતાનું માથુ નીચુ કર્યુ, નજરો નીચી કરી, જેમ કે આપ હુઝૂરનો દેખાવ પોતાના દિમાગમાં લાવી રહ્યા હોય. પછી પોતાનું માથું ઉઠાવ્યું અને ફર્માવ્યું, રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمના રંગમાં સફેદી અને લાલાશનો સુંદર ફરક છે, શરીર મુબારક ઘણું જ ખૂબસૂરત છે, ભવાં મળેલાં છે, વાળ સીધા છે, વાંકડીયા નથી. દાઢી ભરાવદાર છે, બંને ખભાઓની વચમાં અંતર છે, આપની ગરદન મુબારક જાણે ચાંદીની મશક ! હથેળીઓ અને કદમો માંસલ છે. આપ જ્યારે ચાલે છે તો એવું લાગે છે જાણે આપ ઊંચાઈ પરથી નીચે આવી રહ્યા છે. જ્યારે ઊભા થાય છે તો એવું લાગે છે જેમ કે આપ કોઈ ચટ્ટાનથી નીકળ્યા હોય. જ્યારે આપ કોઈની તરફ ચેહરો કરતા તો સંપૂર્ણ રીતે ધ્યાન ધરતા. આપના ચેહરા મુબારક પરનો પસીનો મુબારક મોતીની જેમ હોય છે. ન આપ નીચા અને ન ઊંચાઈમાં, આપના બંને ખભાની વચમાં મુહરે નબુવ્વત છે. જે આપને એકાએક જુએ છે તે પ્રભાવિત થઈ જાય છે અને જે આપને ઓળખતો થઈને આપની સોહબતમાં રહે છે તે આપનાથી મહોબ્બત કરવા લાગી જાય છે. આપ બધાથી વધારે સખી અને બધાથી વધારે બહાદુર છે. આપનો વાત કરવાનો તરીકો બધાથી સાચો, વાયદાના પાલનમાં બધાંથી વધીને પાકા, સૌથી વધારે નરમ તબિયતવાળા અને રીતભાતમાં બધાથી સારા છે. મેં આપના જેવા કોઈને પહેલાં જોયા અને ન પછી જોયા. જે સમયે હઝરત મુસ્અબ બિન ઉમૈર આ બયાન કરી રહ્યા હતા ત્યારે સહાબાએ કિરામની એ જમાઅત પર શાંતિ છવાયેલી હતી. એ બધા હાજરજનો પૂરા ધ્યાનથી એક ચિત્તે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمના એ સરાપાએ

અકદસ (દેખાવ)ને સાંભળી રહ્યા હતા. હજુ મુસ્અબ પોતાનું બયાન પૂરું પણ ન કરી શકતા હતા કે મેહફિલવાળા એક અવાજે બોલી ઉઠયા,

**સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! વ સલ્લમ અલૈક યા હબીબલ્લાહ !**

(ફિદાઈયુન મિન અસરિર્રસૂલ, પાના નં. ૬૦–૬૧, અઝ–અહમદુલ જદઅ)

## ★ મહોબ્બત તથા ફિદાપણુ ★

જયારે મદીના તયબહની અંદર ઈસ્લામ કબૂલ કરવાવાળાઓની સંખ્યા ઘણી વધી ગઈ હતી, કબીલા અવસ તથા ખઝરજના લોકો ટોળે ટોળાં ઈસ્લામ કબૂલ કરવા લાગ્યા તો મદીનાવાળાઓએ પોતાના હાદી, મદદગાર તથા આકા નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمને પોતાના વતન મદીના મુકદસા તશરીફ લાવવાની દાવત આપી. એના પછી અન્સારના લોકો ઘણી જ બચૈનીની સાથે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلمના આગમનની ઘડીઓ ગણવા લાગ્યા. એ વખતે એમના દીદારના શોખનો આલમ શું હતો એને બયાન નથી કરી શકાતુ ! જે ઘડીએ આ બશારત મળી કે હવે રસૂલુલ્લાહ મદીના નજીક આવી ગયા છે ત્યારે હુઝૂરના આશિકો તથા મહોબ્બતવાળા સ્વાગતના માટે ષનીયતુલ વિદાઅ સુધી પહોંચી ગયા કે હવે હુઝૂરના સુંદર ચહેરાથી એમની મેઅરાજ થવાની છે અને જે સમયે એ હાજરજનોએ હુઝૂરને જોયા છે તો મરહબાની સદાઓથી આખું વાતાવરણ ગુંજી ઉઠયું ! એ સ્વાગત કરવાવાળાઓમાં હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ ફિદાઈ રસૂલ પણ હતા. એ તો ખુશીની સાથે બે કાબૂ થઈ રહ્યા હતા. (ફિદાઈયુન, પાના નં–૩૦) એ જ આ સહાબીએ રસૂલ છે જેમણે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمના એક ઈશારા પર ઈસ્લામના એક ઘણા જ મોટા દુશ્મન અબૂ રાફેઅ સલામ બિન અબુલ હકીકને તેના કિલ્લાની અંદર ઘુસીને કતલ કર્યો હતો. વાકયાની ટૂંક વિગત આ મુજબ છે :–

સલામ બિન અબુલહકીક અલ્લાહ અને એના રસૂલનો સખત દુશ્મન હતો. તેણે બનૂ નઝીરના યહૂદીઓને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمના કતલ માટે ભડકાવ્યા હતા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمની સામે જયારે આ વાતની ખબર આવી તો આપે એ દીનના દુશ્મનને તેના બુરા અંજામ સુધી પહોંચાડવા માટે સહાબાઓની એક જમાઅત પસંદ કરી એમાં હઝરત





અબ્દુલલ્લાહ બિન અનીસ પણ હતા. એ ટુકડીની રહબરી હઝરત અબ્દુલ્લાહ બિન અતીકને સોંપવામાં આવી. એ ટુકડી એ કાર્ય માટે રવાના થઈ. રાતે ચાલતા અને ઘાટીઓમાં છુપાઈને રહેતા, ત્યાં સુધી કે આ ટોળકી પોતાની હિકમતોથી સલામ બિન અબુલહકીકના કિલ્લાની અંદર પ્રવેશી ગયા. રાતનો સમય હતો, જયારે કિલ્લાના લોકો સૂઈ ગયા તો સલામ બિન અબુલહકીક કિલ્લાના એક ઉપરના ભાગમાં સૂઈ રહ્યો હતો. અડધી રાત્રે એ લોકો ધીરે ધીરે તેના સુધી પહોંચવાના માટે નીકળી પડયા. જયારે એના ઓરડા સુધી પહોંચ્યા તો એની પત્ની જાગી ગઈ. એક સહાબી આગળ વધ્યા અને એને ડરાવવા માટે એના પર તલવાર ઉઠાવી, કેમ કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمની વસિયત હતી કે અબૂ રાફેઅ સલામના સિવાય કોઈને એ કતલ ન કરે.

એ ઔરત ચૂપ થઈ ગઈ અને કાંપતાં કાંપતાં પોતાની જગા પર દબાઈ ગઈ. બીજા ફિદાઈ આગળ વધ્યા, ઘણુ જ અંધારુ હતું. અબૂ રાફેઅની સાચી જગાનું ઠેકાણું મળતું ન હતું. ફિદાઈઓની તલ્વારો ચાલવા લાગી પણ એને કોઈ ખાસ ઊંડો ઘા ન લાગી શકયો. હઝરત અબ્દુલ્લાહ બિન અનીસ આગળ વધ્યા. એમની સામે અબૂ રાફેઅનું લપેટાયેલુ શરીર હતું. જેમાંથી લોહી વહી રહ્યું હતું અને એ બુમ બરાડા પાડી રહ્યો હતો. હઝરત અબ્દુલ્લાહે પોતાની તલવારથી એ બદતર દુશ્મનને જહન્નમ રસીદ કરી દીધો. જયારે અબૂ રાફેઅના ખલાસ થઈ જવાનુ યકીન થઈ ગયું તો સહાબાની એ જમાઅત ખુશી તથા શાદમાનીની સાથે મદીના મુકદસાના માટે રવાના થઈ. મદીના તરફ ઝડપથી વધી રહ્યા હતા, જેથી પોતાના સરકારને દુશ્મનની બરબાદીની ખુશખબર સંભળાવે. આ કાફલો મસ્જિદે નબવી શરીફની નજીક પહોંચ્યા તો જોયું કે હુઝૂર સહાબાઓથી વાતો કરી રહ્યા હતા. હુઝૂરે તેમને એ હાલતમાં જોયા કે તેમના ચેહરા ખુશીની નિશાનીથી ચમકી રહ્યા હતા. હુઝૂરે મુસ્કુરાતાં કહ્યું, ''આ ચેહરાઓ કામયાબ છે !'' રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمની જીભ મુબારકથી નીકળવાવાળા આ શબ્દો કેટલા મહાન છે ! સહાબાએ કિરામની એ જમાઅતે જરાય ઢીલ કર્યા વિના કહ્યું, ''આપનો ચેહરો મુબારક કામયાબ છે. હા ! હા ! આપનાથી જ આ કામયાબી છે, જો આપની હિદાયત તથા

રહનુમાઈ ન હોત તો અમે સફળ ન થાત''.

લોકો આ સફળતા પામી પાછા આવનારા કાફલાથી સલામ બિન અબૂહકીકના કતલની હાલત પૂછવા માટે તેમની આજુબાજુ ભેગા થઈ ગયા. બધા જ મુજાહિદો કહી રહ્યા હતા, મારી તલ્વારે અબૂ રાફેઅનું કામ પૂરું કરી દીધું ! હુઝૂરે પાક મુસ્કુરાઈ રહ્યા છે કે મહાન મોકાને દરેક વ્યકિત પોતાના જ ભાગમાં લેવાનું ઈચ્છે છે ! હુઝૂરે પોતાના હાથ મુબારકથી એમને ચૂપ રહેવાનો ઈશારો કર્યો, પછી ફર્માવ્યું; દરેક વ્યકિત પોતાની તલવારો સામે પેશ કરે અને મને આપે. હુઝૂરે બધાની તલવારો તપાસી અને એમના તરફ ઉદ્દેશીને ફર્માવ્યું, અબ્દુલ્લાહ બિન અનીસની તલ્વારે એનું કામ પૂરું કરી દીધું છે અને એમાં એની અસર હજુ પણ છે. (ફિદાઈયુન, પાના નં. ૩૦–૩૫)

હઝીલ કબીલાવાળા ખાલિદ બિન સુફયાનની રહબરીમાં રસૂલે ખુદા ﷺથી જંગ કરવાના માટે નખલહની જગા પર ભેગા થયા. નબી ﷺએ ફિત્નાની જડ ખાલિદને તેના અંજામ સુધી પહોંચાડવાનો અડગ નિશ્ચય કર્યો. એ કાર્યના માટે હુઝૂરે અબ્દુલ્લાહ બિન અનીસને વાતચીત કરીને ફર્માવ્યું, મને ખબર પડી છે કે ઈબ્ને સુફયાન મારી સાથે જંગ કરવા માટે લોકોને ભેગા કરી રહ્યો છે અને આ સમયે નખલામાં છે તો તમે ત્યાં જઈને એને કતલ કરી નાંખો.

સિપાહીએ પોતાના આકાના અવાજ પર લબ્બૈક કહ્યું પણ એ કાર્યને પાર પાડવું સરળ ન હતું. દુશ્મન પોતાના હજારો સિપાઈઓની વચમાં છે અને ત્યાં સુધી પહોંચવું ઘણું જ મુશ્કેલ છે. હવે ત્યાં દગાબાજી સિવાય કોઈ રીત નથી અને એના માટે પણ વાતો બનાવવી પડશે અને આ ચીજ ઈસ્લામમાં મંજૂર નથી. લાચાર થઈ તેમણે હુઝૂરથી એની રજા માગી. હુઝૂરે તેમને રજા આપી કે, "જંગ ધોકો છે !" (જંગમાં ધોકો કરી શકાય છે.)

હઝરત અબ્દુલ્લાહ તલવારને ગળામાં પહેરી આ મનોરથ પાર પાડવા માટે નીકળી પડયા અને અસરના સમયે નખલા પહોંચી ગયા. ત્યાં તેમણે દુશ્મનોની ભારે ભીડ જોઈ પછી પોતાના નિશાન તરફ ધ્યાન આપ્યું. ખાલિદને જોયો કે સ્ત્રીઓના ટોળામાં છે.

હઝરત અબ્દુલ્લાહ એ જ વખતે પોતાના મનનો વિચાર પૂર્ણ





કરવા માંગતા હતા, પણ અસરની નમાઝ છૂટી જવાનો એમને ડર હતો. એવા વખતે તેમણે દુશ્મનની તરફ જતાં જતાં જ ઈશારાથી નમાઝ પઢી અને ખાલિદની પાસે પહોંચી ગયા. ખાલિદે તેમને પૂછયું, તમે કોણ છો ? હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું, અરબનો જ એક માણસ છું ! મેં સાંભળ્યું છે કે તમે તેમનાથી (હુઝૂરથી) લડવાનો વિચાર કર્યો છે, તો હું પણ એટલા માટે આવ્યો છું. ખાલિદે કહ્યું, હા ! હા ! મારો પણ વિચાર છે ! હવે ઘણા જ ઉતાવળથી અમે મદીના પર ચડાઈ કરીને જીત મેળવીશું.

ખાલિદે પોતાની સ્ત્રીઓની તરફ નજર કરીને હઝરત અબ્દુલ્લાહની સાથે વાતો કરવા લાગ્યો અને હઝરત અબ્દુલ્લાહ પોતાના મગજમાં નિશાન સેટ કરવા લાગ્યા. હઝરત અબ્દુલ્લાહની વાતચીત કરવાની અદા ઘણી જ સારી હતી. ખાલિદ આપનાથી હરીભળી ગયો અને સંતોષી થઈ ગયો. હઝરત અબ્દુલ્લાહ ખાલિદથી વાતો કરી રહ્યા છે અને મોકાની તાકમાં છે. છેવટે તેમને મોકો હાથ આવી ગયો ! તલ્વાર મિયાનમાંથી કાઢી અને ખાલિદનું માથુ ઉડાવી દીધું, અને ધડ જમીન પર જઈને પડયું અને એક ધબાકો બોલ્યો. ખાલિદની સ્ત્રીઓએ ધ્યાન ધર્યું તો શું જુએ છે કે એનું માથુ એના શરીરથી અલગ પડેલ છે. હવે શું હતું ?! એ સ્ત્રીઓ બૂમો પાડવા લાગી. ત્યાંના બધા માણસો ખાલિદની લાશ પાસે આવી ગયા અને આ બાજુ હઝરત અબ્દુલ્લાહ છટકી નીકળ્યા ! હવે જયારે ખાલિદના લોકો કાતિલની શોધ કરી રહ્યા છે તો કાતિલનો પત્તો જ નથી. હજુ તેને દફન પણ કરવામાં આવ્યો ન હતો કે એની આજુ બાજુ ભેગા થવાવાળા લોકોનું વાદળ દૂર થવા લાગ્યું અને સવાર સુધીમાં આખુ નખલા ખાલી થઈ ગયું. આ બાજુ હઝરત અબ્દુલ્લાહનું દિલ હુઝૂરે બતાવેલ નિશાનને પૂર્ણ કરી દેવાના કારણે ખુશી તથા શાદમાનીથી તરબોળ છે. દોડતા દોડતા સરકારની ખિદમતમાં આવી રહ્યા છે. જમીન ઓછી કેમ નથી થઈ જતી, સંકેલાઈ કેમ નથી જતી કે તાત્કાલિક પોતાના સરકારને દુશ્મનની બરબાદીની ખુશી સંભળાવી દઉં ! હઝરત અબ્દુલ્લાહ મસ્જિદે નબવીમાં હાજર થયા. હુઝૂર ﷺ સહાબાએ કિરામની વચમાં તશરીફ ફર્માવેલ હતા. જયારે હુઝૂરને તેમના આવવાની જાણ થઈ તો આપના તરફ મુસ્કુરાતાં નજર ઉઠાવી અને ઈર્શાદ ફર્માવ્યો, ''આ ચેહરો

સફળ છે !" હઝરત અબ્દુલ્લાહે અર્ઝ કરી, "આપનો ચેહરો મુબારક સફળ છે ! મેં એ દુશ્મનને કતલ કરી દીધો ! કાપી નાંખ્યો !" ફર્માવ્યું, તમે સાચું કહ્યું.

એ વખતે હઝરત અબ્દુલ્લાહ આ શેઅરો સંભળાવવા લાગ્યા;

**(અર્થ)** : હું તેને તે વખતે કહી રહ્યો હતો જ્યારે તલવારથી એનું માથુ કપાઈ રહ્યું હતું કે હું ઈબ્ને અનીસ શહસવાર છું, કોઈ અપંગ નથી !

અને મેં કહ્યું, મારા જેવા માટે દીને મુહમ્મદ ﷺ પર કાયમ રહેવાવાળા સારા વ્યકિતનો એક હુમલો, એક વાર જ બસ છે ! પૂરતો છે !

અને મારી પરિસ્થિતિ તો એવી છે કે જ્યારે નબી ﷺ કોઈ કાફિરને તેના અંજામ સુધી પહોંચાડવાનો ઈરાદો ફર્માવતા તો હું તેના તરફ જીભથી અને હાથથી પહેલ કરું છું.

## ★ હઝરત હુઝૈફાની મહોબ્બત તથા મરી ફીટવાની ભાવના ★

હઝરત હુઝૈફા ફર્માવે છે કે ગઝવએ ખંદકમાં અમારી એક તરફ તો મક્કાના કાફિરો અને તેમની સાથે બીજા કાફિરોના ઘણા જ ગિરોહો હતા, જે અમારા પર ચડાઈ કરીને આવ્યા હતા અને હુમલો કરવા માટે તૈયાર હતા અને બીજી બાજુ ખૂદ મદીના મુનવ્વરામાં બનૂ કરીઝાના યહૂદીઓ અમારી દુશ્મની પર ઉતરેલા હતા, જેમનાથી દરેક વખતે ડર રહેતો હતો કે કયાંક મદીના મુનવ્વરાને ખાલી જોઈને એ લોકો અમારા બાળ બચ્ચાંને તદ્દન પૂરાં ન કરી દે. અમે લોકો મદીના મુનવ્વરાથી બહાર ચાલુ લડાઈમાં હતા. મુનાફિકોની જમાઅત ઘરને એકલું અને ખાલી હોવાના બહાના હેઠળ રજા લઈને પોતાના ઘરોમાં પાછી જઈ રહી હતી ને હુઝૂરે અકદસ ﷺ દરેક રજા માંગવાવાળાને રજા આપી દેતા હતા. એ સમય દરમિયાન એક રાત્રે તોફાન એટલા પ્રમાણમાં સખત રીતે આવ્યું કે ન એનાથી પહેલાં કદી આવું તીવ્ર આવ્યું હતું ન એના બાદ. અંધારું એટલા પ્રમાણમાં વધારે કે માણસને નજીકવાળો માણસ તો શું પણ પોતાનો હાથ પણ દેખાતો ન હતો ! અને પવન એટલો સખત કે એનો અવાજ





વીજળીની જેમ ગરજી રહ્યો હતો. મુનાફિકો પોતાનાં ઘરોમાં પાછા ફરી રહ્યા હતા. અમારા ત્રણસો (૩૦૦)નો મજમો એ જગા પર હતો. હુઝૂરે અકદસ ﷺ એકે એકનો હાલ પૂછી રહ્યા હતા અને આ અંધારામાં દરેક બાજુ પૂછપરછ કરી રહ્યા હતા. એટલામાં મારી પાસેથી હુઝૂર પસાર થયા. મારી પાસે ન તો દુશ્મનથી બચવા માટે કોઈ હથિયાર હતું, ન શરદીથી બચવા માટે કોઈ કાપડ. માત્ર એક નાની સરખી ચાદર હતી જે ઓઢવાથી ગુથણોભેર જમીનથી ચીપકીને બેઠો હતો. હુઝૂરે પૂછયું, કોણ છો ? મેં અર્ઝ કરી, હુઝૈફા ! પણ મારાથી ઠંડીની લીધે ઉઠી પણ ન શકાયું અને શરમના લીધે જમીનની સાથે લપાઈ ગયો. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, ઊભા થઈ જાઓ અને દુશ્મનોના ટોળામાં જઈને એમની ખબર લાવો કે શું થઈ રહ્યું છે ? હું એ વખતે ગભરાહટ અને બીક અને ઠંડીના કારણે બધાથી વધારે પરેશાનહાલ હતો. પણ ઈર્શાદ પર અમલ કરવા ઊઠીને તરત જ ચાલ્યો. જ્યારે હું જવા લાગ્યો તો હુઝૂરે દુઆ આપી, "અલ્લાહ! તું એની હિફાઝત ફર્માવ ! સામેથી અને પાછળથી, જમણી તથા ડાબી તરફથી તથા ઉપરથી અને નીચેથી". હુઝૈફા કહે છે કે હુઝૂરના આ ઈર્શાદ ફર્માવતાં જ મારામાંથી ડર, ઠંડી બિલકુલ જતી રહી અને દરેક દરેક પગલામાં ખબર પડતી હતી કે જાણે ગરમીમાં ચાલી રહ્યો છું ! હુઝૂરે ચાલતી વખતે આ ઈર્શાદ પણ ફર્માવ્યો કે કોઈ હરકત કરીને ન આવશો, ચૂપચાપ જોઈને ચાલ્યા આવો કે શું થઈ રહ્યું છે ! હું ત્યાં પહોંચ્યો તો જોયું કે આગ સળગી રહી છે અને લોકો એમાં તાપી રહ્યા છે. એક વ્યકિત આગ પર હાથ તપાવીને કેડો પર ફેરવે છે અને દરેક બાજુથી પાછા ચાલો ! પાછા ફરો ! ની બૂમો આવી રહી છે. દરેક વ્યકિત પોતાના કબીલાવાળાઓને બૂમો પાડીને કહે છે કે પાછા ચાલો ! અને જોરદાર હવાના કારણે ચારે બાજુથી પથ્થર તેમના તંબુઓ પર વરસી રહ્યા હતા. તંબુઓની દોરીઓ તૂટી જતી હતી અને ઘોડા વગેરે જાનવર હલાક થઈ રહ્યા હતા. અબૂ સુફયાન કે જે એ સમયે બધી જમાઅતોનો સરદાર બની રહ્યો હતો તે પણ આગ પર તાપી રહ્યો હતો. મારા દિલમાં થયું કે મોકો સારો છે, એનું કામ પૂરું કરી નાખું, કમંડલમાંથી તીર કાઢીને કમાન પર ચઢાવી દીધું, પણ પછી હુઝૂરનો ઈર્શાદ યાદ આવ્યો કે કોઈ હરકત ન

કરશો ! જોઈને ચાલ્યા આવશો ! એટલા માટે મેં તીરને કમંડલમાં મૂકી દીધું. એને શક થઈ ગયો, તે કહેવા લાગ્યો, તમારામાં કોઈ જાસૂસ છે ! દરેક વ્યકિતએ પોતાની સાથવાળાનો હાથ પકડયો. મેં જલ્દીથી એક વ્યકિતનો હાથ પકડીને પૂછયું, તું કોણ છે ? તેણે કહ્યું, સુબ્હાનલ્લાહ ! તું મને નથી ઓળખતો ! ફલાણો છું ! હું ત્યાંથી પાછો આવ્યો. જ્યારે અડધા રસ્તા પર હતો તો લગભગ વીસ સવાર મને અમામા બાંધેલા મળ્યા. તેમણે કહ્યું કે આપણા આકાને કહી દેશો કે અલ્લાહે દુશ્મનોનો ઈન્તેજામ કરી દીધો, બેફિકર રહે ! હું પાછો ફળ્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક નાની ચાદર ઓઢી નમાઝ પઢી રહ્યા હતા. આ હમેશાંની આદત શરીફા હતી કે જ્યારે કોઈ ગભરાહટની વાત પેશ આવતી તો હુઝૂર નમાઝની તરફ ધ્યાનિષ્ઠ થતા. નમાઝ પૂરી થતાં મેં ત્યાંનું જે દ્રશ્ય જોયું તે વર્ણવ્યું. જાસૂસનો કિસ્સો સાંભળી દાંત મુબારક ચમકવા લાગ્યા. હુઝૂરે મને તેમના પગ મુબારકની નજીક સૂવાડી દીધો અને એમની ચાદરનો થોડોક ભાગ મારા પર નાખી દીધો. મેં મારી છાતીને હુઝૂરના મુબારક તલ્વાથી ચોંટાડી દીધી.

## ☆ સહાબાએ કિરામ ઈશ્ક તથા વફાદારીના પરીક્ષા ખંડમાં ☆

### ★ (૧) હઝરત અબૂબક્રનો હાલ ★

ઈસ્લામની શરૂઆતમાં જે વ્યકિત મુસલમાન થતો હતો એ પોતાના ઈસ્લામને છુપો રાખતો હતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની તરફથી પણ એ વિચારથી કે કાફિરોથી તકલીફ ન પહોંચે માટે છુપાવવાની નસીહત થતી હતી. જ્યારે મુસલમાનોની સંખ્યા ૩૯ (ઓગણચાલીસ) સુધી પહોંચી તો હઝરત અબૂબક્ર સિદ્દીકે જાહેરાતની માંગણી કરી અને ઈચ્છયું કે ખુલ્લમ ખુલ્લા અલલ એલાન જાહેરમાં ઈસ્લામની તબ્લીગ કરવામાં આવે. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمએ પહેલાં તો ના પાડી, પણ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના કહેવા પર હા પાડી અને આમ બધા લોકોને સાથે લઈને





મસ્જિદે કા'બા શરીફમાં તશરીફ લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીકે ખુત્બામાં તબ્લીગ શરૂ કરી. આ સૌથી પહેલો ખુત્બો છે જે ઈસ્લામમાં પઢાવવામાં આવ્યો અને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના કાકા સૈયેદુશ્શોહદા હઝરત હમ્ઝા એ દિવસે ઈસ્લામ લાવ્યા છે, અને એના ત્રણ દિવસ પછી હઝરત ઉમર رضی اللہ عنہએ ઈસ્લામ કબૂલ કર્યો. ખુત્બાનું શરૂ થવું હતું કે ચારે બાજુ કાફિરો તથા મુશ્રિકો મુસલમાનો પર તૂટી પડયા. હઝરત અબૂબક્ર સિદ્દીકને પણ જેમની મક્કા મુકર્રમામાં ઈજ્જત તથા શરાફત જાહેર હતી, છતાં એટલા પ્રમાણમાં માર માર્યો કે ચેહરો મુબારક લોહીથી ભરાઈ ગયો, નાક–કાન બધું જ લોહી લુહાણ થઈ ગયું, ઓળખી શકાતા ન હતા ! ચંપલોથી માર માર્યો, પગોમાં કચડયા અને જે ન કરવાનું હતું બધુ જ કર્યું. હઝરત અબૂબક્ર સિદ્દીક બેભાન થઈ ગયા. બનૂ તમીમ એટલે હઝરત અબૂબક્રના કબીલાના લોકોને ખબર થઈ તો ત્યાંથી ઉઠાવીને લાવ્યા. બધાને યકીન થઈ ગયું હતું કે અબૂબક્ર આ ખતરનાક હુમલાથી જીવંત નહીં રહે. બનૂ તમીમ મસ્જિદમાં આવ્યા અને એલાન કર્યું કે જો હઝરત અબૂબક્ર સિદ્દીકનું ખરેખર મોત થઈ ગયું તો અમે લોકો એમના બદલામાં ઉત્બહ બિન રબીયાને કતલ કરીશું. ઉત્બાએ હઝરત અબૂબક્ર સિદ્દીકને મારવામાં ઘણી જ વધારે બદબખ્તી દર્શાવી હતી. સાંજ સુધી હઝરત અબૂબક્ર સિદ્દીક બેહોશીમાં રહ્યા, છતાં બોલાવવાથી વાત કરવાની હાલત ન હતી. સાંજે બોલાવવાથી એ બોલ્યા તો બધાથી પહેલાં એ શબ્દ હતો કે, "હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمનો શો હાલ છે ?!" લોકો તરફથી તેમને ઘણો જ ઠપકો મળ્યો કે એમના સંગાથના કારણે આ મુસીબત આવી અને દિવસભર મોતના મુખમાં રહ્યા, પછી વાત કરી તો એ પણ હુઝૂરની જ લાગણી અને એમની જ લત ?! લોકો પાસેથી ઉઠીને ચાલ્યા ગયા. બદદિલી અને એ પણ કે છેલ્લે કંઈક જીવ છે કે બોલવાની હાલત આવી ! અને આપની માતા ઉમ્મેખૈરને કહીને ગયા કે એમના ખાવા પીવા માટે કોઈ ચીજની વ્યવસ્થા કરી આપે. તે થોડુંક બનાવીને લાવ્યાં અને ખાવાનુ કહ્યું પણ હઝરત અબૂબક્રની એ જ સદા બોલી હતી કે હુઝૂરનો કેવો હાલ છે ?! હુઝૂર પર શું ગુઝર્યું ?" એમની માતાએ કહ્યું કે મને તો ખબર નથી કે શું હાલ છે ? આપે કહ્યું કે ઉમ્મે જમીલ (હઝરત ઉમરની બહેન)ની

પાસે જઈને પૂછીને આવો કે શું હાલ છે ? એ બિચારી દીકરાની આવી મઝલૂમાના હાલતમાં બેકરારીભરી દરખાસ્તના લીધે ઉમ્મે જમીલના પાસે ગઈ અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمનો હાલ પૂછયો. એ પણ જાહેર રીવાજ પ્રમાણે એ વખતે પોતાના ઈસ્લામને છુપાવીને રાખતી હતી. કહેવા લાગી, હું શું જાણું ? કોણ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને કોણ અબૂબક્ર ? તારા દીકરાની ખબર જાણી દુઃખ થયું. જો તું કહે તો આવીને એની હાલત જોઉં. ઉમ્મે ખૈરે કબૂલ કર્યું અને પોતાની સાથે ગઈ અને હઝરત અબૂબક્રની હાલત જોઈને સહન ન કરી શકયાં.

બેહદ રડવાનું શરૂ કરી દીધું કે બદકિરદારોએ કેવો હાલ કરી દીધો ! અલ્લાહ તઆલા તેમને તેમના કરેલાની સજા આપે ! હઝરત અબૂબક્રએ પછી પૂછયું કે હુઝૂરનો શો હાલ છે ? ઉમ્મે જમીલે હઝરત અબૂબક્રની માતા તરફ ઈશારો કરીને કહ્યું કે આ સાંભળી રહ્યાં છે ! આપે ફર્માવ્યું કે એમનાથી ન ડરો ! તો ઉમ્મે જમીલે કહ્યું કે, બિલકુલ સહીસલામત છે ! આપે પૂછયું કે અત્યારે કયાં છે ? તેમણે કહ્યું કે અરકમના ઘરે છે.

આપે ફર્માવ્યું કે મને ખુદાની કસમ છે કે એ વખત સુધી કોઈ ચીજ નહીં ખાઉં નહીં પીઉં જયાં સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ઝિયારત ન કરી લઉં ! તેમની માતાને તો બેચેની હતી કે એ કાંઈ ખાઈ લે અને તેમણે કસમ ખાઈ લીધી કે જયાં સુધી હુઝૂરની ઝિયારત ન કરી લઉં કાંઈ પણ નહીં ખાઉં ! એટલા માટે માતાએ એની રાહ જોઈ કે લોકોનું આવવાનું જલ્દી બંધ થઈ જાય. ખુદા ન કરે એવું થાય કે કોઈ જોઈ લે અને કાંઈ તકલીફ પહોંચાડે. જયારે અડધી રાત થઈ તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہને લઈને હુઝૂરની ખિદમતમાં અરકમના ઘરે પહોંચ્યાં. હઝરત અબૂબક્ર હુઝૂરથી ગળે લાગી ગયા. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ ગળે લાગીને રડવા લાગ્યા અને બધા મુસલમાનો પણ રડવા લાગ્યા કે હઝરત અબૂબક્રની હાલત જોઈ શકાતી ન હતી. એના પછી હઝરત અબૂબક્રએ કહ્યું કે આ મારી માતા છે, આપ એમના માટે હિદાયતની દુઆ ફર્માવો અને એમને ઈસ્લામની તબ્લીગ પણ ફર્માવી દો. હુઝૂર અકદસે બધાથી પહેલાં તેમને ઈસ્લામ લાવવા પ્રોત્સાહિત કર્યાં અને એ પણ એ જ સમયે





મુસલમાન થઈ ગયાં. *(તારીખે ખમીસ)*

## ★ હઝરત અબૂઝર ગફ્ફારીનો ઈસ્લામ માટે જુસ્સો ★

હઝરત અબૂઝર ગફ્ફારી પ્રખ્યાત સહાબી છે. જેમની ગણત્રી જલીલુલ કદર ઝાહિદો તથા મહાન આલિમોમાં છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો ઈર્શાદ છે કે અબૂઝર એવો ઈલ્મ ધરાવવાવાળા છે જેનાથી લોકો આજિઝ છે, પણ તેમણે એને સલામત રાખ્યો છે. જયારે તેમને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની નબુવ્વતની પહેલામાં પહેલી ખબર મળી તો તેમણે તેમના ભાઈને પરિસ્થિતિની જાણ માટે મક્કા મોકલ્યા કે જે વ્યકિત દાવો કરે છે કે મારી પાસે વહી આવે છે અને આસમાનથી ખબરો આવે છે એની હાલતની ભાળ મેળવે અને એની વાણીને ધ્યાનથી સાંભળે. એ મક્કા મુકર્રમામાં આવ્યા અને હાલત જાણી લીધા પછી પોતાના ભાઈને જઈને કહ્યું કે, મેં તેમને સારી આદતો અને બેહતરીન ગુણોનો હુકમ કરતા જોયા અને એક એવી વાણી સાંભળી જે ન શેઅર છે અને ન જયોતિષીઓની ખબરો છે. અબૂઝરને આ થોડી વાતથી શાંતિ ન થઈ જેથી જાતે સફર કરી અને મક્કા મુકર્રમા પહોંચ્યા અને સીધા મસ્જિદે હરામમાં ગયા. હુઝૂરને ઓળખતા ન હતા અને કોઈને પૂછવું મસ્લેહતની વિરૂધ્ધ સમજ્યું. સાંજ સુધી એ જ હાલતમાં રહ્યા. સાંજે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ જોયું કે એક પરદેશી મુસાફર છે, મુસાફિરો, ગરીબો, પરદેશીઓની ખબર લેવી અને એમની જરૂરતને પૂરી કરવી એ તેમની આદત તથા સ્વભાવમાં હતું. એટલા માટે તેમને પોતાના ઘરે લઈને આવ્યા. મહેમાની કરી પરંતુ તેમને કાંઈ પૂછવાની જરૂરત ન સમજી કે કોણ છો અને કેમ આવ્યા ? મુસાફિરે પણ કાંઈ જાહેર ન કર્યું ! સવારે પાછા મસ્જિદમાં આવી ગયા અને આખો દિવસ એ જ હાલતમાં પસાર થયો કે જાતે ખબર ન પડી અને કોઈને પૂછયું પણ નહીં. લગભગ એનું કારણ એ હતું કે હુઝૂરની સાથે દુશ્મનીના કિસ્સા ઘણા જ પ્રખ્યાત હતા. આપને અને આપના મળવાવાળાને દરેક રીતે તકલીફો આપવામાં આવતી હતી. તેમને વિચાર આવ્યો કે સવારે હાલ ખબર નહીં પડે અને ખોટા શકના કારણે મફતમાં તકલીફો પણ થશે. બીજી સાંજે પણ હઝરત અલી

کرم اللہ تعالیٰ وجہہ الکریم ને વિચાર આવ્યો કે પરદેશી મુસાફિર છે જાહેરમાં જે મતલબથી આવ્યો છે એ પૂરો થયો નથી એટલા માટે પાછા પોતાના ઘરે લઈ ગયા અને રાત્રે ખવડાવ્યું, સૂવડાવ્યો પણ પૂછવાની એ રાત્રે પણ વારી ન આવી. ત્રીજી રાત્રે પાછું એવું જ બન્યું તો હઝરત અલીએ પૂછયું કે તમે કયા કામ માટે આવ્યા છો ? શું મકસદ છે ? તો હઝરત અબૂઝરે કસમ અને વાયદા તથા પયમાનના પછી તેમને પોતાનો મતલબ બતાવ્યો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, તેઓ બેશક ! અલ્લાહના રસૂલ છે અને સવારે જ્યારે હું જાઉં તો તમે મારી સાથે આવજો ત્યાં સુધી પહોંચાડીશ, પણ વિરોધીઓનું વધારે જોર છે એટલા માટે રસ્તામાં જો મને કોઈ એવો વ્યકિત મળ્યો જેનાથી મારી સાથે આવવાને કારણે તમારા પર કોઈ ડર હોય તો હું પેશાબ કરવા લાગીશ અથવા મારા ચંપલ ઠીક કરવા લાગી જઈશ અને તમે સીધા ચાલ્યા કરજો મારી સાથે રોકાશો નહીં, જેના કારણે તમે મારી સાથે છો એ ખબર નહીં પડે. છેવટે સવારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પાછળ પાછળ હુઝૂરની ખિદમતમાં પહોંચ્યા, ત્યાં જઈને વાતચીત થઈ એ જ વખતે મુસલમાન થઈ ગયા. ફર્માવ્યું કે તમારા ઈસ્લામને અત્યારે જાહેર ન કરશો, છુપી રીતે તમારી કૌમમાં ચાલ્યા જાવ. અને જ્યારે અમારુ વર્ચસ્વ વધી જાય એ સમયે ચાલ્યા આવશો. તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! એ જાતની કસમ જેના કબ્જામાં મારી જાન છે કે આ તૌહીદના કલમાને એ બેઈમાનોની વચમાં જઈને પઢીશ ! છેવટે એ જ સમયે મસ્જિદે હરામમાં તશરીફ લઈ ગયા અને મોટા અવાજથી **અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહુ વઅશહદુઅન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ** પઢયા, પછી શું હતું ! ચારે બાજુથી લોકો આવ્યા અને એટલા પ્રમાણમાં મારપીટ કરી કે ઘાયલ કરી દીધા, મૃત્યુની નજીક થઈ ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ જે એ વખતે ઈમાન પણ ન લાવ્યા હતા તેઓ તેમના પર બચાવવા માટે સૂઈ ગયા અને લોકોને કહ્યું, શું જુલ્મ કરો છો ?! આ વ્યકિત ગિફાર કબીલાનો છો અને આ કબીલો શામ દેશના રસ્તામાં પડે છે. તમારો વ્યાપાર વગેરે બધુ શામ દેશ સાથે છે, જો એ મરી ગયો તો શામમાં આવવા જવાનું બંધ થઈ જશે. જેથી એ લોકોને પણ વિચાર આવ્યો કે શામ દેશથી બધી જરૂરતો પૂરી થાય છે અને ત્યાંનો





રસ્તો બંધ થઈ જવો મુસીબત છે એટલા માટે તેમને છોડી દીધા. બીજા દિવસે પાછા એવી જ રીતે તેમણે જઈને મોટા અવાજથી કલમો પઢયો અને લોકો એ કલમાને સહન કરી શકતા ન હતા, એટલા માટે તેમના પર તૂટી પડયા. બીજા દિવસે પણ હઝરત અબ્બાસે એ જ રીતે તેમને સમજાવીને હટાવ્યા કે તમારા વ્યાપારનો રસ્તો બંધ થઈ જશે.

હઝરત અબૂઝરનો આ જાહેરાતનો જોશ હક્કના પ્રભાવ હેઠળ હતો અને સરકારનું રોકવું તકલીફોથી બચાવવા લાગણીના કારણે હતું. પરંતુ હઝરત અબૂઝરે જોયું કે સરકાર જ્યારે પોતે મુસીબતો ઉઠાવી રહ્યા છે તો અમારે પાછળ રહેવાની શું જરૂરત ? એટલા માટે પોતાના આરામ પર સરકારની પયરવીના અમલને પ્રાથમિકતા આપી અને પછી હક્કની પયરવીમાં હમેશાં જોશભેર કાર્યરત રહ્યા.

## ★ હઝરત અમ્માર અને તેમનાં માં બાપ ★

હઝરત અમ્માર અને તેમનાં માં બાપને પણ કઠિનથી કઠિન તકલીફો આપવામાં આવી. મક્કાની કઠિન ગરમ અને રેતીલી જમીનમાં તેમને અઝાબ દેવામાં આવતો અને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાજુથી પસાર થતા તો સબર કરવાનું કહેતા અને જન્નતની ખુશખબરી ફર્માવતા. છેલ્લે તેમના પિતા હઝરત યાસિર એ જ તકલીફની હાલતમાં મૃત્યુ પામ્યા કે જાલિમોએ મરણ સુધી શાંતિથી રહેવા ન દીધા અને તેમની માતા હઝરત સુમૈયાની શરમગાહ પર (ગુપ્તાંગ પર) અબૂ જહલ મલઊને એક બરછી મારી, જેનાથી એ શહીદ થઈ ગયાં, પણ ઈસ્લામથી મોઢું ન ફેરવ્યું. આપ ઘરડાં હતાં, કમજોર હતાં પણ એ બદનસીબે કોઈ વાતનો ખ્યાલ ન કર્યો. ઈસ્લામમાં બધાથી પહેલાં શહાદત તેમની જ છે અને ઈસ્લામમાં બધાથી પહેલી મસ્જિદ હઝરત અમ્મારની બનાવેલી છે. જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હિજરત ફર્માવીને મદીના તશરીફ લઈ ગયા તો હઝરત અમ્મારે કહ્યું કે હુઝૂરના માટે એક છાંયડાવાળુ મકાન બનાવવું જોઈએ જેમાં તશરીફ રાખ્યા કરે અને નમાઝ પણ છાયડામાં પઢયા કરે. તો કુબામાં હઝરત અમ્મારે પહેલાં પથ્થરો ભેગા કર્યા અને પછી મસ્જિદ બનાવી. લડાઈમાં ઘણા જ ઉત્સાહપૂર્વક સામેલ થતા હતા. એક વખત ઉત્સાહમાં આવીને

કહેવા લાગ્યા, હવે જઈને દોસ્તોને મળીશું ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમની જમાઅતને મળીશું ! એટલામાં તરસ લાગી અને કોઈની પાસે પાણી માંગ્યું, તેણે દૂધ સામે ધર્યું તે પીધું અને પીને કહેવા લાગ્યા કે મેં હુઝૂરથી સાંભળ્યું કે તું દુનિયામાં બધાથી છેલ્લી ચીજ દૂધ પીશ ! એના પછી શહીદ થઈ ગયા. એ વખતે ચોરાણુ (૯૪) વર્ષની ઉમર હતી. અમુકે એક અર્ધુ વર્ષ ઓછી બતાવી છે. *(અસદુલ ગાબા)*

તેમની માતા હઝરત સુમૈયા બિન્તે ખયાલ મઝલૂમા શહાદત ઉપરાંત અન્ય પણ કાંઈ કેટલીયે કઠિનાઈઓ વેઠી ચૂકયાં છે. તેમને ગરમીના વખતે સખત તડકામાં કાંકરા પર નાખવામાં આવતાં, લોઢાનુ બખ્તર પહેરાવીને તડકામાં ઊભાં રાખવામાં આવતાં, જેથી તડકાની ગરમીથી લોઢું તપવા લાગે. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાજુથી પસાર થતા તો સબરની તલ્કીન અને જન્નતનો વાયદો ફર્માવતા, ત્યાં સુધી કે બધાથી મોટા ઈસ્લામના દુશ્મન અબૂજહલના હાથોથી તેમની શહાદત થઈ.(رضی اللہ عنہا)

## ★ હઝરત સોહેબનો ઈસ્લામ ★

હઝરત સોહેબ પણ હઝરત અમ્મારના સાથે જ મુસલમાન થયા. નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અરકમ સહાબીના મકાનમાં તશરીફ ફર્માવેલ હતા. આ બંને જણ જુદા જુદા ખિદમતમાં હાજર થયા અને મકાનના દરવાજા પર અચાનક ભેગા થઈ ગયા. એકબીજાએ એકબીજાને મતલબની જાણ કરી તો એક જ મતલબ એટલે ઈસ્લામ લાવવાનો અને હુઝૂરના ફયઝથી ફાયદો મેળવવાનો બંનેનો ઈરાદો હતો. ઈસ્લામ લાવ્યા અને ઈસ્લામ લાવ્યા પછી જે એ જમાનામાં થોડી અને કમજોર જમાઅતને વેઠવાનું આવતુ હતું એ વેઠવાનું આવ્યું. દરેક રીતે સતાવવામાં આવ્યા, તકલીફો આપવામાં આવી. છેવટે કંટાળીને હિજરતનો વિચાર કર્યો તો કાફિરોને એ વાત પણ માન્ય ન હતી કે આ લોકો કોઈ બીજી જગ્યાએ જઈને આરામથી જિંદગી પસાર કરે જેથી જે કોઈની હિજરતની વાતની જાણ થતી હતી તેને પકડવાની કોશિશ કરતા હતા જેથી તકલીફોથી છૂટકારો મેળવી ન શકે. છેવટે એમનો પણ પીછો કરવામાં આવ્યો અને એક જમાઅત એમને પકડવા માટે ગઈ. તેમણે પોતાનાં





કમંડલને સંભાળ્યું જેમાં તીર હતાં અને એ લોકોને કહ્યું કે જુઓ, તમને ખબર છે કે હું તમારાથી વધારે તીરંદાઝ છું, એક પણ તીર મારી પાસે બાકી રહેશે તો તમે લોકો મારા સુધી આવી નહીં શકો અને જ્યારે એક પણ તીર નહીં રહેશે તો હું મારી તલ્વારથી સામનો કરીશ ત્યાં સુધી કે તલ્વાર પણ મારા હાથમાં ન રહે, એના પછી તમારાથી જે થઈ શકે તે કરજો. એટલા માટે જો તમે ઈચ્છો તો મારા જીવના બદલામાં મારા માલનો પતો બતાવી શકુ છું જે મક્કામાં છે અને બે લોંડીઓ પણ છે એ બધું તમે સૌ લઈ લો ! એના પર એ લોકો રાજી થઈ ગયા. હઝરત સોહેબે પોતાનો માલ આપીને જાન છોડાવી એના વિશે આયતે પાક છે કે :—

**તર્જુમો** : "કેટલાક લોકો એવા છે જે અલ્લાહની રઝાના માટે પોતાની જાનને ખરીદી લે છે અને અલ્લાહ તઆલા બંદાઓ પર મહેરબાન છે." હુઝૂર એ વખતે કૂબામાં રહેતા હતા. સૂરત જોઈને ઈર્શાદ ફર્માવ્યો કે નફાનો વેપાર કર્યો. સોહેબ કહે છે કે હુઝૂર એ વખતે ખજૂર ખાઈ રહ્યા હતા અને મારી આંખ દુ:ખી રહી હતી. હું પણ સાથે ખાવા લાગ્યો. હુઝૂરે ફર્માવ્યું કે આંખ તો દુ:ખી રહી છે અને ખજૂરો ખાવ છો ! મેં કહ્યું, હુઝૂર ! એ આંખ તરફથી ખાઉં છું જે સારી છે ! હુઝૂર એ જવાબ સાંભળીને હસી પડયા. હઝરત સોહેબ ઘણા જ ખર્ચ કરવાવાળા હતા, ત્યાં સુધી કે હઝરત ઉમરે એમને કહ્યું કે તમે ફુઝૂલખર્ચી કરો છો. તેમણે કહ્યું કે ખોટો કોઈ ખર્ચ નથી કરતો. હઝરત ઉમરનો જ્યારે વિસાલ થવા લાગ્યો તો એમને જ જનાઝાની નમાઝ પઢાવવાની વસિયત કરી હતી. (અસદુલ ગાબા)

## ★ હઝરત ઉમરના બનેવી અને બહેન ★

હઝરત ફારૂકે આઝમથી કોણ પરિચિત નથી ? ઈસ્લામ પહેલાં એ પણ મશહૂર હતા અને ઈસ્લામ અને ઈસ્લામવાળાના વેરમાં દોડધામ કરતા હતા ત્યાં સુધી કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કતલના પેંતરામાં રહેતા હતા. એક દિવસ કાફિરોએ ચર્ચાની કમિટી કાયમ કરી કે કોઈ છે જે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કતલ કરી દે ! ઉમરે કહ્યું કે હું કરીશ ! લોકોએ કહ્યું, સાચે જ તમે જ કરી શકો છો ! ઉમર તલ્વાર લટકાવીને ઉઠયા અને ચાલી નીકળ્યા. એ જ ફિકરમાં જઈ રહ્યા હતા કે બનૂ ઝોહરા કબીલાવાળા

જેમનું નામ હઝરત સઅદ બિન અબી વક્કાસ છે. અમુકે હઝરત નઈમનું નામ લખ્યું છે, એમણે પૂછયું કે ઉમર કયાં જઈ રહ્યા છો ? કહેવા લાગ્યા, મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કતલની ફિકરમાં છું. (અલ્લાહની પનાહ !) સઅદે કહ્યું, બનૂ હાશિમ અને બનૂ ઝોહરા અને બનૂ અબ્દે મનાફથી કેવી રીતે બેફિકર થઈ ગયા ! એ તમને બદલામાં કતલ કરી દેશે. એ જવાબથી ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા, લાગે છે કે તું પણ બેદીન (એટલે મુસલમાન) થઈ ગયો છે, લાવ ! પહેલાં તને જ ખત્મ કરી દઉં ! એવું કહીને તલવાર સંભાળી લીધી અને હઝરત સઅદે  પણ આવુ કહીને કે, હા ! હું મુસલમાન થઈ ગયો છું ! તલ્વાર સંભાળી. બંને બાજુથી તલ્વારો ચાલવા લાગી હતી કે હઝરત સઅદે કહ્યું, પહેલા તારા ઘરની તો ખબર કાઢ ! તારી બેન બનેવી બંનેવ મુસલમાન થઈ ગયાં છે. એ સાંભળ્યું જ હતું કે ગુસ્સાથી ભરાઈ આવ્યા અને સીધા બહેનને ઘરે આવ્યા. ત્યાં હઝરત ખબ્બાબ લાકડાનો તખ્તો જેનાથી દરવાજો બંધ કરીએ છીએ તે બંધ કરીને એ બંનેવ પતિ પત્નીને કુર્આન શરીફ પઢાવી રહ્યા હતા. હઝરત ઉમરે દરવાજો ખોલાવ્યો. એમના અવાજથી હઝરત ખબ્બાબ તો જલ્દીથી અંદર સંતાઈ ગયા અને એ કિતાબ પણ ઉતાવળમાં બહાર જ રહી ગઈ જેના પર કુર્આનની આયત લખેલી હતી. આપનાં બહેને દરવાજો ઉઘાડયો તો હઝરત ઉમરના હાથમાં કોઈ વસ્તુ હતી જેને બહેનના માથા પર મારી જેનાથી માથામાંથી લોહી વહેવા લાગ્યું અને કહ્યું કે પોતાની જાનની દુશ્મન ! તું પણ બદદીન થઈ ગઈ ! એના પછી ઘરમાં આવ્યા અને પૂછયું, શું કરી રહ્યાં હતાં અને આ અવાજ શાનો હતો ? બનેવીએ કહ્યું કે વાતચીત કરી રહ્યાં હતાં. શું તમે તમારો દીન છોડીને બીજો દીન (ધર્મ) અપનાવી લીધો ? બનેવીએ કહ્યું, જો બીજો દીન સાચો હોય તો ? એ સાંભળતાં જ એમની દાઢી પકડીને ખેંચી અને અચાનક તૂટી પડયા અને જમીન પર પછાડીને ખૂબ માર માર્યો. બહેને છોડાવવાની કોશિશ કરી તો એમના મોં પર એક તમાચો એટલા જોરથી માર્યો કે લોહી નીકળી આવ્યું. એ પણ છેવટે ઉમરનાં જ બહેન હતાં, કહેવા લાગ્યાં, ઉમર ! અમને એ કારણથી મારવામાં આવે છે કે અમે મુસલમાન થઈ ગયાં ?! બેશક ! અમે મુસલમાન થઈ ગયાં ! જે તારાથી થઈ શકે તે કરી લે !





એના પછી હઝરત ઉમરની નજર એ કિતાબ પર પડી જે ઉતાવળમાં બહાર રહી ગઈ હતી અને ગુસ્સાનું જોર પણ આ મારપીટથી ઓછું થઈ ગયું હતું અને બહેન આ રીતે લોહીથી ખરડાઈ જવાથી શરમ જેવું પણ આવતું હતું. કહેવા લાગ્યા, સારું ! મને બતાવો આ શું છે ? બહેને કહ્યું, તું તો નાપાક છે અને એને નાપાક હાથ લગાડી શકતો નથી. ઘણી જ કોશિશ કરી પણ એ વુઝૂ વગર અને ગુસ્લ વગર દેવા માટે તૈયાર ન થયાં. હઝરત ઉમરે ગુસ્લ કર્યું અને એને લઈને પઢયા, એના પર સૂરએ 'તાહા' લખેલી હતી એને પઢવાનું શરૂ કર્યું અને **ઈન્નની અનલ્લાહુ લા ઈલાહ ઈલ્લા અના ફઅ્બુદ્‌ની વ અકિમિસ્સલાત લિ ઝિક્રી** સુધી પઢી હતી કે હાલત જ બદલાઈ ગઈ. કહેવા લાગ્યા, સારું મને પણ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે લઈ જાઓ. આ શબ્દો સાંભળીને હઝરત ખબ્બાબ અંદરથી નીકળ્યા અને કહ્યું કે અય ઉમર ! તમને ખુશખબરી આપું છું કે કાલે સવારે જુમેરાતે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુઆ માંગી હતી કે યા અલ્લાહ ! ઉમર કે અબૂ જહલમાં જે તને વધારે પસંદ હોય એનાથી ઈસ્લામને તાકત આપ. (એ બંને તાકાતમાં પ્રખ્યાત હતા) જણાય છે કે હુઝૂરની દુઆ તમારા હક્કમાં કબૂલ થઈ ગઈ. એના પછી હુઝૂરની ખિદમતમાં હાજર થયા અને જુમ્આની સવારે મુસલમાન થઈ ગયા.

## ★ રસૂલુલ્લાહની દીકરી ઝૈનબની હિજરત અને મૌત ★

બંને જહાનના સરદાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બધાથી મોટી દીકરી હઝરત ઝૈનબ નબુવ્વતના દસ વર્ષ પહેલાં જ્યારે કે હુઝૂરની ઉમ્ર શરીફ ત્રીસ (૩૦) વર્ષની હતી ત્યારે પૈદા થયાં અને માસીના છોકરા અબુલ આસ બિન રબિઅ્ની સાથે આપનો નિકાહ થયો. હિજરતના વખતે હુઝૂરની સાથે ન જઈ શકયાં. તેમના પતિ બદરની લડાઈમાં કાફિરોની સાથે સામેલ થયા અને કેદમાં પકડાયા. મક્કાવાળાઓએ જ્યારે પોતાના કેદીઓના છૂટકારા માટે ફિદિયા રવાના કર્યા તો હઝરત ઝૈનબે પણ પોતાના પતિના છૂટકારા માટે માલ મોકલ્યો જેમાં એ હાર પણ હતો જે હઝરત ખદીજાએ દહેજમાં આપ્યો હતો. નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે તેને જોયો તો ખદીજાની યાદ તાજી થઈ ગઈ અને આંખમાં આંસું

આવ્યાં. સહાબીઓના સલાહ મશ્વેરાથી એ નક્કી થયું કે અબુલ આસને ફિદિયા વગર છોડી દેવામાં આવે, એ શર્ત પર કે એ પાછા જઈને હઝરત ઝૈનબને મદીના તયબહ્ મોકલી આપે. હુઝૂરે બે માણસોને હઝરત ઝૈનબને લેવાને માટે સાથે કરી દીધા કે એ મક્કાથી બહાર રોકાઈ જાય અને અબુલ આસ હઝરત ઝૈનબને તેમના સુધી પહોંચાડી દે.

છેવટે હઝરત ઝૈનબ પોતાના દિયર કિનાનાની સાથે ઊંટ પર સવાર થઈ રવાના થયાં. કાફિરોને જ્યારે એની ખબર પડી તો ગુસ્સાથી ચૂર થઈ ગયા અને એક જમાઅત તેમને રોકવા માટે પહોંચી ગઈ જેમાં હબ્બાર બિન અસ્વદ જે હઝરત ખદીજાના પિતરાઈ ભાઈનો છોકરો હતો, અને એ જ લેહાઝથી એ હઝરત ઝૈનબના ભાઈ થાય. તે અને તેમની સાથે એક વ્યકિત પણ હતી એ બંનેવમાંથી કોઈએ અને વધારે પડતાએ હબ્બાર વિશે જ લખ્યું છે કે તેણે હઝરત ઝૈનબને ભાલો માર્યો જેનાથી એ ઘાયલ થઈને ઊંટ પરથી પડી ગયા અને સગર્ભા હતાં એ કારણથી પેટમાંનું બાળક બેકાર થયું. કિન્આને તીરોથી સામનો કર્યો. અબૂ સુફયાને તેમને કહ્યું કે મુહમ્મદ ﷺ ની દીકરી અને જાહેરમાં ચાલી જાય એ મંજૂર નથી ! આ વખતે પાછાં ચાલો પછી છુપેથી મોકલી દેજો. કિનાનાએ એને કબૂલી લીધુ અને પાછા લઈને આવ્યા. એક બે દિવસ પછી ફરી રવાના કર્યાં. હઝરત ઝૈનબનો એ ઘા કેટલાય વર્ષો સુધી રહ્યો અને કેટલાય વર્ષ સુધી એમાં બીમાર રહીને સન હી. ૮માં ઈન્તેકાલ ફર્માવ્યો. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે એ મારી બધાથી સારી દીકરી હતી જેને મારી મહોબ્બતમાં સતાવવામાં આવી.

## ★ હઝરત ખબ્બાબની બળી ગયેલી પીઠ ★

અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ ને એકવાર સહાબીએ રસૂલ હઝરત ખબ્બાબ رضی اللہ عنہ ની પીઠ જોવામાં આવી ગઈ તો આપે જોયું કે આખી પીઠ મુબારકમાં સફેદ સફેદ ઝખ્મોનાં નિશાન છે. પૂછયું કે હે ખબ્બાબ ! આ તમારી પીઠમાં ઝખ્મોનાં નિશાન કેવાં છે ? આપે જવાબ આપ્યો કે અમીરુલ મો'મિનીન ! તમને આ ઝખ્મોની શું ખબર ?! આ તે સમયની વાત છે જ્યારે તમે નગ્ન તલ્વાર લઈને હુઝૂર





રહમતે આલમ ﷺ ના સરને ઉડાડવાના માટે દોડતા ફરતા હતા તે સમયે અમે મહબ્બતે રસૂલનો ચિરાગ અમારા દિલોમાં જલાવ્યો અને મુસલમાન બન્યા. તે વખતે મક્કાના કાફિરોએ મને આગના સળગતા કોલસાઓ પર પીઠ કરાવીને સૂવડાવી દીધો તો મારી પીઠેથી એટલી ચરબી પીગળી કે કોલસા ઓલવાઈ ગયા અને હું કલાકો સુધી બેહોશ રહ્યો, પણ રબ્બે કા'બાની કસમ ! કે જ્યારે મને હોશ આવ્યો તો સૌ પ્રથમ મારી જીભેથી કલ્મો **લાઈલાહ ઈલ્લલાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** નીકળ્યો.

અમીરુલ મો'મિનીન હઝરત ખબ્બાબની મુસીબત સાંભળીને રડી પડયા અને ફર્માવ્યું કે હે ખબ્બાબ ! કુર્તો ઉઠાવો ! હું તમારી એ પીઠની ઝિયારત કરીશ ! અલ્લાહ ! અલ્લાહ ! આ પીઠ કેટલી મુબારક તથા મુકદ્દસ છે જે મહબ્બતે રસૂલના કારણે આગમાં સળગાવવામાં આવી છે ! *(તબકાત ઈબ્ને સઅદ, ભાગ–૩, તઝકેરએ ખબ્બાબ)*

## ★ હઝરત અમ્માર આગના કોલસાઓ પર ★

એ જ રીતે હઝરત અમ્માર ઈબ્ને યાસર رضی اللہ عنہ ને પ્રથમ ચાબુક તથા કોરડાઓના માર વડે કાફિરોએ બેહોશ જેવા કરી મૂકયા, પછી આગના સળગતા કોલસાઓ પર પેટ ભેર સૂવડાવી દીધા, પણ આપ અડગતાનો પહાડ બનીને ઈસ્લામ પર અડગ રહ્યા. એ જ હાલતમાં હુઝૂર તેમની નજીક થઈને પસાર થયા તો હઝરત અમ્મારે "યા રસૂલલ્લાહ !" કહીને આપને પોકાર્યા. અમ્મારની આ મુસીબત જોઈને રહમતે આલમના સીનામાં શીશાથી અધિક નાઝુક દિલ સદમાઓથી ચુર ચુર થઈ ગયું અને ફર્માવ્યું, હે આગ ! તું અમ્માર પર એવી રીતે ઠંડી અને સલામત બની જા જેવી રીતે તું હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم પર ઠંડક અને સલામતી બની ગઈ હતી. રહમતે આલમ ﷺ અમ્મારના ઝખ્મો પર પોતાનો પ્રેમાળ હાથ ફેરવતાં ફર્માવતા હતા કે અમ્માર તૈયબ વ મુતૈયબ એટલે કે પાકીઝા અને ખુશ્બુદાર છે. *(અકમાલ)*

## ★ હબ્શાની હિજરત અને શોએબ અબી તાલિબ ★

મુસલમાનોને અને તેમના સરદાર ફખ્રે દો આલમ ﷺ ને

કાફિરોથી જ્યારે તકલીફો અપાતી જ રહી અને આવતા દિવસોમાં એમાં કમીને બદલે વધારો જ થતો રહ્યો, તો હુઝૂર ﷺ એ સહાબાને એની રજા આપી દીધી કે તેઓ ત્યાંથી બીજી જગા પર ચાલ્યા જાય. ઘણાયે લોકોએ હબ્શાની હિજરત કરી. હબ્શાના બાદશાહ નસરાની હતા છતાં એ તે સમયે મુસલમાન ન થયા હતા તો પણ એમનું દિલ દયાળુ અને ઈન્સાફ પસંદ હોવાની ખ્યાતિ હતી. છેવટે નબુવ્વતના પાંચમાં વર્ષે જ રજબના મહિનામાં પહેલી જમાઅતના અગીયાર કે બાર મર્દ અને ચાર કે પાંચ સ્ત્રીઓએ હબ્શાની હિજરત કરી. મક્કાવાળાઓએ એમનો પીછો પણ કર્યો કે આ લોકો જઈ ન શકે પણ આ લોકો હાથ ન આવ્યા હતા. ત્યાં પહોંચીને તેમને એ ખબર મળી કે મક્કાવાળા બધા મુસલમાન થઈ ગયા અને ઈસ્લામનો પ્રભાવ વધી ગયો. આ ખબરથી આ લોકો ઘણા જ ખુશ થયા અને પોતાના વતનમાં પાછા આવી ગયા. પણ મક્કા મુકર્રમાની નજીક પહોંચીને ખબર પડી કે આ ખબર ખોટી હતી અને મક્કાવાળા એ જ રીતે બલ્કે એનાથી પણ વધારે દુશ્મની અને તકલીફો આપવામાં લાગેલા છે તો ઘણી મુશ્કેલી ઊભી થઈ. એમાંથી અમુક લોકો પાછા ગયા અને અમુક કોઈનું રક્ષણ લઈને મક્કા મુકર્રમામાં પ્રવેશ્યા. આ હબ્શાની પહેલી હિજરત કહેવાય છે. એના પછી એક મોટી જમાઅતે (૮૩ મર્દ અને ૧૮ સ્ત્રીઓ બતાવવામાં આવે છે) જુદી જુદી રીતે હિજરત કરી અને આ હબ્શાની બીજી હિજરત કહેવાય છે. અમુક સહાબાઓએ બંનેવ હિજરતો કરી અને અમુકે એક. કાફિરોએ જ્યારે જોયું કે આ લોકો હબ્શામાં ચૈનની જિંદગી પસાર કરવા લાગ્યા તો તેમને વધારે ગુસ્સો આવ્યો અને ઘણી જ ભેટોની સાથે હબ્શાના બાદશાહ નજ્જાશીની પાસે એક પ્રતિનિધિમંડળ અને ઘણા તોહફાઓ સાથે નજ્જાશી બાદશાહ પાસે મોકલ્યું. જે બાદશાહના માટે પણ ઘણા જ તોહફા લઈને ગયા અને એના ખાસ પાદરીઓના માટે પણ ઘણા જ તોહફા લઈને ગયા. જઈને પહેલાં પાદરીઓ અને હાકિમોથી મળ્યા અને ભેટો દઈને એમનાથી બાદશાહને ત્યાં પોતાની સિફારિશનો વાયદો કર્યો અને બાદશાહની ખિદમતમાં આ પ્રતિનિધિમંડળ હાજર થયું. પહેલાં બાદશાહને સજદો કર્યો અને પછી ભેટો આપીને પોતાની ઈચ્છા કહી અને રુશવત (લાંચ) (નાજાઈઝ ભેટ)





લેવાવાળા હાકિમોએ તરફદારી કરી. તેમણે કહ્યું, અય બાદશાહ ! અમારી કૌમના થોડાક બેવકૂફ (મૂર્ખ) છોકરા પોતાના જુના ધર્મને છોડીને એક નવા ધર્મમાં પ્રવેશી ગયા જેને અમે જાણીએ છીએ અને આપ જાણો છો, અને આપના દેશમાં આવીને રહેવા લાગ્યા. અમને મક્કાના શરીફોએ અને એમના બાપ, કાકાએ અને સગાસંબંધીઓએ મોકલ્યા છે કે એમને પાછા લાવીએ. આપ એમને અમારા કબજામાં કરી દો. બાદશાહે જવાબ આપ્યો, જે લોકોએ મારી પનાહ (રક્ષણ) મેળવ્યું છે, પૂછતાછ વગર એમને સોંપી શકતો નથી. પહેલાં એમને બોલાવી પૂછપરછ કરી લઉં, જો આ સાચુ હશે તો સોંપી દઈશ. છેવટે મુસલમાનોને બોલાવવામાં આવ્યા. મુસલમાન પહેલાં ઘણા જ પરેશાન થયા (ગભરાયા) કે શું કરે ! પણ અલ્લાહના ફઝ્લએ મદદ કરી અને હિંમતથી એવું નક્કી કર્યું કે જવું જોઈએ અને ચોખ્ખી વાત કહેવી જોઈએ. બાદશાહને ત્યાં પહોંચીને સલામ કરી. કોઈએ વાંધો ઉઠાવ્યો કે તમે બાદશાહને શાહી આદાબ પ્રમાણે સજદો નથી કર્યો ! એ લોકોએ કહ્યું કે અમને અમારા નબીએ અલ્લાહ સિવાય કોઈને સજદો કરવાની રજા નથી આપી. એના પછી બાદશાહે તેમને પરિસ્થિતિની જાણ કરી. હઝરત જાફર આગળ વધ્યા અને કહ્યું, અમે લોકો જાહિલિયતમાં પડેલા હતા, ન અલ્લાહને ઓળખતા હતા, ન એના રસૂલથી જાણકાર હતા, પથ્થરોને પૂજતા હતા, મરેલાને ખાતા હતા, બુરાં કામો કરતા હતા, સગાઈ સંબંધોને તોડતા હતા, અમારામાંનો તાકતવર કમજોરને બરબાદ કરી દેતો હતો. અમે એ હાલમાં હતા કે અલ્લાહે એક રસૂલ મોકલ્યા, જેના વંશ, જેની સચ્ચાઈ અને અમાનતદારીને અમે સારી રીતે જાણીએ છીએ. તેમણે અમને એક અલ્લાહ વહદહુ લાશરીકની ઈબાદતની તરફ બોલાવ્યા અને પથ્થર અને મૂર્તિઓને પૂજવાની મનાઈ કરી. તેણે અમને સારાં કામો કરવાનો હુકમ આપ્યો, નમાઝ, રોઝા, સદકા, ખૈરાતનો હુકમ કર્યો અને યતીમનો માલ ખાવો, કોઈના પર તોહમત લગાડવી અને આવા પ્રકારની આદતોથી મના ફર્માવ્યું. અમને કુર્આને પાકની તાલીમ (શિક્ષણ) આપી, અમે એના પર ઈમાન લાવ્યા અને એનાં ફર્માનો પર અમલ કર્યા જેના લીધે અમારી કૌમ અમારી દુશ્મની બની ગઈ અને અમને દરેક રીતે સતાવ્યા. અમે

લોકો મજબૂર થઈને તમારી પનાહ (રક્ષણ)માં અમારા નબીના ઈર્શાદ (કહેવા)થી આવ્યા છીએ. બાદશાહે કહ્યું, જે કુઆન તમારા નબી લઈને આવ્યા છે એ થોડુક અમને સંભળાવો ! હઝરત જા'ફરે સૂરએ મરયમની પ્રથમ આયતો પઢી જેને સાંભળીને બાદશાહ પણ રડી પડયો અને એમના પાદરી જે ઘણી સંખ્યામાં હાજર હતા તેઓ સૌ એટલા પ્રમાણમાં રડયા કે દાઢીઓ ભીની થઈ ગઈ. એના પછી બાદશાહે કહ્યુ, ખુદાની કસમ ! એ કલામ અને જે કલામ હઝરત મૂસા عليه الصلوٰة والسلام લઈને આવ્યા હતા એક જ નૂરથી નીકળ્યાં છે, અને એ લોકોને (મક્કાવાસી કાફિરોને) ચોખ્ખી ના પાડી દીધી કે હું આ લોકોને તમારા કબ્જામાં નથી કરી શકતો. એ લોકો ઘણા જ પરેશાન થયા કે ઘણી જ બેઈજ્જતી વેઠવી પડી ! અંદર અંદર મશવેરો કરીને એક વ્યકિતએ કહ્યું કે કાલે હું એવી યુકિત કરીશ કે બાદશાહ એમનું મૂળ જ કાપી નાખે. સાથીદારોએ કહ્યું કે એવું ન થવું જોઈએ કેમ કે ભલે આ લોકો મુસલમાન થઈ ગયા છે, છતાં પણ આપણા સગાસંબંધી છે, પણ તેણે ન માન્યું. બીજા દિવસે પાછા બાદશાહની પાસે ગયા અને જઈને કહ્યું કે આ લોકો હઝરત ઈસા عليه الصلوٰة والسلام ની શાનમાં ગુસ્તાખી (બેઅદબી) કરે છે, તેમને અલ્લાહનો બેટો નથી માનતા. બાદશાહે પાછા મુસલમાનોને બોલાવ્યા, સહાબા કહે છે કે બીજા દિવસે બોલાવવાથી અમને ઘણી જ પરેશાની થઈ, છતાં ગયા, બાદશાહએ પૂછયું, તમે હઝરત ઈસાના વિશે શું કહો છો ? તેમણે કહ્યું કે એ જ કહીએ છીએ જે અમારા નબી صلی اللہ تعالٰی علیہ وسلم પર એમની શાનમાં નાઝિલ (ઉતર્યું) થયું કે અલ્લાહના બંદા છે અને એના રસૂલ છે, એની રૂહ છે, અને એમના કલમા છે, જેણે ખુદાની કુંવારી અને પાક મરયમની તરફ મોકલ્યું. નજ્જાશીએ કહ્યું કે હઝરત ઈસા عليه الصلوٰة والسلام પણ એના સિવાય કશુ કહેતા નથી ! પાદરી લોકો અંદરો અંદર કાંઈ કચ કચ કરવા લાગ્યા. નજ્જાશીએ કહ્યું, તમે જે ઈચ્છો તે કહો ! એના પછી નજ્જાશીએ મક્કાના પ્રતિનિધિમંડળના તોહફાઓ પાછા મોકલી દીધા અને મુસલમાનોને કહ્યું, તમે સલામતીથી છો ! જે તમને સતાવે એને કફ્ફારો (કેસાસ) દેવો પડશે અને એની જાહેરાત પણ કરાવી દીધી કે જે વ્યકિત એમને સતાવશે એને કફ્ફારો દેવો પડશે. એના કારણે ત્યાંના મુસલમાનોની ઈજ્જત ઘણી જ



સહાબીઓનો ઈશ્કે રસૂલ

વધારે જવા લાગી અને એ પ્રતિનિધિમંડળે બેઈજ્જતીની સાથે પાછું આવવું પડયું. પછી મક્કાના કાફિરોનો ગુસ્સો જોર પકડતો જાય છે, એમાં વળી હઝરત ઉમર رضی اللہ عنہ ના ઈમાન લાવવાએ તેમને વધારે સળગાવ્યા હતા અને દરેક વખતે એ જ ચિંતામાં રહેતા હતા કે લોકોનું એમનાથી હળવા મળવાનું બંધ થઈ જાય અને ઈસ્લામનો દીપક કોઈ રીતે ઓલવાઈ જાય. એટલા માટે મક્કાના સરદારોની એક મોટી જમાઅતે અંદરો અંદર કરાર કર્યો કે હવે ખુલ્લમ ખુલ્લા મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ને કતલ કરી દેવામાં આવે. પણ કતલ કરવાનું કામ સહેલું ન હતું એટલા માટે કે બનૂ હાશિમ પણ મોટી જમાઅત અને ઊંચા તબકાના લોકો ગણાતા હતા. તેઓ વધારે પ્રમાણમાં મુસલમાન થયા ન હતા છતાં પણ જે મુસલમાન ન હતા એ પણ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના કતલ થઈ જવા પર તૈયાર ન હતા એટલા માટે એ બધા કાફિરોએ મળીને એક વાત નક્કી કરી કે બધા બનૂ હાશિમ અને બનૂ અબ્દુલ મુત્તલિબની સાથે સંબંધ કાપી નાખવામાં આવે, ન એમને કોઈ વ્યકિત પોતાની પાસે બેસવા દે ન એમનાથી કોઈ ખરીદ કે વેચાણ કરે, ન વાતચીત કરે, ન એમના ઘરે જાય, ન એમને પોતાના ઘરે આવવા દે અને ત્યાં સુધી સમાધાન ન કરવામાં આવે જ્યાં સુધી કે તેઓ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને કતલ કરવાના માટે સોંપી ન દે. આ કરાર મૌખિક વાત પર જ ન અટકયો, પરંતુ ૧–મુહર્રમ નબવી સન–૭ ના રોજ એક કરાર લેખિત લખીને બયતુલ્લાહમાં લટકાવવામાં આવ્યો જેથી દરેક વ્યકિત એની નોંધ લે અને એને પૂરો કરવાની કોશિશ કરે અને આ કરારના કારણે ત્રણ વર્ષ સુધી આ લોકો બે પહાડોની વચ્ચે એક ખાઈમાં નજરબંધ રહ્યા કે ન કોઈ એમનાથી મળી શકતું હતું, ન તેઓ કોઈને મળી શકતા હતા, ન મક્કાના કોઈ માણસ પાસેથી કોઈ ચીજ ખરીદી શકતા હતા અને ન બહારથી આવનાર વેપારીને મળી શકતા હતા. જો કોઈ માણસ બહાર નીકળતો તો તેને મારવામાં આવતો અને કોઈને જરૂરત વિશે જણાવતો તો સાફ જવાબ મળતો, અનાજ સામગ્રી વગેરે જે તેઓની પાસે હતી તે કયાં સુધી કામ આપે ? છેવટે, ફાકા પર ફાકા જવા લાગ્યા અને ઔરતો તથા બાળકો ભૂખથી બેતાબ બનીને રડતાં, અને ચિલ્લાતાં અને તેમના મોટેરાઓને પોતાની ભૂખ અને તકલીફ કરતાં તે બાળકોની તકલીફ અધિક

સતાવતી હતી. છેવટે ત્રણ વર્ષ પછી તે કરારપત્ર સડી ગયો અને તે લોકોની એ મુસીબત દૂર થઈ. ત્રણ વર્ષનો સમય આવા સખત બોયકોટ અને નજરબંધીમાં પસાર થયો અને આવી હાલતમાં તેમના પર શું શું મુસીબતો ગુજરી હશે તે સમજી શકાય તેમ છે. પરંતુ, ત્યાર બાદ પણ સહાબાએ કિરામ رضی اللہ عنہم ખૂબ જ અડગતાની સાથે પોતાના દીન પર જામેલા રહ્યા, બલ્કે તેનો પ્રચાર કરતા રહ્યા.

## ★ હઝરત અબૂ સલમાનાં બીવી તથા બાળક ★

હઝરત અબૂસલમા رضی اللہ عنہ હિજરત કરનારાઓમાંથી છે. પહેલાં હબશામાં હિજરત કરી પછી ત્યાંથી પાછા ફરીને મદીના મુનવ્વરા હિજરત કરી. મદીના મુનવ્વરાની તરફ હિજરત કરતી વખતે તેમણે તેમનાં પત્ની ઉમ્મે સલમા અને એકનો એક દીકરો સલમાને ઊંટ પર બેસાડયાં અને પોતે લગામ પકડીને ચાલ્યા. અચાનક ઉમ્મે સલમાના પિયરવાળા (માં–બાપવાળા) ખાનદાન બનૂ મુગીરહના લોકો આવી ગયા અને કહ્યું કે, ખબરદાર ! અય અબૂ સલમા ! તમે પોતે જઈ શકો છો પણ અમારી છોકરી ઉમ્મે સલમાને હરગિઝ હરગિઝ તમારી સાથે મદીના નહીં લઈ જવા દઈએ ! અને બળજબરીથી જાલિમોએ ઉમ્મે સલમા અને બાળકને ઊંટ પરથી ઉતારી લીધાં. લોકો સમજતા હતા કે બીબી અને બાળકની મહોબ્બત અબૂ સલમાને હિજરત કરવાથી રોકી લેશે. પણ વાહ રે ! મહબ્બતે રસૂલનો જુસ્સો કે બીબી અને બાળકની જુદાઈથી કલેજુ કપાઈ રહ્યું હતું પણ પગ ન ડગમગાવ્યા, અને બીબી તથ બચ્ચાને ખુદા હાફિઝ કહીને એકલા મદીના ચાલ્યા ગયા. પછી અબૂ સલમાના કુટુંબવાળા બની અબ્દુલ અસદે બાળક સલમાને એવું કહીને બની મુગીરહથી ઝૂંટવી લીધો કે છોકરી તમારી છે પણ બાળક અમારા કુટુંબનું છે. એવી રીતે બીબી ઉમ્મે સલમા પોતાના પતિ અને લખ્તે જિગર બંનેવથી અલગ થઈ ગયાં, અને એક વર્ષ સુધી પતિ અને બાળકના ગમમાં રડતાં રહ્યાં. છેવટે તેમના કાકાના છોકરાએ બધાને સુઝસમજ આપીને રાજી કરી લીધાં કે ઉમ્મે સલમા પોતાના બાળકને લઈને અબૂસલમાની પાસે ચાલી જાય. બીબી સલમાનો હિજરતનો જુસ્સો જુઓ કે બાળકને લઈને એકલાં રવાના થઈ ગયાં.





તન્ઈમની પાસે ઉષ્માન બિન તલ્હા મળ્યા જે હજુ મુસલમાન ન થયા હતા પણ ઘણા જ નેક માણસ અને અને અબૂ સલમાના મિત્ર હતા. પૂછયું, તમે એકલાં કયાં જઈ રહ્યાં છો ? તેમણે કહ્યું, મદીના ! પૂછયું, તમારી સાથે કોઈ નથી ? બીબી ઉમ્મે સલમાએ કહ્યું, અમારી સાથે અલ્લાહની જાત સિવાય કોઈ પણ નથી ! ઉષ્માન બિન તલ્હાની શરાફતની રગ ફડકી ઉઠી અને કહેવા લાગ્યા, એ બરાબર નથી કે તમે એક સારા માણસની પત્ની થઈને એકલાં આટલી લાંબી સફર કરો ! પોતે ઊંટની લગામ પકડીને બીબી ઉમ્મે સલમાને મદીના મુનવ્વરા પહોંચાડી દીધાં. રસ્તામાં ઊંટ પર સામાન મૂકીને ઊંટને બેસાડી દેતા અને જાતે કોઈ ઝાડની આડમાં છુપાઈ જતા, જ્યારે ઉમ્મે સલમા સવાર થઈ જતાં હતાં તો એ ઊંટની લગામ પકડીને ચાલ્યા કરતા હતા. એવી રીતે બીબી ઉમ્મે સલમા મદીના મુન્વવરા પોતાના પતિ અબૂ સલમાની પાસે પહોંચી ગયાં. પછી જ્યારે સન. હી. ૪ માં હઝરત અબૂ સલમા رضی اللہ عنہ એક જગ્યાએ ઘાયલ થઈને શહીદ થઈ ગયા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બીબી ઉમ્મે સલમાથી નિકાહ કરી લીધા અને એમને ઉમ્મતે મુસ્લેમાનાં પવિત્ર માતા, માદરે મુકદસ થવાનો મોકો મળી ગયો.

**નોંધ** :– હિજરતની સફર દરેક ફર્ઝ હતી મહરમ કે પતિના સાથની શર્ત પણ ન હતી અને પર્દાની આયત હજુ એ વખતે નાઝિલ થઈ (ઉતરી) ન હતી, જેથી હઝરત ઉમ્મે સલમાની આ સફર પર કોઈ વાંધો આવતો નથી.

## ★ ઈશ્ક તથા વફાદારીનું અજબ દ્રશ્ય ★

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વખત છ કે દસ માણસોની જમાઅત મક્કાવાળાઓની ખબર લેવા માટે મોકલી. રસ્તામાં બનૂ લહયાનના બે માણસોથી સામનો થયો જેનું વિગતવાર વર્ણન આગળ આવે છે. અમુક રિવાયતોથી ખબર પડે છે કે કાફિરોએ ઓહદમાં પોતાના માર્યા ગયેલા કાફિર સંબંધીઓના બદલાની ભાવનાથી આ લોકોને ધોકો અને બનાવટથી પોતાને ત્યાં બોલાવ્યા. સલાફા નામની એક સ્ત્રી જેના બે છોકરા ઓહદમાં માર્યા ગયા હતા તેણીએ મન્નત માની હતી કે જો મારા છોકરાને મારવાવાળા આસિમનું માથુ હાથમાં આવી જાય તો એની

ખોપરીમાં શરાબ નાખીને પીશ. તેણીએ એલાન કરી દીધું કે જે આસિમનું માથુ લાવશે તેને સો (૧૦૦) ઊંટ ઈનામ આપીશ. સુફયાન બિન ખાલિદે સો ઊંટની લાલચમાં કબીલા અઝલ તથા કારાના કેટલાક માણસોને મદીના મુનવ્વરા મોકલ્યા. તેમણે ત્યાં પોતાને મુસલમાન જાહેર કર્યા અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહીને થોડાક લોકોની જમાઅત પોતાને ત્યાં દીનની તબ્લીગ અર્થે સાથે લઈ આવ્યા, જેમાં હઝરત આસિમ, હઝરત ખોબૈબ, હઝરત ઝયદ બિન દષિનહ્, હઝરત અબ્દુલ્લાહ બિન તારિક પણ હતા. રસ્તામાં લઈ જઈને ધોકો કર્યો અને બસો માણસોને સામના માટે બોલાવ્યા જેમાં સો પ્રખ્યાત તીરંદાઝ હતા.

છ કે દસ બુઝુર્ગોની આ થોડી જમાઅતવાળા દુશ્મનોની ખોટી નિય્યત (ખોટી દાનત) જોઈને ફદ ફદ નામના એક પહાડ પર ચડી ગયા. કાફિરોએ કહ્યું, અમે તમને કતલ કરવા નથી ઈચ્છતા માત્ર મક્કવાળાઓથી તમારા બદલામાં થોડોક માલ લેવાનું ઈચ્છીએ છીએ તમે અમારી સાથે આવી જાવ ! પણ તેમણે કહ્યું, અમે કાફિરોના વાયદામાં આવવાનું નથી ઈચ્છતા અને કમડંળમાંથી તીર કાઢીને સામનો કર્યો. જ્યારે તીર પૂરાં થઈ ગયાં તો ભાલાથી સામનો કર્યો. હઝરત આસિમે સાથીઓને જુસ્સામાં કહ્યું, તમારાથી ધોકો કરવામાં આવ્યો પણ ગભરાવાની વાત નથી શહાદતને ગનીમત સમજો ! તમારો મહબૂબ તમારા સાથે છે અને જન્નતની હૂરો તમારી વાત જોઈ રહી છે. આવું કહીને જુસ્સામાં સામનો કર્યો અને જ્યારે ભાલો પણ તૂટી ગયો તો તલ્વારથી સામનો કર્યો. દુશ્મનોની સંખ્યા વધારે હતી. છેવટે શહીદ થતાં થતાં દુઆ કરી, યા અલ્લાહ ! અમારા રસૂલને અમારા હાલથી ખબરદાર કરી દે ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ જ વખતે આ બનાવની જાણ થઈ ગઈ. હઝરત આસિમે એ પણ સાંભળ્યું હતું કે સલાફાએ મારા માથાની ખોપડીમાં શરાબ પીવાની મન્નત માની છે એટલા માટે મરતી વખતે દુઆ કરી, યા અલ્લાહ ! મારું માથુ તારા રસ્તામાં કપાઈ રહ્યું છે તું જ એની હિફાઝત કરવાવાળો છે. છેવટે શહાદત પછી જ્યારે કાફિરોએ માથુ કાપવાનું વિચાર્યું તો અલ્લાહ તઆલાએ મધની માખીઓનું (અમુક રિવાયતોમાં ભમરાનું) એક ટોળુ મોકલી દીધું જેમણે તેમના શરીરને ચારેબાજુથી ઘેરી લીધું. કાફિરોનો વિચાર હતો કે





રાતના સમયે જ્યારે આ ઊડી જશે તો માથું કાપી લઈશું. પણ રાત્રે વરસાદનું એક વહેતુ પાણી આવ્યું જે તેમની લાશને વહાવીને લઈ ગયું. એવી રીતે ત્રણ માણસો કે સાત માણસો શહીદ થઈ ગયા, મતલબ ત્રણ બાકી રહી ગયા. હઝરત ખોબૈબ અને ઝયદ બિન દષિના અને અબ્દુલ્લાહ બિન તારિક એ ત્રણે લોકોથી પાછું એમણે વાયદો તથા શર્ત કરી કે તમે નીચે આવી જાવ ! અમે તમારાથી ધોકો નહીં કરીએ. એ ત્રણે નીચે ઉતરી આવ્યા અને નીચે ઉતરવાથી કાફિરોએ તેમની કમાનોના તીર ઉતારીને તેમની મશકો બાંધી. હઝરત અબ્દુલ્લાહ બિન તારિકે કહ્યું કે આ પ્રથમ વાયદાભંગ છે, હું તમારી સાથે કદી પણ નહીં જઈશ ! આ શહીદ થવાવાળાઓનું અનુકરણ જ મને પસંદ છે. તેમણે જબરદસ્તી તેમને ખેંચવાનું ઈચ્છયું, પણ તેમણે માન્યું નહીં. તો એ લોકોએ તેમને પણ શહીદ કરી દીધા. માત્ર બે જણ એમની સાથે રહ્યા જેમને લઈ જઈને લોકોને મક્કાવાળાઓના હાથમાં વેચી દીધા. એક હઝરત ઝયદ બિન દષિના જેમને સફવાન બિન ઉમય્યાએ પચાસ (૫૦) ઊંટોના બદલામાં ખરીદ્યા, જેથી પોતાના પિતા ઉમૈયાના બદલામાં કતલ કરી દે. (બુખારી શરીફની રિવાયત છે કે હારિષ બિન આમિરની ઔલાદે ખરીદ્યા કે તેમણે બદરમાં હારિષને કતલ કર્યો હતો.) સફવાને તો પોતાના કેદી હઝરત ઝયદને તરત જ હરમની બહાર પોતાના ગુલામની સાથે મોકલી દીધા કે કતલ કરી દેવામાં આવે.

હઝરત ઝયદને કતલ કરવાને માટે હરમની હદથી બહાર લઈ ગયા તો તેનો તમાશો જોવાને માટે ઘણા જ બધા લોકો ભેગા થયા, જેમાં અબૂસુફયાન પણ હતા. (જે હજુ સુધી ઈમાન ન લાવ્યા હતા.) અબૂ સુફયાને હઝરત ઝયદને એવું કહ્યું,

અય ઝયદ ! હું તમને ખુદાની કસમ આપીને પૂછું છું કે શું તમે એને પસંદ કરો છો કે આ સમયે અમારી પાસે તમારા બદલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હોય જેને અમે કતલ કરી દઈએ અને તમે આરામથી બાળબચ્ચામાં બેસો.

**હઝરત ઝયદે જવાબ આપ્યો :-**

અલ્લાહની કસમ ! હું પસંદ નથી કરતો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم આ સમયે જે મકાનમાં તશરીફ રાખે છે ત્યાં તેમને એક કાંટો વાગવાની

પણ તકલીફ થાય અને હું આરામથી મારા બાળબચ્ચાંમાં બેઠેલો રહું !

**આ સાંભળીને અબૂ સુફયાને કહ્યું :–**

"મેં લોકોમાંથી કોઈને નથી જોયા કે બીજાઓથી આવી મહોબ્બત રાખતા હોય જેવી કે મુહમ્મદના સહાબાઓ, મુહમ્મદથી રાખે છે."

એના ગુલામ નસ્તાસે હઝરત ઝયદને શહીદ કરી દીધા. رضی اللہ عنہ *(સીરતે ઈબ્ને હેશામ બરિવાયતે ઈબ્ને ઈસ્હાક)*

હઝરત ખોબૈબ લાંબી મુદ્દત સુધી કેદમાં રહ્યા. હજીરની લોંડી જર બાદમાં મુસલમાન થઈ ગઈ તે કહે છે કે, જયારે ખોબૈબ અમારા લોકોની કેદમાં હતા તો અમે જોયું કે ખોબૈબ એક દિવસ દ્રાક્ષનો ઘણો જ મોટો ઝુમખો, માણસના માથા જેટલો હાથમાં લઈને દ્રાક્ષ ખાઈ રહ્યા હતા ! અને મક્કામાં એ સમયે દ્રાક્ષ બિલકુલ ન હતી ! એ જ કહે છે કે જયારે એમના કતલનો સમય નજીક આવ્યો તો તેમણે સફાઈના માટે અસ્તરો માંગ્યો એ દઈ દેવામાં આવ્યો. અચાનક એક નાનું બાળક એ સમયે ખોબૈબ પાસે પહોંચી ગયું. લોકોએ જોયું કે અસ્તરો એમના હાથમાં છે અને બાળક તેમની પાસે છે ! આ જોઈને ગભરાયા ! ખોબૈબે કહ્યું કે, શું તમે એમ સમજો છો કે હું બાળકને કતલ કરી દઈશ ?! એવું નથી કરી શકતો ! ત્યાર પછી તેમને હરમની બહાર લાવવામાં આવ્યા અને ફાંસી પર લટકાવતી વખતે છેલ્લી ઈચ્છા વિશે પૂછવામાં આવ્યું કે, તમન્ના હોય તો કહો ! તેમણે કહ્યું કે મને એટલી છૂટ આો કે હું બે રકાત નમાઝ પઢી લઉં કે દુનિયાથી જવાનો સમય છે અને અલ્લાહ عزوجل ની મુલાકાત નજીક છે. છેવટે છૂટ આપવામાં આવી, તેમણે બે રકાત ઘણી જ શાંતિની સાથે પઢી અને કહ્યું કે જો મને એ વિચાર ન આવતો કે તમે લોકો એવું સમજશો કે હું મૌતની બીકથી મોડુ કરી રહ્યો છું તો બે રકાત વધારે પઢત. ત્યારબાદ ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા.

## ★ હઝરત ખોબૈબ ફાંસીના માંચડા પર ★

જયારે મક્કાના મુશ્રિકોએ હઝરત ખોબૈબને ફાંસીના માંચડા





પર ઊભા કર્યા તો જનાબ ખોબૈબે મક્કાવાળાઓના માટે બદદુઆ કરી. હઝરત અમીર મુઆવિયહ્ કહે છે કે મને મારા પિતાએ જમીન પર સૂવાડી દીધો કેમ કે તેમનો ખ્યાલ હતો કે જે જમીન પર સૂઈ જાય તેને બદદુઆની અસર થતી નથી. એ બદદુઆથી હઝરત સુફયાન પર એક બેચેનીની હાલત ચાલુ થઈ ગઈ. મારા પર એ બદદુઆની અસર થઈ કે કઈ વર્ષો મારી ખ્યાતિ ખત્મ રહી. કહે છે કે એક વર્ષની અંદર અંદર જેટલા માણસો ફાંસીના માંચડા પર ચડાવતી વખતે હાજર હતા તે મરીને ખાકમાં મળી ગયા. સઈદ બિન આમિર અમુક સમયે બેભાન થઈ જતા હતા. અમીરુલ મોમિનીન હઝરત ઉમરે તેમને એક અમલ બતાવ્યો અને તરત જ પૂછયું કે આ બેભાન થવાનું શું કારણ છે ? તેમણે કહ્યું કે જયારે ખોબૈબને સૂળી પર ઊભા રાખવામાં આવ્યા તો હું ત્યાં હાજર હતો. જેવો જ એમનો દેખાવ સામે આવે છે તો હું ભાન ભૂલી જાઉં છું. ફાંસીના માંચડા પર હઝરત ખોબૈબ رضی اللہ عنہ એ કહ્યું કે :– અય અલ્લાહ ! અમે અમારા આકા વ મૌલા મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તબ્લીગ પર અમલ કર્યો, અહીંયા કોઈ પણ નથી જે મારો સંદેશો તેમના સુધી પહોંચાડી દે, તુ કાદિર તથા કૈયૂમ છે, મારા સલામ તેમના સુધી પહોંચાડી દે ! હઝરત ઓસામા رضی اللہ عنہ કહે છે કે હું મદીનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે બેઠો હતો એવામાં વહીની અસરો જાહેર થઈ અને આપે ફર્માવ્યું, વઅલૈહિસ્સલામ વરહમતુલ્લાહ ! એના પછી આપની આંખોમાં આંસૂ ભરાઈ આવ્યાં અને જાણ કરી કે ખુદાએ ખોબૈબના સલામ મને પહોંચાડયાં છે. આપે એ ખુશખબરી આપી, જે વ્યક્તિ હઝરત ખોબૈબને ફાંસીના માંચડા પરથી નીચે ઉતારશે તેનું ઠેકાણું જન્નત છે. (શવાહેદુન્નબુવ્વત, પેજ–૧૩૮)

## ★ હઝરત બિલાલનો ઈશ્કે રિસાલત ★

હઝરત બિલાલ رضی اللہ عنہ સહાબીએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે જેમને ઈસ્લામની શરૂઆતમાં જ ઈસ્લામ કબૂલ કરવાની વિશિષ્ટતા મળેલ છે. ત્યારે ખતરનાક માહોલમાં (વાતાવરણમાં) જ્યારે ઈસ્લામ લાવવાના બદલામાં કઠિનથી કઠિન મુસીબતો તથા રંજોગમનો સામનો કરવો પડતો હતો, હઝરત બિલાલને મક્કાના કાફિરો કઠિનથી કઠિન તકલીફો આપતા હતા. તેમને

પકડીને લઈ જતા અને તડકામાં સૂવાડી દેતા અને પથ્થર લાવીને તેમની પીઠ પર મૂકી દેતા અને કહેતા, તમારો દીન (ધર્મ) લાત તથા ઉઝ્ઝાનો દીન છે ! હઝરત બિલાલ કહેતા, મારો પરવરદિગાર અલ્લાહ છે ! આવી આવી મુસીબતો સહન કરતા હતા પણ છાતીમાં ઈશ્કે મુસ્તફા એવી રીતે વસેલો હતો કે બધા રંજ તથા મુસીબતો તેમની સામે તુચ્છ હતી.

એક દિવસ હઝરત બિલાલ ખાનાએ કાબામાં પ્રવેશ્યા, કુરૈશને એની ખબર ન હતી. આપે આજુબાજુ જોયું તો કોઈ જોવામાં ન આવ્યું. બસ ! પછી આપ મૂર્તિઓની પાસે આવીને તેમના પર થૂકવા લાગ્યા અને કહેવા લાગ્યા, તે લોકો નિષ્ફળ અને નુકસાનમાં છે જેમણે તમારી પૂજા કરી ! કુરૈશીઓએ એમને પકડી લેવાનું વિચાર્યું પણ આપ નીકળીને નાસી છૂટવામાં સફળ થયા અને પોતાના માલિક અબ્દુલ્લાહ બિન જદઆનના ઘરમાં સંતાઈ ગયા. કુરૈશના લોકો અબ્દુલ્લાહની પાસે આવ્યા અને તેને બૂમો પાડી. તે બહાર આવ્યો તો તેને એ લોકોએ કહ્યું, શું તમે બેદીન થઈ ગયા ! (મુસલમાનને બેદીન કહેતા !) તેણે કહ્યું, મારા જેવી વ્યક્તિને પણ આવી વાત કહેવામાં આવે છે ! હવે તો હું કેવળ એના કફ્ફારામાં લાત તથા ઉઝ્ઝાના માટે સો (૧૦૦) ઊંટણીઓ કુર્બાન કરીશ ! કુરૈશના લોકોએ કહ્યું, તમારા કાળાએ (બિલાલે) આ પ્રમાણે કર્યું છે. તેણે તેમને બોલાવ્યા. લોકો તેમને શોધીને અબ્દુલ્લાહની પાસે લાવ્યા. તે તેમને ઓળખતો ન હતો. તેણે ખૌલિયાને બોલાવીને પૂછયું, આ કોણ છે ? શું મેં તમને એવો આદેશ ન આપ્યો હતો કે મક્કાના ગુલામોમાંથી કોઈને અહીંયા રહેવા ન દેશો ? ખૌલિયાએ કહ્યું, આ તમારી બકરીઓ ચરાવતો હતો એના સિવાય બીજુ કોઈ બકરીઓને ઓળખતુ ન હતું જેથી મેં તેને છોડી દીધો હતો. ત્યાર પછી અબ્દુલ્લાહે અબૂ જહલ અને ઉમૈયા બિન ખલફને કહ્યું, બિલાલ ! તમને સોંપ્યો, તમે લોકો એની પાસે જે ઈચ્છો તે કરો ! એ બંનેવ તેમને ગરમ થયેલી જગ્યા પર ઘસેડતા ઘસેડતા લાવે છે અને તેમની બંનેવ બાજુ પર ખભાઓ પર ઘંટી મૂકી દે છે અને કહે છે, મુહમ્મદનો ઈન્કાર કરો ! આપ કહે છે, એવું નથી થઈ શકતુ કે દામને મુસ્તફા છોડી આપું ! અને પછી અલ્લાહની તૌહીદનું એલાન કરે છે !



સહાબીઓનો ઈશ્કે રસૂલ

એ અઝાબનો ક્રમ તૂટતો ન હતો. એવામાં ત્યાંથી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પસાર થયા. તેમણે કહ્યું અસ્વદ (કાળા)નું શું કરવા ઈચ્છો છો ? ખુદાની કસમ ! તમે એનાથી બદલો લઈ શકતા જ નથી.

ઉમૈયા બિન ખલફે પોતાના માણસોને કહ્યું, જુઓ ! હુ અબૂબક્રની સાથે એક એવો ખેલ ખેલુ છું કે હજુ સુધી તેમની સાથે આ ખેલ ખેલવામાં નહીં આવ્યો હોય. પછી એ હસીને બોલ્યો, અબૂબક્ર ! તમારું મારી ઉપર કરજ છે તો તમે મારાથી બિલાલને ખરીદી લો ! આપે કહ્યું, હા ! શું લેશો ? તેણે કહ્યું, તમારા ગુલામ નસતાસને આપી દો ! હઝરત અબૂબક્રએ કહ્યું, જો હું તેને આપી દઉં તો તમે બિલાલ મને આપી દેશો ?! તેણે કહ્યું હા ! હઝરત અબૂબક્રએ કહ્યું, મેં એ પ્રમાણે કરી લીધું. પછી તે હસીને બોલ્યો, નહીં ! વલ્લાહ ! અરે ! આપે તેની સાથે તેની પત્નીને પણ આપવી પડશે ! હઝરત અબૂબક્રએ કહ્યું, સારું ! એ પણ ખરું ! પછી તેણે એ જ શરારત કરી કે નહીં ! આપે તેની બીબીની સાથે એની છોકરીને પણ આપવી પડશે ! હઝરત અબૂબક્રએ કહ્યું, એ પણ ખરું ! પછી એ હસીને બોલ્યો, એટલામાં પણ નથી થઈ શકતું ! જ્યાં સુધી કે આપ તેમની સાથે બસો (૨૦૦) દીનાર ન આપો ! હઝરત અબૂબક્રએ કહ્યું, તમને જૂઠ બોલવાથી કોઈ શરમ નથી ! તેણે લાત તથા ઉઝ્ઝાની કસમ ખાઈને કહ્યું ! જો તમે આ બસો દીનાર પણ આપી દેશો તો જરૂર તમારી વાત પૂરી કરીશ. હઝરત અબૂબક્રએ કહ્યું, એ પણ માન્ય છે.

અંતે એ સોદો ઠરે છે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ આટલી મોંઘી કિંમતે હઝરત બિલાલ رضی اللہ عنہને ખરીદીને ખુદાની રઝા (ખુશી) માટે આઝાદ કરી દે છે ! (તહઝીબ, તારીખ દમિશ્ક, પેજ–૩૦૫, ભાગ–૩) હઝરત બિલાલને જંગલી મુસીબતો તથા રંજથી છૂટકારો મળે છે.

## ★ સરકારના બાળ બહાદુર ★

ગાબા મદીના તયબહથી ચાર–પાંચ માઈલ પર એક વસ્તી છે. ત્યાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં કેટલાંક ઊંટ ચરતાં રહેતાં હતાં. કાફિરોના એક ટોળાની સાથે અબ્દુર્રહમાન ફઝારીએ તેમને લૂટી લીધા અને તેમને કતલ કરી દીધા અને ઊંટોને લઈને નાસી છૂટયા. આ લૂટારા લોકો

ઘોડાઓ પર સવાર હતા અને હથિયારોથી સજ્જ હતા. યોગાનુયોગ હઝરત સલમા બિન અકૂઅ رضی اللہ عنہ સવારના સમયે ચાલતા તીર કમાન લઈને ગાબાની બાજુ જઈ રહ્યા હતા એવામાં અચાનક એ લૂંટારાઓ પર નજર પડી. આપ બાળક હતા અને ખૂબ દોડતા હતા. કહે છે કે તેમની દોડની ઝડપ પ્રખ્યાત હતી. એ પોતાની દોડથી ઘોડાઓને પકડી લેતા હતા અને ઘોડાઓ તેમને પકડી શકતા ન હતા. સાથો સાથ જ તીરંદાઝીમાં ઘણા જ પ્રખ્યાત હતા. હઝરત સલમા બિન અકૂઅએ મદીના મુનવ્વરાની તરફ ચહેરો કરીને એક પહાડ પર ચડીને લૂંટનું એલાન કર્યું અને પોતાની પાસે તીર કમાન સાથે હતાં જ. એ લૂંટારાઓની પાછળ દોડવા લાગ્યા ત્યાં સુધી કે તેમની નજીક પહોંચી ગયા અને તીર મારવાનું શરૂ કર્યું અને એવી સ્ફુર્તિથી ચપળતાથી ધડાધડ તીર વરસાવ્યાં કે તે સંખ્યા જાણી અને ચોંકી ઉઠયા. જાતે એકલા હતા અને ચાલતા હતા એટલા માટે જ્યારે કોઈ ઘોડો પાછો ફરીને પીછો કરતો તો કોઈ ઝાડની આડમાં સંતાઈ જતા અને આડમાંથી એના ઘોડાને તીર મારતા જેનાથી એ ઘાયલ થઈ જતો અને એ એવા વિચારથી પાછા જતા કે ઘોડો પડી જશે તો હું પકડાઈ જઈશ. હઝરત સલમા કહે છે કે એ દોડતા જ રહ્યા અને હું પીછો કરતો રહ્યો, ત્યાં સુધી કે જેટલાં ઊંટ તેમણે હુઝૂરનાં લૂંટયા હતાં એ મારી પાછળ થઈ ગયાં, અને તેમનાં તીસ (૩૦) બરછી અને તીસ (૩૦) ચાદરો એ લોકો છોડીને ચાલ્યા ગયા. એટલામાં અય્યાના બિન હસિનની એક જમાઅત મદદના માટે એમની પાસે આવી પહોંચી અને એ લૂંટારાઓને તાકત મળી ગઈ. એ પણ તેમને ખબર પડી કે હું એકલો છું તો તેમના કેટલાક માણસોએ મળીને મારો પીછો કર્યો. હું એક પહાડ પર ચડી ગયો અને તેઓ પણ ચડી ગયા. જ્યારે મારી નજીક આવી ગયા તો મેં કહ્યું કે, જરા થોભો ! પ્રથમ મારી એક વાત સાંભળો ! તમે મને ઓળખો પણ છો કે હું કોણ છું ?! એમણે કહ્યું, બતાવ ! તું કોણ છે ? મેં કહ્યું કે હું ઈબ્નુલ અકૂઅ છું. એ જાતે પાકની કસમ જેણે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈજ્જત આપી, તમારામાંથી કોઈ મને પકડવાનું ઈચ્છે તો નથી પકડી શકતો અને હું તમારામાંથી જેને પકડવાનું ઈચ્છું એ મારાથી હરગિઝ કદી પણ નથી છૂટી શકતો. તેમના વિશે કેમ કે એવી ખ્યાતિ હતી કે ઘણા





જ વધારે ઝડપથી દોડે છે, ત્યાં સુધી કે અરબી ઘોડો પર તેમનો સામનો નથી કરી શકતો એટલા માટે આ દાવો કરવો એ નવાઈ જેવું ન હતું. સલમા કહે છે કે, હું એવી રીતે એમનાથી વાતચીત કરતો રહ્યો અને મારો મતલબ એ હતો કે એ લોકોની પાસે તો મદદ આવી પહોંચી છે, મુસલમાનોની તરફથી મારી મદદ પણ આવી જાય કે હું પણ મદીનામાં એલાન કરીને આવ્યો હતો. મતલબ એમનાથી એવી રીતે હું વાત કરતો રહ્યો અને ઝાડોની વચમાંથી મદીના મુનવ્વરાની બાજુ ધ્યાનથી જોતો હતો કે મને એક ઘોડે સવારોની જમાઅત (ટોળકી) દોડીને આવતી જોવામાં આવી. એમાં બધાથી આગળ અખરમ અસદી હતા. તેમણે આવતાં જ અબ્દુર્રહમાન ફઝારી પર હુમ્લો કર્યો અને અબ્દુર્રહમાને પણ તેમના પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું, તેમણે અબ્દુર્રહમાનના ઘોડા પર હુમ્લો કર્યો અને પગ કાપી નાખ્યા જેનાથી એ ઘોડો પડી ગયો અને અબ્દુર્રહમાને પડતાં પડતાં તેમના પર હુમ્લો કરી દીધો જેનાથી એ શહીદ થઈ ગયા. અને અબ્દુર્રહમાન તરત જ તેમના ઘોડા પર સવાર થઈ ગયો. તેમની પાછળ અબૂ કતાદા હતા, તરત જ તેમણે હુમલો શરૂ કરી દીધો.અબ્દુર્રહમાને અબૂ કતાદાના ઘોડાના પગો પર હુમ્લો કર્યો અને જેનાથી એ પડી ગયા અને પડતાં પડતાં તેમણે અબ્દુર્રહમાન પર હુમ્લો કર્યો જેનાથી એ કપાઈ ગયો અને અબૂકતાદા એ તરત જ તેના ઘોડા પર (જે પહેલા અકરમ અસદીનો હતો અને હવે એના પર અબ્દુર્રહમાન સવાર થઈ ગયો હતો) સવાર થઈ ગયા. *(અબૂદાઊદ)*

## ★ મુજાહિદાના જવાબ ★

મક્કાના કુરૈશીઓએ મુસલમાનોને તકલીફ આપવાના માટે જ્યારે બદરની લડાઈનો પાયો નાખ્યો તો હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામ رضی اللہ عنہم ને ઈર્શાદ ફર્માવ્યો કે, દુશ્મન લડવા માટે તૈયાર છે, કહો ! તમારી શું સલાહ છે ? સહાબાએ કિરામ رضی اللہ عنہم માંથી મુહાજિરોએ જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! આપ એ જ કરો જે વાતનો ખુદાએ આપને હુકમ આપ્યો છે, અમે આપની સાથે છીએ. ખુદાની કસમ ! અમે એવું નહીં કહીએ જેવું કે બની ઈસરાઈલે તેમના પયગમ્બર હઝરત મૂસા علیہ السلام કહ્યું હતું કે જાવ ! તમે અને તમારો

ખુદા બંનેવ લડો ! અમે તો અહીં જ બેઠેલા છીએ ! યા રસૂલલ્લાહ ! અમે હુઝૂરના નામ પર કુર્બાન થઈ જવાના માટે તૈયાર છીએ. અન્સારે કહ્યું, યા રસૂલલ્લાહ ! અમે આપના પર ઈમાન લઈ આવ્યા છીએ, તે ખુદાની કસમ ! જેણે આપને પૈદા કર્યા છે, જો આપ અમને દરિયામાં કૂદવાનું કહેશો તો અમે એમાં કૂદી પડીશું. યા રસૂલલ્લાહ ! આપ અમારાથી સલાહ કેમ માંગો છો ? અમે બેવફાઈ ગદ્દારી કરવાવાળા નથી.

**તઆલલ્લાહ યે શેવા હી નહીં હૈ બા વફાઓંકા,**
**પિયા હૈ દૂધ હમ લોગોંને ઈઝ્ઝતવાલી માઓંકા,**

**નબીકા હુકમ હો તો કૂદ જાએં હમ સમંદરમેં,**
**જહાંકો મહ્‌વ કર દેં નારાએ અલ્લાહુ અકબરમેં**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબીઓનો આ મુજાહિદાના જવાબ મેળવીને ઘણા જ ખુશ થયા. *(તારીખે ઈસ્લામ, મદારેજુન્નબુવ્વત, પેજ–૫૩, ભાગ–૨)*

## ★ હઝરત કઅબની દર્દનાક કહાની ★

ત્રણ સહાબી હઝરત કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમૈયા અને મિરારહ્ બિન રબીયા رضی اللہ عنہم કોઈ ખાસ કારણ વગર આળસ તથા સુસ્તીના તથા કારણે તબૂકની લડાઈમાં સામેલ ન થઈ શકયા. હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ પોતાનો હાલ ઘણા જ લંબાણ પૂર્વક પોતે જ કહે છે કે, હું તબૂકની લડાઈથી પહેલાં કોઈ લડાઈમાં એટલો માલદાર ન હતો જેટલો કે તબૂકના સમયે હતો. એ સમયે મારી પાસે ખૂદ પોતાની બે ઊંટડીઓ હતી. એનાથી પહેલાં મારી પાસે કદી પણ બે ઊંટણીઓ ન હતી. તબૂકની લડાઈના મોકા પર દૂરની સફર હતી અને ગરમી પણ સખત હતી એટલા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચોખ્ખું એલાન કરી દીધું જેથી લોકો તૈયારી કરી લે. છેવટે મુસલમાનોની એટલી મોટી સંખ્યા હુઝૂરની સાથે થઈ ગઈ કે રજિસ્ટરમાં એમનાં નામ લખવાં પણ મુશ્કેલ હતાં અને મજમાના વધારાના કારણે કોઈ વ્યકિત જો સંતાઈ જવાનું ઈચ્છે કે હું ન જાઉં તો ખબર ન પડે ! તો થઈ શકતું હતું. એની સાથે જ ફળો એકદમ પાકી રહ્યાં હતાં. હું પણ સફરના સામાનની તૈયારીનો વિચાર સવારથી જ



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

કરતો પણ સાંજ થઈ જતી અને કોઈ પ્રકારની તૈયારી કરવાની વારી ન આવી. હું મારા દિલમાં વિચાર કરતો કે મારી પાસે માલ તૈયાર છે, જયારે પાકો વિચાર કરીશ તો તૈયારી તરત થઈ જશે. એવી રીતે કેટલાય દિવસો પસાર થતા ગયા, ત્યાં સુધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રવાના પણ થઈ ગયા, અને મુસલમાન આપની સાથે સાથે હતા. પણ મારો સફરનો સામાન તૈયાર ન થયો. પછી મને એ વિચાર રહ્યો કે બે દિવસમાં તૈયાર થઈને લશ્કરને જઈને મળી જઈશ. એવી રીતે આજ કાલ પર ટાળતો રહ્યો, ત્યાં સુધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તબૂક પહોંચી જવાનો સમય આવી ગયો. એ સમયે મેં કોશિશ પણ કરી પણ સામાન ન થઈ શકયો. હવે જયારે મદીનામાં આજુબાજુ જોઉં છું તો માત્ર એ જ લોકો મળે છે જેના ઉપર મુનાફિકનો બુરો ડાઘ લાગેલો હતો, અથવા જેઓ મજબૂર હતા. આ બાજુ હુઝૂરે તબૂક પહોંચીને પૂછયું, કઅબ નજરમાં નથી આવતા ! શું વાત છે ? એક સાહબે કહ્યું, યા રસૂલલ્લાહ ! એને માલ તથા જાહોજલાલીના ગર્વએ રોકયો. હઝરત મઆઝે કહ્યું કે, ખોટું કહ્યું ! અમે જયાં સુધી જાણીએ છીએ તે સારા માણસ છે. પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તદ્દન શાંતિ રાખી અને કોઈ ઈર્શાદ ન ફર્માવ્યો, ત્યાં સુધી કે થોડાક દિવસોમાં હુઝૂરના પાછા ફરવાની ખબર સાંભળી, તો મને રંજ અને ગમ થયો અને ફિકર થવાની ચાલુ થઈ ગઈ. દિલમાં જૂઠાં જૂઠાં બહાનાં આવતાં હતાં કે તે સમયે બનાવટી બહાનું કાઢીને જાન છોડાવી લઉં. પછી સમજદાર અકલમંદથી ચર્ચા કરતો રહ્યો, પણ જયારે મને ખબર પડી કે હુઝૂર તશરીફ લઈ જ આવ્યા, તો મારા દિલે નક્કી કર્યુ કે સાચું બોલ્યા વગર કોઈ વાતથી છૂટકારો મળવાનો નથી. અને મેં સાચે સાચું બોલવાનું નક્કી કરી લીધું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આદત હતી કે જયારે સફરથી પાછા તશરીફ લાવતા તો પહેલા મસ્જિદમાં તશરીફ લઈ જતા અને બે રકાત તહીય્યતુલ મસ્જિદ પઢતા અને ત્યાં થોડીક વાર તશરીફ રાખતા કે લોકોથી મુલાકાત થાય. છેવટે આદત મુજબ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા તો મસ્જિદમાં ગયા અને ત્યાં જ બેસી રહ્યા અને મુનાફિક લોકો આવીને જૂઠાં જૂઠાં બહાનાં બતાવતા રહ્યા અને કસમો ખાતા રહ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમના જાહેર હાલને કબૂલ કરતા રહ્યા. એટલામાં હું પણ હાજર થયો અને સલામ

કરી. હુઝૂરે નારાજગીના અંદાજમાં સ્મિત કર્યું અને મોં ફેરવી લીધું. મેં કહ્યું, યા નબી અલ્લાહ ! આપે મોઢું કેમ ફેરવી લીધું ? ખુદાની કસમ ! હું ન મુનાફિક છું ન મારા ઈમાનમાં કોઈ તબદીલી થઈ છે. ઈર્શાદ ફર્માવ્યો કે અહીંયાં આવો ! નજીક જઈને બેસી ગયો. હુઝૂરે કહ્યું, તને કઈ ચીજે રોકયો ? મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! જો હું કોઈ દુનિયાદારની પાસે આ સમયે હોત તો મને વિ□ાસ છે કે હું એના ગુસ્સાથી કોઈને કોઈ વાત બનાવીને છૂટકારો મેળવી લેત ! કેમ કે મને વાત ઘડવાની રીત અલ્લાહે આપી છે. પરંતુ યા રસૂલલ્લાહ ! આપના વિશે મને ખબર છે કે આપની સામે જૂઠ નથી ચાલી શકતું, યા રસૂલલ્લાહ! બેશક ! આપને ગુસ્સો આવી રહ્યો છે, પરંતુ નજીક છે કે ખુદાની ઝાતેપાક આપના ગુસ્સાને ઠંડો કરી દેશે. હુઝૂર ! હું સાચુ કહું છું કે વલ્લાહ ! મારે કોઈ કારણ ન હતું ! અને જેવો નવરાશ (કામ વગરનો) અને માલવાળો હું એ સમયમાં હતો કોઈ સમયમાં પણ એનાથી પહેલાં ન થયો હતો. હુઝૂરે કહ્યું, તેણે સાચું કહ્યું ! પછી કહ્યું કે, સારું ઉઠી જાવ ! તમારો ફેંસલો હક તઆલા ખૂદ ફર્માવશે ! હું ત્યાંથી ઉઠયો તો મારી કોમના ઘણા જ લોકોએ મારાથી નારાજગી વ્યકત કરી કે તેં આનાથી પહેલાં કદી કોઈ ગુનોહ (પાપ) ન કર્યો હતો, જો તુ કોઈ બહાનુ કાઢીને હુઝૂરથી ઈસ્તિગફાર (માફી) નું કહેતો તો હુઝૂરનું માફી આપવું તારા માટે પૂરતુ હતું. મેં તેમને પૂછયું કે કોઈ બીજો પણ એવો છે જેની સાથે આ રીતે બન્યું હોય ? લોકોએ ખબર આપી કે બે માણસોની સાથે આવો બનાવ થયો છે કે તેમણે પણ આવી જ વાતો કરી, જે તેં કરી અને આ જ જવાબ એમને પણ મળ્યો છે, જે તને મળ્યો છે, એક હિલાલ બિન ઉમૈયા અને બીજા મિરારહ્ બિન રબીઆ. મેં જોયું કે બંનેવ નેક વ્યકિત જેઓ બંનેવ બદરી છે તેઓ પણ મારી જેમ છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેવથી બોલવાની પણ મના કરી દીધી કે કોઈ વ્યકિત અમારાથી વાતચીત ન કરે. હવે સહાબાએ કિરામ رضی اللہ عنہم એ એના પર અમલ એવી રીતે કર્યો કે કઅબ કહે છે કે હુઝૂરના ના કહેવા પર લોકોએ અમારાથી બોલવાનું છોડી દીધું અને અમારાથી અલગ થઈ ગયા. જાણે દુનિયા જ બદલાઈ ગઈ ! ત્યાં સુધી કે જમીન પોતાની લંબાઈ છતાં પણ અમને ટૂંકી જણાવા લાગી. બધા લોકો





અજાણ જણાવા લાગ્યા, દરો દીવાર અજાણી બની ગઈ. મને બધાથી વધારે ચિંતા એ વાતની હતી કે હું આ પરિસ્થિતમાં મુત્યુ પામ્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જનાઝાની નમાઝ પણ નહીં પઢે અને ખુદા ન કરે હુઝૂરનો વિસાલ શરીફ થઈ ગયો તો હું હમેશાં હમેશાંના માટે આવો જ રહી જઈશ ! ન કોઈ મારાથી વાત કરશે ન મારી નમાઝે જનાઝા પઢશે ! કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદની વિરૂધ્ધ કોણ કરી શકે છે ?! મતલબ અમે ત્રણેવ પચાસ દિવસ આ જ પરિસ્થિતિમાં પસાર કર્યા. મારા બંનેવ મિત્રો શરૂઆતથી જ ઘરોમાં સંતાઈને બેસી ગયા. હું બધામાં મજબૂત હતો, ચાલતો, ફરતો, બજારમાં જતો, નમાઝમાં સામેલ થતો, પણ મારાથી કોઈ વાત ન કરતું. હુઝૂરની મજલિસમાં હાજર થઈને સલામ કરતો અને ઘણા જ ધ્યાનથી વિચાર કરતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના લબ મુબારક (હોઠ મુબારક) જવાબના માટે હાલ્યા કે નહીં ? નમાઝ પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજીકમાં ઉભા થઈને નમાઝ પૂરી કરતો અને ત્રાંસી આંખે જોતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મને જુએ પણ છે કે નથી જોતા ?! જ્યારે હું મશગૂલ (ધ્યાનિષ્ઠ) હોઉં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મને જોતા અને જ્યારે હું એ બાજુ ધ્યાન આપતો તો (એ તરફ જોતો તો) હુઝૂર મોઢું ફેરવી લેતા અને મારી તરફથી ફરી જતા. મતલબ આ જ પરિસ્થિતિ પસાર થતી રહી અને મુસલમાનોનું વાતચીત બંધ કરી દેવાનું મારા પર ઘણું જ ભારી થઈ ગયું તો હું અબૂકતાદાની દીવાલ પર ચઢયો. એ મારા સંબધમાં કાકાના દીકરા હતા અને તેમના મારાથી સંબંધ પણ ઘણા જ વધારે હતા. મેં ઉપર ચઢીને સલામ કરી તો તેમણે પણ સલામનો જવાબ ન આપ્યો ! મેં તેમને કસમ આપીને પૂછયું કે તમને ખબર નથી કે મને અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી મહોબ્બત છે ? તેમણે મને જવાબ ન આપ્યો. મેં તેમને બીજી વખત કસમ આપી અને પૂછયું, એ પછી પણ ચૂપ જ રહ્યા. મેં ત્રીજી વખત કસમ આપીને પૂછયું તો તેમણે માત્ર એટલું જ કહ્યું, ''અલ્લાહ જાણે અને એના રસૂલ !'' આ વાત સાંભળીને મારી આંખોમાંથી આંસૂંઓ નીકળી પડયાં અને હું ત્યાંથી પાછો આવ્યો. એ જ દરમિયાનમાં એક વખત મદીનાના બજારમાં જઈ રહ્યો હતો કે એક કિબ્તીને જે નસરાની હતો અને શામથી મદીનાના મુનવ્વરા પોતાના

ઘરખર્ચનો સામાન ખરીદ કરવા આવ્યો હતો તેને એવું કહેતાં સાંભળ્યો કે કોઈ કઅબ બિન માલિકની ઓળખ આપો. લોકોએ તેને મારી તરફ ઈશારો કરીને બતાવ્યું તો એ નસરાની મારી પાસે આવ્યો અને ગસ્સાનના કાફિર બાદશાહનો પત્ર મને લાવીને આપ્યો. એમાં લખેલું હતું કે અમને ખબર થઈ છે કે તમારા આકાએ તમારા પર જુલમ કર્યો છે તમને અલ્લાહ બેઈજ્જતીની જગા પર ન રાખે અને બેકાર ન કરે, તમે અમારી પાસે આવી જાવ ! અમે તમારી મદદ કરીશું ! હઝરત કઅબ બિન માલિક કહે છે કે મેં એ પત્રને વાંચીને **ઈન્નાલિલ્લાહિ...** પઢયું કે મારી પરિસ્થિતિ ત્યાં સુધી આવી ગઈ કે કાફિર પણ મારામાં તમન્ના કરવા લાગ્યા ! અને મને ઈસ્લામથી ખસેડવાની યુકિતઓ થવા લાગી છે ! આ એક બીજી મુસીબત આવી અને આ પત્રને મેં એક ભઠ્ઠીમાં ફૂંકી નાખ્યો, અને હુઝૂરથી જઈને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! હવે આપની નારાજગીના કારણે કાફિર પણ મારામાં તમન્ના કરવા લાગ્યા ! આ જ પરિસ્થિતિમાં અમારા પર ચાલીસ દિવસ પસાર થયા હતા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કાસિદ (સંદેશા વાહક) મારી પાસે હુઝૂરનો એ ઈર્શાદ લઈને આવ્યો કે પોતાની પત્નીને પણ છોડી દો ! મેં પૂછયું કે શું મતલબ છે ? એને તલાક આપી દઉં ?! કહ્યું, નહીં ! પરતું તેણીથી એકલા અલગ રહો. અને મારા બે મિત્રોની પાસે પણ એ જ કાસિદ મારફત એ જ હુકમ પહોંચ્યો. મેં મારી પત્નીને કહી દીધું કે તું તારા પિયરમાં જતી રહે, જ્યાં સુધી અલ્લાહ તઆલા આ વાતનો ફેંસલો ન ફર્માવે, ત્યાં જ રહજે. હિલાલ બિન ઉમૈયાની પત્ની હુઝૂરની ખિદમતમાં હાજર થયાં અને કહ્યું, યા રસૂલલ્લાહ ! હિલાલ એકદમ ઘરડા વ્યકિત છે, કોઈ ખબર રાખવાવાળુ નહીં હશે તો બરબાદ થઈ જશે ! જો તમે રજા આપો તો હું થોડુંક કામકાજ એમનું કરી દીધા કરું. હુઝૂરે કહ્યું, સારું ! એ વાતની તને રજા છે પણ નજદીકી ન હોય. તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! એ વાતની તરફ તો તેમને લગાવ જ નથી. જે દિવસથી આ બનાવ પેશ આવ્યો છે આજ સુધી તેમનો સમય રડવામાં જ પસાર થઈ રહ્યો છે. હઝરત કઅબ કહે છે કે આ પરિસ્થિતિમાં બીજા દસ દિવસ પસાર થયા કે અમારાથી વાતચીત મેળમિલાપ છૂટયાને આખા પચાસ દિવસ થઈ ગયા. પચાસમાં દિવસે સવારની નમાઝ મારા ઘરની





છત પર પઢીને ઘણો જ ગમમાં બેઠો હતો. જમીન મારા પર એકદમ તંગ હતી અને જિંદગી અતિ કઠિન થઈ ગઈ હતી. એવામાં સલઅ પહાડની ટોચ પરથી એક જોરથી એલાન કરવાળાએ બૂમો પાડી કે, કઅબ ! ખુશખબરી તમને ! હુ આટલું જ સાંભળીને સજદામાં પડી ગયો અને ખુશીના લીધે રડવા લાગ્યો અને સમજ્યો કે તંગી દૂર થઈ ગઈ ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સવારની નમાઝ પછી અમારી માફીનું એલાન કર્યું, જેને લઈને એક વ્યકિતએ પહાડ પર ચઢીને જોરથી બૂમો પાડી જે બધાં પહેલાં પહોંચી ગઈ. એના પછી એક ભાઈ ઘોડા પર સવાર દોડતા આવ્યા, મેં મારા પહેરવાનાં કપડાં એ ખુશખબર આપનારને ભેટ તરીકે આપ્યાં અને પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં હાજર થયો, એવી રીતે મારા બે મિત્રોની પાસે પણ ખુશખબરી લઈને લોકો ગયા. હું જ્યારે મસ્જિદે નબવીમાં ગયો તો એ લોકો જે ખિદમતે અકદસમાં હાજર હતા તેઓ મને મુબારકબાદ આપવા માટે દોડયા અને બધાથી પહેલાં અબૂ તલ્હાએ આગળ વધીને મુબારકબાદ આપી અને મુસાફો કર્યો, જે હમેશાં જ યાદ રહેશે. જેવી હુઝૂરની બારગાહમાં જઈને સલામ કરી તો ચેહરએ અનવર ખીલી રહ્યો હતો અને ખુશીની ચમક ચહેરા મુબારકથી જાહેર થઈ રહી હતી. મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી તૌબાની પૂર્ણતા એ જ છે કે મારી જેટલી મિલ્કત છે એ બધી અલ્લાહના રસ્તામાં સદકો છે ! (એટલા માટે કે આ ઈમારત તથા દોલતમંદી જ એ મુસીબતનું કારણ બની હતી.) હુઝૂરે કહ્યું કે એમાં તંગી થશે, થોડોક ભાગ પોતાની પાસે પણ રહેવા દો. મેં કહ્યું, સારું ! થોડોક ભાગ મારી પાસે પણ રહેવા દેવામાં આવે. મને સચ્ચાઈએ જ છૂટકારો આપ્યો એટલા માટે મેં વાયદો કર્યો કે હમેશાં સાચુ જ બોલીશ. *(બુખારી શરીફ, પેજ-૬૭૫, ભાગ-૨, દુર્રે મન્શૂર, ફતહુલ્ બારી, રૂહુલ બયાન)*

## ★ ફારૂકે આઝમનો ફેંસલો ★

હુઝૂરના ખિલાફત કાળમાં એક યહૂદી અને એક મુનાફિકમાં કોઈ વાતમાં ઝઘડો થઈ ગયો યહૂદી ઈચ્છતો હતો કે કોઈ પણ રીતે હું એને મુસ્તફાની ખિદમતમાં લઈ જાઉં. છેવટે એ કોશિશ કરીને

એને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહે અદાલતમાં લઈને આવ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બનાવ સાંભળીને ફેંસલો યહૂદીના હકમાં આપી દીધો. એ મુનાફિક યહૂદીને કહેવા લાગ્યો કે હું તો ઉમરની પાસે તને લઈ જઈશ અને તેમનો ફેંસલો કબૂલ કરીશ. યહૂદી બોલ્યો, અજબ ઊલ્ટો માણસ છે ! કોઈ મોટી અદાલતમાંથી નાની અદાલતમાં પણ જતુ હોય ! જ્યારે તમારા પયગંબર મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ફેંસલો આપી ચૂકયા તો હવે ઉમરની પાસે જવાની શું જરૂરત છે ? પણ એ મુનાફિક ન માન્યો અને એ યહૂદીને લઈને હઝરત ઉમરની પાસે આવ્યો અને હઝરત ઉમરથી ફેંસલો મેળવવા લાગ્યો. યહૂદી બોલ્યો, જનાબ ! પહેલાં એક વાત સાંભળી લેશો કે અમે આ પહેલાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફેંસલો લઈને આવ્યા છીએ અને તેમણે મારા હકમાં ફેંસલો આપ્યો છે પણ આ વ્યકિત એ ફેંસલો પર સંતોષી નથી ! અને હવે અહીંયા આપની પાસે આવી પહોંચ્યા છીએ. હઝરત ઉમર رضی اللہ عنہ એ આ વાત સાંભળી તો મુનાફિકને પૂછયું, શું યહૂદી જે કાંઈ કહી રહ્યો છે તે સાચુ છે ? મુનાફિકે કહ્યું, હા ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એના હકમાં ફેંસલો કરી ચૂકયા છે. તો ફારૂકે આઝમે કહ્યું કે, સારું ! થોભો ! હું હમણાં આવું છું અને અત્યારે તમારો ફેંસલો કરું છું ! એવું કહીને આપ અંદર ગયા અને પછી એક તલવાર લઈને આવ્યા અને એ મુનાફિકની ગરદન પર એવું કહીને મારી કે, જે હુઝૂરનો ફેંસલો ન માને એનો ફેંસલો આ છે !

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી આ વાત પહોંચી તો આપે તેમને બોલાવ્યા. હઝરત ઉમરે જણાવ્યું કે, યા રસૂલલ્લાહ ! જે આપના ફેંસલાને ન માને તે મોમિન નથી હોઈ શકતો. હુઝૂરે કહ્યું, સાચે જ ઉમરની તલ્વાર કોઈ મોમિન પર નથી ઉઠતી. પછી અલ્લાહ તઆલાએ આ આયત પણ નાઝિલ ફર્માવી દીધી :–

**(અર્થ)** : તારા રબની કસમ ! એ લોકો કદી પણ મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી તમને અય અલ્લાહના રસૂલ ! પોતાના હકમ ન માને અને તમારો ફેંસલો સ્વીકારી ન લે." *(તારીખુલ્ ખુલફા, પેજ–૮૮)*





## ★ ઉમરની તલ્વાર અને મામાનું માથું ★

જંગે બદરમાં હઝરત ઉમર رضی اللہ عنہ ના સગા મામા આસ બિન હેશામ બિન મુગીરહ ગુસ્સામાં આવીને જંગ માટે મેદાનમાં નીકળ્યા. ફારૂકે આઝમે આગળ વધીને સામનો કર્યો અને ભાણીયાએ તે મામાના માથા પર એવી તલ્વાર મારી કે માથાને કાપતી જડબા સુધી ઉતરી ગઈ ! અને ફારૂકે આઝમે કયામત સુધીના લોકોને દેખાડી દીધું કે કુટુંબ અને સગાઈઓ એ બધું જ મહબ્બતે રસૂલ પર કુર્બાન છે.

## ★ દીકરાની તલ્વાર બાપનું માથું ★

સ.હિ. ૫ માં બનુ અલ મુસ્તલિકની પ્રખ્યાત લડાઈ થઈ એમાં એક મુહાજિર અને એક અન્સારીની અંદરો અંદર લડાઈ થઈ ગઈ. નજીવી વાત હતી પણ વાત વધી ગઈ. એક બીજાએ પોત પોતાની કૌમથી એક બીજાની વિરૂધ્ધમાં મદદ ઈચ્છી અને બે ભાગ થઈ ગયા. નજીકમાં જ હતું કે એકબીજાને લડાઈ થઈ જશે પણ અમુક લોકોએ વચમાં પડીને સમાધાન કરાવી દીધું. અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકોનો સરદાર અને મુસલમાનોનો સખત વિરોધી હતો. પણ પોતે ઈસ્લામ જાહેર કરતો હતો એટલા માટે એની સાથે વિરોધી જેવો વર્તાવ કરવામાં આવતો ન હતો અને એ જ પ્રમાણે તે સમયે મુનાફિકની સાથે સામાન્ય વર્તાવ થતો હતો. તેને જ્યારે આ વાતની ખબર થઈ તો તેણે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં બેઅદબીવાળા શબ્દો કહ્યા અને પોતાના મિત્રોને સંબોધીને કહ્યું કે, આ સર્વ કાંઈ તમારું પોતાનું કરેલું છે, તમે જ એ લોકોને તમારા શહેરોમાં જગા આપી, માલોને એમના વચમાં અડધો અડધો વહેંચી દીધો, જો તમે એ લોકોની મદદ કરવાનું છોડી દો તો અત્યારે જ બધા ચાલ્યા જાય. અને એ પણ કહ્યું કે ખુદાની કસમ ! જો અમે મદીના પહોંચી ગયા તો અમે ઈજ્જતવાળા મળીને એ બેઈજ્જત લોકોને ત્યાંથી કાઢી મૂકીશું. હઝરત ઝયદ બિન અરકમ નાની વયના બાળક હતા તે ત્યાં હાજર હતા. આ સાંભળીને સહન ન કરી શકયા. કહેવા લાગ્યા, ખુદાની કસમ ! તું બેઈજ્જત છે ! તું તારી કૌમમાં પણ ત્રાંસી નજરોથી જોવામાં આવે છે ! તારું કોઈ મદદગાર નથી ! અને મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતવાળા

છે ! રહમાનની તરફથી પણ ઈજ્જત આપવામાં આવે છે અને પોતાની કૌમમાં પણ ઈજ્જતવાળા છે. અબ્દુલ્લાહ બિન ઉબયે કહ્યું, આ તો ચોંટી પડયો ! હું તો આમ જ મઝાકમાં, ગમ્મતમાં કહી રહ્યો હતો ! પણ હઝરત ઝયદે જઈને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને નકલ કરી દીધું. હઝરત ઉમરે દરખાસ્ત પણ કરી કે એ કાફિરની ગરદન ઉડાવી દેવામાં આવે, પણ હુઝૂરે રજા ન આપી. અબ્દુલ્લાહ બિન ઉબયને જ્યારે એની ખબર થઈ કે હુઝૂર સુધી આ વાત પહોંચી ગઈ છે, તો ખિદમતમાં હાજર થઈને જૂઠી કસમો ખાવા લાગ્યો કે મેં એવો કોઈ શબ્દ નથી કહ્યો ! ઝયદે જૂઠ નકલ કરી દીધું છે ! અન્સારના પણ થોડાક લોકો ખિદમતમાં હાજર હતા તેમણે પણ તરફદારી કરી કે યા રસૂલલ્લાહ ! અબ્દુલ્લાહ કૌમનો સરદાર છે ! મોટો માણસ ગણવામાં આવે છે ! એક બાળકની વાત એના મુકાબલામાં સાચી માનવાને લાયક નથી ! બની શકે છે કે સાંભળવામાં કાંઈ ભૂલ થઈ હોય. હુઝૂરે તેનું બહાનું માની લીધું. હઝરત ઝયદને જ્યારે એની ખબર થઈ કે તેણે જૂઠી કસમોથી પોતાને સાચો સાબિત કરી દીધો અને ઝયદને જૂઠલાવી દીધો ! તો શરમના કારણે બહાર નીકળવાનું છોડી દીધું. છેવટે સૂરએ મુનાફિકૂન નાઝિલ થઈ જેનાથી હઝરત ઝયદની ઈજ્જત માનવાવાળા અને વિરોધી બધાંની નજરોમાં વધી ગઈ, અને અબ્દુલ્લાહ બિન ઉબયનો કિસ્સો પણ બધાં સમક્ષ જાહેર થઈ ગયો. અબ્દુલ્લાહ બિન ઉબયના છોકરાનું નામ પણ અબ્દુલ્લાહ હતું અને ઘણા જ પાકા મુસલમાન અને સાચા આશિકે રસૂલ હતા. લડાઈથી પાછા ફરતી વખતે મદીના મુનવ્વરાથી બહાર તલ્વાર ખેંચીને ઊભા થઈ ગયા અને બાપને કહેવા લાગ્યા, ત્યાં સુધી મદીનામાં પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એને કબૂલી ન લે કે, તું બેઈજ્જત છે અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પ્યારા છે, ઈજ્જતદાર છે. તેને ઘણી જ નવાઈ લાગી ! કેમ કે આપ હમેશાં બાપની સાથે નેકીનો વર્તાવ કરવાવાળા હતા, પણ હુઝૂરના મુકાબલામાં બાપની કોઈ ઈજ્જત તથા મુહબ્બત દિલમાં ન રહી ! છેવટે તેણે લાચાર થઈને માની લીધું કે, વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતદાર છે. એના પછી મદીનામાં પ્રવેશી શકયો. *(તારીખે ખમીસ વગેરે)*





એ જ રીતે જંગે બદરમાં કાફિરોનો સિપેહ સાલાર ઉતબા બિન રબીઆ જ્યારે મેદાનમાં નીકળ્યો તો એના ફરઝંદ હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ તલ્વાર ખેંચીને તેના સામનામાં નીકળ્યા. પણ રહમતે આલમે એને પસંદ ન કર્યું કે બેટાની તલ્વાર બાપના લોહીથી રંગીન બની જાય, એટલા માટે અબૂ હુઝૈફાને સામનો કરવાથી હટાવી લેવામાં આવ્યા અને ઉત્બહ બિન રબીઆ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની તલ્વારથી કપાઈ ગયો.

## ★ બાપ નાપાક ! પથારી પાક ! ★

ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ના પિતા અબૂ સુફયાન સુલહે હુદૈબિયાના સમયમાં મદીના આવ્યા. પોતાની દીકરીને મળવા ગયા અને પથારી પર બેસવા લાગ્યા તો બીબી ઉમ્મે હબીબાએ પથારી સમેટી લીધી અને કહ્યું કે, આ અલ્લાહના હબીબની પાક પથારી છે અને તમે મુશ્રિક હોવાને કારણે નાપાક છો, એટલા માટે તમે આ બિસ્તરે નબુવ્વત પર નથી બેસી શકતા ! અબૂ સુફયાનને ઘણો જ રંજ થયો પણ હઝરત ઉમ્મે હબીબાના દિલમાં જે ઈજ્જત તથા મહબ્બતે રસૂલ હતી એના કારણે એ કેવી રીતે સહન કરી શકતાં હતાં કે બિસ્તરે નબુવ્વત પર એક મુશ્રિક બેસે ! અલ્લાહુ અકબર ! હઝરત ઉમ્મે હબીબાએ પોતાના બાપની ઈજ્જત તથા મહોબ્બતને મહબ્બતે રસૂલ પર કુર્બાન કરી દીધી કેમ કે એ જ ઈમાનની શાન છે કે બાપ છૂટી જાય તો છૂટી જાય પણ અઝમતે મુસ્તફા અને મહબ્બતે રસૂલનો દામન ન છૂટવો જોઈએ.

## ★ મેદાને જંગે ઓહદમાં સહાબીઓની જાનની કુર્બાની ★

(૧) **હઝરત અલી :–** ગઝવએ ઓહદમાં મુસલમાનોને થોડીક હારનો સામનો થયો એ સમયે મુસલમાન ચારે બાજુથી કાફિરોથી ઘેરાઈ ગયા, મુસીબતમાં ફસાઈ ગયા. જેના કારણે ઘણા જ લોકો શહીદ પણ થઈ ગયા અને કેટલાક ભાગી છૂટયા.

નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ કાફિરોના એક ટોળાની અંદર ઘેરાઈ

ગયા અને કાફિરોએ એવું ફેલાવી દીધું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم શહીદ થઈ ગયા.

સહાબાએ કિરામ رضی اللہ عنہم આ ખબરથી ઘણા જ ચિંતામય હતા અને એ કારણથી કેટલાય નાસી પણ છૂટયા અને આજુબાજુ વહેંચાઈ ગયા.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم કહે છે કે જયારે કાફિરોએ મુસલમાનોને ઘેરી લીધા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મને દેખાતા બંધ થઈ ગયા તો મેં તેમને પ્રથમ જીવતા લોકોમાં શોધ્યા, ન જોયા પછી શહીદોમાં જઈને શોધ્યા, ત્યાં પણ ન જોયા તો મેં મારા દિલમાં કહ્યું કે એવું તો નથી બની શકતુ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم લડાઈથી નાસી છૂટે ! જાહેરમાં હક તઆલા અમારા અમલોના કારણે કરતૂતોના કારણે અમારા પર નારાજ થયો એટલા માટે પોતાના પાક રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આસમાન પર ઉઠાવી લીધા. એટલા માટે હવે એનાથી વધીને કોઈ વાત નથી કે હું તલ્વાર લઈને કાફિરોના ટોળમાં ઘૂસી જાઉં ત્યાં સુધી કે શહીદ થઈ જાઉં. મેં તલ્વાર લઈને હુમ્લો કર્યો, ત્યાં સુધી કે કાફિરો વચમાંથી હટવા લાગ્યા. મારી નજર હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર પડી ગઈ તો હદ વગરની ખુશી થઈ અને હું સમજયો કે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓની મદદથી પોતાના મહબૂબની હિફાઝત કરી. હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે જઈને ઊભો થઈ ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું, અલી ! આ લોકોને રોકો ! મેં એકલાએ એ જમાઅતનો સામનો કર્યો અને એમનાં મોઢાં ફેરવી દીધાં અને અમુક લોકોને કાપી નાખ્યા. એના પછી બીજી એક જમાઅત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર હુમ્લો કરવા માટે આગળ વધી. આપે ફરી હઝરત અલીની તરફ ઈશારો કર્યો, તેમણે ફરી એકલાએ એ જમાઅતનો સામનો કર્યો. એના પછી હઝરત જિબ્રઈલે આવીને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની આ બહાદુરી અને મદદનાં વખાણ કર્યાં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઈન્નહુ મિન્ની વ ઈન્ના મિન્હુ. ''બેશક ! અલી મારાથી છે અને હું અલીથી છું'' એટલે ઈત્તેહાદના કમાલની તરફ ઈશારો કર્યો, તો હઝરત જિબ્રઈલે કહ્યું, વઅના મિનકુમા, ''અને હું તમારા બંનેવમાંથી છું.''

**(૨) ગસીલુલ્ મલાઇકા** :– જંગે ઉહદના દિવસોમાં હન્ઝલા બિન અબી આમિર رضی اللہ عنہ ની શાદી થઈ હતી. જે રાતે આપ પોતાની





દુલ્હનને નિકાહ કરીને લાવ્યા હતા એ રાતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફથી એલાન કરવામાં આવ્યું કે મક્કાના કાફિરો મદીના મુનવ્વરા પર હુમ્લો કરવાના છે એમના સામના માટે જંગના મેદાનમાં ચાલો ! હઝરત હન્ઝલા رضی اللہ عنہ નવજવાન હતા છતાં અને શાદીની પહેલી રાત હતી તો પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફથી જેહાદનું એલાન સાંભળીને બધું જ ભૂલી ગયા ! અને પોતાની દુલ્હનને પણ નઝર અંદાઝ કરીને જાણે આ શેર પઢતા હતા કે :–

**સબસે બેગાના રહે યાર વ શનાસા તેરા**
**હૂર પર આંખ ન ડાલે કભી શયદા તેરા**

જેહાદના મેદાનમાં જવા માટે ઉઠીને ઊભા થયા અને એ ખ્યાલમાં ડૂબેલા આલમમાં આપને પોતાને ગુસ્લ કરવાની હાજત પણ યાદ ન રહી ! એ જ હાલતમાં જંગના મેદાનમાં ચાલ્યા ગયા અને એ જ દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે શહીદ પણ થઈ ગયા. જયારે લડાઈ પૂરી થઈ તો શહીદોની લાશો ભેગી કરવાનો નબવી હુકમ થયો, બધી લાશો મળી ગઈ પણ હઝરત હન્ઝલાની લાશ મુબારક ન મળી. એકાએક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આસમાનની તરફ નિગાહ ઉઠાવીને ધ્યાન આપ્યું તો જોયું અને ફર્માવ્યું કે હઝરત હન્ઝલા رضی اللہ عنہ ની લાશને ફરિશ્તાઓ ઉપર લઈ જઈને એક નૂરાની તખ્તા પર સૂવડાવીને રહમતના પાણીથી ગુસ્લ આપી રહ્યા છે. એ દિવસથી આપનો લકબ 'ગસીલુલ્ મલાએકા' થયો. (મવાહિબે લદુન્નિયહ, પેજ–૯૪, ભાગ–૧, સચ્ચી હિકાયત,દોમ)

**(૩) શહાદતનો શોખ** :– હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ એ ગઝવએ ઓહદમાં હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ થી કહ્યું કે અય સઅદ ! આવો ! સાથે મળીને દુઆ કરીએ. દરેક વ્યકિત પોતાની જરૂરત પ્રમાણે દુઆ કરે અને બીજા આમીન કહે. પછી બંનેવ હઝરાતે એક ખૂણામાં જઈને દુઆ કરી. પ્રથમ હઝરત સઅદે દુઆ કરી :– યા અલ્લાહ ! જયારે કાલે લડાઈ થાય તો મારા મુકાબલામાં એક મોટા બહાદુરને નક્કી કરજે. હું એને તારા રસ્તામાં કાપી નાખું. હઝરત અબ્દુલ્લાહએ આમીન કહ્યું, એના પછી હઝરત અબ્દુલ્લાહે દુઆ કરી :–

હે અલ્લાહ ! કાલે જંગના મેદાનમાં એક બહાદુરથી મુકાબલો કરાવ ! જે સખત હુમલાવાળો હોય. હું તેના પર સખત રીતે હુમ્લો કરું, તે પણ મારા પર જોરથી હુમ્લો અને હું ઘણા જ લોકોને કાપીને પછી પોતે પણ શહીદ થઈ જાઉં, અને શહીદ થયા પછી કાફિર મારા નાક કાન કાપી લે ! પછી કયામતમાં જ્યારે તારી સામે પેશ કરવામાં આવું તો તું ફર્માવે, અબ્દુલ્લાહ ! તારા નાક, કાન શા માટે કાપવામાં આવ્યાં ? તો હું કહું, યા અલ્લાહ ! તારા અને તારા રસૂલના રસ્તામાં કાપવામાં આવ્યાં ! પછી તું કહે કે સાચુ છે ! મારા જ રસ્તામાં કાપવામાં આવ્યાં ! હઝરત સઅદે આમીન કહ્યું, બીજા દિવસે લડાઈ થઈ તો બંનેવ હઝરતની દુઆઓ એવી રીતે કબૂલ થઈ જેવી રીતે માંગી હતી. *(કન્ઝુલ ઉમ્માલ, અસદુલ ગાબા વગેરે)*

## ★ રસૂલના કદમોમાં શહાદત ★

**(૪)** જંગે ઓહદની હલચલ અને ઘમસાણમાં જ્યારે માહે રિસાલતને કાફિરોના વાદળના દળે ઘેરી લીધા અને એ સમયે સૈયદુલ મહબૂબીનએ એલાન કર્યુ કે, કોણ મારા પર જાન આપે છે ! તો હઝરત ઝયાદ બિન સકિન થોડાક અન્સારીઓને લઈને આ ખિદમત અદા કરવા માટે આગળ વધ્યા. દરેકે બહાદુરીથી લડતાં લડતાં પોતાની જાન કુર્બાન કરી દીધી. પણ એક ઘા પણ રહમતે આલમને લાગવા ન દીધો ! અને ઝયાદ બિન સકિનને એ મોકો નસીબ થયો કે ઝખ્મોથી ચૂર ચૂર થઈને □ાસ છોડી રહ્યા હતા. રહમતે આલમે હુકમ આપ્યો કે લાશ મારી નજીક લાવો ! લોકો ઉઠાવીને લાવ્યા. હજુ થોડો થોડો જીવ બાકી હતો. આપે જમીન પર ઘસડાઈને પોતાનું મોઢું મહબૂબે ખુદાના કદમોમાં મૂકી દીધું અને એ જ હાલતમાં આપની રૂહ ઊડી ગઈ. *(મુસ્લિમ, ગઝવએ ઓહદ)* સુબ્હાનલ્લાહ ! આ મૌત પર હજારો જિંદગીઓ કુર્બાન !

**તેરે કદમોં પર સર હો ઔર તારે ઝિંદગી ટૂટે**
**યહી અંજામે ઉલ્ફત હૈ, યહી મરનેકા હાસિલ હૈ**

**(૫) એંસી (૮૦) ઘા :**– હઝરત અનસ બિન નઝર જે હઝરત અનસ બિન માલિકના કાકા હતા. લડતાં લડતાં ઘણા જ આગળ નીકળી





ગયા. જોયું કે કેટલાક લોકોએ હથિયારો ફેંકી દીધાં છે. અનસ બિન નઝરે પૂછયું કે અહીંયા તમે લોકો શું કરી રહ્યા છો ? રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ જગ્યા એ પણ દેખાતા નથી ! લોકોએ કહ્યું, હવે લડીને શું કરીશું ?! જેના માટે લડતા હતા એ જ ન રહ્યા ! અમે સાંભળ્યું છે કે રહમતે આલમ શહીદ થઈ ગયા ! અનસ બિન નઝર એ સાંભળીને તડપી ઉઠયા ! અને કહ્યું કે તો પછી અમે એમના પછી જીવંત રહીને શું કરીશું ! એવું કહીને દુશ્મનની ફોજમાં ઘુસી ગયા અને લડીને શહાદત મેળવી. જંગ પછી જ્યારે તેમની લાશને જોવામાં આવી તો એંસી (૮૦) થી વધારે તીર, તલ્વાર અને ભાલાના ઘા હતા. કોઈ વ્યકિત ઓળખી પણ ન શકયો પણ તેમની બહેને આંગળી જોઈને લાશને ઓળખી. *(બુખારી, ગઝવાએ ઓહદ, પેજ–૫૭૮, મુસ્લિમ, ભાગ–૨, પેજ–૧૩૮)*

## ★ હઝરત વહબ બિન કાબૂસનું કારનામુ ★

**(૫)** હઝરત વહબ બિન કાબૂસ એક સહાબી છે જે કોઈ સમયે મુસલમાન થયા હતા. અને પોતાના ઘરે કોઈ ગામમાં રહેતા હતા. બકરીઓ ચરાવતા હતા. પોતાના ભત્રીજાની સાથે એક દોરીમાં બકરીઓ બાંધીને મદીના મુનવ્વરા પહોંચ્યા. પૂછયું કે હુઝૂર કયાં તશરીફ લઈ લઈ ગયા ? ખબર પડી કે ઓહદની લડાઈમાં ગયા છે. બકરીઓને ત્યાં જ છોડીને હુઝૂરની પાસે પહોંચી ગયા. એટલામાં કાફિરોની એક જમાઅત હુમ્લો કરતી આવી. હુઝૂરે કહ્યું, જે તેમને વેર વિખેર કરી દે તે જન્નતમાં મારો સાથી છે ! હઝરત વહબે જોરથી તલ્વાર ચલાવવાની શરૂ કરી અને બધાને હટાવી દીધા. બીજા વખત પાછું એવું જ બન્યું. ત્રીજી વખત પણ પાછું આવું જ બન્યું. હુઝૂરે તેમને જન્નતની ખુશખબરી આપી અને તે શહીદ થયા. હઝરત સઅદ બિન અબી વક્કાસ કહે છે કે મેં વહબ જેવી જવાંમર્દી અને બહાદુરી કોઈની પણ કોઈ લડાઈમાં નથી જોઈ અને શહીદ થયા પછી હુઝૂરને મેં જોયા કે વહબના માથા પાસે ઊભા હતા અને ઈર્શાદ ફર્માવતા હતા, અલ્લાહ તમારાથી રાજી થાય ! હું તમારાથી રાજી છું ! ત્યાર પછી હુઝૂરે પોતે પોતાના હાથ મુબારકથી દફન કર્યા. એ લડાઈમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે પણ ઘાયલ હતા છતાં હઝરત ઉમર કહે છે કે મને કોઈના અમલ પર આટલી ગૈરત તથા રશ્ક (એવી

ઈચ્છા કે આવો મર્તબો મને પણ નસીબ થાય) નથી આવી જેટલી વહબના અમલ પર આવી. મારું દિલ ઈચ્છે છે કે અલ્લાહને ત્યાં એમના જેવું આમાલનામુ લઈને પહોંચું. *(અસાબા, કુર્રતુલ અયૂન)*

**(૭) હઝરત ઉમ્મે અમ્મારા** رضی اللہ عنہا :– એ જંગે ઓહદમાં પોતાના પતિ હઝરત ઝયદ બિન આસિમ અને પોતાના બે દીકરા હઝરત અમ્મારા અને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہم ને સાથે લઈને મેદાનમાં કૂદી પડયાં અને જ્યારે કાફિરોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર હુમ્લો કરી દીધો તો તેઓ એક છરી લઈને કાફિરોના મુકાબલામાં ઊભા થઈ ગયાં અને કાફિરોના તીર તથા તલવારના દરેક વારને રોકતાં રહ્યાં, ત્યાં સુધી કે જ્યારે ઈબ્ને કમીયા મલઉને રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર તલવાર ચલાવી તો હઝરત ઉમ્મે અમ્મારાએ એ તલવારને પોતાની પીઠથી રોકી લીધી. છેવટે એમના ખભા પર એટલો ઊંડો ઘા પડયો કે ખાડો પડી ગયો. પછી જાતે આગળ વધીને ઈબ્ને કમીયાના ખભા પર એટલા જોરથી તલવાર મારી કે એ ટુકડા થઈ જાત પણ એ દબલ બખ્તર પહેરેલ હતો એટલા માટે બચી ગયો. એ જંગમાં બીબી ઉમ્મે અમ્મારાના માથા તથા ગરદન પર તેર ઘા પડયા હતા !

હઝરત બીબી ઉમ્મે અમ્મારા رضی اللہ عنہا ના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ નું બયાન છે કે મને એક કાફિરે જંગે ઓહદમાં ઘાયલ કરી દીધો અને મારા ઘા માંથી લોહી બંધ ન થતું હતું. મારી માતા ઉમ્મે અમ્મારાએ તરત જ પોતાનાં કપડાં ફાડીને ઘાને બાંધી દીધો અને કહ્યું, બેટા ! ઊઠો ! ઊભા થઈ જાઓ ! અને પાછા જેહાદમાં મશગૂલ થઈ જાઓ ! અચાનક એ જ કાફિર સામે આવી ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું કે, અય ઉમ્મે અમ્મારા ! જો તારા દીકરાને ઘાયલ કરવાવાળો આ જ છે ! આ સાંભળતાં જ હઝરત ઉમ્મે અમ્મારાએ ઝડપીથી એ કાફિરના પગમાં તલ્વારનો એવો જોરદાર હાથ માર્યો કે એ કાફિર ગબડી પડયો અને પછી ચાલી ન શકયો, પરંતુ માથાથી ઘસડાતો દોડયો ! આ દશ્ય જોઈને રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મુસ્કુરાઈ પડયા અને કહ્યું કે, અય ઉમ્મે અમ્મારા ! તુ ખુદાનો શુક્ર અદા કર કે તેણે તને આટલી તાકાત અને હિંમત આપી કે તેં ખુદાની રાહમાં જેહાદ કર્યો. હઝરત ઉમ્મે અમ્મારાએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ દુઆ કરો કે અલ્લાહ તઆલા અમારા





લોકોને જન્નતમાં આપની ખિદમત ગુજારીનો મોકો અતા કરે. તે સમયે આપે તેમના માટે અને તેમના પતિ તેમના દીકરાના માટે આ રીતે દુઆ કરી કે, યા અલ્લાહ ! આ બધાને જન્નતમાં મારા રફીક બનાવી દે.

હઝરત બીબી ઉમ્મે અમ્મારા رضی اللہ عنہا જિંદગીભર જાહેરમાં કહેતાં રહ્યાં કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ દુઆ પછી દુનિયામાં મોટામાં મોટી મુસીબત મારા પર આવી જાય તો મને એની કોઈ પરવા ચિંતા નથી. *(મદારેજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૨૬)*

## ★ સઅદ رضی اللہ عنہ નો સંદેશો ★

આ ઓહદની લડાઈમાં હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું કે સઅદ બિન રબીઅનો હાલ નથી જાણી શકયો કે તેમના પર શું ગુઝરી ! એક સહાબીને શોધવા માટે મોકલ્યા. તે શોહદાની જમાઅતમાં શોધી રહ્યા હતા, બુમો પણ પાડી રહ્યા હતા કે કદાચ એ જીવતા હોય. પછી બૂમ પાડીને કહ્યું કે મને હુઝૂરે મોકલ્યો છે કે સઅદ બિન રબીઅની ખબર લાવો ! તો એક જગાએથી ઘણો જ કમજોર અવાજ આવ્યો. આપ તે તરફ વધ્યા. જઈને જોયું કે સાત કત્લ થનારાઓની વચમાં પડયા છે અને એક અડધો □ાસ બાકી છે. જ્યારે એ નજીક ગયા તો હઝરત સઅદે કહ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મારા સલામ કહી દેશો અને કહી આપશો કે અલ્લાહ તઆલા મારા તરફથી આપને આનાથી અફઝલ અને બહેતર બદલો આપે જે કોઈ નબીને એના ઉમ્મતીની તરફથી બેહતરથી બેહતર આપવામાં આવ્યો હોય, અને મુસલમાનોને મારો આ સંદેશો પહોંચાડી દેશો કે જો કાફિર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચી ગયા અને તમારામાંથી કોઈ એક આંખ પણ ચમકતી રહે એટલે એ જીવતો રહ્યો તો અલ્લાહ તઆલાને ત્યાં કોઈ બહાનું તમારુ નહીં ચાલશે ! અને એવું કહીને આ ફાની દુનિયાથી રૂખસદ થઈ ગયા. *(તારીખે ખમીસ)*

## ★ હઝરત જાબિરનો શોખ તથા દીવાનગી ★

ઓહદની લડાઈથી પરવારીને મુસલમાનો મદીના તૈયેબહ પહોંચ્યા. સફર અને મદીનાનો થાકલો હતો. પણ મદીના મુનવ્વરા પહોંચતાં જ એ ખબર મળી કે અબૂ સુફયાને લડાઈથી પાછા ફરતાં હમરાઉલ અસદ

(એક જગાનું નામ) પર જઈને સાથીઓથી મશવેરો કર્યો અને એવું નક્કી કર્યું કે ઓહદની લડાઈમાં મુસલમાનોની હાર થઈ છે, આ સમયને ગનીમત સમજવો જોઈતો હતો કે શું ખબર પછી આવો સમય આવે કે ન આવે. એટલા માટે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને (નઊઝુબિલ્લાહ !) કતલ કરીને પાછા ફરવું જોઈતું હતું. આ વિચારથી તેણે પાછા ફરવાનો મશ્વેરો કર્યો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એલાન કરી આપ્યું કે જે લોકો ઓહદમાં સાથે હતા એજ માત્ર સાથે હોય અને બે વખત હુમ્લાના માટે જવું જોઈએ છતાં મુસલમાન એ સમયે થાકેલા હતા પણ તેમ છતાં બધા જ તૈયાર થઈ ગયા જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એલાન કર્યું કે માત્ર એ જ લોકો સાથે આવે જે ઓહદમાં સાથે હતા. એટલા માટે હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી તમન્ના ઓહદમાં પણ શામિલ થવાની હતી પણ પિતાએ એવું કહીને રજા ન આપી કે મારી સાત બહેનો છે કોઈ બીજો મર્દ નથી માટે એમણે કહ્યું હતું કે અમારા બંનેવમાંથી એકનું રહેવું જરૂરી છે અને પોતે જવાનો વિચાર કરી ચૂકયા હતા એટલા માટે મને રજા ન આપી હતી. ઓહદની લડાઈમાં તેમની શહાદત થઈ ગઈ, હવે તો હુઝૂર ! મને રજા આપી દો કે હું પણ સાથે આવું. હુઝૂરે રજા આપી દીધી. એમના સિવાય બીજા કોઈ માણસો નથી ગયા જે ઓહદમાં સામેલ ન હતા. *(તારીખે ખમીસ)*

## ☆ સહાબાએ કિરામ અને બારગાહે રિસાલત મઆબ ☆

### ★ બરકતની પ્રાપ્તિ ★

સહાબાએ કિરામ જુદી જુદી રીતે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાતથી બરકત પ્રાપ્ત કરતા રહેતા જેમકે બાળકો બીમાર થતાં કે જન્મ થતો તો તેમને આપની ખિદમતમાં હાજર કરતા, આપ બાળકના માથા પર હાથ ફેરવતા, પોતાના મોં માં ખજૂર નાખીને તેના મો માં નાખતા અને એના માટે બરકતની દુઆ કરતા.





હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہ કહે છે કે હું બીમાર પડયો તો મારી માસી મને આપની ખિદમતમાં લઈ ગયાં. આપે મારા પર હાથ ફેરવ્યો અને બરકતની દુઆ કરી એના પછી આપે વુઝૂ કર્યું તો મેં આપના વુઝૂનું પાણી પીધું.

હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ નો છોકરો જન્મ્યો તો આપની ખિદમતમાં લાવ્યા. આપે તેનું નામ રાખ્યું, પોતાના મોંઢામાં ખજૂર નાખીને તેના મોઢામાં નાખી અને તેને આપે બરકતની દુઆ આપી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઝહીર رضی اللہ عنہ નો જન્મ થયો હતો તો એમની માતા હઝરત અસ્મા رضی اللہ عنہا, તેમને લઈને આવ્યાં અને આપના ખોળામાં મૂકી દીધો. આપે ખજૂર મંગાવીને ચાવી અને તેને તેમના મોંમાં રાખી દીધી પછી બરકતની દુઆ આપી. આપ બાળકોના મોંમાં કોગળો કરી આપતા, અમુકના મોમાં થૂંક મુબારક નાખી દેતા અને અમુકની આંખો પર હાથ ફેરવી દેતા. *(બુખારી કિતાબુદ્ દઅ્વાત, બાબુદ્ દુઆ, કિતાબુલ અકીકા બાબુત્તસ્મિયહ્ અલ મૌલૂદ)*

હઝરત ઝહિરા બિન મઅબદ رضی اللہ عنہ એક સહાબી હતા. બાળપણમાં જ તેમની માતા તેમને આપની ખિદમતમાં લાવ્યાં અને કહ્યું કે, તેનાથી બયઅત લઈ લો. આપે કહ્યું, હજુ બાળક છે ! એવું કહીને તેમના માથા પર હાથ ફેરવ્યો અને દુઆ આપી. છેવટે જ્યારે તેમને લઈને તેમના દાદા ઘર ખર્ચનો સામાન ખરીદવા માટે બજાર જતા હતા અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ અને હઝરત ઈબ્ને ઝહીર رضی اللہ عنہ થી મુલાકાત થતી તો કહેતા હતા કે અમને પણ સામેલ કરો કેમ કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તમને બરકતની દુઆ આપી છે. અલ્લામા ઈબ્ને હજર આ હદીષની તફસીરમાં લખે છે :–

આ હદીષથી સાબિત થાય છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી બરકત મેળવવાના માટે સહાબાએ કિરામને આપની ખિદમતમાં પોતાની ઔલાદને હાજર કરવાનો ઘણો જ શોખ હતો.

ફજરની નમાઝ પછી સહાબાએ કિરામના નોકરો વાસણોમાં પાણી લઈને હાજર થતા, આપ એમાં હાથ મુબારક નાખી દેતા એ

બરકતવાળાં થઈ જતાં. *(બુખારી કિતાબુશ્શરકહ બાબુશ્શરકહ ફીત્તઆમ)*

જ્યારે ફળો પાકી જતાં તો પહેલું ફળ આપની ખિદમતમાં પેશ કરતા, આપ બરકતની દુઆ કરતા અને બધાંથી નાનું બાળક જે હાજર હોતું તેને આપી દેતા. આપનું વુઝૂનું વધેલું પાણી સહાબાએ કિરામના માટે આબે હયાત હતું જેના પર તેઓ જાન આપતા હતા.

એક વખત હઝરત બિલાલ رضی اللہ عنہ એ આપનું વુઝૂનું વધેલું પાણી કાઢયું તો બધા સહાબાએ કિરામે તેને ઝૂટવી લીધું. *(નિસાઈ કિતાબુત્તહારત બાબુલ ઈન્તેફાઅ બફઝલુલ્ વુઝૂ)*

એક દિવસ આપે વુઝૂ કર્યું. પાણી વધી ગયું તો બધા સહાબાએ કિરામે તેને લઈને શરીર પર માલિશ કરી દીધું. *(બુખારી કિતાબુલ્ વુઝૂ બાબે ઈસ્તેમાલે ફઝલે વુઝૂ બિન્નાસ)*

એક વખત આપ માથુ મુંડાવી રહ્યા હતા તો સહાબાએ કિરામે આપને ઘેરી લીધા. હજામ માથું મુંડતો જઈ રહ્યો હતો અને સહાબાએ કિરામ ઉપરને ઉપરથી જ વાળોને ઉઠાવી લેવાનું ઈચ્છતા હતા. *(મુસ્લિમ, કિતાબુલ ફઝાઈલ બાબ ફી કુર્બે નબી علیہ الصلوۃ والتسلیم )*

એક વખત રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم એ હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ ની પેશાની પર હાથ ફેરવી દીધો. ત્યાર પછી તેમણે જિંદગીભર ન માથાના આગળના વાળ કપાવ્યા ન સેંથો પાડયો. *(અબૂ દાઊદ કિતાબુસ્સલાત, બાબ કૈફિયતુલ અઝાન)* પરંતુ તેને તબર્રુકના તરીકે યાદગારના માટે કાયમ રાખ્યા.

આપ જ્યારે સહાબાએ કિરામ رضی اللہ عنہم ના મકાન પર તશરીફ લાવતા તો તેઓ આપનાથી બરકત મેળવવાનું કહેતા.

એક વખત આપ એક સહાબીના ઘરે તશરીફ લઈ ગયા તો તેમણે દાવત કરી. જ્યારે ચાલવા લાગ્યા તો ઘોડાની લગામ પકડીને કહ્યું કે, મારા માટે દુઆ કરો ! આપે દુઆએ બરકત અને દુઆએ મગફેરત કરી. *(ઉપર મુજબ, કિતાબુલ અશરબા ફિન્નફખ ફિશ્શરાબ)*

એક વખત હઝરત સઅદ رضی اللہ عنہ ના ઘરે તશરીફ લાવ્યા અને દરવાજા પર ઊભા થઈને સલામ કરી. તેમણે ધીમેથી જવાબ આપ્યો.





તેમના બેટાએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ને પરવાનગી નથી દેતા ! બોલ્યા, ચુપ રહો ! મકસદ એ છે કે આપ અમારા પર વારંવાર સલામ કરે ! આપે બે વાર સલામ કરી, પાછો એ જ પ્રકારનો જવાબ મળ્યો. ત્રીજીવાર સલામ કરીને આપ પાછા ચાલ્યા તો હઝરત સઅદ رضی اللہ عنہ પાછળ પાછળ દોડતા આવ્યા અને કહ્યું કે હું આપની સલામ સાંભળતો હતો પણ જવાબ એટલા માટે ધીમેથી આપતો હતો કે આપ અમારા પર ઘણી વાર વધારે પ્રમાણમાં સલામ કરો ! *(ઉપર મુજબ, કિતાબુલ અદબ)*

## ☆ રસૂલ صلی اللہ تعالی علیہ وسلم ની યાદગારની હિફાઝત ☆

વર્તમાનકાળની નજદી, વહાબી હુકૂમતે મક્કા મદીનામાં (હરમૈન શરીફૈન)થી અસંખ્ય ઈસ્લામી યાદગારોને નાબૂદ કરી નાંખી છે અને હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم થી નિસ્બત ધરાવતી ચીજોને સ્પર્શવા, ચૂમવા કે તેની ઝિયારત કરવાને હરામ, શિર્ક તથા નિરર્થક બતાવવામાં આવે છે. અને એ કામ માટે ટ્રાફિક પોલીસની જેમ માણસો દરેક ઠેકાણે બેસાડેલા છે. જ્યારે કે સહાબાએ કિરામના ખિલાફત કાળમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની યાદગારો સુરક્ષિત હતી જેને તેઓ જીવથી વધારે અઝીઝ (વહાલી) રાખતા હતા અને એનાથી બરકત મેળવતા હતા.

હઝરત અલી બિન હુસૈન رضی اللہ عنہ નું બયાન છે કે, જ્યારે અમે લોકો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદતના સમયમાં યઝીદના દરબારમાંથી પાછા ફરીને મદીનામાં આવ્યા તો હઝરત મસૂર બિન મુખરમા رضی اللہ عنہ મળ્યા અને મને કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની તલવાર મને આપી દો, એવું ન થાય કે આ લોકો તેને છીનવી લે. ખુદાની કસમ ! જો તમે મને આ તલવાર આપી તો જ્યાં સુધી શરીરમાં જીવ બાકી છે કોઈ વ્યકિત એના તરફ હાથ લંબાવી શકશે નહીં. *(અબૂ દાઊદ)*

હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે આપનો એક જુબ્ભો સુરક્ષિત હતો. જ્યારે તેમનો ઈન્તેકાલ થયો તો હઝરત અસ્મા رضی اللہ عنہا

એ તેને લઈ લીધો અને સુરક્ષિત રાખ્યો. જ્યારે તેમના કુટુંબમાં કોઈ વ્યક્તિ બીમાર થતી હતી તો તંદુરસ્તી મેળવવાના માટે ધોઈને એનું પાણી પીવડાવતાં હતાં. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૨, પેજ–૩૪૮)*

ઘણા જ સહાબા આ યાદગારને આખેરતનું ભાથુ સમજતા હતા અને તેને મરણ પછી પણ પોતાની પાસેથી અલગ કરવાનું પસંદ ન કરતા હતા.

જ્યારે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અનસ رضی اللہ عنہ ના ઘરે તશરીફ લાવતા હતા તો તેમની માતા આપના પસીનાને એક શીશીમાં ભરીને પોતાની ખુશ્બુમાં મેળવી લેતાં હતાં. છેવટે જ્યારે હઝરત અનસ رضی اللہ عنہ એ ઈન્તેકાલ કર્યો તો વસિયત કરી કે હનૂતમાં સામેલ કરવામાં આવે. (હનૂત એટલે થોડીક ખુશ્બુદાર ચીજોનું એક મિશ્રણ જે મુરદાને ગુસ્લ આપ્યા પછી તેના પર ઘસવામાં આવે છે.) આ રિવાયતમાં એ પણ છે કે તેણી આપના વાળને પણ શીશીમાં ભરી લેતાં હતાં, પરંતુ અલ્લામા ઈબ્ને હજરે આ હદીષની શરહમાં પહેલાં તો તેને એક બેજોડ ચીજ સમજી છે પરંતુ એના પછી લખ્યું છે કે અમુક લોકોની નજીક એ વાળ મુરાદ છે જે કાંસકાથી ઓળવામાં આપના માથાથી ખરી પડતા હતા.

પછી હઝરત અનસથી એક રિવાયત નકલ કરી છે કે, રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે મિનામાં પોતાના વાળ મુંડાવ્યા તો હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ આપના વાળ લઈ લીધા અને તે હઝરત અનસ رضی اللہ عنہ ના વાલિદાને સોંપ્યા જેને તેમણે પોતાની ખુશ્બુમાં સામેલ કરી લીધા. તેનાથી એ નિશ્ચિત થાય છે કે, જે ખુશ્બુમાં આ વાળ સામેલ હતા એમાં એ પસીનાને પણ સામેલ કરી લેતાં હતાં. (બુખારી કિતાબુલ ઈસ્તીઝાન)

ગઝવએ ખય્બરમાં આપે એક સહાબીયાને પોતે હાથ મુબારકથી એક હાર પેહરાવ્યો હતો એ એની એટલી કદર કરતી હતી કે જિંદગીભર ગળામાંથી અલગ નથી કર્યો અને જ્યારે ઈન્તેકાલ કરવા લાગી તો વસિયત કરી કે તેમની સાથે તે હાર પણ દફન કરી દેવામાં આવે. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૨, પેજ–૩૮૦)*

હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ ની પાસે મૂએ મુબારક હતા.





તેમણે વફાતના સમયે વસિયત કરી કે આ કપડાં કફનમાં રાખવામાં આવે અને મૂએ મુબારક મોમાં અને નાકમાં ભરી દેવામાં આવે. *(નુઝહતુલ્ અબ્રાર, તઝકેરાએ હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ )*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે કપડાંઓમાં ઈન્તેકાલ ફર્માવ્યો હતો તેને હઝરત આઈશા رضی اللہ عنہا એ સલામત રાખ્યાં હતાં. છેવટે તેમણે એક દિવસ એક સહાબીને યમની લૂંગી અને એક ચાદર દેખાડીને કહ્યું કે, ખુદાની કસમ ! સરકારે આજ કપડાંઓમાં ઈન્તેકાલ ફર્માવ્યો હતો. (અબૂ દાઊદ, કિતાબુલ્લુબાસ)

એક સહાબીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ  કાળા રેશમનો એક અમામા શરીફ આપ્યો  હતો તેમણે તેને સુરક્ષિત રાખ્યો હતો, અને એના પર ગર્વ કર્યા કરતા હતા. જેમ કે એક વખત બુખારામાં ખચ્ચર પર સવાર થઈને નીકળ્યા તો અમામા શરીફ દેખાડીને કહ્યું કે, તેને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને આપ્યો હતો ! *(હવાલો ઉપર મુજબ)*

આપના થોડાક બાલ મુબારક હઝરતે ઉમ્મે સલમા رضی اللہ عنہا એ યાદગાર રૂપે સુરક્ષિત રાખ્યા હતા અને જ્યારે કોઈ વ્યક્તિ બીમાર થતી તો એક વાસણમાં પાણી ભરીને લોકો તેમની પાસે મોકલતા હતા. અને આપ તેમાં વાળોને ધોઈને પાછાં આપી દેતાં હતાં, જેને તે તંદુરસ્તી મેળવવાના માટે પી જતા હતા અથવા તેનાથી ગુસ્લ કરી લેતા હતા. (બુખારી કિતાબુલ્ લિબાસ)

ખુલફા (ખલીફાઓ) આ યાદગારોની ઘણી જ ઈજ્જત કરતા હતા, અને તેમનાથી બરકત પ્રાપ્ત કરતા હતા. એક વખત આપે કોઈ અજમી બાદશાહના નામે પત્ર લખવાનું ઈચ્છયું તો લોકોએ કહ્યું કે જ્યાં સુધી પત્ર પર સિક્કો ન હોય અજમવાળા એને નથી વાંચતા. એટલા માટે આપે એક ચાંદીની અંગૂઠીને બનાવડાવી જેના નગીના પર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કોતરેલ હતું એ અંગૂઠીને ત્રીજા ખલીફાએ સાચવીને રાખી હતી. છેવટે ઉષ્માનના હાથેથી એક કૂવામાં પડી ગઈ. તેમણે આખા કૂવાનું પાણી કાઢી નાખ્યું પરંતુ તે અંગૂઠી ન મળી શકી. *(અબૂ દાઊદ, અવ્વલ, કિતાબુલ્ ખાતિમ)*

હઝરત કઅબ બિન ઝહીર رضی اللہ عنہ ના કસીદાના બદલામાં

રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ખૂદ આપને ચાદર આપી હતી. તે ચાદર અમીર મુઆવિયહ્ رضى الله عنه એ તેમના દીકરાથી વેચાતી લઈ લીધી અને તેમના પછી બધા ખલીફાઓ ઈદોમાં એ જ ચાદર ઓઢીને નીકળતા હતા. *(અસાબા, તઝકેરએ હઝરત કઅબ બિન ઝહીર)*

આપ જે પ્યાલામાં પાણી પીતા હતા તે હઝરત અનસ બિન માલિક رضى الله عنه ની પાસે સચવાયેલ હતો. એક વખત એ તૂટી ગયો તો તેમણે તેને ચાંદીના તારથી જડી લેવાડયો. એમાં એક લોઢાની રીંગ પણ લગાડેલ હતી. પછીથી હઝરત અનસ رضى الله عنه એ એમાં સોના કે ચાંદીની રીંગ લગાડવાનું ઈચ્છયું પણ હઝરત તલ્હા رضى الله عنه એ ના કહ્યું કે, રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ જે કામ કર્યું છે એમાં ફેરફાર કરવો ન જોઈએ.

આપના બીજા બે પ્યાલા સુહૈલ رضى الله عنه અને હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضى الله عنه ની પાસે સાચવાયેલ હતા. (બુખારી કિતાબુલ અશરબા)

એક દિવસ આપ صلى الله تعالى عليه وسلم હઝરત ઉમ્મે સુલૈમ رضى الله عنها ના ઘરે તશરીફ લાવ્યા. ઘરમાં એક મશક લટકી રહ્યું હતું. આપે તેનું મુખ (નાળચુ) પોતાના મુબારક મોઢાથી લગાડયું અને પાણી પીધું. હઝરત ઉમ્મે સુલૈમ رضى الله عنها એ મશકના મોંઢાને કાપીને પોતાની પાસે યાદગાર રૂપે રાખી લીધું. *(તબકાત ઈબ્ને સઅદ, તઝકરા હઝરત ઉમ્મે સુલૈમ)*

આપ હઝરત શિફાઅ્ બિન્તે અબ્દુલ્લાહને ત્યાં કદી કદી કયલૂલા (બપોરનો આરામ) ફર્માવતા હતા તે માટે તેમણે આપના માટે એક ખાસ પથારી અને એક ખાસ લૂંગી બનાવી લીધી હતી, જેને પેહરીને આપ તેના પર આરામ કરતા હતા. આ યાદગારો એક લાંબા સમય સુધી તેમની પાસે સચવાયેલ રહી. છેવટે મરવાને તેમની પાસેથી લઈ લીધી. *(અસદુલ્ગાબા, તઝકેરએ હઝરત શિફાઅ બિન્તે અબ્દુલ્લાહ)*

આ યાદગારો સિવાય સહાબાએ કિરામ આપની દરેક ચીજને યાદગાર સમજતા હતા અને લોકોને તેની ઝિયારત કરાવતા હતા, દેખાડતા હતા.

હઝરત નાફેઅ رضى الله عنه નું બયાન છે કે મને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضى الله عنه એ મસ્જિદમાં એ જગા દેખાડી જ્યાં આપ માહે રમઝાનના છેલ્લા દિવસોમાં એતેકાફમાં બેસતા હતા. *(અબૂ દાઊદ વ કિતાબુસ્સિયામ)*





## ☆ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ની અદબ ☆

સહાબાએ કિરામ જેવી રીતે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ની અદબ તથા ઈજ્જત કરતા હતા તેની જાહેરાત સેંકડો રીતે થતી હતી. આપની ખિદમતમાં હાજર થતા તો દરબારે નબુવ્વતના અદબો તથા અઝમત તથા મહાનતાના લેહાઝથી ખાસ રીતે કપડાં બદલી નાખતા. અકે સહાબીયા કહે છે કે, સાંજ થઈ તો મેં બધાં કપડાં પહેરી લીધાં અને આપની ખિદમતમાં હાજર થઈ. *(અબૂ દાઊદ વ કિતાબુત્તલાક)*

પાકીઝગી વગર આપની ખિદમતમાં હાજર થવું અને આપનાથી મુસાફા કરવાનું પસંદ ન કરતા. મદીનાના કોઈ રસ્તામાં આપનાથી હઝરત અબૂ હુરૈરહ رضى الله عنه નો ભેટો થઈ ગયો. તેમને નહાવાની હાજત હતી જેથી પસંદ ન આવ્યું કે આ હાલતમાં આપની સામે આવે ! એટલા માટે આપને જોયા તો વળી ગયા અને ગુસ્લ કરીને ખિદમતે અકદસમાં હાજર થયા. આપે જાયું તો કહ્યું, અબૂ હુરૈરહ્ ! કયાં હતા ?! બોલ્યા, હું પાક ન હતો ! એટલા માટે આપની પાસે બેસવાનું પસંદ કરતો ન હતો. *(અબૂ દાઊદ, કિતાબુત્તહારત)*

આપની સામે બેસતા તો અદબના કારણે ચિત્ર (સ્થિર) બની જતા. હદીષોમાં એ હાલતનો નકશો આ શબ્દોમાં ખેંચવામાં આવ્યો છે :– ''સહાબા આપની સામે એવી રીતે બેસતા હતા જાણે કે તેમનાં માથાઓ પર ચકલીઓ બેઠેલી છે ! *(અબૂ દાઊદ, કિતાબુત્તિબ્બ)*

ઘરમાં બાળકો જન્મતાં તો અદબથી તેમનાં નામ ''મુહમ્મદ'' ન રાખતા. એક વખત એક સહાબીના ઘરમાં બાળકનો જન્મ થયો તો તેમણે ''મુહમ્મદ'' નામ રાખ્યું, પરંતુ તેમની કૌમે કહ્યું, અમે આ નામને રાખવા દઈએ નહીં ન આ કુન્નિયતથી તમને બોલાવીશું. તમે એના વિશે ખૂદ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم થી મશવરો કરી લો ! તેઓ બાળકને લઈને આપની ખિદમતમાં હાજર થયા અને બનાવનું વર્ણન કર્યું, તો ઈર્શાદ થયો કે મારા નામ પર નામ રાખો પરંતુ મારી કુન્નિયત ન અપનાવો. *(મુસ્લિમ કિતાબુલ્ આદાબ)*

જો રસ્તામાં કયારેક સંગાથ થઈ જતો તો અદબથી આપની સાથે

સવારી પર થવાનું પસંદ ન કરતા. એક વખત હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ આપનુ ખચ્ચર હાંકી રહ્યા હતા. આપે કહ્યું, સવાર શા માટે થઈ જતા નથી ?! પરંતુ તેમણે તેને મોટી વાત જાણી કે આપના ખચ્ચર પર સવાર થાઉં ! છતાં પણ હુકમ માનવાને લીધે થોડે દૂર સુધી સવાર થઈ ગયા. *(નિસાઈ, કિતાબુલ્ ઈસ્તેઆઝા, પેજ–૮૦૩)*

અદબના કારણે કોઈ વાતમાં આપનાથી આગળ વધવું કે બરાબરી પસંદ  ન કરતા. આપ ગઝવએ તબૂકના સફરમાં કઝાએ હાજતના માટે સહાબાઓથી અલગ થઈ ગયા. ફજરની નમાઝનો સમય આવી ગયો તો સહાબાઓએ આપનાથી પહેલાં જ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફની ઈમામતમાં નમાઝ શરૂ કરી દીધી. આપ આવ્યા તો એક રકાત નમાઝ થઈ ચૂકી હતી એટલા માટે આપ બીજી રકાતમાં જોડાયા. નમાઝ થઈ ગઈ તો બધા સહાબાએ કિરામે એને બેઅદબી બલ્કે ગુનોહ ખ્યાલ કર્યો અને તમામ સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! કહેવા લાગ્યા. આપ, નમાઝથી પરવાર્યા તો કહ્યું કે તમે સારું કર્યું ! *(અબૂ દાઊદ વ કિતાબુત્તહારત, બાબુલ્મસહ)*

એક વખત આપ ઝઘડાના નિકાલ માટે કબીલા બનૂ અમ્ર ઔફમાં ગયા. નમાઝનો સમય આવી ગયો તો મોઅઝ્ઝિન હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની ખિદમતમાં આવ્યા કે નમાઝ પઢાવી દેવામાં આવે. આપ નમાઝ પઢાવી રહ્યા હતા એટલામાં સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم આવીને જમાઅતમાં સામેલ ગઈ ગયા. લોકોએ તાલીઓ વગાડવાની શરૂ કરી ! હઝરત અબૂબક્ર رضی اللہ عنہ કોઈ પણ તરફ ધ્યાન ન કરતા હતા છતાં પણ જ્યારે લોકોએ એકી સાથે તાલીઓ વગાડી, તો ફરીને જોયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે ! આપે ઈશારો કર્યો કે, પોતાની જગા પર કાયમ રહો ! તેમણે પહેલાં તો ખુદાનો શુક્ર અદા કર્યો કે આપે તેમની ઈમામતને પસંદ કરી, છતાં પાછળ આવી ગયા અને આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આગળ વધીને નમાઝ પઢાવી. નમાઝથી પરવારીને કહ્યું કે, જ્યારે મેં હુકમ કર્યો હતો છતાં તમે શા માટે પોતાની જગાએથી હટીને આવ્યા ? બોલ્યા કે ઈબ્ને અબૂ કહાફાનું આ મોઢું લાયક ન હતું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આગળ નમાઝ પઢાવે ! *(હવાલો ઉપર મુજબ)*

એક વખત આપ પગપાળા જઈ રહ્યા હતા એટલામાં એક સહાબી





ગધેડા પર સવાર થઈને આવ્યા. આપને પગપાળા જોયા તો ખૂદ અદબના કારણે પાછળ હટી ગયા અને આપને આગળ સવાર કરવાનું ઈચ્છયું. પરંતુ આપે કહ્યું, તમે આગળ બેસવાના વધારે હકદાર છો ! હા, જો તમારી રજા હોય તો હું આગળ બેસી શકું છું. *(અબૂ દાઊદ, કિતાબુજ્જેહાદ)*

જો કયારેક આપની સાથે ખાવા ખાવાનું બનતું તો જ્યાં સુધી આપ ખાવાનું શરૂ ન કરતા ત્યાં સુધી બધા સહાબાએ કિરામ અદબના કારણે ખાવામાં હાથ ન નાખતા. *(હવાલો ઉપર મુજબ)*

અદબના કારણે આપનાથી આગળ ચાલવાનું પસંદ ન કરતા.

એક સફરમાં હઝરત ઉમર رضی اللہ عنہ એક તોફાની ઊંટ પર સવાર હતા, જે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આગળ જ નીકળી જતું હતું. હઝરત ઉમર رضی اللہ عنہ એ તેને ધમકાવ્યું કે કોઈએ આપનાથી આગળ વધવું ન જોઈએ. *(બુખારી કિતાબુલ્ હેબા)*

કોઈ ચીજમાં આપનાથી મુકાબલાની હિંમત ન કરતા. એક વખત થોડાક સહાબાએ કિરામ જે અસ્લમ કબીલાથી સંબંધ ધરાવતા હતા તેઓ એક બીજા તીરંદાજીમાં મુકાબલો કરી રહ્યા હતા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું, અય બનૂ ઈસ્માઈલ ! તીર ફેંકો કેમ કે તમારા બાપ તીરંદાઝ હતા, અને હું ફલાણા કબીલાની સાથે છું. બીજા ટૂકડીના લોકો તરત જ રોકાઈ ગયા, આપે પૂછ્યું કે તીર શા માટે નથી ફેંકતા ? બોલ્યા, કેવી રીતે મુકાબલો કરીએ ! જ્યારે કે આપ તેમની સાથે છો ! કહ્યું, તીર ફેંકો ! હું તમારી બધાની સાથે છું ! *(બુખારી કિતાબુલ્ જેહાદ)*

અલ્લામા ઈબ્ને હજર આ હદીષની તફસીરમાં લખે છે કે, એ લોકો એટલા માટે રોકાઈ ગયા કે જો એ પોતાના હરીફથી આગળ વધી ગયા અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ તેમની સાથે છે તો આપ પણ હારી જશે ! એટલા માટે તેમણે અદબના કારણે મુકાબલો જ કરવાનું છોડી દીધું ! એ અદબો એહતેરામનું પરિણામ એ હતું કે આપને લગતી કોઈ પ્રકારની અદબ વિરૂધ્ધ વાત પસંદ ન કરતા.

આપ હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા તો હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ના મકાનમાં રોકાયા અને આપ નીચેના ભાગમાં

અને તેમની આલ ઔલાદ ઉપરના ભાગમાં રહેવા લાગ્યાં. એક રાત હઝરત અબૂ ઐયૂબ જાગ્યા તો કહ્યું કે આપણે અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉપર હરીએ ફરીએ !!! એ વિચારથી બધાં બીબી બચ્ચાંને એક ખૂણામાં કરી દીધાં. સવારે આપની ખિદમતમાં કહ્યું કે આપ ઉપર રહો ! ઈર્શાદ થયો કે નીચેનો ભાગ અમારા માટે વધારે યોગ્ય (અનુકૂળ) છે. આપ رضی اللہ عنہ બોલ્યા કે જે છત નીચે આપ હોય અમે એના પર નથી ચડી શકતા ! છતાં મજબૂરીથી આપે ઉપરના ભાગ પર રહેવું પડયું.

અમુક સહાબાએ કિરામ આપનાથી મોટા હતા. પરંતુ તેમને અદબના કારણે એ પસંદ ન હતું કે તેમને આપનાથી મોટા કહેવામાં આવે.

એક વખત હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ એક સહાબીને પૂછયું, તમે મોટા છો કે રસૂલ ?! صلی اللہ تعالیٰ علیہ وسلم બોલ્યા, મોટા તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે, પરંતુ હું આપનાથી વહેલો જનમ્યો. *(તિર્મિઝી)*

જો નાદાનીમાં કે અજાણતામાં પણ આપની શાનમાં કોઈ અયોગ્ય વાત નીકળી જતી તો માફી માંગતા.

એક સહાબીયાનું બાળક મરણ પામ્યું અને તે તેના પર રડી રહી હતી. આપ પસાર થયા તો ફર્માવ્યું, ખુદાથી ડરો ! અને સબ્ર કરો ! તેણી બોલ્યાં, તમને મારી મુસીબતની શું પરવા છે ! આપ ચાલ્યા ગયા તો લોકોએ કહ્યું કે, એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم હતા ! તો દોડતાં દોડતાં આવ્યાં અને કહ્યું કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ન ઓળખ્યા હતા ! (માફી માંગી.) *(અબૂ દાઊદ કિતાબુજ્જનાઈઝ બાબુસ્ સબ્ર)*

જો કોઈ બીજી વ્યકિતના વિશે આપના બારામાં બેઅદબીનો ખ્યાલ થતો (કે તેનાથી બેઅદબી થતી જણાય છે) તો સહાબાએ કિરામ સખત નારાજ થતા). એક વખત હઝરત અબૂબક્ર આપના દરે મુબારક પર ગયા અને જોયું કે હઝરત આઈશા رضی اللہ عنہا મોટા આવાજથી બોલી રહ્યાં છે તો તરત જ તમાચો ઉઠાવ્યો ! અને કહ્યું, હવે કદી પણ આપની સામે મોટો અવાજ થવા ન પામે ! *(અબૂ દાઊદ, કિતાબુલ્ અદબ)*

આપના પર એક વ્યકિતનું થોડુંક કર્જ હતું. તેણે બેઅદબીની રીતે માંગણી કરી તો બધા સહાબાએ કિરામ તેના પર તૂટી પડયા. છેવટે



● સહાબીઓનો ઈશ્કે રસૂલ ●

પોતે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વચમાં પડીને બચાવ કર્યો. *(ઈબ્ને માજહ્ અબવાબુસ્સદકાત)*

એક વખતે આપ સફરમાં હતા. એક બદુ (ગામડીયો) આવ્યો અને જંગલી જાનવરોની રીતે અવાજ કરીને બોલાવવા લાગ્યો, ‘‘હે મુહમ્મદ ! હે મુહમ્મદ !'' સહાબાએ કિરામે કહ્યું, હે ! હે ! આ શું (આ રીતે બોલાવવું) મના છે ! (તિર્મિઝી કિતાબુલ દઅવાત)

એક વખત આપે ફર્માવ્યું કે, અન્સારના ખાનદાનોમાં બધાથી શ્રેષ્ઠ બનૂ નજાર છે, પછી બનૂ અબ્દુલ અશહલ, પછી હરષ બિન અલ્ ખઝરજ, પછી બનૂ સઅદા. તેમના સિવાય (પણ) અન્સારનાં બધાં ખાનદાન સારાં છે. હઝરત સઅદ બિન ઉબાદા બનૂ સઅદા કબીલામાંથી હતા. તેમને જયારે ખબર પડી કે આપે તેમના કબીલાને ચોથા નંબર પર રાખ્યો છે તો તેમને કોઈક રીતે નાપસંદ આવ્યું. બોલ્યા, મારા ગધેડા પર ઝીન બાંધો, હું જાતે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એની વાતચીત કરીશ. પરંતુ તેમના ભત્રીજા હઝરત સુહૈલ رضی اللہ عنہ એ કહ્યું, શું આપ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને રદિયો આપવા માટે જઈ છો ?! જયારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફઝીલતના કારણોના વિશે સૌથી વિશેષ જાણકાર છે. એ શું ઓછું છે કે આપનો ચોથો નંબર છે ?! *(મુસ્લિમ કિતાબુલ્ ફઝાઈલ)*

સુલહે હુદૈબિયાના પછી કાફિરોનો મુસલમાનોમાં ઝઘળો ઊભો થઈ ગયો. હઝરત સલમા આવ્યા અને એક ઝાડના નીચે સૂઈ ગયા. ચાર મુશ્રિક પણ એ જગા પર આવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બુરુ ભલુ કહેવાનું શરૂ કરી દીધું. તેમનાથી સહન ન થયું તો ઉઠી ગયા અને બીજી જગાએ ચાલ્યા ગયા. અને ચારે મુશ્રિક પણ તલવારને લટકાવીને સૂઈ રહ્યા છે. એ જ હાલતમાં શોર થયો કે ઈબ્ને ઝનીમને કતલ કરી દેવામાં આવ્યો. હઝરત સલમાએ લાગ જોઈને તલવાર મ્યાનમાંથી ખેંચી લીધી અને ચારેવ પર ઊંઘની હાલતમાં હુમ્લો કરીને તેમનાં બધાં હથિયારો પર કબ્જો કરી લીધો, અને કહ્યું કે એ જાતની કસમ ! જેણે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈજ્જત આપી તમારામાંથી જે વ્યકિત માથુ ઊંચુ કરશે તેનું દિમાગ ચૂર ચૂર કરી દેવામાં આવશે. *(મુસ્લિમ કિતાબુલ્જેહાદ)*

એક વ્યકિતનું નામ ''મુહમ્મદ'' હતું. હઝરત ઉમર رضی اللہ عنہ એ જોયું કે એક માણસ તેમને ગાળ આપી રહ્યો છે. તો બોલાવીને કહ્યું કે, જુઓ ! તમારા લીધે ''મુહમ્મદ''ને ગાળ દેવામાં આવી રહી છે ! હવે અત્યારથી તમને આ નામથી બોલવવામાં નહીં આવે ! છેવટે એ જ વખતે તેમનું નામ અબ્દુર્રહમાન રાખી દેવામાં આવ્યું. પછી બનૂ તલ્હાની પાસે સંદેશો મોકલ્યો કે જે લોકો આ નામના હોય તેમનાં નામ બદલી નાખવામાં આવે. સંજોગોવસાત એ લોકો સાત માણસ હતા અને તેમના સરદારનું નામ મુહમ્મદ હતું. પરંતુ તેમણે કહ્યું, ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ મારું નામ મુહમ્મદ રાખ્યું છે. તો હઝરત ઉમર رضی اللہ عنہ બોલ્યા કે હવે મારું એના પર કોઈ દબાણ ચાલી શકતું નથી ! *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૪, પેજ–૨૧)*

નાના બાળકો પણ આપની સાથે કોઈ પ્રકારની મજાક કરતા તો સહાબાએ કિરામ તેમને ધમકાવી દેતા.

હઝરત ઉમ્મે ખાલિદ رضی اللہ عنہ તેમના પિતાની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને બાળપણને લીધે ખાતમુન્નબુવ્વતથી રમત રમવા લાગ્યા. તેમના પિતાએ ધમકાવ્યા. પરંતુ આપે કહ્યું, રમવો દો ! *(બુખારી કિતાબુલ્‌જેહાદ)*

જે ચીજ શાને નબુવ્વતની વિરૂધ્ધ હોય સહાબાએ કિરામ આપની સામે તેની વાત કરવાને પણ અદબની વિરૂધ્ધ સમજતા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે ઉમરાએ કઝા અદા ફર્માવ્યો તો હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ આપની આગળ આગળ શેઅરો પઢતા ચાલતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ સાંભળ્યું તો કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે અને હરમની હદની અંદર શેઅર પઢો છો ?!

પરંતુ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ તેને મુસ્તહસન ફર્માવ્યું. *(નિસાઈ કિતાબુલ મનાસિક)* તિર્મિઝીમાં છે કે શેઅરો હઝરત માલિક رضی اللہ عنہ એ પઢયા હતા અને એ જ સાચું પણ છે.

એક વખત કેટલાક લોકોએ જુમ્આના દિવસે આપના મિમ્બરની સામે શોર બકોર કરવાનું શરૂ કર્યું. હઝરત ઉમર رضی اللہ عنہ એ ધમકાવ્યા કે આપના મિમ્બરની સામે મોટો અવાજ ન કરો ! *(મુસ્લિમ)*





આ તાઝીમ આ અદબ આ ઈજ્જત આપની જાહેરી જિંદગીની સાથે જ ખાસ ન હતી પરંતુ આપના વિસાલ પછી પણ સહાબાએ કિરામ આપની આવી રીતે અદબ કરતા હતા. આપના વિસાલ પછી કબ્રના વિશે વિવાદ ઊભા થયો કે કબ્ર ખોદવામાં આવે કે સંદૂક, એના પર લોકોએ શોર કરવાનું શરૂ કરી દીધું. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આપની સામે મૌત તથા જિંદગી બંને સ્થિતિમાં શોર ન કરો. *(સુનને ઈબ્ને માજહ્‌ કિતાબુલ્‌જનાઈઝ)*

સહાબાએ કિરામનું આ અદબો એહતેરામનું દશ્ય સુલેહે હુદૈબિયામાં ઉરવહને જોવામાં આવ્યું તો તે ઘણો જ વિચારમાં પડી ગયા. તેમણે સુલેહના વિશે આપનાથી વાતચીત કરી. તો અરબના રિવાજ પ્રમાણે દાઢી મુબારકની તરફ હાથ વધારવા ઈચ્છયું. પરંતુ જ્યારે જ્યારે હાથ વધારતા હતા ત્યારે હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہ તલવારની મદદથી રોકી લેતા હતા. આ બનાવથી ઉરવાનુ એ બાજુ ધ્યાન થઈ ગયું અને તેમણે સહાબાના અમલની રીતને ધ્યાનથી જોવાનું શરૂ કર્યું. તો એના પર એવી અસર થઈ કે પાછા ફર્યા તો કાફિરોને બનાવ કહ્યો કે :–

મેં કૈસર તથા કિસરા અને નજ્જાશીના દરબાર જોયા છે પરંતુ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબા જેટલા પ્રમાણમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ કરે છે એટલા પ્રમાણમાં કોઈ બાદશાહના રફીકો નથી કરતા ! જો આપ થૂંકે છે તો તે લોકોના હાથોમાં આપનું થૂંક પડે છે. અને એ લોકો તેને પોતાના શરીર તથા ચેહરા પર માલિશ કરે છે ! જો આપ કોઈ હુકમ આપે છે તો એ લોકો વધેલા બચેલા પાણીના માટે અંદરો અંદર જાણે લડી પડે છે ! જો તેમની સામે બોલે છે તો તેમના અવાજો ધીમા થઈ જાય છે. અને તેઓ આપની તરફ આંખ ભરીને નથી જોતા. *(બુખારી કિતાબુશ્શુરુત)*

## ★ જાનની કુર્બાની ★

સુલહે હુદૈબિયહમાં જ્યાર ઉરવહ્‌એ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહ્યું કે હું આપની સામે એવા ચેહરા અને મલતા જુલતા માણસ જોઉં છું જે

આપને છોડીને નાસી છૂટશે. તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના દિલ પર આ ટોણો મારતા વાકયએ નસ્તરનું કામ કર્યું અને તેમણે આગળ વધીને કહ્યું, અમે ! અને આપને છોડીને નાસી જઈશું ?! *(હવાલો ઉપર મુજબ)*

આ એક કૌલ હતો જેનું સમર્થન દરેક મોકા પર સહાબાએ કિરામે પોતાના અમલથી કર્યું.

ઈસ્લામની શરૂઆતમાં એક વખત આપ નમાઝ પઢવામાં મગ્ન હતા. ઉકબા બિન અબી મસીત આવ્યો અને આપનું ગળુ ઘોંટવાનું ઈચ્છયું. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેને હડસેલી મૂકયો અને કહ્યું કે એક માણસને માત્ર એટલા માટે કતલ કરો છો કે તે કહે છે કે મારો મઅ્બુદ અલ્લાહ છે ! બલ્કે તે તમારા ખુદાના તરફથી દલીલો લઈને આવ્યા છે. *(બુખારી કિતાબુલ મનાકિબ ફઝાઈલે અબી બક્ર رضی اللہ عنہ)*

હિજરત પછી ખતરાઓ ઘણા જ અધિક વધી ગયા હતા. મક્કાના કાફિરો સિવાય હવે મુનાફિકો અને યહૂદીઓ નવા દુશ્મન થઈ ગયા હતા જેની રાત દિવસ બીક રહેતી હતી, પણ સહાબાએ કિરામ આપની હિફાઝતના માટે પોતાની જાતને ગમે તેવા ખતરાઓમાં નાખી દેતા હતા. છેવટે હિજરતની અગાઉ આપ એક રાતમાં જગ્યા તો કહ્યું, કાશ ! આજની રાત કોઈ નેક બંદા મારું રક્ષણ કરતો ! તો થોડીક વાર પછી હથિયારોની ઝનઝનાહટનો અવાજ આવ્યો. આપે અવાજ સાંભળીને કહ્યું, કોણ છે ? જવાબ મળ્યો, હું સઅદ બિન અબી વક્કાસ ! ફર્માવ્યું, કેમ આવ્યા ? બોલ્યા, મારા દિલમાં આપના વિશે ડર પૈદા થયો એટલે રક્ષણના માટે હાજર થયો છું. *(તિર્મિઝી કિતાબુલ્ ફઝાઈલ, મનાકિબે સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ)*

આ ખતરાઓના કારણે જો આપ થોડી વારના માટે પણ આંખથી દૂર થઈ જતા તો જાંનિષારોના દિલ ધડકવાં લાગતાં હતાં.

આપ એક દિવસ સહાબાએ કિરામના કુંડાળામાં બિરાજમાન હતા. કોઈ જરૂરતથી ઉઠયા તો પાછા ફરવામાં વાર લાગી. સહાબાએ કિરામ ગભરાઈ ગયા કે ખુદા ન કરે દુશ્મનોની તરફથી તો કોઈ બુરી નજરનું નુકસાન તો નથી પહોંચ્યું ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ પરેશાનીની હાલતમાં ગભરાઈને આપની તમન્નામાં અન્સારના એક બગીચામાં ગયા.





દરવાજો શોધ્યો પણ ન મળ્યો તો દિવાલમાં પાણીની એક નાળી જોવામાં આવી, એમાં પ્રવેશીને આપના સુધી પહોંચ્યા અને સહાબાએ કિરામની પરેશાનીની દાસ્તાન સંભળાવી. *(મુસ્લિમ કિતાબુલ્ ઈમાન)*

ગઝવાતમાં આ ખતરાઓ ઘણા જ વધારે વધતા જતા હતા. એટલા માટે સહાબાએ કિરામની જાંનિષારીમાં ઘણી જ વધારે પ્રગતિ થતી હતી.

ગઝવએ ઝાતુર્રિકાઅમાં એક સહાબીએ એક મુશ્રિકની પત્નીને ગિરફતાર કરી. તેણે બદલો લેવા માટે કસમ ખાઈ લીધી કે જ્યાં સુધી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબીઓમાંથી કોઈ સહાબીના લોહીથી જમીનને રંગીન નહીં કરી લઈશ ત્યાં સુધી ચૈન નહીં લઉં ! એટલા માટે જ્યારે આપ પાછા ફળ્યા તો તેણે પીછો કર્યો. જ્યારે આપ મંઝિલ પર પહોંચ્યા તો પૂછયું કે કોણ મારી નિગરાનીની જવાબદારી લેશે ? મુહાજિરીન તથા અન્સાર બંનેવમાંથી એક એક બહાદુર આ મોકોને મેળવવા માટે ઉઠયા. આપે હુકમ કર્યો કે ઘાટીની જમણી તરફ જઈને થોભી જાવ. (કે એ જ કાફિરોના કમીનાપણાની જગા બની શકતું હતું.) બંનેવ બુઝુર્ગ ત્યાં પહોચ્યા તો મુહાજિર બુઝુર્ગ સૂઈ ગયા અને અન્સારે નમાઝ પઢવાની શરૂ કરી. મુશ્રિક આવ્યો અને તરત જ સમજી ગયો કે આ મુહાફિઝ અને જોવાવાળા છે. ત્રણ તીર માર્યા અને ત્રણેવ એમના શરીરમાં ખૂપી ગયા. *(અબૂ દાઊદ કિતાબુત્તહારત બાબુલ વુઝૂ)* પરંતુ એ પોતાની જગ્યાએથી ન ખસ્યા !

આપ ગઝવએ હુનૈનના માટે નીકળ્યા તો એક સહાબીએ સાંજના સમયે ખબર આપી કે મેં આગળ જઈને પહાડની ઉપરથી જોયું તો ખબર પડી કે કબીલા હુવાઝનના સ્ત્રી પુરૂષો ચોપગાં પશુઓને લઈને ચાલ્યાં આવે છે. આપ મુસ્કુરાયા અને કહ્યું, આજે મારું રક્ષણ કોણ કરશે ? હઝરત અનસ બિન અબી મુર્ષદ ગનવીએ કહ્યું, હું યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ થયો કે સવાર થઈ જાઓ ! તે પોતાના ઘોડા પર સવાર થઈને આવ્યા તો કહ્યું કે આ ઘાટીની ઉપર ચડી જાવ ! આપ ફજરની નમાઝ માટે ઉઠયા તો સહાબાને કહ્યું કે તમને પોતાના શહ સવારની પણ ખબર છે ? સહાબાએ કહ્યું, અમને તો કશી ખબર નથી ! જમાઅત કાયમ

થઈ તો આપ નમાઝ પઢાવતા જતા હતા અને ફરીને ઘાટીની તરફ જોતા જતા હતા. નમાઝ અદા કરી ચૂકયા તો કહ્યું, તમને મુબારક થાય ! તમારા શહ સવાર આવી ગયા ! સહાબાએ કિરામે ઘાટીના ઝાડોની વચમાંથી જોયું તો એ આવી પહોંચ્યા અને ખિદમતે મુબારકમાં હાજર થઈને સલામ કરી અને કહ્યું કે હું ઘાટીના ઊંચી જગા પર જ્યાં આપે સૂચવ્યું હતું ત્યાં ચડી ગયો સવારે બંનેવ ઘાટીઓ પણ જોઈ તો એક જાલિમ પણ જોવામાં ન આવ્યો. આપે કહ્યું, કયારેક નીચે પણ ઉતર્યા હતા ? બોલ્યા, માત્ર નમાઝ અને કઝાએ હાજતના માટે. ઈર્શાદ થયો, તમને જન્નત મળી ચૂકી ! જો હવે પછી કોઈ અમલ ન કરો તો કોઈ વાંધો નથી ! *(અબૂદાઊદ કિતાબુલ જેહાદ)*

એક ગઝવહમાં સહાબાએ કિરામે એક ટેકરા પર રોકાણ કર્યું. એટલી સખત ઠંડી પડી કે અમુક લોકોએ જમીનમાં ખાડો ખોદયો અને એની અંદર પેસીને ઢાલ નાખી દીધી. આપે આ હાલત જોઈ તો કહ્યું કે આજની રાત મારું રક્ષણ કોણ કરશે ? હું એને દુઆ આપીશ. એક અન્સારીએ કહ્યું કે, હું યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે નજીક બોલાવીને એમનું નામ પૂછયું અને ઘણીવાર સુધી દુઆ આપતા રહ્યા. હઝરત અબૂ રયહાને આ દુઆ સાંભળી તો કહ્યું કે હું બીજો નિગેહબાન બનીશ. આપે નજીક બોલાવીને નામ પૂછયું અને એમને પણ દુઆ આપી. (મુસ્નદ ઈબ્ને હંમ્બલ, ભાગ–૪, પાનું–૧૩૪) આયતે કરીમા **વલ્લાહુ યઅસમક મિનન્નાસ** નાઝિલ થયા પછી આપે પોતાના માટે રક્ષક નક્કી કરવાનું બંધ કરી દીધું.

ગઝવએ બદરમાં જ્યારે આપે કાફિરોના મુકબલાના માટે સહાબાએ કિરામને બોલાવ્યા તો હઝરત મિકદાદ બોલ્યા, અમે એ લોકો નથી જે મૂસાની કૌમની જેમ કહી દઈએ કે :–

‘‘તમે અને તમારો ખુદા બંનેવ જાઓ અને લડો ! પરંતુ અમે આપના જમણેથી ડાબેથી પાછળથી લડીશું !’’ આપે આ જાનની કુર્બાનીનાં વાકયો સાંભળ્યાં તો ચેહરો મુબારક ખુશીના કારણે ચમકી ઉઠયો. *(બુખારી કિતાબુલ મગાઝી બાબ ગઝવએ બદર)*

સહાબાએ કિરામના જાન કુર્બાન કરવાના જઝબાનું જોર બધાથી





વધારે ગઝવએ ઓહદમાં થયું. જેમ કે એ ગઝવહમાં કોઈ જગા પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે માત્ર નવ સહાબા (જેમાં સાત અન્સારી અને બે કુરૈશી હતા. એટલે હઝરત તલ્હા અને હઝરત સઅદ) રહી ગયા. એ હાલતમાં કાફિરો આપના પર અચાનક તૂટી પડયા. તો આપે એ જાંનિષારોની તરફ ખિતાબ કરીને કહ્યું કે આ જાલિમ લોકોને કોણ મારી પાસેથી હટાવી શકે છે ? એક અન્સારી તરત જ આગળ વધ્યા અને લડીને આપના પર કુર્બાન થઈ ગયા. એવી રીતે કાફિરો બરાબર આપ પર હુમ્લો કરતા જતા અને આપ વારંવાર બોલતા જતા હતા અને એક એક અન્સારી વધીને આપના પર પોતાની જાન કુર્બાન કરતા જતા હતા, ત્યાં સુધી કે સાતેવ બુઝુર્ગ શહીદ ગઈ ગયા. *(સહીહ મુસ્લિમ બાબ ગઝવએ બદર)*

હઝરત તલ્હા અને હઝરત સઅદની જાંનિષારીનો સમય આવ્યો તો હઝરત સઅદની સામે આપે પોતાનું કમંડળ ફેલાવી દીધું અને કહ્યું કે તીર ફેંકો ! મારા માં બાપ આપના પર કુર્બાન ! હઝરત તલ્હા ઢાલની આડ લઈને આપની સામે ઊભા થઈ ગયા અને તીર ફેંકવા લાગ્યા અને એટલા સખત રીતે તીરંદાઝી કરી કે બે–ત્રણ કમાનો તૂટી ગઈ. જો આપ ગરદન ઉઠાવીને કાફિરોની તરફ જોતા તો એ કહેતા હતા, મારા માં–બાપ આપના પર કુર્બાન થાય ! ગરદન ઉઠાવીને ન જુઓ ! અચાનક કોઈ તીર ન લાગી જાય ! મારી છાતી આપની છાતીની સામે છે. *(બુખારી બાબ ગઝવએ ઓહદ)*

આ ગઝવામાં હઝરત શમાસ બિન ઉષ્માનની જાંનિષારીનો એ આલમ હતો કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم જમણી, ડાબી જે બાજુ આંખ ઉઠાવીને જોતા હતા એમની તલવાર ચમકતી જોવામાં આવતી હતી. આપના પર બેહોશી આવી ગઈ તો એમણે પોતાની જાતને આપની ઢાલ બનાવી લીધા ત્યાં સુધી કે એ જ હાલતમાં શહીદ થયા. *(તબકાત ઈબ્ને સઅદ તઝકેરાએ શમાસ બિન ઉષ્માન)*

એ ગઝવામાં આપે એક સહાબીને હઝરત સઅદ બિન રબીઅ અન્સારીની શોધમાં મોકલ્યા. એ લાશોની વચમાં એમને શોધવા લાગ્યા તો હઝરત સઅદ બિન રબીઅ જાતે બોલી ઉઠયા, શું કામ છે ? જવાબ આપ્યો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને તમારી ખબર કાઢવા માટે

મોકલ્યો છે. બોલ્યા, જાઓ ! આપની ખિદમતમાં મારી સલામ કહી દો અને કહી આપો કે મને ભાલના બાર ઘા પડયા છે. અને પોતાના કબીલામાં એલાન કરી દો કે જો રસૂલુલ્લાહ ﷺ શહીદ થઈ ગયા અને એમનામાંનો એક □વાસ લેવાવાળો પણ જીવતો રહ્યો તો ખુદાની નજીક એમનું કોઈ બહાનું સાંભળવાને લાયક નહીં હશે. *(ઈમામ માલિક કિતાબુલ્ જેહાદ બાબુત્ તરગીબ ફીલ જેહાદ)*

ન માત્ર મર્દ પરંતુ સ્ત્રીઓ પણ આપના પર જાંનિષારીની તમન્ના રાખતી હતી. હઝરત તલીબ બિન ઉમૈર رضی اللہ عنہ ઈસ્લામ લાવ્યા અને પોતાની માં ઉરવા બિન્તે અબ્દુલ મુત્તલિબને એની ખબર આપી તો બોલ્યાં કે તમે જે વ્યક્તિની મદદ કરી એ એનો બધાથી વધારે હકદાર હતો જો પુરુષોની જેમ અમે પણ તાકતવાળાં હોત તો આપનું રક્ષણ કરત અને આપના તરફથી લડતે. *(અસ્તીઆબ તઝકેરએ હઝરત તલીબ બિન ઉમૈર رضی اللہ عنہ )*

## ★ રસૂલુલ્લાહની ખિદમત ★

સહાબાએ કિરામ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતને પોતાની સૌથી મોટી મહાનતા સમજતા હતા. એટલા માટે કેટલાય બુઝુર્ગોએ પોતાની જાતને આપની ખિદમતના માટે વકફ કરી દીધી હતી. હઝરત બિલાલ رضی اللہ عنہ એ રિસલાતના જમાનાની શરૂઆતથી જ આપના ઘરના કામકાજના બધા કારોબારની વ્યવસ્થા પોતાના માથે લઈ લીધી હતી અને એના માટે જાત જાતની તકલીફો અને મુસીબતો સહન કરતા હતા પરંતુ આપની ખિદમતના મોકાને છોડવાનું કદી પણ પસંદ ન કરતા હતા. હુઝૂરની આદત શરીફ હતી કે જ્યારે કોઈ ગરીબ મુસલમાન ખિદમત મુબારકમાં હાજર થતો અને એના શરીર પર કપડાં ન હોય તો હઝરત બિલાલ رضی اللہ عنہ ને હુકમ કરતા અને એ ઉધાર લઈને એનો ખોરાક તથા પહેરવેશની વ્યવસ્થા કરતા.

એક વખત કોઈ મુશ્રિક પાસેથી એ હેતુના માટે કર્ઝ લીધું પરંતુ એક દિવસ એણે જોયું તો ઘણી જ સખ્ત રીતે કહ્યું, ઓ હબશી ! તને ખબર છે કે હવે મહિનામાં કેટલા દિવસ રહી ગયા ? માત્ર ચાર દિવસ ! એ





મુદતમાં કર્જ વસૂલ કરી લઈશ ! નહીં તો જેવી રીતે પહેલાં તું બકરીઓ ચરાવ્યા કરતો હતો એવી રીતે બકરીઓ ચરાવાવીશ ! હઝરત બિલાલ رضی اللہ عنہ ને એનાથી ઘણો જ રંજ થયો. ઈશાંની નમાઝ પછી આપની ખિદમતમાં આવ્યા અને કહ્યું કે મુશ્રિકે મને આવું બધું કહ્યું છે અને એ મને બેઈજ્જત કરી રહ્યો છે, કહો તો જ્યાં સુધી કર્જ અદા ન થઈ જાય ત્યાં સુધી મુસલમાનોના કબીલાઓમાં નાસી જઈને પનાહ લઈ લઉં. ઘરે પાછા આવ્યા તો નાસી છૂટવાનો બધો સામાન પણ તૈયાર કરી લીધો પરંતુ રઝ્ઝાકે આલમે સવાર સુધી ખૂદ કર્જ અદા કરવાનો બધો સામાન કરી દીધો. *(અબૂ દાઊદ કિતાબુલ ખિરાજ)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદને એ મહાનતા મળેલ હતી કે જ્યારે આપ કોઈ જગાએ જતા તો એ પહેલા આપને પગરખાં પહેરાવતા પછી આગળ આગળ લાકડી લઈને ચાલતા હતા. આપ મજલિસમાં બેસવાનું ઈચ્છતા તો આપના પગોમાંથી પગરખાં કાઢતા પછી આપને અસા (લાકડી) આપતા. આપ ઉઠતા તો પાછા એવી રીતે ચંપલ પહેરાવતા અને આગળ આગળ લાકડી લઈને ચાલતા અને હુજરા મુબારક સુધી પહોંચાડી આવતા.

આપ નહાતા તો પડદો કરતા. આપ સૂતા તો જગાડી દેતા. આપ સફરમાં જતા તો પાથરણું, મિસ્વાક (દાતણ), ચંપલ અને વુઝૂનું પાણી એમની સાથે રહેતું એટલા માટે એ સાહિબે સવાદે રસૂલુલ્લાહ એટલે આપના મીરે સામાં કહેવામાં આવતા હતા. *(તબકાત બિન સઅદ તઝકેરએ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ)*

હઝરત રબીઆ અસ્લમી رضی اللہ عنہ પણ દરરોજ આપની ખિદમતમાં લાગેલા રહેતા. જ્યારે આપ ઈશાંની નમાઝથી પરવારીને કાશાનએ નબુવ્વતમાં તશરીફ લઈ જતા તો એ દરવાજા પર બેસી જતા કે અચાનક આપને કોઈ જરૂરત પડે.

એક વખત આપે તેમને શાદી કરવાનું કહ્યું તો બોલ્યા કે એ સંબંધ આપની ખિદમત ગુઝારીમાં ખલેલ પહોંચાડશે જેને હું પસંદ નથી કરતો. પરંતુ આપના વારંવાર કહેવાથી શાદી કરવા પર મજબૂર થઈ ગયા. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૪, પેજ–૫૮ થી ૫૯)*

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ આપની સતત ખિદમત કરવાવાળા હતા. એમનું કામ એ હતું કે સફરમાં આપની ઊંટણીને હાંકીને ચાલતા હતા. *(અબૂ દાઊદ, કિતાબુસ્સલાત)*

હઝરત સલમા رضی اللہ عنہا, એક સહાબિયા હતાં જેમણે એટલી ભરપૂર આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમત કરી કે તેમને 'ખાદિમાએ રસૂલુલ્લાહ'નો લકબ હાંસલ થયો. *(અબૂ દાઊદ, કિતાબુ ત્તિબ્બ)*

હઝરત સફીના, હઝરત સલમા رضی اللہ عنہا ની માતાના ગુલામ હતા તેમણે તેમને એ શર્ત પર આઝાદ કરવાનું ઈચ્છયું કે એની ઉમર આપની ખિદમત ગુજારીમાં પૂરી કરે. એમણે કહ્યું કે જો આ શર્ત ન પણ કરતાં તો પણ હું જીવનપર્યંત આપની ખિદમતથી અલગ ન થાત. *(અબૂ દાઊદ)*

આ બુર્ઝુગોની સિવાય મોટા ભાગના સહાબાએ કિરામ જે આપની ખિદમતમાં હાજર રહેતા હતા એમને પણ ખાસ રીતે ખિદમતનો મોકો મળ્યા કરતા હતો. એક વખત આપ રફએ હાજતના માટે બેઠા તો હઝરત ઉમર رضی اللہ عنہ આપની પાછળ પાણીનો કૂજો લઈને ઊભા રહ્યા આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, ઉમર શું છે ? બોલ્યા, વુઝૂનું પાણી. કહ્યું કે દરેક વખતે એની જરૂરત નથી. *(અબૂ દાઊદ, કિતાબુલ તહારત)*

હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ જે કાયમ ખિદમતે મુબારકમાં હાજર રહેતા હતા. એમને વધારે એ મોકો મળતો કે જ્યારે આપ રફએ હાજતના માટે તશરીફ લઈ જતા તો એ કોઈ થાળી કે કૂંજામાં પાણી લાવતા અને આપ વુઝૂ કરતા. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત અબુસ્સમહ رضی اللہ عنہ કાયમ આપની ખિદમતમાં લાગેલા રહેતા હતા. જેથી જ્યારે આપ ગુસ્લ કરતા તો એ પીઠ ફેરવીને ઊભા થઈ જતા અને આપ એમની આડમાં નહાઈ લેતા.

જ્યારે આપે હજ્જતુલ વિદાઅમાં રમીએ જમરા કરવાનું ઈચ્છયું તો ખાદિમોમોમાં હઝરત ઓસામા અને હઝરત બિલાલ رضی اللہ عنہما સાથે સાથે હતા. એકના હાથમાં ઊંટની લગામ હતી અને બીજા બુર્ઝુગ આપના માથા પર પોતાનું કપડું ખેંચીને ચાલતા હતા જેથી સૂર્યનાં કિરણો ચેહરા મુબારકને ગરમી પહોંચાડવા ન પામે. *(અબૂ દાઊદ કિતાબુલ મનાસિક)*





## ★ રસૂલની મહોબ્બત ★

હદીષ શરીફમાં છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જ્યાં સુધી હું તમને તમારા પિતા, છોકરા અને બધા લોકોથી વધારે પ્યારો ન થઈ જાઉં ત્યાં સુધી તમે લોકો મોમિન નથી. અને સહાબાએ કિરામને ઈમાનનો આજ કમાલ મર્તબો મળેલ હતો. જેમ કે હઝરત જાબિરના પિતા જ્યારે ગઝવએ ઓહદમાં શામિલ થવા માટે રવાના થયા તો બેટાને કહ્યું કે હું જરૂર શહીદ થઈશ અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સિવાય મને તમારાથી વધારે કોઈ અઝીઝ નથી ! તમે મારું કર્જ અદા કરજો અને પોતાના ભાઈઓની સાથે નેક વર્તાવ કરજો. *(અસદુલગાબા તઝકેરએ હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ)*

એના સિવાય સહાબાએ કિરામ બીજી પણ વિવિધ રીતે આપની મુહબ્બત પ્રદર્શિત કરતા હતા.

એક વખત એક સહાબી આપની ખિદમતમાં હાજર થયા અને મહોબ્બતના જુસ્સામાં આપની કમીસ ઉલ્ટાવી દીધી અને એની અંદર ઘુસી ગયા ! આપને ચુમ્યા, આપનાથી ચોંટી ગયા. *(અબૂ દાઊદ કિતાબુ ઝૂઝકાત)*

હઝરત અસીદ બિન હઝીર એક ખુશ મિઝાજ સહાબી હતા. એક દિવસ હસી મજાકની વાતો કરતા હતા તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની પીઠમાં એક લાકડીથી ગોદો માર્યો. તેમણે એનો બદલો લેવાનું ઈચ્છયું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એના પર રાજી થઈ ગયા પણ એમણે કહ્યું કે, આપના શરીર પર કુર્તો છે બલ્કે મારા શરીર પર કુર્તો ન હતો ! આપે કુર્તો હટાવી દીધો તો એ આપનાથી ચોંટી ગયા અને પાસાને બોસો આપ્યો અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ જ હેતુ હતો ! *(અબૂ દાઊદ)*

જ્યારે આપની ખિદમતમાં અબ્દુલ કયસનું પ્રતિનિધિમંડળ હાજર થયું તો સવારીથી ઉતરવાની સાથે બધા જ દોડયા અને આપના હાથ પગને બોસો દીધો. *(અબૂ દાઊદ, કિતાબુલ બયઅત)*

હઝરત કુરદમે હજ્જતુલ વિદાઅમાં આપની ઝિયારત કરી તો આપના કદમ ચૂમી લીધા અને રિસાલતનો ઈકરાર કર્યો અને આપની

વાતો સાંભળતા રહ્યા. *(અબૂ દાઊદ, કિતાબુન્નિકાહ)*

હઝરત ઝાહિર એક ગામડીયા સહાબી હતા જે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ઘણી જ મહોબ્બત રાખતા હતા અને આપની ખિદમતમાં તોહફો મોકલ્યા કરતા હતા. આપ પણ એમનાથી મહોબ્બત રાખતા હતા અને કહ્યા કરતા હતા કે ઝાહિર અમારો ગામડીયો છે ! અને અમે શહેરી છીએ !

એક દિવસ એ પોતાનો માલ વેચી રહ્યા હતા તો આપે પાછળથી આવીને એમને ખોળામાં લઈ લીધા. તેમણે કહ્યું કોણ છે ? છોડી દો ! પરંતુ પાછળ ફરીને જોયું અને ખબર પડી કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم છે તો પોતાની પીઠને વારંવાર આપની છાતીથી ચોંટાડતા હતા અને તૃપ્ત ન થતા હતા ! *(શમાઈલે તિર્મિઝી)*

અરબમાં એવો ખયાલ પ્રવર્તતો હતો કે જો કોઈનો પગ સૂન મારી જતો અને એ પોતાના મહબૂબને યાદ કરે તો એ પરિસ્થિતિ દૂર થઈ જાય છે. એક વખત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનો પગ સૂન મારી ગયો તો કોઈએ કહ્યું, તમારા મહબૂબને યાદ કરી લો ! બોલ્યા, યા મુહમ્મદાહ્ ! *(અદબુલ મુફરદ)*

હઝરત ઉમ્મે અતીયા એક સહાબીયા હતાં. જ્યારે એ આપની વાત કરતાં તો ખુશીના કારણે કહેતાં, મારા પિતા આપના પર કુર્બાન ! *(નિસાઈ કિતાબુલ હૈઝ)*

ઈજ્જત અને મહોબ્બતના કારણે સહાબાએ કિરામ આપના આરામ અને સહુલતનો ઘણો જ ખ્યાલ રાખતા હતા અને આપની કોઈ પ્રકારની તકલીફ પસંદ ન કરતા હતા.

આપ એક સફરમાં હતા જેમાં એક સહાબી ઘણી જ કાળજીની સાથે આપના માટે પાણી ઠંડુ કરતા હતા. *(કિતાબુઝ્ ઝહદ)*

એક સ્ત્રી હતી જે કાયમ મસ્જિદે નબવીમાં કચરો વાળ્યા કરતી હતી. એનો ઈન્તેકાલ થઈ ગયો તો સહાબાએ કિરામે એમને દફન કરી દીધાં અને આપને જાણ ન કરી. આપને ખબર પડી તો કહ્યું કે, મને શા માટે ખબર ન આપી ? બોલ્યા, હુઝૂર રોઝાથી હતા અને કયલૂલા





(બપોરનો આરામ) કરી રહ્યા હતા જેથી અમે લોકોએ તકલીફ આપવાનું પસંદ ન કર્યું. એ જ પ્રમાણે બીજા એક સહાબીનો ઈન્તેકાલ થઈ ગયો તો સહાબાએ કિરામે હુઝૂરને ખબર ન આપી અને કહ્યું કે અંધારી રાત હતી જેથી હુઝૂરને તકલીફ થાત. *(સુનને ઈબ્ને માજહ્ બાબ કિતાબુલ જનાઈઝ)*

**આપને જે ચીજ મહબૂબ પ્યારી હોય એ આપની મહોબ્બતના કારણે સહાબાએ કિરામને પણ મહબૂબ થઈ જતી.** દૂધી આપને ઘણી જ પ્યારી હતી એટલા માટે હઝરત અનસ બિન માલિક પણ એને ઘણી જ પસંદ કરતા હતા. જેમ કે એક દિવસ દૂધી ખાઈ રહ્યા હતા તો જાતે ને જાતે જ બોલી ઉઠયા, અય છોડ ! એ કારણથી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તારાથી મહોબ્બત હતી જેથી તું મને કેટલા પ્રમાણમાં મહબૂબ છે, પ્યારી છે ! *(તિર્મિઝી)*

આપની મહોબ્બતે સહાબાએ કિરામની નજીક આપની દરેક ચીજને મહબૂબ બનાવી આપી હતી. આપની આદત હતી કે દરેક કામની શરૂઆત જમણી તરફથી કરતા.

એક વખત હઝરત મૈમૂનાના ઘરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જમણી અને હઝરત ખાલિદ બિન અબ્બાસ ડાબી બાજુ બેઠા હતા. હઝરત મૈમૂના દૂધ લાવ્યાં તો આપે પી ને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસને કહ્યું કે, હક તમારો જ છે પરંતુ જો ત્યાગ વૃત્તિ અપનાવો તો ખાલિદને આપી શકો છો. બોલ્યા, હું આપનું વધેલ કોઈને નથી આપી શકતો ! *(તિર્મિઝી અબ્વાબુદ્ દઅવાત)*

એક વખત આપે પાણી કે દૂધ પીને હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہ ને આપ્યું તો બોલ્યાં, હું રોઝાથી છું છતાં આપનું એઠું પાછું આપવાનું પસંદ નથી કરતી. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ-૬, પાનું-૩૪૩)*

એક વખત એક સહાબી ખિદમત મુબારકમાં હાજર થયા તો આપ ખાવા ખાઈ રહ્યા હતા. એમને પણ શામિલ કરવા ઈચ્છયું પણ એ રોઝાથી હતા, એટલા માટે એમને અફસોસ થયો કે હાય ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ખાવા ન ખાધું. *(સુનને ઈબ્ને માજહ્)*

મહોબ્બતના કારણે આપને રંજ થતો તો બધા સહાબાએ કિરામને રંજ થતો અને આપને ખુશી થતી તો બધા સહાબાએ કિરામ પણ એમાં સામેલ થતા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક મહિનાના માટે પવિત્ર પત્નીઓથી અલગતા અપનાવી લીધી તો બધા સહાબાએ કિરામે મસ્જિદમાં આવીને રડવા કકડવાનું શરૂ કરી દીધું. *(મુસ્લિમ કિતાબુર્રિઝાઅ)*

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે મૌતની બિમારી વખતે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ને ઈમામ બનાવવાનું ઈચ્છયું તો હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે એ નરમ દિલ માણસ છે, જ્યારે આપને નહીં જુએ તો પોતે રડશે અને બધા સહાબાએ કિરામ પણ. *(સુનને ઈબ્ને માજહ્ કિતાબુસ્સલાત)*

હઝરત અમ્ર બિન જમૂહ એક સખી, દરિયા દિલ સહાબી હતા. એમને આપનાથી એટલા પ્રમાણમાં મહોબ્બત હતી કે જ્યારે આપ નિકાહ કરતા તો તેઓ આપના તરફથી વલીમાનું દાવત કરતા. *(અસાબા, ભાગ–૪, પાનું–૨૯૬)*

આપ જ્યારે કોઈ ગઝવહમાં તશરીફ લઈ જતા તો સહાબીયાત મહોબ્બતના કારણે આપના પાછા આવવાની અને સલામતીના માટે મન્નતો માનતી હતી.

એક વખત આપ કોઈ ગઝવહથી પાછા આવ્યા તો એક સહાબીયા (જારીયા સૌદહ) એ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં નજર માની હતી કે જો ખુદા આપને સહી સલામત પાછા લાવશે તો આપની સામે દફ વગાડીને ગાઈશ. *(તિર્મિઝી કિતાબુલ મનાકિબ)*

આપ ખાસ કરીને ફકરો ફાકાની સાથે (ભૂખે રહી) જિંદગી પસાર કરતા હતા. સહાબાએ કિરામની સામે આપની ખાનગી જિંદગીનું આ દશ્ય આવી જતું તો મહોબ્બતના કારણે રડવા લાગતા.

એક વખત હઝરત ઉમર رضی اللہ عنہ કાશાનએ નબુવ્વતમાં તશરીફ લઈ ગયા (હુઝૂરના ઘરે) તો જોયું કે આપ ચટાઈ પર સૂતેલા છે જેના પર કોઈ પથારી નથી, શરીર મુબારક પર લુંગી (તેહબંદ) સિવાય કશું નથી, પાસાંઓમાં ચટાઈ (સાદડી)નાં નિશાનો પડયાં છે, મકાનમાં





મુઠ્ઠીભર જવની સિવાય બીજુ કંઈ નથી ! તો આંખોથી એકાએક આંસૂ નીકળી પડયાં. ઈર્શાદ થયો કે શા માટે રડો છો ! બોલ્યા, કેમ ન રડું ! આપની આવી પરિસ્થિતિ છે અને કૈસરો કિસરા દુનિયાની મજાઓ ઉડાવી રહ્યા છે. ફર્માવ્યું, શું તમને એ પસંદ નથી કે અમારા માટે આખેરત અને એમના માટે દુનિયા હોય ! *(મુસ્લિમ, કિતાબુર્રિઝાઅ)*

આપના વિસાલ પછી સહાબાએ કિરામને જ્યારે આપની એ હાલત યાદ આવતી હતી તો આંખોથી આંસું નીકળી આવતાં હતાં.

એક વખત હઝરત અબૂ હુરૈરહ્ સામે રોટલીઓ આવી તો જોઈને રડી પડયા, કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની આંખોથી કદી પણ ચપાટી નથી જોઈ. *(સુનને ઈબ્ને માજહ્)*

એક દિવસ અબ્દુર્રહમાન رضی اللہ عنہ એ પોતાના દોસ્તોને ગોશ્ત રોટલી ખવડાવી તો રડી પડયા અને કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો વિસાલ પણ થઈ ગયો અને આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પેટ ભરીને જવની રોટલી કદી પણ નથી ખાધી. *(શમાઈલે તિર્મિઝી)*

જો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ ચીજથી લાભવંત ન થઈ શકતા તો સહાબાએ કિરામ એનાથી લાભવંત થવાનું પસંદ ન કરતા. આપનો વિસાલ થયો તો આપના કફનના માટે એક પોશાક ખરીદવામાં આવ્યો, પરંતુ પછી આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બીજા કપડામાં દફનાવવામાં આવ્યા અને એ કાપડ હઝરત અબ્દુલ્લાહ બિન અબૂબક્રએ એ ખ્યાલથી લઈ લીધું કે એને પોતાના કફનના માટે સાચવી રાખે. પરંતુ કહ્યું કે જ્યારે ખુદાની મરજી ન થઈ કે એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું હોય તો મારું કેમ હોય ! એવું કહીને એને વેચીને એની કિંમતનો સદકો કરી દીધો. (મુસ્લિમ કિતાબુલ જનાઈઝ)

ગઝવએ તબૂક સખત ગરમીના સમયમાં થયો હતો. હઝરત અબૂ ખૈષમા رضی اللہ عنہ એક સહાબી હતા જે એ ગઝવામાં સામેલ ન થઈ શકયા હતા. એક દિવસ એ ઘરમાં આવ્યા તો જોયું કે પત્નીઓએ એમના આરામ માટે ઘણી જ તૈયારી કરી છે. ઉપરના માળે પાણીનો છંટકાવ કર્યો છે ! પાણી ઠંડુ કર્યું છે ! સારું ખાવા તૈયાર કર્યું છે ! પરંતુ એ બધો આરામનો સામાન જોઈને આપ બોલ્યા, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આ લૂ

અને ગરમીમાં ખુલ્લા મેદાનમાં હોય અને અબૂ ખૈષમા છાંયડો, ઠંડુ પાણી, સારું ખાવાનું અને ખૂબ સૂરત સ્ત્રીઓની સાથે મજા કરે ! ખુદાની કસમ ! આ ઈન્સાફ નથી ! હું હરગિઝ ઉપરના માળે ન આવીશ ! છેવટે એ જ સમયે સફરનો સામાન લીધો અને તબૂકની તરફ રવાના થઈ ગયા. *(અસદુલ ગાબા, ભાગ–૪, પાનું–૨૯)*

## ★ વિસાલ પછી આપ યાદ આવતા તો સહાબાએ કિરામ બેઅખત્યાર રડી પડતા ★

એક દિવસ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ કહ્યું, ''અને જુમેરાતનો દિવસ કેટલા પ્રમાણમાં કઠિન હતો !'' એના પછી એટલા પ્રમાણમાં રડયા કે જમીનની કાંકરીઓ આંસૂંઓથી ભીની થઈ ગઈ. હઝરત સઈદ બિન જુબૈરે પૂછયું, જુમેરાતનો દિવસ શું ? બોલ્યા, એ દિવસે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૌતની બિમારીમાં વધારો થયો હતો. *(મુસ્લિમ કિતાબુલ વસીયત )*

આપની મુબારક સોહબતોની યાદ આવતી તો સહાબાએ કિરામની આંખોથી અનાયાસે આંસૂ ચાલુ થઈ જતાં.

એક વખત હઝરત અબૂબક્ર અને હઝરત અબ્બાસ رضی اللہ عنہما અન્સારીની એક મજલિસમાં ગયા તો જોયું કે બધા લોકો રડી રહ્યા છે. કારણ પૂછયું તો બોલ્યા કે અમને સરકારની મજલિસ યાદ આવી ગઈ. અલ્લામા ઈબ્ને હજર આ હદીષની તફસીરમાં લખે છે કે આ બનાવ આપની બિમારીના વખતનો છે જેમાં અન્સારીઓને એ બીક લાગી કે, આ બિમારીમાં આપનો વિસાલ થયો તો પછી આપની મજલિસ નસીબ નહીં થાય ! એટલા માટે તેઓ આ ગમમાં રડી પડયા.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાતો કહેતા હતા તો આંખોથી આંસૂંઓ ચાલુ થઈ જતાં હતાં. *(તબકાતે ઈબ્ને સઅદ તઝકેરએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما)*





## ☆ રસૂલનાં કુટુંબીઓની ઈજ્જત તથા મહોબ્બત ☆

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સંબંધથી સહાબાએ કિરામ એહલે બયતની પણ ઘણી જ ઈજ્જત તથા મહોબ્બત કરતા હતા.

એક વખત હઝરત ઈમામ બાકિર رضی اللہ عنہ હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ ની ખિદમતમાં હજ્જતુલ વિદાઅની પરિસ્થિતિ પૂછવાના હેતુથી હાજર થયા. એ સમયે ઈમામ બાકિર તાલિબુલ ઈલમાના (ઈલ્મ પ્રાપ્તિ માટે તાલિબ બનીને) અને ન્યાઝમંદાના આવ્યા હતા. છતાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ઘણું જ ઉષ્માભેર આપનું સ્વાગત કર્યું. પ્રથમ તેમના માથા તરફ હાથ લંબાવ્યો અને તેમના ઉપર અને નીચેના બટન ખોલ્યા પછી છાતી પર હાથ ફેરવ્યો અને ભલે પધારો ! કહ્યું, પછી અસલ મસઅલા પર વાતચીત કરવાની રજા આપી. *(અબૂ દાઊદ કિતાબુલ મનાસિક)*

એક વખત એક ઈરાકીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને પૂછયું કે મચ્છરનું લોહી જે કપડા પર લાગી જાય છે, એનો શો હુકમ છે ? બોલ્યા, એમને જુઓ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસાઓને તો શહીદ કરી નાંખ્યા અને મચ્છરના લોહીનો સવાલ કરે છે ! *(તિર્મિઝી કિતાબુલ મનાકિબ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના થોડાક દિવસ પછી એક દિવસ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એક રસ્તા પરથી પસાર થયા તો જોયું કે હઝરત હસન અલી જદ્દહૂ અલૈહિસ્સલામ રમી રહ્યા છે. ઉઠાવીને પોતાના ખભાઓ પર બેસાડી દીધા અને શેઅર પઢયા :–

**(અર્થ)** : મારા બાપ તમારા પર કુર્બાન કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જેવા છો ! અલી رضی اللہ عنہ ની જેવા નથી ! હઝરત અલી પણ સાથે હતા એ હસી પડયા. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૧, પેજ–૮)*

એક દિવસ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ઈમામ હસન અલી

જદહૂ અલૈહિસ્સલામને મળ્યા અને કહ્યું કે સહેજ પેટ ખોલો તો જ્યાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બોસો દીધો હતો ત્યાં હું પણ બોસો આપીશ. છેવટે એમણે પેટ ખોલ્યું અને એમણે ત્યાં બોસો દીધો. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–ર, પેજ–૪ર૭)*

એક વખત ઘણા જ લોકો મસ્જિદે નબવીમાં બેઠા હતા. અચાનક હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ આવ્યા અને સલામ કરી. બધાએ સલામનો જવાબ આપ્યો પરંતુ હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ ચૂપ રહ્યા. જ્યારે બધા ચૂપ થઈ ગયા તો મોટા અવાજથી કહ્યું, અસ્સલામુ અલૈકુમ વરહ્‌મતુલ્લાહિ વબરકાતુહૂ ! આવું કહીને બધાના તરફ ફરીને કહ્યું, હું તમને બતાવુ કે જમીનના રહેવાવાળાઓમાં આસમાનવાળાઓને બધાથી મહબૂબ વ્યકિત કોણ છે ? આ જ ! જે જઈ રહ્યા છે. જંગે સિફફીનના પછીથી એમણે મારાથી વાતચીત નથી કરી, જો એ મારાથી રાજી થઈ જાય તો એ મને લાલ ઊંટોથી પણ વધારે પ્યારા છે. *(અસદુલ ગાબા)*

હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ઘણા જ મોટા (હામી) ચાહક હતા. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ઈન્તેકાલ પછી એક વખત હઝરત અમીર મુઆવિયહ્‌ رضی اللہ عنہ એ પૂછયું કે, તમારા દોસ્ત અબુલ હસનના ગમમાં તમારો કેવો હાલ છે ? બોલ્યા, મૂસાના ગમમાં જે હાલ એમની માનો હતો. *(ઈસ્તીઆબ તઝકેરએ હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ)*

હઝરત ફાતમા رضی اللہ عنہا એ જ્યારે હઝરત અબૂબક્રથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વારસાની માંગણી કરી અને અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સગાઈના હક્કો બતાવ્યા. તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ એ મોકો પર જે તકરીર કરી એમાં ખાસ કરીને એહલે બયતની મહોબ્બતનું બયાન કર્યું અને કહ્યું કે, એ જાતની કસમ જેના હાથમાં મારી જાન છે ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સગાઈના હક્કોની અદબ મને મારાં સગાઓથી વધારે છે. એ લોકોને પણ એમના હક્કોનો લેહાઝ રાખવાનો હુકમ કર્યો. *(બુખારી કિતાબુલ મનાકિબ)*

એક વખત હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ એક બનાવમાં હઝરત ઉમર رضی اللہ عنہ થી જીદ કરી અને કહ્યું કે, હે અમીરુલ મોમિનીન ! જો મૂસાના કાકા આપની પાસે મુસલમાન થઈને આવતા તો આપ શું





કરતા ? બોલ્યા, એમની સાથે સારો વર્તાવ કરતો ! હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ કહ્યું, તો પછી હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા છું ! બોલ્યા, અય અબુલ ફઝલ ! આપનું શું કહેવું છે ? ખુદાની કસમ ! આપના બાપ મને મારા બાપથી વધારે મહબૂબ છે. કેમ કે મને ખબર છે એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મારા બાપથી વધારે મહબૂબ હતા અને હું રસૂલુલ્લાહની મહોબ્બતને મારી મહોબ્બત પર અગ્રિમતા આપું છું.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ નો ઈન્તેકાલ થયો તો બનૂ હાશિમે અલગ અને હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ અલગ અન્સારની દરેક વસ્તીમાં એનું એલાન કરાવી દીધું. લોકો એટલા અધિક પ્રમાણમાં ભેગા થયા કે કોઈ વ્યકિત તાબૂત (જનાઝા)ની પાસે ન જઈ શકતું હતું ખૂદ બનૂ હાશિમના લોકોએ એવી રીતે ઘેરી લીધા કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ પોલીસની મદદથી એમને ખસેડયા. *(તબકાતે ઈબ્ને સઅદ)*

અરબમાં જ્યારે દુકાળ પડતો હતો તો હઝરત ઉમર એમના વસીલાથી વરસાદની દુઆ માંગતા હતા અને કહેતા હતા કે ખુદાવંદા ! અમે પહેલાં અમારા પયગંબરને વસીલો બનાવતા હતા અને તું પાણી વરસાવતો હતો અને હવે અમારા પયગંબરના કાકાને વસીલો બનાવીએ છીએ ! અમારા માટે પાણી વરસાવ. *(બુખારી કિતાબુલ મનાકિબ)*

એક વખત હઝરત ઉમર رضی اللہ عنہ એ શિફા બિન્તે અબ્દુલ્લાહ અદવિય્યહ્‌ને બોલાવવા મોકલ્યા. એ આવ્યાં તો જોયું કે આતિકા બિન્તે અસીદ પહેલેથી હાજર છે. થોડીક વાર પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ બંનેવને એક એક ચાદર આપી પરંતુ શિફાની ચાદર કમ દરજ્જાની હતી એટલા માટે એમણે કહ્યું કે હું આતિકાથી વધારે કદીમુલ ઈસ્લામ (વધારે પહેલા ઈસ્લામ લાવી) છું અને આપના કાકાની દીકરી છું. આપે ખાસ મને આ હેતુના માટે બોલાવી હતી અને આતિકા તો આમ જ આવ્યાં હતાં ! હઝરત ઉમર رضی اللہ عنہ બોલ્યા, મેં આ ચાદર તમને જ દેવાના માટે રાખી હતી પરંતુ જ્યારે આતિકા આવી ગયાં તો મારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સગાઈની અદબ કરવી પડી. *(અસાબા તઝકેરએ આતિકા બિન્તે અસીદ)*

હઝરત હિંદ બિન અબી હાલા હઝરત ખદીજાના દીકરા હતા. માત્ર એટલા સંબંધથી કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની પરવરિશ કરી હતી. જ્યારે એમના દીકરાનો બસરામાં પ્લેગની બિમારીમાં ઈન્તેકાલ થયો તો પહેલા એમનો જનાઝો ઘણાં જ ઓછા લોકોથી ઉઠાવવામાં આવ્યો. પરંતુ આ હાલતને જોઈને એક સ્ત્રીએ જોરથી કહ્યું, હાય હિંદ બિન હિંદ ! રસૂલુલ્લાહથી પરવરિશ પામેલ ફરઝંદ ! આ સાંભળતાં જ લોકો પોતાનાં મુર્દાઓને છોડીને એમના જનાઝામાં સામેલ થઈ ગયા ! *(ઈસ્તીઆબ તઝકેરએ હિંદ બિન અબી હાલા)*

કબીલા બનૂ ઝહરામાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું મોસાળ હતું એટલા માટે હઝરત આઈશા એ કબીલાની ઘણી જ અદબ કરતાં હતાં, જેથી જ્યારે હઝરત આઈશા હઝરત અબ્દુલ્લાહ બિન ઝહિર رضی اللہ عنہ થી નારાજ થયાં તો એમણે એ કબીલાના થોડાક બુર્ઝુગોને સિફારશી બનાવ્યા. *(બુખારી કિતાબુલ મનાકિબ)*

## ★ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત તથા મહોબ્બત ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જે લોકોથી મહોબ્બત રાખતા હતા સહાબાએ કિરામ પણ તેમની ઘણી જ કદર તથા ઈજ્જત કરતા હતા.

હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત ઓસામા બિન ઝયદનો તોહફો સાડા ત્રણ હજાર અને પોતોના દીકરા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનો ત્રણ હજાર નક્કી કર્યા તો એમણે વાંધો ઉઠાવ્યો કે આપે ઓસામાને મારા પર કેમ અગ્રિમતા આપી ? એઓ તો કોઈ જંગમાં મારાથી આગળ રહ્યા નથી ! બોલ્યા, ઓસામાના બાપ તમારા બાપથી વધારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મહબૂબ હતા. અને ઓસામા હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તમારાથી વધારે મેહબૂબ હતા એટલા માટે મેં મારા મહબૂબ પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મહબૂબને અગ્રિમતા આપી. *(તિર્મિઝી કિતાબુલ મનાકિબ)*

એક વખત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ જોયું કે એક વ્યક્તિ મસ્જિદના ખૂણામાં દામન ઘસેડતા ફરી રહ્યા છે. બોલ્યા, આ કોણ વ્યક્તિ છે ? એક માણસે કહ્યું, આપ એમને નથી ઓળખતા ? એ મુહમ્મદ બિન ઓસામા છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરે આ સાંભળતાં ગરદન





નમાવી લીધી અને જમીન પર હાથ મારીને કહ્યું, જો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમને જોતા તો તેમની સાથે મહોબ્બત કરતા. *(બુખારી કિતાબુલ મનાકિબ)*

સહાબાએ કિરામ ન માત્ર આપના દોસ્તોની ઈજ્જત કરતા હતા પરંતુ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે ગુલામોને આઝાદ કરીને પોતાના મૌલા (આઝાદ કરેલ ગુલામ) બનાવી લીધા હતા એમની સાથે પણ ઘણા જ પ્રેમપૂર્વક વર્તન કરતા હતા.

એક વખત આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે ગુલામોનાં નાક કાન કાપી લેવામાં આવ્યાં છે કે એમને સળગાવી દેવામાં આવ્યા છે એ આઝાદ છે ! એને એ અલ્લાહ અને એના રસૂલના આઝાદ કરેલ ગુલામ છે. લોકો આવું સાંભળીને હિજડાને લાવ્યા જેનું નામ મુસ્નદર હતું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને આઝાદ કરી દીધો. આપની વફાત પછી એ હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما ના જમાનામાં આવતો તો બંનેવ બુર્ઝુગ એની સાથે સારામાં સારો વર્તાવ કરતા. એણે એક વખત મિસર જવા ઈચ્છયું તો હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત અમ્ર બિન આસને પત્ર આપ્યો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વસિયતના પ્રમાણે એમની સાથે સારામાં સારો વર્તાવ કરશો. (મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૩, પેજ–૨૨૫)

બીજી રિવાયતમાં છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એમની અને એમનાં બીબી બચ્ચાંનું બયતુલ માલમાંથી ભરણપોષણ કરતા હતા અને હઝરત ઉમર رضی اللہ عنہ એ મિસ્રના ગર્વનરને લખ્યું હતું કે આ માણસને થોડીક જમીન આપી દેવામાં આવે. પરંતુ આ રિવાયતમાં એના નામને ચોખ્ખી રીતે બયાન નથી કર્યું, બની શકે છે કે એ કોઈ બીજા ગુલામ હોય. *(પેજ–૧૮૨, ભાગ–૨)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારતનો શોખ ★

સહાબાએ કિરામના દિલો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઝિયારતના શોખથી તરબોળ હતાં. એટલા માટે જ્યારે ઝિયારત (મુલાકાત)નો સમય નજીક આવતો તો એ જુસ્સો ઔર વધારે છલકાઈ જતો.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ જ્યારે પોતાના મિત્રોની

સાથે મદીના પહોંચ્યા તો તમામે તમામ એક સાથે એકી ઝબાને ખુશીભેર કહેવા લાગ્યા કે,

(અર્થ) : અમે કાલે અમારા દોસ્તોને એટલે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના સાથીઓને મળીશું. મુસાફાની રસમ સૌ પ્રથમ એ જ લોકોએ શરૂ કરી જે ખુશી તથા મહોબ્બત પ્રદર્શિત કરવાનો એક ઉમદા ઝરીયો છે. દરબારે નબુવ્વતની ગેરહાજરી સહાબાની નજીક મહાન જુર્મ હતો.

એક દિવસ હુઝૈફાની માતાએ પૂછયું કે તમે કયારથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુલાકાત નથી કરી ? બોલ્યા, આટલા દિવસથી ! એના પર એમણે એમને બુરુ ભલુ કહ્યું, તો બોલ્યા, છોડો ! હું હુઝૂરની ખિદમતમાં જાઉં છું અને એમની સાથે મગરિબની નમાઝ પઢીશ અને મારા અને તમારા માટે મગફેરતની માંગણી કરીશ. *(તિર્મિઝી, કિતાબુલ મનાકિબ, ફઝાઈલુલ હસનુ વલ્ હુસૈન)*

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ પછી એ જ શોખ હતો જે સહાબાએ કિરામને આપના મઝારની તરફ ખેંચી લાવતો હતો.

એક વખત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ આવ્યા અને મઝારે પાક પર પોતાના ચેહરાને મૂકી દીધો. મરવાને જોયું તો કહ્યું કે કાંઈ ખબર છે, આ શું કરો છો ? કહ્યું કે હું ઈંટ પથ્થરની પાસે નથી આવ્યો પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો છું ! *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૫, પેજ–૪૨૨)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીદારનો શોખ ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દીદાર ઈમાનની તાજગીમાં વધારો થવાનો સબબ હતો એના પરિણામે સહાબાએ કિરામ એના ઘણા જ મુશ્તાક રહેતા હતા. જ્યારે સરકાર હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા તો તરસી નજરોએ જે લોકોએ આપને ન જોયા હતા તેઓ આપને ઓળખી ન શકયા પરંતુ જયાર તડકો આવ્યો અને હઝરત અબૂબક્રએ આપની ઉપર પોતાની ચાદરનો છાંયડો કર્યો તો બધાએ એના છાંયડામાં નબુવ્વતના સૂરજના દીદારથી પોતાનું ઈમાન તાજુ





કર્યું. *(બુખારી બાબ હિજરતુન નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

હજ્જતુલ વિદાઅમાં દીદારના તમન્નાઈઓએ નબુવ્વતના સૂર્યને વર્તુળની જેમ પોતાના ટોળામાં લઈ લીધા હતા. બદ્દુ (ગામડીયાઓ) આવીને દીદારના શરબતથી તૃપ્ત થતા હતા અને કહેતા હતા, આ મુબારક ચેહરો છે ! *(અબૂ દાઊદ કિતાબુલ મનાસિક)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મૌતની બિમારીના વખતમાં જયારે પડદો ઉઠાવીને જોયું અને સહાબાએ કિરામની હાલત નમાઝ જોઈને મુસ્કુરાયા તો આ છેલ્લા દીદારથી ખુશીની એ હાલત છવાઈ ગઈ કે ઈચ્છયું નમાઝ જ તોડી નાખીએ અને એ જમાલ જેની કોઈ મિષાલ નથી તેને આજે જીવ ભરીને જોઈ લઈએ ! હઝરત અનસ કહે છે :–

આપનો ચેહરો કુર્આનના પાનાની જેમ સાફ હતો. અમે લોકોએ કોઈ દશ્ય એવું નથી જોયું જે અમને રૂખે અન્વરના આ દશ્યથી વધારે પસંદીદા હોય.જયારે ચેહરો મુબારક અમારા સમક્ષ જાહેર થયો. *(બુખારી કિતાબુસ્સલાત)*

અમુક સહાબાએ કિરામને આંખો માત્ર એટલા માટે અઝીઝ હતી કે એના લીધે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દીદાર થતો હતો. પરંતુ જયારે ખુદાએ એમને એ મોકાથી વંચિત કરી દીધા તો તેઓ આંખોથી પણ બેપરવા થઈ ગયા !

એક સહાબીની આંખ જતી રહી તો લોકો ખબર લેવા આવ્યા તો એમણે કહ્યું કે એનો હેતુ તો માત્ર રસૂલુલ્લાહનો દીદાર હતો પરંતુ જયારે આપનો વિસાલ થઈ ગયો, હવે જો મારા બદલામાં તબાલાની હરણીઓ આંધળી થઈ જાય અને મારી આંખો આવી જાય તો પણ મને પસંદ નથી. *(અદબુલ મુફરદ)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતનો શોખ ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતનો ફૈઝ એક એવી અમૂલ્ય દૌલત હતી જેના પર સહાબાએ કિરામ દરેક પ્રકારના દુનિયાવી માલ દૌલતને કુર્બાન કરી આપતા હતા.

એક વખત આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અમ્ર બિન આસને કહ્યું, તમને એક મોટા કામ પર મોકલવા ઈચ્છું છું અને ખુદા ગનીમતનો માલ આપશે તો તમને ઘણો જ વધારે ભાગ આપીશ. બોલ્યા, હું માલના માટે મુસલમાન નથી થયો માત્ર એટલા માટે ઈસ્લામ લાવ્યો છું કે આપની સોહબતનો ફૈઝ મળે. (અદબુલ મુફરદ)

જે સહાબાએ કિરામ દુનિયાવી સંબંધોથી આઝાદ થઈ જતા એ માત્ર આસ્તાનએ નબુવ્વતથી સંબંધ પૈદા કરીને આપની સોહબતથી ફૈઝયાબ થતા હતા. હઝરત કયલા رضی اللہ عنہا, વિધવા થઈ ગયાં તો બાળકોને એમના કાકાએ લઈ લીધાં હવે એ બધા દુનિયવી ઝઘડાઓથી આઝાદ થઈને એક સહાબીની સાથે ખિદમત મુબારકમાં હાજર થયાં અને આપની તાલીમાત તથા તલકીનાતથી જિંદગીભર ફાયદો મેળવતાં રહ્યાં. *(તબકાતે ઈબ્ને સઅદ તઝકેરા હઝરત કયલા رضی اللہ عنہا )*

હઝરત ઉમર رضی اللہ عنہ થોડાક દૂરના સ્થળે રહેતા હતા એટલા માટે રોજ આપની સોબતના ફૈઝથી લાભવંત ન થઈ શકતા હતા. છતાં એ આદત બનાવી લીધી હતી કે એક દિવસ જાતે આવતા હતા અને બીજા દિવસે પોતાના ઈસ્લામી ભાઈ હઝરત ઉતબાન માલિકને મોકલતા હતા કે આપની તાલીમાત તથા ઈર્શાદાતથી વંચિત ન રહેવા પામે. *(બુખારી કિતાબુલ ઈલ્મ)*

દુનિયામાં આપની સોહબતનો ફૈઝ ઉઠાવવાની સાથે અમુક સહાબાએ ઈચ્છા કરી કે, છેલ્લે પણ આ દૌલતે જાવેદાની (હંમેશાની દોલત) નસીબ થાય. હઝરત રબીયા બિન કઅબ અને હઝરત ષૌબાને એ જ તમન્ના જાહેર કરી અને સરફરાઝ થયા.

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતની અસર ★

સહાબાએ કિરામ ઘણા જ નિખાલસ તથા ચોખ્ખા દિલની સાથે આપના ઈર્શાદ અને હિદાયતથી ફૈઝયાબ થવાને માટે આપની ખિદમતમાં હાજર થતા હતા એટલા માટે એમના પર આપની સોહબતની અસર ઘણા જ પ્રમાણમાં પડતી હતી. એક વખત હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ શું વાત છે કે જ્યારે અમે





આપની પાસે હોઈએ છીએ તો અમારા દિલ નરમ થઈ જાય છે, અલ્લાહની ઈબાદતનો તથા આખેરતના વિચારનો પ્રભાવ વધી જાય છે. પછી જ્યારે આપની પાસેથી ચાલ્યા જઈએ છીએ તો બીબી બચ્ચાંઓથી હળીએ મળીએ છીએ અને બાળકોને સુંઘીએ છીએ તો આ વાત બાકી નથી રહેતી ! ઈર્શાદ થયો કે જો એ જ હાલત કાયમ રહેતી તો ફરિશ્તાઓ પોતે તમારા ઘરોમાં તમારી ઝિયારતના માટે આવતા. *(તિર્મિઝી, અબ્વાબે સિફતુલ જન્નત)*

એક વખત હઝરત હંઝલા અસીદી رضی اللہ عنہ અબૂબક્ર رضی اللہ عنہ ની પાસેથી રડતા રડતા પસાર થયા. હાલત પૂછતાં જણાવ્યું કે, હન્ઝલા મુનાફિક થઈ ગયો ! અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે હોઈએ છીએ અને આપ જન્નત અને દોઝખની વાત કહે છે કે, અમારી સામે એની છબી દોરાઈ જાય છે. પછી ઘરમાં આવીને બીબી બચ્ચાંઓને મળીએ છીએ અને ખેતીવાડીના કામમાં ધ્યાન પરોવીએ છીએ તો એ હાલતને ભૂલી જઈએ છીએ ! હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કહ્યું, અમારો પણ એ જ હાલ હોય છે. ચાલો જાતે હુઝૂરની પાસે જઈએ ! આપની ખિદમતમાં હાજર થયા અને બનાવનું વર્ણન કર્યું તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જો એ હાલત કાયમ રહેતી તો ફરિશ્તાઓ તમારી મજલિસોમાં તમારી પથારીઓ પર અને તમારા રસ્તાઓમાં આવીને તમારાથી મુસાફો કરતા. આ હાલતનું હંમેશા રહેવું જરૂરી નથી. *(તિર્મિઝી, અબ્વાબુઝ્ઝુહદ , પેજ-૪૧૩)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નું સ્વાગત ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિજરત કરી તો આપની સાથે કાંઈ મોટું લશ્કર ન હતું, માત્ર સવારીની બે ઊંટણીઓ હતી અને સાથે એક જાંનિષાર રફીકે સફર હતો. પરંતુ આ સામાન વગરનો કાફલો જે દિવસે મદીનામાં પહોંચ્યો તો મદીના ખુશી આનંદનું સ્થળ બની ગયું. સ્ત્રીઓ, બાળકો અને લોંડીઓની જીભ પર આ વાકય હતું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આવ્યા ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આવ્યા ! હિજરતની ખબર પહેલેથી મદીનામાં પહોંચી ગઈ હતી એટલા માટે તમામ મુસલમાન સવારે ઘર છોડીને મદીનાની બહાર સ્વાગતના માટે ભેગા થતા અને બપોર સુધી

રાહ જોઈને પાછા ચાલ્યા જતા.

એક દિવસ આદત પ્રમાણે લોકો રાહ જોઈને ચાલ્યા તો એક યહૂદીએ કિલ્લાએથી જોઈને મોટા અવાજે બૂમ પાડી કે, લો તમે જેની રાહ જોતા હતા એ આવી પડયા ! તમામ સહાબા અચાનક ઉમટી પડયા અને હથિયારોથી સુસજ્જ થઈને સજીધજીને ઘરોમાંથી નીકળી આવ્યા, આપ કુબામાં તશરીફ લાવ્યા અને ખાનદાન બનૂ અમ્ર બિન ઔફને ત્યાં ઉતર્યા તો તમામ ખાનદાનોએ અલ્લાહુ અકબરનો નારો લગાડયો. અન્સાર દરેક બાજુથી આવતા અને મહોબ્બતના જુસ્સાની સાથે સલામ પેશ કરતા. *(તબકાત, સીરતે નબવી, પેજ–૧૫૮)*

અન્સારમાં જે લોકોએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અત્યાર સુધી ન જોયા હતા તેઓ દીદારના શોખમાં આતુર હતા પરંતુ આપને ઓળખી ન શકતા હતા અને અબૂબક્ર رضی اللہ عنہ એ તડકાથી બચાવવાના માટે આપના માથા પર ચાદર તાણી તો બધાને એના છાંયડામાં નબુવ્વતનો સૂર્ય જોવામાં આવ્યો.

આપ કુબાથી મદીનાની ખાસ વસ્તીની તરફ ગયા તો જાંનિષારોનું ટોળુ સાથે હતું. એક જગા પર આપ રોકાઈ ગયા અને અન્સારને બોલાવ્યા. બધા લોકો હાજર થયા, સલામ કરી અને કહ્યું કે, સવાર થાઓ ! કોઈ બીક નથી ! અમે લોકો હુકમના પાલન માટે હાજર છીએ. આપ અન્સારની તલવારના સાયામાં રવાના થયા.

કુબાથી મદીના સુધી બંનેવ બાજુ જાંનિષારોની કતારો હતી. રસ્તામાં અન્સારનાં ખાનદાન આવતાં તો દરેક કબીલો સામે આવીને કહેતો કે, હુઝૂર આ ઘર છે ! આ માલ છે ! આ તાકાત છે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે શહેરમાં પહોંચ્યા તો એક શોર મચી ગયો, લોકો ઉપરના માળેથી લટકી લટકીને જોતા હતા અને કહેતા હતા કે રસૂલુલ્લાહ આવ્યા ! રસૂલુલ્લાહ આવ્યા ! *(બુખારી બાબ હિજરતુન્નબી વ તબકાત સિરતે નબવી ઝિક્રે હિજરત)* પર્દાનશીન સ્ત્રીઓ ખુશીના જુસ્સામાં આ ગીત ગાતી હતી :–

**તલઅલ્ બદરુ અલૈના — મિન ષનિયાતિલ વદાઈ**
**વજબ શ્શુકરુ અલૈના — મદઆ લિલ્લાહિ દાઈ**





" કોહે વિદાઅની ઘાટીઓના સિતારાથી બદરે કામિલ તુલૂઅ થયો છે, જ્યાં સુધી દુઆ કરવાવાળાં દુઆ કરે અમાર પર શુક્ર વાજિબ છે."

જ્યારે આપની ઊંટણીઓ હઝરત અબૂ ઐયૂબ અન્સારીના દરવાજા પર બેસી ગઈ તો કબીલા બનુ નજ્જારની છોકરીઓ દફ વગાડીને આ શેઅર કડીઓ ગાવા લાગી :–

**(અર્થ)** : અમે ખાનદાને નજ્જારની છોકરીઓ છીએ ! મુહમ્મદ કેટલા સારા (હમસાયા) પડોશી છે ! *(વફાઉલ્ વફા, ભાગ–૧, પેજં–૧૮૭)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયાફત ★

જો સારા નસીબે કયારેક સહાબાએ કિરામને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયાફત તથા યજમાન થવાનો મોકો મળી જતો હતો તો એ લોકો ઘણી જ ઈજ્જત તથા મહોબ્બત અને અદબ તથા ઈજ્જતની સાથે એ ફર્ઝને અદા કરતા હતા.

એક વખત એક અન્સારીએ ખિદમતે મુબારકમાં ગુઝારિશ કરી કે હું ઘણો જ ભારે બદનવાળો માણસ છું. આપની સાથે નમાઝમાં સામેલ નથી થઈ શકતો તો આપ મારા મકાન પર તશરીફ લાવીને નમાઝ અદા ફર્માવો જેથી હું એ રીતે નમાઝ પઢયા કરું. એમણે પેહલેથી ખાવા પણ બનાવી રાખ્યું હતું. છેવટે આપ તશરીફ લાવ્યા અને બે રકાત નમાઝ અદા ફર્માવી. *(અબૂ દાઊદ કિતાબુસ્સલાત)*

એક દિવસ આપ હઝરત ઉમર رضی اللہ عنہ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની સાથે હઝરત અબુલ હૈષમ બિન તીહાન અન્સારીના ઘર પર તશરીફ લઈ ગયા, એ બહાર ગયેલા હતા. જ્યારે આવ્યા તો આપનાથી ચોંટી ગયા અને કુર્બાન થવા લાગ્યા. પછી બધાને બાગમાં લઈ ગયા, પાથરણું પાથર્યું અને ખજૂરો તોડીને આપની સામે મૂકી દીધી કે, પોતે હાથ મુબારકથી વીણી વીણીને ખાય. એના પછી ઉઠયા અને એક બકરી ઝબહ કરી અને બધાએ ખૂબ ધરાઈને ખાધું. *(તિર્મિઝી અબ્વાબુઝ ઝુહદ, પેજ–૩૯૧)*

એક દિવસ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત જાબિર رضی اللہ عنہ ના ઘરે તશરીફ લઈ જવાનો વાયદો કર્યો. એમણે ઘણી જ કાળજીની સાથે આપની

દાવતનો સામાન તૈયાર કર્યો અને પત્નીને કહ્યું, જુઓ ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આવવાના છે. તમારો ચેહરો જોવામાં ન આવે, આપને કોઈ તકલીફ ન આપશો, આપનાથી વાતચીત ન કરશો. આપ તશરીફ લાવ્યા તો પથારી પાથરી તકિયા ગોઠવ્યા. આપ શાંતિથી આરામ ફર્માવવા લાગ્યા તો ગુલામને કહ્યું કે, આપના જાગતાં પહેલાં બકરીના આ બચ્ચાને ઝુબહ કરીને રાંધી લો, એવું ન થાય કે, આપ હાથો મોં ધોવાની સાથે જ રવાના થઈ જાય. આપ જાગીને હાથ મોં ધોઈને પરવાર્યા તો તરત જ દસ્તરખ્વાન સામે આવ્યું, આપ ખાવા ખાતા હતા અને કબીલા બનૂ સલમાના તમામ લોકો દૂર દૂરથી જ દીદારથી મુશર્રફ થતા હતા કે નજીક આવતા તો કદાચ આપને તકલીફ થતી. આપ ખાવાથી પરવારીને રવાના થયા તો એમની એ પત્નીએ પર્દાથી કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા પર અને મારા પતિ પર રહમતના નુઝૂલની દુઆ કરતા જજો. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ખુદા તમારા પર અને તમારા પતિ પર રહમત નાઝિલ ફર્માવે. *(મુસ્નદે ઈબ્ને હંમ્બલ, ભાગ–૩, પેજ–૨૧૮)*

એક વખત આપ હઝરત સઅદ رضی اللہ عنہ ના મકાન પર તશરીફ લઈ ગયા. એમણે આપને ગુસ્લ કરાવ્યું, નહાયા પછી જાફરાની રંગની ચાદર ઓઢાડી, પછી ખાવા ખવડાવ્યું, આપ રૂખસત થયા તો સવારી હાજર કરી અને પોતાના દીકરાને સાથે કરી દીધો કે ઘર સુધી પહોંચાડીને આવે. *(અબૂ દાઊદ કિતાબુલ અદબ)*

કયારેક કયારેક ખૂદ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ ચીજની ઈચ્છા જાહેર કરતા અને સહાબાએ કિરામ એને તૈયાર કરીને આપતા. એક વખત આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કાશ ! મારી પાસે ઘઊંની સફેદ રોટલી, ઘી અને દૂધમાં મિલાવેલ હોય ! એક સહાબી તરત ઉઠયા અને બનાવડાવીને લાવ્યા. *(હવાલો ઉપર મુજબ)*

અમુક સહાબીયાત ખૂદ કોઈ નવી ચીજ રાંધીને આપની ખિદમતમાં પેશ કરતાં હતાં.

એક વખત હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہا, એ આટો ચારીને અને એની ચપાટીઓ બનાવીને આપના ખિદમતમાં પેશ કરી, આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું, આ શું છે ? બોલ્યા, અમારા દેશમાં આનો રિવાજ છે.





મેં ઈચ્છયું કે આપના માટે પણ આ પ્રકારની રોટલીઓ બનાવું. પરતું આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂબ જ પ્રેમાળ ભાવે ફર્માવ્યું કે, આટામાં ચારણને મિલાવી દો પછી ગુંદો. *(સુનને ઈબ્ને માજહ્)*

## ★ નઅતે રસૂલ ★

કુર્આન મજીદની નસીહતનો અને રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કલેમાતે તૈયેબહ્એ સહાબાના સમયના શાયરીના દફતર પર પાણી ફેરવી દીધું હતું છતાં આપની તારીફમાં કદી કદી ગીતો ગાતી થઈ જતી હતી. કેમ કે આ અશઆર (શેઅરો) સાચા દિલથી નીકળતા હતા અને સાચા વખાણ પર આધારિત રહેતા હતા એટલા માટે દિલો પર અસર નાખતા હતા. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહની થોડીક વખાણમય પ્રસંશા કરતી કેટલીક કડીઓ બુખારીમાં વર્ણન થયેલ છે.

**(અર્થ)** : અમારામાં ખુદાના પૈગંબર છે. જયારે સવાર થાય છે તો ખુદાની કિતાબની તિલાવત કરે છે. ગુમરાહીના પછી એણે અમને સીધો માર્ગ બતાવ્યો એટલા માટે અમારા દિલોને યકીન છે કે જે કાંઈ તેમણે કહ્યું એ જરૂર થઈને રહેશે. એ રાતોમાં જાગે છે જયારે કે એ સમયે મુશ્રિકો ગાઢ ઊંઘમાં સૂતેલા હોય છે. *(બુખારી અબવાબુલ વતર બાબ ફઝલ મિન તિહાર મિનલ લયલ ફસલી)*

હઝરત કઅબ બિન ઝહીર رضی اللہ عنہ જયારે આપની ખિદમતમાં હાજર થયા અને પોતાનો પ્રખ્યાત કસીદો આપની સામે પઢયા તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને સાંભળીને સહાબાએ કિરામને ફર્માવ્યું કે, આને સાંભળો !

ગઝવએ તબૂકથી પાછા ફરતા હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે નઅત સંભળાવવાની રજા મેળવી અને એમણે પેશ કરી. એવી રીતે ઘણા જ સહાબાએ કિરામ رضی اللہ عنہم એ નઅતે રસૂલ કહી. જેમાંથી ઘણી જ નઅતો અલમદીહુન્નબવી *(અઝ : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી)*માં વર્ણવેલ છે.

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુશી ★

સહાબાએ કિરામ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નારાજગીથી ઘણા

જ ગભરાતા હતા અને એનાથી પનાહ માંગતા હતા.

એક વખત કોઈએ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના બાપ દાદાઓમાંથી કોઈને સારા નરસા કહ્યા. આપને ખબર થઈ તો ફર્માવ્યું કે, અબ્બાસ મારાથી છે અને હું અબ્બાસથી. અમારાં મુર્દાઓને સારાં નરસાં ન કહો જેનાથી જીવંતના દિલ દુઃખાય. આ સાંભળીને સહાબાએ કહ્યું કે અમે આપની નારાજગીથી પનાહ માંગીએ છીએ. અમારા માટે ઈસ્તિગફાર કરજો. *(નિસાઈ)*

એક વખત કોઈએ આપનાથી આપના રોઝાના સંબંધે પૂછયું જેના પર આપને ગુસ્સો આવ્યો. હઝરત ઉમર رضی اللہ عنہ એ આ પરિસ્થિતિ જોઈ તો કહ્યું, અનુવાદ : અમે ખુદાને અમારા પરવરદિગાર ઈસ્લામને અમારો દીન અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અમારા પૈગંબર બનાવ્યા છે.અને ખુદા તથા ખુદાના રસૂલના ગુસ્સાથી પનાહ માંગીએ છીએ. આમ કહીને વારંવાર દોહરાવતા રહ્યા ત્યાં સુધી કે આપનો ગુસ્સો ઉતરી ગયો. *(અબૂ દાઊદ કિતાબુસ્સિયામ)*

એટલા માટે જો આપ કોઈ નાપસંદ બનાવથી નારાજ થતા તો સહાબાએ કિરામ દરેક જાઈઝ તરીકાથી આપને રાજી કરવાનું ઈચ્છતા હતા આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અઝવાજે મુતહહ્‌રાતથી અલગતા અપનાવી તો સહાબા પર મુસીબતનો પહાડ તૂટી પડયો. હઝરત ઉમરે આપને રાજી કરવાનું ઈચ્છયું અને દરે દૌલત પર તશરીફ લઈ ગયા. દરવાને ખાસ ધ્યાન ન આપ્યું તો સમજ્યા કે કદાચ હુઝૂરને એ વિચાર છે કે છોકરી (હફસા)ને માટે આવ્યા છે. એટલા માટે દરવાનને કહ્યું કે જો સરકારનો આ વિચાર છે તો કહી આપો કે ખુદાની કસમ ! આપ હુકમ આપો તો હફસાની ગરદન ઉડાવી દઉં.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ને પહેલાથી જ અણસાર મળી ગયો હતો. હઝરત ઉમર رضی اللہ عنہ આવ્યા તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હસાવવા માટે કહ્યું કે જો બિન્તે ખારેજા (હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની પત્ની) મારાથી ખાધા ખોરાકી માંગતાં તો હું ઉઠીને એમની ગરદન તોડી નાંખતો ! આપ હસી પડયા અને પવિત્ર પત્નીઓની તરફ ઈશારો કરીને ફર્માવ્યું, આ લોકો મારાથી ખાધા ખોરાકી જ તો માંગી





રહી છે ! બંનેવ બુઝુર્ગ ઉઠયા અને હઝરત આઈશા અને હઝરત હફસા رضی اللہ عنہما ને ગરદન તોડવાની ઈચ્છી અને કહ્યું કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એ ચીજ માંગો છો જે આપની પાસે નથી ! *(મુસ્લિમ કિતાબુ રિઝાઅ)*

હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ સાથે જયારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નારાજ થઈને બોલવાનું બંધ કરી દીધું અને તમામ સહાબાએ કિરામને પણ એ જ હુકમ આપ્યો તો એમને બધાથી વધારે આપની રઝામંદીની ફિકર હતી. આપ નમાઝના પછી થોડી વાર સુધી મસ્જિદમાં બેસતા હતા. આ હાલતમાં એ આવતા અને સલામ કરતા અને દિલમાં કહેતા કે હોઠ મુબારક સલામના જવાબમાં હલ્યા કે નહીં ? પછી આપની જ સાથે નમાઝ પઢતા અને ત્રાંસી નજરે આપની તરફ જોતા જતા.

આપ હજ્જતુલ વિદાઅના માટે તશરીફ લઈ ગયા તો તમામ પત્નીઓ સાથે હતી સિવાય આકસ્મિકપણે રસ્તામાં હઝરત સફીય્યાનું ઊંટ થાકીને બેસી ગયું. એ રડવા લાગ્યાં. આપને ખબર મળી તો પોતે તશરીફ લાવ્યા અને હાથ મુબારકથી એમના આંસું લુછયાં. આપ જેટલા પ્રમાણમાં એમને રડવાથી મના ફર્માવતા એટલા પ્રમાણમાં તેઓ ઘણા જ વધારેને વધારે રડતાં જતાં હતાં. જ્યારે કોઈ રીતે પણ ચૂપ ન થયાં તો એમને ધમકાવ્યાં અને બધા લોકોન રોકવાનો હુકમ આપ્યો અને ખૂદ પણ પોતાનો પણ તંબુ તાણ્યો.

હઝરત સફીય્યાને ખ્યાલ થયો કે આપ નારાજ થઈ ગયા એટલા માટે આપને રાજી કરવાની યુકિત નક્કી કરી અને એ હેતુથી હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે ગયાં અને કહ્યું કે આપને ખબર છે કે હું મારા વારાનો દિવસ કોઈ ચીજના બદલામાં નથી દઈ શકતી પરતું આપ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મારાથી રાજી કરી આપો તો હું મારી વારી આપને આપુ છું. હઝરત આઈશા رضی اللہ عنہا એ તૈયારી દર્શાવીને માની લીધું અને એક દુપટ્ટો ઓઢયો જે જાફરાની રંગમાં રંગેલો હતો પછી એના પર પાણી છાંટયું કે ખુશ્બુ વધારે ફેલાય એના પછી આપ હુઝૂરની પાસે ગયાં અને તંબુનો પડદો ઉઠાવ્યો તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આઈશા ! આ તમારો દિવસ નથી ! બોલ્યાં, આ ખુદાનો ફઝલ છે જેને ઈચ્છે છે આપે છે. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૬, પેજ–૩૩૮)*

આપ વધારે પડતા પોતાની નારાજગીની જાણ જાહેરમાં ન ફર્માવતા હતા. પરંતુ સહાબાએ કિરામ رضی اللہ عنہم ને આપની આંખો તથા ભવાં પરથી એનો ખ્યાલ આવી જતો હતો તો તરત જ આપને રાજી કરતા હતા. એક વખત આપ એક રસ્તા પરથી પસાર થયા તો રસ્તામાં એક મોટું મકાન નજરમાં આવ્યું તો ફર્માવ્યું, આ કોનું છે? લોકોએ એક અન્સારીનું નામ જણાવ્યું. આપને આ જાહોજલાલી નાપસંદ આવી પણ એની જાણ ન કરી. થોડીકવાર પછી અન્સારી બુઝુર્ગ આવ્યા અને સલામ કરી, પરંતુ આપ صلی اللہ تعالی علیہ وسلم એ નારાજગીના કારણે મોઢું ફેરવી લીધું. વારંવાર આ બનાવ બન્યો તો એમણે બીજા સહાબાઓથી હુઝૂરની નારાજગીની શિકાયત કરી. નારાજગીના કારણની ખબર પડી તો એમણે મોટા મકાનને તોડી ફોડીને ખેદાન મેદાન કરી દીધું! *(અબૂ દાઊદ)*

નારાજગી પછી જો હુઝૂરે અકરમ صلی اللہ تعالی علیہ وسلم ખુશ થઈ જતા તો જેવાં કે સહાબાએ કિરામને હમેશાની દોલત મળી જતી. એક વખત આપ સફરમાં હતા. હઝરત અબૂરહમ رضی اللہ عنہ ની ઊંટણી આપની ઊંટણીના જોડા જોડ જઈ રહી હતી. હઝરત અબૂરહમ رضی اللہ عنہ ના પગમાં મજબૂત ચામડાના બૂટ હતા. ઊંટણીઓમાં રોક થઈ તો એમના બૂટની અણીથી સરકારની પીંડલી મુબારકમાં છોલાઈ ગયું! હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ એમના પગમાં કોરડો મારીને કહ્યું, તમે મને દુઃખ આપ્યું! પગો ખસેડો! એ ઘણા જ ગભરાઈ ગયા કે કાંઈ મારા વિશે કોઈ આયત નાઝિલ ન થઈ જાય! જઅરાના મુકામ પર પહોંચ્યા તો એમને ઊંટ ચરાવવાની વારી ન હતી છતાં એ બીકથી કે કાંઈ રસૂલલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ના કાસિદ મને બોલાવવા માટે આવી ન જાય! મેદાનમાં ઊંટ ચરાવવાના માટે નીકળી પડયા. સાંજે પાછા ફર્યા તો ખબર પડી કે આપ صلی اللہ تعالی علیہ وسلم એ બોલાવ્યા હતા, તો ગભરાયેલ હાલતમાં ખિદમતમાં હાજર થયા. આપ صلی اللہ تعالی علیہ وسلم એ ફર્માવ્યું, મને તમે તકલીફ આપી અને મેં પણ તમને કોરડો માર્યો જેનાથી તમને તકલીફ પડી! એના બદલામાં આ બકરીઓ લો! એમનું બયાન છે કે આપની આ રઝામંદી મારા માટે દુનિયા અને આખેરતથી વધારે મહબૂબ હતી! *(તબકાત ઈબ્ને સઅદ તઝકેરએ અબૂરહમ ગફફારી)*





## ★ રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની જુદાઈનો ગમ ★

રસૂલલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની સાથે સહાબાએ કિરામને જે મહોબ્બત હતી એની અસર આપની જિંદગીમાં જે રીતોથી જાહેર થતી હતી એનો હાલ ઉપર વર્ણન થઈ ગયો. પરંતુ આપની વફાતના પછી એ મહોબ્બતની જાહેરાત માત્ર ફરિયાદ તથા આહોને લીધે બની શકતું હતું. અને સહાબાએ કિરામ رضی اللہ عنہم એ આપની ગમીમાં એવા દર્દનાક અવાજો એટલા મોટા કાઢયા કે મદીના બલ્કે કુલ અરબની દરોદિવાલ હાલી ઉઠી! આપ પર મોતની નિશાનીઓ ક્રમે ક્રમે છવાઈ અને જુમેરાતના દિવસે બીમારીમાં વધારો થયો. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ને જ્યારે આ દિવસ યાદ આવતો હતો તો કહેતા હતા, જુમેરાતનો દિવસ! હાય! જુમેરાતનો દિવસ! એ જેમાં આપની બીમારીમાં વધારો થયો હતો, મોતનો સમય નજીક આવ્યો તો બેહોશી ચાલુ થઈ. હઝરત ફાતમા رضی اللہ عنہا એ આ હાલત જોઈ તો એકાએક ચીસ પાડી ઉઠયાં! હાય! મારા બાપની તકલીફો! આપનો વિસાલ થયો તો આપ રડી પડયાં. લોકો આપને દફન કરીને આવ્યા તો એમણે હઝરત અનસ رضی اللہ عنہ થી ઘણા જ દર્દનાક લેહજામાં પૂછયું, કેમ અનસ! કેવી રીતે રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم પર માટી નાખવાનું પસંદ આવ્યું ?!

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની વફાત પછી મને કોઈની મોતની બીમારી ખેદ નથી આપતી.

આ તો અહલે બયતની હાલત હતી પણ અહલે બયતની સિવાય બીજા તમામ સહાબા ગમમાં ઘેરાઈને મસ્જિદે નબવીમાં રહેલા હતા. અને હઝરત ઉમર رضی اللہ عنہ લોકોને વિ□ાસ આપી રહ્યા હતા કે અત્યારે આપનો વિસાલ નથી થઈ શકતો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ આ હાલત આવીને જોઈ તો કોઈનાથી વાતચીત ન કરી. આપના જિસ્મ મુબારક સુધી ચાલી ગયા અને મોઢું ખોલીને આપના ચેહરા મુબારકને બોસો આપ્યો અને રડયા. ત્યાંથી નીકળીને લોકોને સમજાવ્યા તો બધાને આપના મોતનું યકીન થયું. *(બુખારી કિતાબુલ મગાઝી, બાબ મરઝુન્નબી)*

એક વ્યક્તિ સહાબાએ કિરામની બેચેનીની આ હાલત જોઈને

મદીનાથી અમાન આવ્યા તો લોકોને આપના વિસાલની ખબર આપી અને કહ્યું કે હું મદીનાના લોકોને એવી હાલતમાં મૂકીને આવ્યો છું કે એમની છાતીઓ દેગોની જેમ ઉબાલ ખાઈ રહી છે. *(અસાબા તઝકેરએ ખમીસા)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી લયલા અન્સારી رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલના સમયમાં બાળક હતા, લોકો પોતાનાં માથાં અને કપડાંઓ પર માટી નાખતા હતા અને હું એમના રોકકળને જોઈને રડતો હતો.

મદીનાની બહાર જ્યારે આ દર્દનાક ખબર પહોંચી તો કબીલા બાહિલાના લોકોએ એ ગમમાં પોતાના તંબુઓ તોડી પાડયા અને લગાતાર સાત દિવસ સુધી એને ઊભા ન કર્યા.

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સોંપણી ★

સહાબાએ કિરામ رضی اللہ عنہ એ પોતાની જાતી હૈસિયત બિલકુલ પૂરી કરી દીધી હતી. અને પોતાની જાત અને પોતાની ઔલાદને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સોંપી દીધી હતી. હઝરત ફાતેમા બિન્તે કૈસ رضی اللہ عنہا, એક સહાબીઆ હતાં. એમનાથી એક બાજુ તો હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ જે ઘણા જ માલદાર સહાબી હતા તે નિકાહ કરવાનું ઈચ્છતા હતા. બીજી બાજુ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہ ના વિશે એમનાથી વાતચીત કરી હતી જેમની ફઝીલત એ હતી કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું હતું કે જે મને દોસ્ત રાખે છે તેણે જોઈએ કે ઓસામા رضی اللہ عنہ ને પણ દોસ્ત રાખે. પરંતુ હઝરત ફાતેમા رضی اللہ عنہا, એ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના નસીબના માલિક બનાવી દીધા, અને કહ્યું કે મારી વાત આપના હાથમાં છે જેનાથી ઈચ્છો નિકાહ કરાવી આપશો.

હઝરત અબૂ અમામા અસઅદ બિન ઝરાર અન્સારી رضی اللہ عنہ પોતાની ત્રણ છોકરીઓના નિકાહના વિશે આપને વસિયત કરીને ગયા હતા જેમાં આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ફરીઆ رضی اللہ عنہا, ના નિકાહ બનીત બિન જાબિરથી કરાવ્યા. *(અસ્અદુલ ગાબા તઝકેરએ ફરીઆ બિન્તે અબી અમામા)*





અન્સારનો એ રિવાજ હતો કે આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની રઝામંદી જાણ્યા વગર પોતાની વિધવાઓની શાદી ન કરતા હતા. એક દિવસ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક અન્સારીથી ફર્માવ્યું, તમે તમારી છોકરીનો નિકાહ મારાથી કરી આપો. એ તો ઈન્તેઝારમાં જ હતા જેથી બાગ બાગ થઈ ગયા. પરંતુ આપે صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું મારા માટે નહીં પણ જલબીબના માટે પયગામ આપુ છું. જલબીબ એક મઝાકી સહાબી હતા જે સ્ત્રીઓની સાથે મઝાકની વાતો કર્યા કરતા હતા એટલા માટે સહાબા એમને ખાસ રીતે નાપસંદ કરતા હતા. એમણે જલબીબનું નામ સાંભળ્યું તો બોલ્યા, એની માં થી સલાહ લઈ લઉં. માં એ જલબીબનું નામ સાંભળ્યું તો ના પાડી દીધી. પરંતું છોકરીએ કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાતને નામંજૂર નથી કરી શકાતી મને આપ તેમના હવાલે કરી દો, આપ મને બરબાદ નહીં કરે. *(મુસ્નદ, ભાગ–૪, પેજ–૪૨૨)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્રભાવ ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્રભાવ અને ઈજ્જતના કારણે સહાબાએ કિરામ આપની સામે એટલા પ્રમાણમાં ડરી જતા હતા કે શરીરમાં ધ્રુજારી થઈ જતી હતી.

એક વખત એક સહાબીએ આપની સાથે નમાઝ પઢી પરંતુ બે વ્યકિત જે મસ્જિદના એક ખૂણામાં હતા નમાઝમાં સામેલ ન થયા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પૂછપરછના માટે બોલાવ્યા તો તેઓ એટલા પ્રમાણમાં ડરી ગયા કે શરીરમાં ધ્રુજારી ચાલુ થઈ ગઈ. *(અબૂ દાઊદ કિતાબુસ્સલાત)*

એક સહાબીએ આપની ખિદમતમાં હાજર થઈને આપનાથી વાતચીત કરી પરંતુ એમના પર એટલા પ્રમાણમાં જલાલે નબુવ્વતની અસર થઈ કે શરીરમાં ધ્રુજારી ચાલુ થઈ ગઈ. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ગભરાવો નહીં ! હું તો એ સ્ત્રીનો છોકરો છું જે ગોશ્તના સૂકા ટુકડા ખાયા કરતી હતી. *(સુનને ઈબ્ને માજહ)*

એક વખત એક સહાબિયાએ આપને મસ્જિદમાં ઉકળું બેઠેલ

(પગના તળિયા ઉપર એવી રીતે બેસવું કે ગુથણો ઊભા રહે) જોયા. એમના પર આપની આ નમ્રતાની હાલતની એવી અસર થઈ કે ધ્રુજી ઉઠયાં. *(શમાઈલે તિર્મિઝી)*

આ રૂઆબ તથા પ્રભાવની અસર એવી હતી કે સહાબાએ કિરામ આપને કોઈ વાતમાં ટોકી ન શકતા હતા.

એક વખત આપને ઝોહર કે અસરની નમાઝમાં સહ્‌વ થઈ ગયો અને માત્ર બે રકાતો અદા ફર્માવી. ઘણા જ સહાબા મસ્જિદમાં એવું કહેતા નીકળી પડયા કે નમાઝની રકાતોમાં કમી કરી દેવામાં આવી ! જમાઅતમાં હઝરત અબુબક્ર رضی اللہ عنہ અને ઉમર رضی اللہ عنہ પર સામેલ હતા પરંતુ આપના પ્રભાવથી કશું પૂછી ન શકતા હતા. છેવટે હઝરત ઝવાલીદીન رضی اللہ عنہ એ આપને પૂછયું કે આપ ભૂલી ગયા કે નમાઝમાં કમી થઈ ? તમામ સહાબાએ તેમને સમર્થન આપ્યું પરંતુ જીભ ન હાલી શકી કેવળ ઈશારાઓથી હઝરત ઝવાલીદીન رضی اللہ عنہ ને સમર્થન કર્યુ. *(અબૂ દાઊદ)*

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ફાતેહે મિસ્ર મોટા પાયાના સહાબી હતા પરંતુ એમનું બયાન છે કે હું આપના દેખાવનું વર્ણન નથી કરી શકતો, કેમ કે મેં આપને કદી આંખ ભરીને જોવાની હિંમત ન કરી ! *(મુસ્લિમ, કિતાબુલ્ ઈમાન)*

સહાબાએ કિરામના બાળકો સુધ્ધાંની રગ રગમાં આપનો પ્રભાવ પ્રવેશી ગયો હતો. એક વખત હઝરત અયાદ رضی اللہ عنہ બાળપણમાં બાપની સાથે હુઝૂરની ખિદમતમાં ગયા. આપનો દીદાર થયો તો એમના બાપે પૂછયું કે જાણો છો કે કોણ છે ? બોલ્યા, નહીં ! કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે ! આ સાંભળતાની સાથે જ એમનાં શરીરનાં રુવાંટાં ઊભાં થઈ ગયાં ! એમનો ખ્યાલ હતો કે આપની શકલો સૂરત માણસોથી જુદી હશે પરંતુ આપને જોવામાં આવ્યા કે આપ પણ માણસ જ છે અને આપના માથા પર લાંબા લાંબા વાળ છે ! *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૨, પેજ–૨૨૬)*

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફર્માંબરદારી ★

સહાબાએ કિરામ જે નમ્રતા અને રાજીપાની સાથે રસૂલુલ્લાહ





صلی اللہ تعالیٰ علیہ وسلم નું અનુસરણ કરતા હતા એના વિશે હદીષોમાં ઘણા જ પ્રમાણમાં બનાવો વર્ણવેલ છે. નીચેના થોડાક બનાવોથી એનો ખયાલ આવી જશે :–

એક વખત હઝરત ઝયનબ رضی اللہ عنہا પોતાનાં કપડા રંગાવી રહ્યાં હતાં. આપ ઘરમાં આવ્યા તો પાછા પગે ચાલ્યા ગયા. જો કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મોં થી કાંઈ પણ ન ફર્માવ્યું પણ હઝરત ઝયનબ رضی اللہ عنہا આપની નજરના તાપને ઓળખી ગયાં અને બધાં કપડાંઓના રંગને ધોઈ નાંખ્યો !

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સહાબીને એક રંગીન ચાદર ઓઢેલ જોયા તો ફર્માવ્યું, આ શું છે ? એ સમજી ગયા કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નાપસંદ ફર્માવ્યું. તરત જ ઘરમાં આવ્યા અને એને ચુલામાં નાંખી દીધી. *(અબૂ દાઊદ કિતાબુલ્ લિબાસ)*

હઝરત ખરીમ અસદી رضی اللہ عنہ એક સહાબી હતા જે નીચી લુંગી બાંધતા હતા અને લાંબા લાંબા વાળ રાખતા હતા. એક દિવસ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ખરીમ અસ્દી કેટલો સારો માણસ હોત જો લાંબા વાળ ન રાખે અને નીચી લુંગી ન બાંધત. એમને ખબર પડી તો તરત જ કાતર મંગાવી એનાથી વાળ કાપ્યા અને લુંગી ઊંચી કરી દીધી. *(હવાલો ઉપર મુજબ)*

પત્ની બધાને અઝીઝ હોય છે પરંતુ જ્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગઝવએ તબૂકમાં ગેરહાજરીના બનાવ પર તમામ મુસલમાનોને હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ થી સંબંધ તોડવાનો હુકમ કર્યો અને છેલ્લે એમને પત્નીથી અલગતા કરી લેવાની હિદાયત ફર્માવી તો બોલ્યા, તલાક આપી દઉં કે બીજું કંઈ ?! પરંતુ આપના કાસિદે કહ્યું, અલગતાનો હેતુ છે એટલે એમણે તરત જ પત્નીને પિયરમાં મોકલી આપી. *(બુખારી કિતાબુલ મગાઝી, બાબ ગઝવએ તબૂક)*

શાદીનો બનાવ ઘણો જ નાઝુક હોય છે પરંતુ સહાબાએ કિરામને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફર્માંબરદારીએ એ મામલામાં સોચ વિચાર કરવાથી બેનિયાઝ કરી દીધા હતા. હઝરત રબીઆ અસ્લમી رضی اللہ عنہ એક ઘણા જ ગરીબ સહાબી હતા. એક વખત આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને નિકાહ કરવાની સલાહ કરી અને કહ્યું કે જાઓ ! અન્સારીના ફલાણા કબીલામાં

નિકાહ કરી લો. એ આવ્યા અને કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને તમારે ત્યાં ફલાણી છોકરીથી નિકાહ કરવાને માટે મોકલ્યો છે. બધાએ એમનું સ્વાગત કર્યું અને કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો કાસિદ બેકાર નથી જઈ શકતો ! જેથી તરત તેમણે એના પર અમલ કર્યો. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૪, પેજ–૫૮)*

## ☆ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમોની પાબંદી ☆

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જે આદેશો વખતસરના હોતા સહાબાએ કિરામ તરત એના પર અમલ કરતા હતા અને જે કાયમી હોતા હમેશાં એના પાબંદ રહેતા હતા અને એના વિરૂધ્ધ કદી એમનાથી કોઈ કામ થતું ન હતું. આપના જમાનામાં સ્ત્રી પણ જમાઅતમાં સામેલ થતી હતી. આ હાલતમાં ઈજ્જત તથા સુચરિત્રતાનો તકાદો એ હતો કે એમના માટે મસ્જિદનો એક દરવાજો ખાસ કરી દેવામાં આવે. એ બિના પર આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક દિવસ ઈર્શાદ ફર્માવ્યો કે કાશ ! અમે આ દરવાજો માત્ર સ્ત્રીઓના માટે છોડી દેતે.

તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે એટલી સખ્તીની સાથે તેની પાબંદી કરી કે મરતા દમ સુધી એ દરવાજેથી મસ્જિદમાં પ્રવેશ નથી કર્યો. *(અબૂ દાઊદ, કિતાબુસ્સલાત)*

એકવાર હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ નમાઝ પઢી રહ્યા હતા. એક કુરૈશી નવયુવાન આગળથી પસાર થવા લાગ્યો તો એમણે એને ધકેલી દીધો. એ પાછો ન હટયો તો ફરી ધકેલ્યો છતાં એ ન રોકાયો તો ત્રીજી વખત ધકેલ્યો. નમાઝ પઢી લીધી પછી ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે નમાઝને જો કે કોઈ ચીજ તોડી નથી શકતી તેમ છતાં જો કોઈ આગળથી પસાર થાય તો જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી તેને રોકે કેમ કે એ **શૈતાન** છે. *(અબૂ દાઊદ કિતાબુસ્સલાત)*

એક વાર આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યકિતએ જનાબતના





ગુસ્લમાં એક વાળને પણ સૂકો છોડી દીધો એના પર દોઝખમાં આ અઝાબ થશે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એના પર જે સખ્તાઈથી અમલ કર્યો એને ખૂદ એમણે બયાન કર્યું છે ! :– "મેં એ દિવસથી મારા માથાથી દુશ્મની કરી લીધી." (એટલે બરાબર વાળ કપાવતા રહ્યા.) (અબૂ દાઊદ કિતાબુત્તહરાત બાબ ફી ગુસ્લ મિનલ જનાબહ્ હદીષમાં છે કે આ વાકયો તેમણે ત્રણ વાર કહ્યાં.)

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પતિના સિવાય બીજાં સગાઓના ગમના માટે ત્રણ દિવસ નક્કી કર્યા હતા. સહાબીઓએ એની એ સખ્તાઈથી પાંબદી કરી કે જ્યારે હઝરત ઝૈનબ બિન્તે જહશના ભાઈનો ઈન્તેકાલ થઈ ગયો તો લગભગ ચોથા દિવસે એમણે ખુશ્બુ લગાડી અને કહ્યું કે મને ખુશ્બુની જરૂરત ન હતી પરંતુ મેં આપથી મિમ્બર પર સાંભળ્યું છે કે કોઈ મુસલમાન સ્ત્રી માટે પતિ સિવાય ત્રણ દિવસથી વધારે કોઈનો ગમ જાઈઝ નથી એટલા માટે આ એ જ હુકમનું પાલન હતું.

જ્યારે હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ના પિતાએ ઈન્તેકાલ કર્યો તો તેમણે ત્રણ દિવસ પછી પોતાના ચેહરા પર ખૂશ્બુ ઘસી અને કહ્યું કે મને એની જરૂરત ન હતી પણ કેવળ એ જ હુકમનું પાલન કરવાનો હેતુ હતો. *(અબૂ દાઊદ કિતાબુત્તલાક)*

પહેલાં એવો રિવાજ હતો કે જ્યારે સહાબાએ કિરામ સફરે જેહાદમાં ઉતારા પર રહેતા હતા તો આજુબાજુ ફેલાઈ જતા હતા. એકવાર આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે વેર વિખેર થવું, અલગ પડી જવું શૈતાનનું કામ છે. એના પછી સહાબાએ કિરામે એની એટલી સખ્તાઈથી પાબંદી કરી કે, જ્યારે જગા પર ઉતરતા હતા તો એટલા પ્રમાણમાં ભેગા થઈ જતા હતા કે, જો એક ચાદર તાણી લેવામાં આવે તો દરેકે દરેક એના નીચે આવી જતા. *(અબૂ દાઊદ કિતાબુલ્ જેહાદ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વેપારના વિશે જે આદેશો નક્કી કર્યા હતા એમાં એક એ હતો કે શહેરી માણસ ગામડીયાનો માલ ન વેચાવે. (એટલે એનો દલાલ ન બને).

એકવાર એક ગામડીયો થોડોક માલ લઈને આવ્યો તો હઝરત

તલ્હા બિન ઉબૈદુલ્લાહ رضی اللہ عنہ ને ત્યાં ઉતર્યો પરંતુ તેમણે કહ્યું કે, હું પોતે તો તમારો સોદો નથી વેચાવી શકતો છતાં બજારમાં જાઓ વેચવાવાળાની શોધ કરો હું માત્ર સલાહ આપી દઈશ. *(અબૂ દાઊદ કિતાબુલ બોયૂઅ)*

હઝરત હુઝૈફહ رضی اللہ عنہ ની સમક્ષ મદાયુનના એક માલદારે ચાંદીના વાસણમાં પાણી પેશ કર્યું. એમણે એને ઉઠાવીને ફેંકી દીધું અને ફર્માવ્યું કે મેં એને ના કહ્યું હતું પણ એણે ન માન્યું ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની મનાઈ ફર્માવી છે. *(અબૂ દાઊદ કિતાબુલ અશ્રબા)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પહેલાં યમનની ગર્વનરી પર હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ને રવાના કર્યા, એમના પછી હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ને મોકલ્યા. હઝરત મઆઝ બિન જબલ આવ્યા તો હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ની સામે એક ગુનેહગારને જોયો. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ સવારીથી ઉતરવાના માટે કહ્યું, પરંતુ એમણે ગુનેહગારની તરફ ઈશારો કરીને પૂછયું, આ કોણ છે ? બોલ્યા, યહૂદી હતો, ઈસ્લામ લાવ્યો, પાછો મુર્તદ થઈ ગયો. ફર્માવ્યું, જ્યાં સુધી ખુદા અને રસૂલના આદેશના પ્રમાણે કતલ ન કરી દેવામાં આવશે હું બેસીશ નહીં ! એમણે બેસવાનું કહ્યું, પરંતુ એમનો એ જ જવાબ હતો, છેવટે જ્યારે એ કતલ થઈ ગયો તો સવારી પરથી ઉતર્યા.

પરંતુ એ પછીની રિવાયત છે કે, હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ એને લગભગ વીસ દિવસ સુધી સમજાવ્યો પરંતુ જ્યારે એ સીધા રસ્તા પર ન આવ્યો તો કતલ કરી દીધો. *(અબૂ દાઊદ કિતાબુલ હુદૂદ)*

એક વાર હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એક મજલિસમાં આવ્યા તો એક વ્યકિતએ ઉઠીને એમના માટે પોતાની જગા ખાલી કરી દીધી, તો એમણે એની જગાએ બેસવાનો ઈન્કાર કર્યો અને કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનાથી મના ફર્માવ્યું છે. *(અબૂ દાઊદ કિતાબુલ અદબ)*

એકવાર હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે સાઈલ (ફકીર) આવ્યો એમણે એને રોટલીનો એક ટૂકડો આપી દીધો. પછી એના પછી એક સારા પોશાકવાળો વ્યકિત આવ્યો તો એમણે એને બેસાડીને ખાવા ખવડાવ્યું. લોકોએ આ અલગતા પર વાંધો ઉઠાવ્યો તો બોલ્યા, રસૂલુલ્લાહ





صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે દરેક વ્યકિતથી એના મર્તબા પ્રમાણે વર્તાવ કરો. *(અબૂ દાઊદ કિતાબુલ અદબ)*

એક વાર આપ صلی اللہ تعالیٰ علیہ وسلم મસ્જિદથી નીકળી રહ્યા હતા, જોયું કે રસ્તામાં પુરૂષો સ્ત્રીઓ હળી મળીને ચાલી રહ્યાં છે. સ્ત્રીઓ તરફ ધ્યાન આપીને કહ્યું, પાછળ રહો ! તમે રસ્તા વચ્ચે નથી ચાલી શકતી નથી. એના પછી એવો હાલ થઈ ગયો કે સ્ત્રીઓ એટલા પ્રમાણમાં શેરીના કિનારેથી ચાલતી હતી કે એમનાં કપડાં દિવાલોથી ભેરવાઈ જતાં હતાં. *(અબૂ દાઊદ કિતાબુલ અદબ)*

હઝરત મુહમ્મદ બિન અસ્લમ رضی اللہ عنہ ઘણા જ લાંબી વયના મોટી ઉમરના સહાબી હતા. પરંતુ જ્યારે બજારથી પાછા ફરતા અને ઘરે આવતા અને ચાદર ઉતાર્યા પછી યાદ આવતુ કે એમણે મસ્જિદે નબવીમાં નમાઝ નથી પઢી તો કહેતા કે ખુદાની કસમ ! મેં મસ્જિદે રસૂલમાં નમાઝ નથી પઢી ! બલ્કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારાથી ફર્માવ્યું હતું કે જે વ્યકિત મદીનામાં આવે તો જ્યાં સુધી આ મસ્જિદમાં બે રકાત નમાઝ ન પઢી લે ઘરે પાછા ન જાય. આવું કહીને ચાદર ઉઠાવતા અને મસ્જિદે નબવીમાં બે રકાત નમાઝ પઢીને ઘરે પાછા આવતા. *(અસદુલગાબા, તઝકેરએ હઝરત મુહમ્મદ બિન અસ્લમ)*

ગઝવએ અહઝાબમાં સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હુઝૈફહ્‌ને આદેશ આપ્યો કે કાફિરોની ખબર લાવે પરંતુ એમનાથી છેડછાડ ન કરે. એ આવ્યા તો જોયું કે અબૂ સુફયાન આગથી તાપી રહ્યા છે. કમાનમાં તીર જોડી લીધું અને નિશાન તાકવાનું ઈચ્છયું પરંતુ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો આદેશ યાદ આવી ગયો અને રોકાઈ ગયા.

જે સહાબા રાફેઅ બિન અબીલ હકીકને કતલ કરવા ગયા હતા એમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આદેશ આપ્યો હતો કે એનાં બાળકો અને સ્ત્રીઓને કતલ ન કરે. એ લોકોએ એટલી સખ્તાઈથી આ આદેશની પાબંદી કરી કે ઈબ્ને અબીલ હકીકની સ્ત્રીએ એટલા પ્રમાણમાં શોર કર્યો કે નજીક હતું કે એમનું રહસ્ય ખુલી જતું તો પણ એ લોકોએ માત્ર આપના આદેશના કારણે એના પર હાથ ઉઠાવવાનું પસંદ ન કર્યું.

## ☆ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર પત્નીઓની અદબ ☆

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંબંધના લીધે સહાબાએ કિરામ પવિત્ર પત્નીઓની એટલા પ્રમાણમાં અદબ કરતા હતા કે જ્યારે આપની એક પત્નીએ ઈન્તેકાલ કર્યો તો હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما સજદામાં પડી ગયા. લોકોએ કહ્યું, આપ આ વખતે સજદો કરો છો ? રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે, જ્યારે કયામતની કોઈ નિશાની જુઓ તો સજદા કર્યા કરો. તો અઝવાજે મુતહરાત પવિત્ર પત્નીની મૌતથી વધીને કયામતની કઈ નિશાની હશે ! *(અબૂ દાઊદ કિતાબુસ્સલલાત)*

મકામે સફરમાં હઝરત મૈમૂના رضی اللہ عنہ નો જનાઝો ઉઠાવવામાં આવ્યો તો હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما પણ સાથે હતા. બોલ્યા કે આ મૈમૂના છે, એમનો જનાઝો ઉઠાવો તો હલન ચલન ન થાય એ રીતે અદબની સાથે ઉઠાવો. *(નિસાઈ કિતાબુન્નિકાહ)*

અમુક સહાબા ઈજ્જત તથા મહોબ્બતના કારણે પવિત્ર પત્ની પર પોતાની મિલ્કતો વકફ કરતા હતા. જેમ કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ પવિત્ર પત્નીઓને એક મિલ્કત આપી હતી જે ચાલીસ હજાર (૪૦૦૦૦) માં વેચવામાં આવી અને એક બાગ પણ વકફ કર્યો હતો જે ચાર લાખમાં વેચવામાં આવ્યો. *(તિર્મિઝી કિતાબુલ મનાકિબ)*

ખુલ્ફા (ખલીફાઓ) પવિત્ર પત્નીઓની અદબ તથા ઈજ્જત એટલા પ્રમાણમાં કરતા હતા કે હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના ખિલાફત કાળમાં પવિત્ર પત્નીઓની સંખ્યાના પ્રમાણમાં નવ પ્યાલા તૈયાર કરાવ્યા હતા. જ્યારે એમની પાસે મેવા કે બીજી કોઈ ચીજ આવતી તો આ પ્યાલામાં મૂકીને તમામ પવિત્ર પત્નીઓની ખિદમતમાં મોકલી આપતા. *(મોઅત્તા ઈમામ માલિક)*





સન હિ. ૨૩માં જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ હજ્જ કરી તો પવિત્ર પત્નીઓને પણ ઘણી જ ઈજ્જત અને અદબની સાથે પોતાની સાથે લઈ ગયા. હઝરત ઉષ્માન અને હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ને સવારીઓની સાથે કરી દીધા હતા. આ લોકો આગળ પાછળ ચાલતા હતા અને કોઈને સવારીઓની નજીક આવવા દેતા ન હતા. પવિત્ર પત્નીઓ કયાંક વિસામા પર ઉતરતી હતી તો ખૂદ હઝરત ઉમર رضی اللہ عنہ ની નિગરાનીમાં રોકાતી હતી. હઝરત ઉષ્માન અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہما કોઈને રોકાણની જગા પાસે આવવાની રજા આપતા ન હતા. *(તબકાતે ઈબ્ને સઅદ તઝકેરએ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ)*

## ☆ હુઝૂર ના વિસાલ પર સહાબાઓના પ્રત્યાઘાત ☆

### ★ અચંબાની હાલત ★

મુસલમાનોને જ્યારે આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈન્તેકાલ કરી જવાની ખબર મળી તો એઓ સુનમુન થઈ ગયા, એમાંથી હઝરત ઉમરનો ખ્યાલ હતો કે હુઝૂર વફાત નથી પામ્યા માત્ર બેહોશીની હાલત છે. જેમ કે એમણે મસ્જિદમાં સંબોધતા કહ્યું :–

અમુક મુનાફિકો એવી ખબર ફેલાવી રહ્યા છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم વફાત પામ્યા છે, પરંતુ એ બિલકુલ ખોટુ છે, એ હઝરત મૂસા બિન ઈમરાન علیہ الصلوٰۃ والسلام ની જેમ પોતાના રબની પાસે ગયા છે. હઝરત મૂસા પણ ચાલીસ દિવસ સુધી પોતાની કૌમથી ગેરહાજર રહ્યા હતા અને એમની ગેરહાજરીમાં લોકોએ કહેવાનું શરૂ કરી દીધું હતું કે તેઓ વફાત પામ્યા. પરંતુ જેવી રીતે હઝરત મૂસા પાછા આવી ગયા એવી જ રીતે મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાછા આવશે. અને તે લોકો જેઓ આપની વફાતની ખબર ફેલાવી રહ્યા છે અમે એમના હાથ પગ કલમ કરીશું.

## ★ હકીકતનો નિર્દેશ ★

એટલામાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ લોકોને પોતાની તરફ ધ્યાન ધરવાની કોશિશ કરી અને હઝરત ઉમર رضی اللہ عنہ થી કહ્યું, ચૂપ થઈ જાવ !

પરંતુ એ પોતાની તકરીરમાં લાગલા રહ્યા ત્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ લોકોને કહ્યું કે જે કાંઈ હું કહું છું એને ધ્યાનથી સાંભળો, બધા લોકોએ ધ્યાન આપ્યું. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ ઈર્શાદ ફર્માવ્યો :–

અય લોકો ! તમારામાંથી જે વ્યકિત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પરસ્તિશ કરતો હતો તે સાંભળી લે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم તો વફાત પામ્યા, પરંતુ જે વ્યકિતઓ અલ્લાહ તઆલાની ઈબાદત કરતા હતા તો યકીનન ! અલ્લાહ તઆલા જીવંત છે એને મૌત નથી.

એના પછી સૂરએ ઈમરાનની આયત તિલાવત ફર્માવી :– **મુહમદુર્રસૂલુલ્લાહ.....** (અનુવાદ) "મુહમ્મદ અલ્લાહના રસૂલ છે. આનાથી પહેલા પણ રસૂલ થઈ ગયા હતા. જો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم વફાત થઈ ગયા કે શહીદ કરી દેવામાં આવે તો શું તમે એડીઓના વડે (કુફ્રના તરફ) ફરી જશો ! અને જે વ્યકિત એડીઓ વડે ફરી જાય એ અલ્લાહને જરા પણ નુકસાન નથી પહોંચાડી શકતો અને નજીકમાં જ અલ્લાહ શુક્ર ગુઝાર બંદાઓને નેક બદલો આપશે."

અબુ હુરૈરહ્ કહે છે, અબૂબક્ર رضی اللہ عنہ એ જયારે આ આયત પઢી તો લોકો એવા થઈ ગયા કે જેવા કે પહેલાં એમણે આ આયત સાંભળી જ ન હતી. એ વખતે લોકોએ અબૂબક્રથી આ આયતને સાંભળીને પોતાની યાદ તાજી કરી લીધી.

અને હઝરત ઉમર رضی اللہ عنہ નું પોતાનું બયાન છે કે જે વખતે અબૂબક્ર رضی اللہ عنہ ની જીભથી મેં આ આયત સાંભળી તો મને એવું લાગ્યું કે જાણે મારા પગ કપાઈ ગયા છે, ઊભો ન રહી શકયો, એ જ વખતે જમીન પર પડી ગયો અને મેં જાણ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વિસાલ થઈ ગયો.





## ★ દુઃખ દર્દના વાદળોનું છવાઈ જવું ★

**(૧)** આપની સાહબઝાદી **હઝરત સૈયદના ફાતેમા ઝોહરા** رضی اللہ عنہا એ આ દુઃખ દર્દના મોકા પર આ શબ્દો ફર્માવ્યા, મારા પ્યારા બાપે હક્કની દા'વતને કબૂલ ફર્માવી અને ફિરદૌસે બરીમાં ઉતરાણ કર્યું. આહ ! જિબ્રઈલને આપ હુઝૂરના ઈન્તેકાલની ખબર કોણ પહોંચાડે ?

ઈલાહી ! ફાતમાની રૂહને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહ પાસે પહોંચાડીઆપ ! ઈલાહી ! મને દીદારે રસૂલથી મસરૂર બનાવી દે ! ઈલાહી ! મને આ મુસીબતને વેઠવાના સવાબથી બેનસીબ ન રાખતો, અને મહશરના દિવસે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅતથી મેહરૂમ ન રાખતો.

**(૨)** આપની પવિત્ર પત્ની **હઝરત આઈશા** رضی اللہ عنہا એ સખત મુસીબત પર રંજ તથા ગમને જાહેર કરતાં કહ્યું, હાય ! અફસોસ ! એ નબી જેણે ફકીરને ગની પર અને મિસ્કીનને દોલતમંદ પર અગ્રિમતા આપી. અફસોસ ! એ દીનને શીખવાડવાવાળો જે ગુનેહગાર ઉમ્મતીની ફિકરમાં કદી પૂરી રાત આરામથી ન સૂતો તે અમારાથી રૂખસત થઈ ગયો.

☆ જેણે હમેશાં સબર તથા સંયમથી પોતાના નફસની સાથે મુકાબલો કર્યો.

☆ જેણે બુરાઈઓ પર કદી ધ્યાન ન ધર્યું.

☆ જેણે નેકી અને એહસાનોના દરવાજા કદી જરૂરતમંદો પર બંધ ન કર્યા.

☆ જે રોશન ઝમીરના હાથ પર દુશ્મનોને તકલીફ આપવાનો ગર્દ તથા ધૂળ કદી ન જામી.

**(૩)** હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને છેલ્લે ગુસ્લ દેતાં જે ઐતિહાસિક શબ્દો કહ્યા, તે સમગ્ર ઉમ્મતના દુઃખ દર્દની ભાવનાને પ્રદર્શિત કરનાર છે :–

મારાં માં બાપ આપ પર કુર્બાન ! આપની મૌતથી એ ચીજ જતી રહી જે બીજા કોઈની વફાતથી ન ગઈ હતી એટલે નબુવ્વત અને ગૈબની ખબરો અને વહીનો આસમાની સિલસિલો કપાઈ ગયો. આપની મૌત મહાન ગમ છે, જો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સબરનો હુકમ ન આપ્યો હોત અને રોકકળથી મના ન કર્યું હોત તો અમે આપના પર આંસૂઓ વહાવી

આપત તો પણ આ દુ:ખનો ઈલાજ અને ઝખ્મને રાહત ન થાત.

**(૪)** હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે, જે દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના તશરીફ લાવ્યા હતા ત્યાંની દરેક ચીજ રોશન થઈ ગઈ હતી, અને જે દિવસે આપની વફાત થઈ ગઈ છે, ત્યાંની દરેક ચીજ ઉદાસ થઈ ગઈ છે. અને હજુ દફન કરીને માટીથી હાથ ન ખંખેર્યા હતા કે અમે અમારા દિલોમાં ગમ જોયો. (કેમ હવે અમને કામિલ મુર્શિદની સોહબતના કામિલ અન્વાર જોવામાં ન આવતા હતા.)

**(૫)** દરબારે રસૂલના શાયર હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ જે મર્ષિયા લખ્યા છે તે નીચે પ્રમાણે છે જેનાથી એમના રંજ તથા ગમના ઊંડા તથા સાચા જઝબાતનો અંદાજો લગાડી શકાય છે :–

મારી ઊંઘ ઉડી જવાનું કારણ એ અઝીમ ઈન્સાનની જુદાઈ છે જે અમારો મદદગાર અને રહનુમા છે. સદ અફસોસ ! કે એ જે જમીન પર બેહતરીન સર્વથી શ્રેષ્ઠ હસ્તી હતી આજે જમીન નીચે દફન છે. અય મારા પ્યારા આકા ! કાશ ! એવું થાત કે હું આપનાથી પહેલાં બકીઉલ ગરકદમાં દફન થઈ જતો, મારાં માં બાપ આ નબીએ કામિલ પર કુર્બાન થાય ! જે પીરના દિવસે અમને જુદાઈનો ગમ દઈને ગયા. મદીનાની ધરતી મને વેરાન અને સૂમસામ લાગે છે. કાશ ! હુ આજના દિવસે પેદા જ ન થયો હોત ! અય મારા મહબૂબ ! શું હું આપના વગર મદીનામાં રહી શકુ છું ! આપની મૌત મારા માટે ઝહેરના પ્યાલાથી પણ અધિક કડવી છે. મારા આકા ! આપનું પાક વ્યકિતત્વ એવું નૂરાની હતું જેણે આખી દુનિયાને ઝગમગાવી દીધી હતી, જેને પણ એ નૂરથી ફૈઝ મેળવ્યો એણે હિદાયત મેળવી.

"અય અમારા રબ ! અમને અમારા પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે જન્નતુલ ફિરદોસમાં એકઠા કરી દે ! ખુદાની કસમ ! જ્યાં સુધી હું જીવંત રહીશ મારા મહબૂબ આકાના માટે રડતો અને તડપતો રહીશ."

**(૬)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અઝવાજમાંથી હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہا, એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને યાદ કરીને રડવા લાગ્યાં. હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما એ અર્ઝ કરી, આપ શા માટે રડો





છો ? શું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે ખુદા તઆલાની પાસે (અહીંયાથી) બેહતર નેઅમતો હાજર નથી ? એમણે પણ સમર્થન કર્યું પરંતુ પોતાને રડવાનું એ કારણ બતાવ્યું કે આસ્માનની વહીનો સિલસિલો કપાઈ ગયો છે. એના પર અબૂબક્ર ઉમર رضی اللہ عنہما પણ રડવામાં અને ગમમાં સામેલ થઈ ગયા.

**(૭)** મતલબ કે સહાબાએ કિરામ અને ઉમ્મતે મુહમ્મદિયામાંથી દરેક વ્યકિત આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત પર ગમગીન અને ગમ તથા નિરાશાની છબી બની ગયેલી હતી.

## ★ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગમની હઝરત ઉમર પર અસરો ★

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નો ખુત્બો સાંભળીને જ્યારે ફારૂકે આઝમને યકીન થઈ ગયું કે સરકારનો વિસાલ થઈ ગયો તો એક સમયે જોવામાં આવ્યું કે હઝરત ઉમર રડી રહ્યા છે અને આ શબ્દો બોલી રહ્યા છે :–

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ પર સલામ હજો ! આપ પર મારાં માબાપ કુર્બાન ! આપ ખજૂરની એક ડાળી પર ટેક લગાડી અમને ખુત્બો આપ્યા કરતા હતા. જ્યારે લોકો વધી ગયા તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મિમ્બર બનાવડાવ્યો જેથી બધા સુધી અવાજ પહોંચાડી શકાય. આપ મિમ્બર પર રોનક અફરોઝ થયા તો તે ડાળી આપની જુદાઈનાં કારણે રડવા લાગી. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપનો હાથ મુબારક મૂકયો તો એ શાંત પડી. જ્યારે ખજૂરની ડાળીનો આ હાલ છે તો આપની ઉમ્મતને આપના ગમમાં રડવાનો વધારે હક્ક લાગે છે.

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારા માં બાપ કુર્બાન ! ખુદાની નજીક આપની ફઝીલત એ હદ સુધી પહોંચેલી છે કે એણે આપની ફર્માંબરદારીને પોતાની ફર્માંબરદારી ગણાવી છે. ઈર્શાદે બારી عزوجل છે કે, "જેણે રસૂલનો હુકમ માન્યો તો બેશક ! એણે અલ્લાહનો હુકમ માન્યો." *(સૂ. નિસાઅ–૮૦)*

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારાં માં બાપ કુર્બાન

થાય ! ખુદાની નજીક આપની ફઝીલત ત્યાં સુધી છે કે એણે આપને છેલ્લા નબી બનાવીને પેદા કર્યા. અને ઝિક્રમાં આપને બધાથી પહેલા રાખ્યા કે ઈર્શાદ ફર્માવ્યો :–

અય મહબૂબ ! યાદ કરો, જ્યારે અમે નબીઓથી વાયદો લીધો અને તમારાથી અને નૂહ અને ઈબ્રાહીમ અને મૂસા અને ઈસા ઈબ્ને મરયમથી અને એમનાથી મજબૂત પાકો વાયદો લીધો.

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારાં માં બાપ કુર્બાન ! ખુદાને ત્યાં આપની આ ફઝીલત પણ છે કે દોઝખવાળાઓને જ્યારે જહન્નમના તબકાઓમાં અઝાબ દેવામાં આવતો હશે એ વખતે આ આરઝૂ કરશે કે કાશ ! એમણે ફર્માંબરદારી કરી હોત.

કહેતા હશે હાય ! કોઈ રીતે અમોએ અલ્લાહનો હુકમ માન્યો હોત અને રસૂલનો હુકમ માન્યો હોત !

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારાં માં બાપ કુર્બાન થાય ! જો હઝરત મૂસા બિન ઈમરાન علیہ الصلوٰۃ والسلام ને એવો પથ્થર આપવામાં આવ્યો જેનાથી નહેરો નીકળે તો આ આપની મુબારક આંગળીથી વધારે નવાઈ નથી જ્યારે કે એનાથી પાણીનો ચશ્મો ચાલુ થયો ! સલ્લલ્લાહુ અલયક યા સૈયદી યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારા માં બાપ કુર્બાન થાય ! જો હઝરત ઈસા ઈબ્ને મરયમ علیہ الصلوٰۃ والسلام ને અલ્લાહ તઆલાએ મુર્દાઓ જીવાડવાની ઈજ્જત આપી હતી તો એ વધારે નવાઈ નથી એ ઝહેરમાં ભેળવેલ બકરીથી જેણે શેકેલી હોવા છતાં આપનાથી વાત કરી કે એ બકરીના દસ્તાએ અર્ઝ કરી, મને ન ખાવ! કેમ કે હું ઝહેરમાં મળેલ છું.

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારાં માં બાપ ફિદા ! બેશક ! હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام એ પોતાની કૌમની વિરૂધ્ધ દુઆ ફર્માવી તો અર્ઝ કરી :–

અય મારા રબ ! જમીન પર કાફિરોમાંથી કોઈ રહેવાવાળાને ન છોડ !





જો કયાંક આપ પણ અમારા પર આવી બદ્દ દુઆ કરી આપતા તો અમે સર્વે બરબાદ થઈ જતા. બેશક ! ઉકબહ બિન અબી મુઅયતએ આપની પીઠ મુબારક પર બોજ નાખ્યો જ્યારે કે આપ નમાઝની હાલતમાં હતા, જંગે ઓહદના દિવસે આપનો પાક ચેહરો ઘાયલ અને લોહી લુહાણ કરી દેવામાં આવ્યો, આપના દાંત મુબારક શહીદ કરી દેવામાં આવ્યા, તો પણ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ભલાઈની સિવાય કશું પણ કહેવાનું પસંદ ન કર્યુ. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અર્ઝ કરી, ખુદાયા ! મારી કૌમને માફ ફર્માવી દે કે એ મને જાણતી નથી !

★ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના પર મારાં માં બાપ કુર્બાન ! આપની આજીજી અને નમ્રતા એટલા હદ સુધી પહોંચેલ હતી કે આપે અમારી દોસ્તી અપનાવી અમારામાં નિકાહ કર્યા, અમારી સાથે ખાવા જમ્યા, ઘેટાના ઊનનું કાપડ પહેર્યુ, જાનવરોની સવારી કરી, કોઈને આપની પાછળ પણ સવાર કરવાનું પસંદ કરી લીધું અને પોતાનું ખાવાનું જમીન પર રાખવાનું પસંદ કર્યુ. આ બધુ આપની નમ્રતા હતી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

અલ્લાહ આપનાથી રાજી થયો છે હે હઝરત ઉમર ! અય તે જેણે અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી મુહબ્બત કરી અને અય તે જેનાથી ખૂદ અલ્લાહ અને એના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મહોબ્બત રાખી.

## ★ વિરહની વેદના ★

હઝરત બિલાલ رضی اللہ عنہ ને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ઘણી જ મહોબ્બત હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જ્યારે વિસાલ થઈ ગયો તો આપ મદીનાની ગલીઓમાં એવું કહેતા ફરતા હતા કે લોકો ! તમે કયાંક રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા છે તો મને પણ દેખાડી દો કે મને આપનો પતો બતાવી આપો ! પછી આપ એ ગમે હિજ્રમાં મદીનાને છોડીને શામ (સીરીયા) દેશના શહેર હલબમાં ચાલ્યા ગયા. એક વર્ષ પછી આપે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખ્વાબમાં જોયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપથી ફર્માવ્યું કે, અય બિલાલ ! તમે અમારાથી મળવાનું કેમ છોડી દીધું ?! તમારું દિલ અમારાથી મળવા નથી ઈચ્છતું ?! હઝરત બિલાલ આ ખ્વાબ જોઈને લબ્બેક યા સૈયદી !

અય આકા ! ગુલામ હાજર છે ! કહેતા મદીના ચાલી નીકળ્યા. રાત દિવસ એકધારું ચાલીને મદીના મુનવ્વરામાં પ્રવેશ્યા. હઝરત બિલાલે પહેલાં સીધા મસ્જિદે નબવીમાં પહોંચીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શોધ્યા પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ન જોયા. પછી હુજરામાં શોધ કરી જ્યારે ત્યાં પણ ન મળ્યા ત્યારે મઝારે નૂર પર હાજર થયા અને રડીને અર્ઝ કરી, શું યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હલબથી ગુલામને એવું કહીને બોલાવ્યો કે અમારાથી મળી જાઓ અને જ્યારે બિલાલ ઝિયારતના માટે હાજર થયો ત્યારે હુઝૂર પડદામાં છૂપાઈ ગયા ! આવું કહીને આપ બેભાન થઈ ગયા, કબરે અન્વરની પાસે પડી ગયા. ઘણી જ વારે આપને ભાન આવ્યું તો લોકો કબ્રે અન્વરથી ઉઠાવીને બહાર લાવ્યા. આ સમયમાં બિલાલના આગમનનો આખા મદીનામાં શોર થયો કે આજે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મોઅઝ્ઝિન બિલાલ આવ્યા છે. બધાએ મળીને બિલાલને કહ્યું કે, અલ્લાહના માટે એક વખત એ અઝાન સંભળાવી દો જે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સંભળાવતા હતા. બિલાલ કહેવા લાગ્યા, દોસ્તો ! આ વાત મારી શકિતની બહારની છે કેમ કે, હુઝૂરની દુનિયવી જિંદગીમાં અઝાન દેતો હતો તો જે સમયે **અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** કહેતો હતો ત્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સામે આંખોથી જોઈ લેતો હતો. હવે કહો કે કેવી રીતે જોઈશ ? મને આ ખિદમતથી માફ રાખો. કેટલીવાર લોકોએ વિનંતી કરી પણ હઝરત બિલાલ رضی اللہ عنہ એ ઈન્કાર જ કર્યો. અમુક સહાબાએ એ સલાહ આપી કે બિલાલ કોઈનું કહેવું નહીં માનશે પણ તમે કોઈને મોકલીને હઝરત હસન અને હુસૈન رضی اللہ عنہما ને બોલાવી લો, તેઓ આવીને બિલાલથી અઝાનની ફર્માઈશ કરશે તો બિલાલ જરૂર માની જશે. કેમ કે, હુઝૂરના અહલે બયતથી બિલાલને ઈશ્ક (પુષ્કળ મહોબ્બત) છે. આ સાંભળી એક સાહબ જઈને હઝરત હસન અને હુસૈનને બોલાવી લાવ્યા. હઝરત હુસૈન رضی اللہ عنہ એ આવીને બિલાલનો હાથ પકડીને ફર્માવ્યું કે અય બિલાલ ! આજે અમને પણ એ જ અઝાન સંભળાવી દો જે અમારા નાના જાનને સંભળાવ્યા કરતા હતા. હઝરત બિલાલ رضی اللہ عنہ એ ઈમામ હુસૈનને ખોળામાં લઈને કહ્યું, તમે મારા મહબૂબના ટૂકડા છો, નબીના બાગના ફૂલ છો, જે કંઈ તમે કહેશો કબૂલ કરીશ. તમને ગમગીન નહીં





કરીશ કેમ કે એમ કરવાથી હુઝૂરને મઝારમાં રંજ પહોંચશે. અને પછી ફર્માવ્યું, હુસૈન رضی اللہ عنہ મને લઈ ચાલો ! જયાં કહેશો અઝાન કહીશ ! હઝરત હુસૈન رضی اللہ عنہ એ હઝરત બિલાલનો હાથ પકડીને આપને મસ્જિદની છત પર ઊભા કરી દીધા બિલાલ رضی اللہ عنہ એ અઝાન કહેવાનું શરૂ કર્યુ, અલ્લાહુ અકબર ! મદીના મુનવ્વરામાં આ સમય અજબ ગમ અને દુ:ખનો સમય હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને વિસાલ ફર્માવવાને એક જમાનો થયો હતો, આજે મહિનાઓ પછી બિલાલની અઝાનનો અવાજ સાંભળીને હુઝૂરની દુનિયવી હયાત મુબારકનો રંગ જામી ગયો, રોનક થઈ ગઈ. બિલાલની અઝાન સાંભળીને મદીના મુનવ્વરાની બજાર, ગલીઓ અને કૂચાઓથી લોકો તરત જ મસ્જિદે નબવીમાં ભેગા થયા, દરેક વ્યકિત ઘરથી નીકળી આવ્યો, પર્દાવાળી સ્ત્રીઓ બહાર આવી ગઈ, પોતાનાં બાળકોને સાથે લાવી. જે સમયે **"અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ"** બિલાલ رضی اللہ عنہ ના મોંથી નીકળ્યું તો હજારો ચીસો એકદમ નીકળી, એ વખતે રડવાનું કોઈ ઠેકાણુ ન હતું ! સ્ત્રીઓ રડતી રહી, બાળકો પોતાની માંઓથી પૂછતાં હતાં કે તમે બતાવો ! બિલાલ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મોઅઝ્ઝિન આવી ગયા પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના કયારે તશરીફ લાવશે ?! હઝરત બિલાલ رضی اللہ عنہ એ જયારે **"અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ"** મોંથી કહ્યું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આંખોથી ન જોયા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગમ તથા રંજમાં બેભાન થઈને પડી ગયા અને ઘણી જ વાર પછી ભાનમાં આવીને ઉઠયા અને રડતા રડતા શામ દેશમાં ચાલ્યા ગયા.

## ★ રસૂલના રોઝા પર ★

હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં એક સ્ત્રી હાજર થઈ અને અર્ઝ કરી કે, મને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર મુબારકની ઝિયારત કરાવી આપો. હઝરત આઈશા رضی اللہ عنہا એ હુજરા શરીફ ખોલ્યો એમણે ઝિયારત કરી અને ઝિયારત કરીને રડતી રહી અને રડતાં રડતાં ઈન્તેકાલ ફર્માવી ગઈ. رضی اللہ عنہا *(શિફા)*

# ☆ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સહાબાએ કિરામની નજરમાં ☆

★ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોમાં બધાથી વધારે પ્રભાવશાળી હતા. આપની દરેક અદા પ્રભાવશાળી હતી. *(હઝરત ખારેજા બિન ઝયદ)*

★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખામોશી સહન શકિત, ચિંતન તથા તદબ્બુરનું પ્રતિબિંબ હતી. *(હઝરત ઈબ્ને ઉબય હાલા)*

★ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાણીમાં વ્યવસ્થિત ક્રમબદ્ધ શૈલીનો ગુણ હતો એટલે કે અટકી અટકીને વાતચીત કરતા હતા. *(હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ)*

★ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર્દાનશીન કુંવારી છોકરીઓથી અધિક બાહયા હતા. જ્યારે આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ ચીજથી કરાહત (નાપંસદી) ફર્માવતા તો અમે આપના ચહેરાએ અન્વારથી જાણી લેતા. *(હઝરત અબૂ સઈદ ખુદરી)*

★ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હયાના કારણે કોઈના ચેહરા પર નજરો જમાવીને વાત ન કરતા હતા. આપ મકરૂહ વાતોનો ઝિક્ર ઈશારા સંકેતથી ફર્માવતા. *(હઝરત અમ્ર ઈબ્ને આસ)*

★ નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબાથી ખુશ કલામી ફર્માવતા, તેમનામાં હરીમળીને બેસતા અને તેમનાં બાળકોને ગોદમાં બેસાડતા અને પ્યાર કરતા હતા. *(હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ)*

★ આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબીઓથી મુસાફો કરતા અને જે કોઈ ખિદમતમાં હાજર થતો તેની ઈજ્જત કરતા. *(હઝરત અનસ)*

★ સહાબીઓ આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજતમંદ બનીને હાજર થતા અને પેટ ભરીને નીકળતા તથા ફકીહ બનીને નીકળતા. *(હઝરત અલી)*

★ જાહિલિયતના જમાનામાં પણ લોકો આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની





પાસે પોતાના કેસોના ફૈંસલા લઈ જતા. *(હઝરત રબીઅ ઈબ્ને ખૈષમ)*

★ આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવી હાલતમાં વિસાલ ફર્માવ્યો કે આપે તથા આપનાં ઘરવાળાંઓએ જવથી પેટ ભર્યું ન હતું. *(હઝરત અબ્દુર્રહ્માન ઈબ્ને ઔફ)*

★ અમે આલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નો એવો હાલ હતો કે એક એક મહીનો ઘરમાં આગ સુધ્ધાં સળગતી ન હતી. *(હઝરત આઈશા સિદ્દીકા)*

★ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એટલી ઈબાદત કર્યા કરતા હતા કે આપના મુબારક પગોએ વરમ આવી જતા હતા. *(હઝરત મુગીરહ્)*

★ આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્ઝ કરવામાં આવી, આપ આટલી નમાઝો શા માટે પઢયા કરો છો ? આપે ફર્માવ્યું કે હું અલ્લાહ عزوجل નો શુક્રગુઝાર બંદો ન બનું ?! *(હઝરત અબૂ સલમા)*

★ એકવાર હું ખિદમતમાં હાજર થયો તો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ પઢી રહ્યા હતા અને આપના સીના મુબારકથી એવો અવાજ આવી રહ્યો હતો જાણે કે હાંડલી પાકી રહી છે. *(હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શખીર)*

★ અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓથી બેહતરીન શખ્સને પસંદ કર્યો જે સૌથી વધુ ઉચ્ચ નસબ (વંશ), સાચા બોલી અને શરીફ નફસવાળો હતો અને તે તમામ આલમની પસંદગી હતી. *(હઝરત ષાબિત ઈબ્ને કૈસ)*

★ આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ફહશ ગો (બિભત્સ વાણી બોલનાર) ન હતા, ન લઅ્નત કરનાર હતા અને ન ગાળ આપનાર હતા. *(હઝરત અનસ)*

★ આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બીમારની અયાદત કરતા (ખબર લેતા), જનાઝાની સાથે ચાલતા, જો કોઈ ગુલામ દા'વત કરતો તો કબૂલ ફર્માવતા. આપ સૌ લોકોથી બેહતર, સૌથી અધિક સખી અને સૌથી વધુ બહાદુર હતા. *(હઝરત અનસ)*

★ આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની નમ્રતા તથા આજીજી જોઈને મને યકીન થઈ ગયું કે આપ પયગંબર છે બાદશાહ નથી. *(હઝરત અદી ઈબ્ને હાતિમ)*

★ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ લોકોથી અધિક સખી તથા

ફૈયાઝ હતા. અને આપની સખાવતનો ઝહૂર રમઝાન મુબારકમાં સૌથી વધુ થતો હતો. *(હઝરત ઈબ્ને અબ્બાસ)*

★ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિસાલ વખતે ન કોઈ દીનાર છોડયો ન કોઈ દિરહમ, ન બકરી, ન ઊંટ. *(ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આઈશા)*

★ આપે વારસામાં હથિયારો અને એક ખંજર સિવાય કાંઈ ન છોડયું. *(હઝરત ઉમર ઈબ્ને હારિષ)*

★ મેં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એક એવા શખ્સ પામ્યા જે નેકીઓને કરવાને અને બુરાઈથી બચવાનો હુકમ આપે છે. *(હઝરત અનીસ તે હઝરત અબૂ ઝર ગફ્ફારીના ભાઈ)*

★ જયારે ઘમસાણની લડાઈ ચાલતી અને લડનારાઓની આંખોમાં લોહી ઉભરતું (ખુન્નસ ઉભરાતું) ત્યારે અમે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આડ લેતા રહેતા હતા અને આપ અમારા સૌની આગળ દુશ્મનની તરફ રહ્યા કરતા હતા. *(હઝરત અલી)*

★ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્રથમ દ્રષ્ટિએ જોતો તેના પર પ્રભાવ પડતો અને જે આપની મજલિસમાં બેસતો તેને આપનાથી મહોબ્બત થઈ થતી. જો આપનો પ્રશંસક એવું કહી આપે કે આપના જેવો ન કદી પહેલાં જોયો અને ન હવે પછી જોવાની ઉમ્મીદ છે તો અતિશ્યોકિત નથી. *(હઝરત અલી)*

★ બુધ્ધિશાળીઓ પર સ્પષ્ટ થઈ ચૂકયું છે કે જનાબ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ન શાયર છે, ન જાદૂગર પણ એમનું કલામ રબ્બુલ આલમીનની વહી છે અને આપની ફર્માંબરદારી દરેક વ્યકિત પર વાજિબ છે. *(હઝરત ખાલિદ ઈબ્ને વલીદ)*

★ તેઓ દરેક ખૂબીથી સજ્જ છે, દરેક મુબારક આદતથી વિશિષ્ટ છે, સંતોષ તેમનો લિબાસ, નેકી તેમની ઓળખ છે, તેમનું ઝમીર તકવો છે, તેમનું કલામ હિકમત છે, સચ્ચાઈ તથા વફાદારી તેમની ફિતરત (પ્રકૃતિ) છે, માફ કરવું, એહસાન કરવું તેમની આદત છે, અદ્લ તેમની સીરત છે, સચ્ચાઈ તેમની શરીઅત છે, હિદાયત તેમની રહનુમા છે, મઝહબ તેમનો ઈસ્લામ છે અને અહમદ તેમનું નામ છે. (صلی اللہ تعالیٰ علیہ وسلم) *–(સહીહ બુખારીમાં સહાબીએ રસૂલ)*





# ☆ બારગાહે રિસાલતમાં સહાબાનો ખિરાજે અકીદત ☆

(નોંધ : અહીં અરબી શેઅરોનો તર્જુમો રજુ કર્યો છે.)

**★ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ :–**

"જયારે મેં મારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને વફાત પામેલા જોયા તો મકાનો તેમની વિશાળતા છતાં મારા પર તંગ થઈ ગયાં. તે વખતે આપની વફાતથી મારું દિલ કાંપી ઉઠયું, અને જિંદગીભર મારું હાડકું ભાગેલ રહેશે. કાશ ! મને મારા આકાના ઈન્તેકાલથી પહેલાં કબ્રમાં દફન કરી દેવામાં આવ્યો હોત અને મારા પર પથ્થર હોત ! *(સીરતુન્નબવિય્યહ્, અઝ : શૈખ ઝયની દહલાન)*

**★ હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ :–**

(૧) અને આપે તબ્લીગની શરૂઆત કરી જેને અમે જૂઠલાવી તો ખબર રાખનારા નબીએ અમને સાચી વાત કહી. (૨) મેં બિન્તે ખત્તાબ પર ઝિયાદતી (મારપીટ) કરી તો મારા રબે તે રાત્રે મને હિદાયત આપી, જયારે લોકોએ કહ્યું કે ઉમર બાપદાદાના ધર્મથી નીકળી ગયો છે. (૩) અને પછી જયારે તેણે દિલ સોઝીથી પોતાના રબને પુકાર્યો અને તેની આંખોથી આંસું ઘણી તેજીથી વહેતાં હતાં. (૪) તો મેં કહ્યું કે એ વાતની ગવાહી આપુ છું કે અલ્લાહ અમારો ખાલિક છે અને અહમદે મુજતબા આજે અમારી વચ્ચે મશ્હૂર મઆરૂફ છે. (૫) કે તેઓ સાચા નબી છે જેઓ મુસ્તનદ દલીલો લાવ્યા અને તેઓ અમાનતદાર છે, તેમના વાયદા કમજોર નથી.

**★ હઝરત ઉષ્માન رضی اللہ عنہ :–**

(૧) તે અઝીમુલ મર્તબત રસૂલ પોતાની એ કિતાબની તિલાવત ફર્માવે છે જેને જેણે પણ પઢી તે આશિક થઈ ગયો.

(૨) તે મહબૂબ છે તેમના પર દરરોજ મીઠાશ તથા તાજગી છે અને જો કોઈ વાત કહે તો યકીનન તે સાચી છે.

★ **હઝરત અલી** رضی اللہ عنہ **:-**

(૧) રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની તાઈદ તથા નુસ્રત જોરદાર થઈ ગઈ અને આપ અદ્લો ઈન્સાફની સાથે મોકલવામાં આવ્યા હતા. (૨) તેઓ અલ્લાહની તરફથી નાઝિલ કરેલ ફુર્કાને હમીદ લઈને આવ્યા જેની આયતો દાનિશમંદો માટે રોશન તથા સ્પષ્ટ છે. (૩) તો એના પર ઘણાયે લોકો ઈમાન લાવ્યા અને એનું યકીન કર્યું જેના કારણે તેઓ બિહમ્દિહી તઆલા વ્યવસ્થિત થઈ ગયા. (૪) અને કેટલાક લોકો એના મુન્કિર થયા તો તેમના દિલોમાં અંધાપો આવી ગયો અને અર્શના રબે પણ તેમની તબાહીમાં વધારો કરી આપ્યો.

★ **હમ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલિબ** رضی اللہ عنہ **:-**

(૧) મેં ખુદાની હમ્દ કરી જ્યારે તેણે ઈસ્લામ દીને હનીફની રાહ દેખાડી. (૨) તે દીન જે બંદાઓ પર લુત્ફ ફર્માવનાર અને તેમની ખબર રાખનારા રબ્બે અઝીઝનો છે. (૩) જ્યારે એના પૈગામો અમને સંભળાવવામાં આવ્યા તો બુધ્ધિશાળીઓનાં આંસૂં વહેવા માંડયાં. (૪) અહમદે મુજતબા અમારી દરમ્યાન ફર્માંરવા છે તો તેમની સમક્ષ સખ્ત કલામીથી (કડકાઈથી વાત કરતા) ન પેશ આવો. (૫) ખુદાની કસમ ! અમે તેમને વિરોધીઓને સુપ્રત કરીશું નહીં, હજી તો અમે તેમની દરમ્યાન તલવારોનો ફેંસલો પણ શરૂ નથી કર્યો.

★ **હસ્સાન ઈબ્ને ષાબિત અન્સારી** رضی اللہ عنہ **:-**

(૧) આપનાથી વધુ હસીન ન કદી મારી આંખોએ જોયો અને ન તો આપનાથી ખૂબસૂરત કોઈ માંએ જણ્યો (૨) આપ દરેક ઐબથી પાક પેદા કરવામાં આવ્યા, જાણે આપનું સર્જન આપની ઈચ્છાનુસાર થયું.

★ ★ ★ ★ ★ ★ ★

☆ તેણે આપની મહાનતા તથા ઉચ્ચતા (ઈજલાલો ઈકરામ) ના માટે પોતાના નામથી આપનું નામ કાઢયું તેથી રબ્બે અર્શ મહમૂદ છે અને આ મુહમ્મદ છે.

☆ આ નબી ઘણી નાઉમ્મીદી અને રસૂલોના એક લાંબા ગેપ પછી





આપણી પાસે તશરીફ લાવ્યા જયારે કે જમીન પર મૂર્તિઓની પૂજા થઈ રહી હતી.

☆ તો આપ રોશન ચિરાગ અને હાદી તથા રહબર બની ગયા, એ પ્રમાણે ચમકયા જેવી રીતે તેજ કરેલ હિંદી તલ્વાર ચમકે છે.

☆ અમને જહન્નમથી ડરાવ્યા અને જન્નતની બશારત આપી અને અમને ઈસ્લામની તાલીમ આપી જેથી ખુદાની હમ્દ બયાન કરીએ છીએ

★ ★ ★ ★ ★ ★ ★ ★

☆ તેં મુહમ્મદની બુરાઈ કરી તો મેં તેમની તરફથી જવાબ આપ્યો. અને ખુદાને ત્યાં એમાં અજ્રો સવાબ છે.

☆ તું તેમની બુરાઈ કરે છે જયારે કે તું તેમની બરાબર નથી ! તમારામાંનો બુરો (એટલે તું) ભલા પર (એટલે હુઝૂર પર) કુર્બાન થાય.

☆ તેં એવાને બુરો કહ્યો જે મુબારક, પાક બાઝ, હનીફ ખુદાના અમીન છે જેમની આદત વફાદારી છે.

☆ શું તમારામાંનો જે રસૂલે ખુદાની બુરાઈ કરે અને જે તેમની પ્રશંસા અને તેમની હિમાયત કરે, બંને બરાબર છે ?

☆ મારા બાપ દાદા, મારી ઈજ્જત તથા આબરૂ મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم ની ઈજ્જત તથા આબરૂ માટે ઢાલ છે.

★ ★ ★ ★ ★ ★ ★ ★

☆ શું કોઈ મરનારની મુસીબતનો દિવસ એ દિવસની બરાબર છે જેમાં મોહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم નો ઈન્તેકાલ થયો !

☆ તને મુબારકબાદ છે અય કબ્રે રસૂલ ! અને તે શહેરને પણ જેમાં હિદાયત તથા દુરુસ્તીવાળા રસૂલ આરામ ફર્માવી રહ્યા છે.

☆ ન ભૂતકાળવાળાઓને મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم જેવા (અઝીમો જલીલ–મહાન) ની વફાતનો સદમો થયો ન કિયામત સુધી કોઈને એવો સદમો થશે.

☆ મારું દિલ તેમની નઅતથી અલિપ્ત રહેશે નહીં, શાયદ એના સદકામાં

મને જન્નતુલ ખુલ્દમાં કાયમી જગા નસીબ થાય.

☆ એના સબબે તો હું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિકટતાનો ઉમ્મીદવાર છું અને તે જ દિવસ પામવા માટે હું કોશિશ તથા મહેનત કરી રહ્યો છું.

★ **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા** رضی اللہ عنہ **:-**

☆ મારી રૂહ એના પર કુર્બાન જેના અખ્લાક એ વાતના ગવાહ છે કે તેઓ ખૈરુલ બશર છે.

☆ આપનાં એહસાનો સર્વ બંદાઓ પર આમ (સર્વ સામાન્ય) છે, જેવી રીતે સૂર્ય તથા ચંદ્રની રોશની સર્વ મખ્લૂક માટે આમ છે.

☆ મેં વિચાર કરીને આપનામાં ભલાઈ જોઈ લીધી જેને હું ઓળખું છું અને ખુદા જાણે છે કે મારી આંખોએ મારાથી ખયાનત નથી કરી.

☆ આપ નબી છે, જે શખ્સ કયામતના દિવસે આપની શફાઅતથી વંચિત થયો તેને કિસ્મતે ઝલીલો રુસ્વા કરી દીધો.

☆ અલ્લાહે આપને જે ભલાઈ આપી તેને કાયમ રાખે જેમ કે મૂસાની સાથે થયું અને આપની મદદ કરે જેવી રીતે તેમની મદદ થઈ.

★ **હઝરત કઅબ ઈબ્ને ઝહીર** رضی اللہ عنہ **:-**

☆ મને જાણવા મળ્યું કે ખુદાએ મારા કત્લની વઈદ ફર્માવી છે અને રસૂલે ખુદાને ત્યાં માફી તથા દરગુઝરની પણ ઉમ્મીદ છે.

☆ તો રસૂલે ખુદાને ત્યાં માફી માંગતો હાજર થઈ ગયો છું અને માફી રસૂલુલ્લાહની બારગાહમાં મકબૂલ છે.

☆ બેશક ! રસૂલ એવા નૂર છે જેનાથી રોશની પ્રાપ્ત કરી શકાય છે અને તેઓ ખુદાની તલ્વારોમાંથી એક બેનિયામ હિંદી તલવાર છે.

★ **હઝરત અબ્બાસ ઈબ્ને મરદાસ** رضی اللہ عنہ **:-**

☆ આપ ખાતિમુલ અંબિયા ! આપ હક્કની સાથે મબ્ઊષ થયા, રાહે હક્કની હિદાયત આપની જ હિદાયત છે.

☆ અલ્લાહે આપના ઉપર પોતાની મખ્લૂકમાં મહોબ્બતની બુન્યાદ રાખી, અને આપનુ નામ મુહમ્મદ રાખ્યું. (صلی اللہ تعالیٰ علیہ وسلم)





★ **હઝરત માલિક ઈબ્ને ઔફ** رضی اللہ عنہ **:-**

☆ સર્વ ઈન્સાનોમાં મુહમ્મદ જેવો કોઈને ન જોયો ન સાંભળ્યો. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

☆ જ્યારે તેમનાથી માંગવામાં આવે તો ખૂબ આપનારા છે અને તમે જ્યારે ચાહો તે તમને ભવિષ્યની ખબર આપી દે.

★ **હઝરત અબૂ સુફયાન ઈબ્ને હારિષ** رضی اللہ عنہ **:-**

☆ એ રાતે અમારા પર મોટી મુસીબત આવી જ્યારે કહેવામાં આવ્યું કે રસૂલ વફાત પામ્યા.

☆ વહી જે જિબ્રઈલ સવાર સાંજ લાવતા હતા અમે તેનાથી મેહરૂમ થઈ ગયા.

☆ તે નબી ખુદાની વહી અને પોતાના કથનોથી અમારી શંકાઓ દૂર ફર્માવતા હતા.

☆ અને અમારી રહબરી કરતા હતા, તો જ્યારે કે ખૂદ રસૂલ અમારા રહબર તથા રહનુમા છે અમને અમારા પર ગુમરાહીનો ડર ન થતો.

☆ હે ફાતમા ! રડો તો મઅઝૂર છો અને ન રડો તો બેહતર રાહ છે.

☆ આપના વાલિદે ગિરામીની કબર દરેક કબરની સરદાર છે અને એમાં ઈન્સાનોના સરદાર રસૂલે બા વકાર આરામ ફર્માવી રહ્યા છે. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

★ **અઅ્રાબી :-**

☆ હે સૌથી બેહતર તેઓમાં જેમની હડ્ડીઓ (હાડકાં) જમીનમાં દફન થઈ, તો તેમની ખુશ્બૂથી ચટીયલ મેદાન ટેકરીઓ ખુશ્બુદાર થઈ ગયાં, મેહકી ઉઠયાં અને ...

☆ મારી જાન કુર્બાન થાય તે કબર પર જેમાં આપ આરામ ફર્માવી રહ્યા છે, તેમાં આબરૂ તથા પાકદામની અને જૂદો કરમ છે.

★ **હઝરત આઈશા સિદ્દીકા** رضی اللہ عنہا **:-**

☆ જો આપના ચહેરા મુબારકનાં ગુણો મિસરવાળાઓ સાંભળવા પામત તો જનાબ યૂસુફની કિંમત લગાડવામાં સોના ચાંદી ન વહાવત.

☆ જો ઝુલૈખાને ભલુબુરૂ કહેનારી ઔરતો આપની ચમકતી પેશાની જોઈ લેતે તો હાથોને બદલે પોતાનાં દિલોને કાપવાને પ્રાધન્ય આપતે.

★ **હઝરત ફાતિમા ઝોહરા** رضی اللہ عنہا **:–**

☆ જેણે કબ્રે રસૂલની માટી સુંઘી લીધી જો તે જમાનાભરનાં મોઘાં તથા કિંમતી અત્તરોને અને ખુશ્બુઓને ન સુંઘે તો કોઈ નુકસાનની વાત નથી. (જેથી મારા માટે તે જ ખુશ્બુ પૂરતી છે અન્ય કોઈ ખુશ્બુથી હવે મારે કોઈ લેવા દેવા નથી.)

☆ મારા પર એવી મુસીબતો તૂટી કે તે દિવસ પર તૂટે તો તે રાત બની જાય.

★ **હઝરત સફિય્યા બિન્તે અબ્દુલ મુત્તલિબ** رضی اللہ عنہا **:–**

☆ યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ અમારી ઉમ્મીદ અને અમારી સાથે સદ્વર્તાવ કરનાર હતા, બદ્સુલૂકીવાળા ન હતા.

☆ આપ મહેરબાન માર્ગદર્શક અને મુઅલ્લિમ હતા, આજે આપના પર તે રડે જે રડનારો હોય.

☆ મારી માં, મારી માસી, મારા કાકા, મારા બાપદાદા, મારી જાન તથા મારો માલ તમારા પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્બાન કરું છું. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

★ **મદીનાની ઔરતો** رضی اللہ عنہم **:–**

☆ વદાઅની ઘાટીઓમાંથી ૧૪ મીનો ચાંદ નીકળ્યો.

☆ અમારા પર શુક્ર બજાવી લાવવો વાજિબ થયો જ્યાં સુધી ખુદાને માટે કોઈ દા'વત દેનારો દા'વત આપતો રહે.

☆ હે અમારા દરમ્યાન મબ્ઊષ થનાર ! આપ તે હુકમ લઈને તશરીફ લાવ્યા જેની ઈતાઅત કરવામાં આવે. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْن





# કિતાબ તા'લીમાતે જાને ઈમાન
## (પેજીસ–પર, ગુજરાતીમાં) ને
# મદ્રસાના કોર્સમાં દાખલ કરો

**પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો !**

વર્તમાનકાળમાં રોજ નીત નવા બદઅકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથે કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે.

એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબનું ટીચીંગ કરવામાં આવે, સવાલ જવાબ રૂપે બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે.

માટે **મારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.**

***લિ. નાચીઝ પટેલ શબ્બીર અલી રઝવી***

## ઈમાન તથા અમલ બચાવવા
## અણમોલ કિતાબો મંગાવો

ડુંગર દૂરથી રળિયામણાં ! જેમ ભ્રામક વાતો કરી કહેવાતા એજ્યુકેટેડ પણ દીનથી અજ્ઞાન એવા લોકોને ભોળવનારી ગુમરાહ **મૌદૂદી જમાઅત** યાને **કહેવાતી જમાઅતે ઈસ્લામી**નો તાર્કિક ધર્મ કેટલો ખતરનાક છે તેને સમજી તેનાથી બચોલ ઈમાનને મજબૂત બનાવો. કેમ કે ઈમાનનો મજબૂત તાયો હશે તો જ અમલની ઈમારત તેના પર ટકી શકશે, નહીં તો કબર તથા કયામતમાં સૌ ભરમો મસ્મિભૂત થઈ જશે. માટે આજે આ કિતાબ મંગાવો :–

**કહેવાતી જમાઅત ઈસ્લામીનો**

**★ શીશ મહલ ★**

(હદિયો ફકત ૩૦/– રૂા.)

---

તકલીદના મુન્કિર કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદોની ગલત માન્યતાઓનો પર્દો ચાક કરતી કિતાબ

**★ જાઅલ હક્ક (ભાગ–૩) ★**

(હદિયો : ૨૦/– રૂા.)

---

વહાબી દેવબંદી તબ્લીગી જમાઅતની અસલિયતની ઓળખ આપતી તેમજ સર્વ બાતિલ ફિર્કાઓ શા માટે બાતિલ છે તેને સાદી સરળ ગુજરાતી ભાષામાં સમજ આપતી કિતાબ નવી આવૃત્તિમાં આજે જ મંગાવો :–

**★ રહનુમાએ હક્ક ★**

(હદિયો : ૫૦ રૂા.)

---

દેવબંદીની ડબલ પોલીસી રજુ કરતી લાજવાબ કિતાબ તમારા ઘરમાં વસાવો :–

**★ ઝલ્ઝલા ★**

(હદિયો : ૩૫/– રૂા.)

## રઝવી કિતાબ ઘર – દયાદરા

### અમારે ત્યાંથી નીચે પ્રમાણે કિતાબો ઉર્દૂમાં મદ્રસાના તલબા માટે મંગાવો

| | | | |
|---|---|---|---|
| ★ નૂરાની તા'લીમ (કાયદો) | ૧.૫૦ | ★ તા'મીરે અદબ (કાયદો) | ૧.૫૦ |
| ★ નૂરાની તા'લીમ (ભાગ–૧) | ૩.૦૦ | ★ તા'મીરે અદબ (ભાગ–૧) | ૩.૦૦ |
| ★ નૂરાની તા'લીમ (ભાગ–૨) | ૩.૦૦ | ★ તા'મીરે અદબ (ભાગ–૨) | ૩.૦૦ |
| ★ નૂરાની તા'લીમ (ભાગ–૩) | ૪.૫૦ | ★ તા'મીરે અદબ (ભાગ–૩) | ૬.૦૦ |
| ★ નૂરાની તા'લીમ (ભાગ–૪) | ૬.૦૦ | ★ તા'મીરે અદબ (ભાગ–૪) | ૮.૦૦ |
| ★ નૂરાની તા'લીમ (ભાગ–૫) | ૮.૦૦ | ★ તા'મીરે અદબ (ભાગ–૫) | ૧૦.૦૦ |
| ★ ફય્ઝાને નિય્યત (ઝરૂરે મુસ્લિમીન) | ૮.૦૦ | ★ કાનૂને શરીઅત (મુકમ્મલ) | ૮૦.૦૦ |
| ★ જુમ્આ/ઈદ ખુત્બાની કિતાબ | ૨૦.૦૦ | ★ અન્વારે શરીઅત | ૧૪.૦૦ |

નિકાહ રજીસ્ટર (ત્રણ કલરીંગ કોપીવાળુ) હદિયો : ૧૬૦ રૂા., ટપાલ ખર્ચ : ૨૦ / રૂા.

### YOU CAN GET ENGLISH BOOKS ALSO

| | | |
|---|---|---|
| ★ | Noorani Ta'lim (Part-2) | 15 Rs. |
| ★ | Noorani Ta'lim (Part-3) | 20 Rs. |
| ★ | Noorani Ta'lim (Part-4) | 25 Rs. |
| ★ | Noorani Ta'lim (Part-5) | 30 Rs. |
| ★ | Qanoone Shariat (Part-1) | 70 Rs. |
| ★ | Bahare Shariat (Part-1) | 35 Rs. |
| ★ | Wahabi & Deobandi Beliefs | 30 Rs. |

**એ ઉપરાંત કુર્આન શરીફ, તખ્તીઓ... વગેરે માટે સંપર્ક કરો.**

---

**RAZVI KITAB GHAR**

C/o. Faizane Raza Manzil, At & Po. Dayadra,
Dist. Bharuch, Gujarat, India.
Phone : (02642) **282792, 282911**